
કુમાર

સ્વાતંત્ર્યની સુવર્ણજયન્તી
[૧૯૪૭ - ૧૯૯૭]




ઓ હિન્દ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !
- કાન્ત

દેશ તો આઝાદ થાતાં થઈ ગયો,
તેં શું કર્યું ?
- ઉમાશંકર જોશી

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : રવિશંકર રાવળ ● ઑગસ્ટ ૧૯૯૭ ● વર્ષ ૭૦મું ● સળંગ અંક ૮૩૫

તંત્રી
ધીરુ પરીખ



પર્યાવરણ અને જીવન] **[નરેન્દ્ર અમીન**

પર્યાવરણ એ આજનો પ્રાણપ્રશ્ન છે. એ પ્રશ્નથી કલાંકાર પણ અલિપ્ત કેમ રહી શકે ? કૅનવાસ પર તૈલરંગોથી નરેન્દ્રભાઈએ પોતાની ચિત્રસાધનાના ત્રીજા તબક્કાનાં આ ચિત્રમાં સૂર્ય, પર્વતો, પક્ષીઓને પ્રતીકાત્મક રીતે ઉપયોગમાં લઈ પર્યાવરણ અને જીવનને લક્ષિત કર્યાં છે. અહીં ટેકરીઓને આંગળાંના આકારે ઉપસાવી છે અને તેના પર વૃક્ષો અને પક્ષીઓને દર્શાવ્યાં છે. પ્રકૃતિ અને પ્રાણીનો અવિનાભાવી અતૂટ સંબંધ કલાકારે પોતીકી રીતે આ ક્લાકૃતિમાં પ્રકટ કર્યો છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૦મું — અંક ૮

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૩૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૩૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫.૦૦

વાચકો લખે છે

જૂન, ૧૯૯૭ના 'કુમાર'નું મુખપૃષ્ઠ લાજવાબ છે. વિવિધ-રંગી સંયોજન 'સુરુચિપૂર્ણ' છે.

મુખચિત્રમાં રાજમહેલ 'છઠ્ઠી સદીનો' હોવા વિષે અમે સાશંક છીએ. (પૃ. ૩૦૨), કયા સંદર્ભને આધારે વિધાન કરવામાં આવેલ છે?*

(* અનવધાન બદલ દિલગીર છીએ. ૧૬મી સદી જોઈએ. -તંત્રી)

'માધુકરી' વિભાગમાં 'કંસારો' પક્ષી સંદર્ભે બેન્જામિન સુવાર્તિકનું વિધાન છે ('પરિસર'માંથી) (પૃ. ૩૯૯) 'એની ચાંચ વડે ઠોકી એ છેદ કરી શકે છે છતાં એ લક્કડખોદના વર્ગનું પક્ષી નથી.' આ વિધાન વિવાદાસ્પદ છે.

'કુમાર પ્રિન્ટરી' મુદ્રિત 'વનવગડાનાં વાસી'માં 'વનેચર' હરિનારાયણ ગિરધરલાલ આચાર્યનું કથન છે : 'લક્કડફોડાના વર્ગ - PICI FORMES - ત્રણ છે : ૧. લક્કડફોડા, ૨. હનિબર્ડ કે હનિગાઇડ. ૩. કંસારા, કંસારો BARBET.'' (પહેલી આવૃત્તિ, ઈ.સ. ૧૯૭૯, પૃ. ૧૬૮) 'વનેચર'ના મતે કંસારો લક્કડખોદ-લક્કડફોડા-ના વર્ગનું પક્ષી છે.

'વનેચર'ના શબ્દોમાં, 'કંસારો આપણા માથા ઉપર જ બોલતો હોય છતાં એના સ્વર આવતા લાગે ભિન્ન દિશામાંથી. માથું આમતેમ હલાવી એના સ્વર એ એવી રીતે નાખે છે કે એક જ પંખી આપણને જુદી જુદી દિશાએથી બોલતું લાગે. એની આવી વિચિત્ર શક્તિને લીધે ઘણી વખત શોધવો મુશ્કેલ થઈ પડે છે.'

કંસારાની 'ગારુડ વાણી' અમે સુપુરે માણેલ છે. સૂર્યપ્રકાશમાં દેહયષ્ટિ મોહક ભાસે.

'બચુભાઈ' (રાવત) અંજલિલેખમાં (૧૯૮૧) શ્રી નિરંજન ભગતનું કથન છે, 'અક્ષરો – સ્વરો અને વ્યંજનોના અવાજને જેમ એના આરોહ, અવરોહ અને લયલહેકો હોય છે તેમ એમના આકારને પણ એનાં મોડમરોડ અને લયલહેકો હોય છે. અક્ષરોમાંથી, શબ્દોમાંથી, વાણીમાંથી જેમ સર્વાંગસંપૂર્ણ અને સાદ્યંતસુંદર એવી સુશ્લિષ્ટ અને સુગ્રથિત કૃતિ, કલાકૃતિ, કલા-આકૃતિનું સર્જન થાય છે તેમ અક્ષરમાંથી, લિપિમાંથી, મુદ્રણમાંથી પણ એવી જ કૃતિ, કલાકૃતિ, કલા-આકૃતિનું સર્જન થાય છે. બચુભાઈએ 'કુમાર'ના અસંખ્ય અંકોમાં... આવું સર્જન કર્યું છે. એ અર્થમાં બચુભાઈ સર્જક હતા, કલાકાર હતા. ગુજરાતી લિપિએ બચુભાઈ સમક્ષ એનું હૃદય ખુલ્લું કર્યું હતું. બચુભાઈએ ગુજરાતી લિપિને કેટકેટલાં લાડ લડાવ્યા છે.'

(- 'સ્વાધ્યાયલોક' - ગ્રંથ ૮ - 'અંગત' - ૧૯૯૭, પૃ. ૧૭)

જૂન, ૧૯૯૭નું મુખપૃષ્ઠ શ્રી નિરંજન ભગતના કથનને અક્ષરસઃ સાર્થક કરે છે. ધન્યવાદ!

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના 'ઈશ્વર' એટલે 'જીવનદેવતા'. છેલ્લા પૃષ્ઠ પર 'એ મારી પ્રાર્થના નથી'નું સંબોધન 'જીવનદેવતા'ને છે. 'ગીતાંજલિ' વર્ષોથી અમારું પ્રાર્થનાપુસ્તક. 'ગીતાંજલિ'માં ગુરુદેવને આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ હોવાના સંકેતો છે.

મુખપૃષ્ઠનો 'અશ્વ' મસ્ત છે – 'કુમાર'ના (અશ્વ) ઘોડાની જેમ. 'કુમાર'નો ઘોડો સદાસર્વદા હણહણતો રહે એ જ અભ્યર્થના! - વી. બી. ગણાત્રા (મુંબઈ)

*

'કુમાર'માં આવતાં લેખ-લખાણોના ઘણાં બધાંની પૂરક



માહિતી મારી પાસેથી મળી આવે છે. જૂનના ચરિત્ર લેખ માટે મારી પાસે પણ વિગત અને પોર્ટ્રેટ છે. હવે પુરક-માહિતી તરીકે ઉપયોગી થશે એમ ધારી મેરીની નાની છબી મોકલું છું.

છબીમાં ચહેરો ગુણ-દર્શક છે. મેરી મેક્લિયોડ બેથ્યૂનની જન્મતારીખ : ૧૦ જુલાઈ, ૧૮૭૫ અને અવસાન તા. ૧૮ મે, ૧૯૫૫. - રમેશ શાહ (સુરત)

તંત્રીને અમારાં સ્નેહસભર વંદન તથા અભિનંદન કે જેમણે મૃતપ્રાય 'કુમાર'ને સજીવન કર્યું! અમારાં જેવાંને યુ.એસ.એ. સુધી 'કુમાર' વાંચવાની તક મળી તે બદલ આનંદ અને આભારની લાગણી જન્મે છે. શ્રીમતી કમલા પરીખના બે લેખ - 'માસ્તસાહેબ' અને 'પાંડુરંગ આઠવલે' - વાંચી વર્ષોજૂના શ્રેયસ્સાધક અધિકારી વર્ગના નૃસિંહાચાર્યજીના સંસ્કારો માસ્તર-સાહેબ વિશેનો લેખ વાંચી તાજા થયા. આજના યુગના ભારતમાં શાન્તિ-ધર્મનો ડંકો વગાડનાર પાંડુરંગજીના ભવ્ય જીવનનો અને ઉમદા પ્રવૃત્તિનો સારો પરિચય થયો. આ બન્ને વ્યક્તિઓ વર્ષોથી મારા હૃદયમાં વસેલી છે. તેમનાં જીવન વિશે લેખિકાએ જે ઝીણવટથી ભાવભર્યો પરિચય કરાવ્યો તેથી અમારું હૃદય આનંદિત થયું છે. તેમને મારાં અભિનંદન. - રક્ષા પટેલ (શિકાગો)

*

'કુમાર' મે '૯૭ના સળંગ અંક ૮૩૨ના પાન ૨૨૬ પર પ્રા. મધુસૂદન મ. વ્યાસ (મોડાસા)નો પત્ર છપાયેલો છે. તેમાં પૂ.

(અનુસંધાન પૃ. ૪૩૪ પર)

વરસાદી વાયરાનો તોર / ભાનુપ્રસાદ પંડ્યા

(ગાન)

વરસાદી છાંટાથી આઘેરાં રહીએ
પણ અળગાં શેં વાયરાના તોરથી?
વગડાની સોડમને ઢીંચી છલાંગતો
બારીએથી છૂએ એ જોરથી!
ફોરાંએ બાંધેલા ફેંટાથી આમતેમ
ફરકાવે છોગાં ચોમેર,
સીમાડે, વાડીએ કે શેરીએ તો ઠીક
પણ કોરું રે'વાય નહીં ઘેર!
એનાં અડપલાં એવાં કે અંગને
લચકાવે, બાઈ! ચારેકોરથી!
આથમણે જાળિયેથી લ્હેરખીની આંગળીએ
લટને ફરકાવવાના હેવા!
એકલડાં હોઈએ કે ટોળામાં ઘૂમતાં હો
એને નૈં કોઈ લેવાદેવા!
ચૂપચાપ ઓરડામાં સરવામાં પાવરધો
માણીગર મધરાતી ચોરથી!

ને'ન અડવાં / લાલજી કાનપરિયા

(શિખરિણી • સૉનેટ)

અહીં ચોમાસામાં ધસમસ વહે વારિ પૂરનાં
અને સોહે પાર્શ્વે હરિત તૃણ આ શેતલતટે.
વળી ક્ષેત્રે ક્ષેત્રે સ્મિત-છલકતા મોલ રસથી
ભરેલા હિલ્લોળે! વિટપ-વિટપે દ્વિજ-નીડથી
છલી દ્રુમે દ્રુમે કલરવ રહે છે પ્રસરતો.
ચરાવે ગોવાળો પશુધન સીમે બંસી બજવી,
નિહાળી આ દશ્યો તરત પ્રસવે જીર્ણ સમય
અને તૃણાંકુરો સમ ફરકતાં ચિત્તસ્મરણો
ચરાવા લૈ ગાયો ઉભય સરિતાતીર પળતાં,
બપોરે કો' છાંયે તરુવર તણી ભાત જમતાં
જરી સંગે મીઠી રસમય કરી ગોષ્ઠિ; સરિતે
તમે ખોબે ખોબે મધુર જળ પાતાં વીરડીનાં!
હવે તીરે ઊભો તદપિ તરસ્યો આજ તલસું;
અજાણે આ મારાં ડબડબી રહે ને'ન અડવાં!

સન્ધ્યાસ્તે / મનોહર ત્રિવેદી

(હાઈકુ સપ્તક)

શિવાલયમાં
ઝાલર સંગે જ્યોત
નાચે લયમાં.

સાંજની હવા
અંધકારનાં દ્વાર
જાય ખોલવા.

તુલસીક્યારે
કુલવધૂનું રૂપ
દીપ નિહાળે.

તાવડી ચૂલેઃ
રાંધનારીનાં અંગ
આંખમાં ઝૂલે.

ઢોલિયો ઢળે
દીવો ચૂપ : લોચન
વાતવે વળે.

ચન્દ્રની વાંભે
ધણ તારાનું ચરે,
અંધારું આભે.

શુક્રતારિકાઃ
આકાશ-નગરની
અભિસારિકા!

અંતર કપાય છે / મૌન બલોલી

(ગઝલ)

સઘળી નદીનાં નીર મારા ઘેર જાય છે,
ઈચ્છું ન તો પણ એકઠી ભીનાશ થાય છે.
હદથી વધારે જ્યારે જળને ચર્ચ થાય છે,
ડૂલે હલેસે જાત, હોડી ઊંચી થાય છે!
રસ્તા વચે જેની સફર અધવચ કપાય છે,
એની સફરમાં કૈંક ઉમેરાતું જાય છે.
પંખી પીંછાને ખેરવે ચાંચોના મારથી,
જાણે પીડાથી છૂટવાના યત્ન થાય છે.
વંટોળિયામાં એ રીતે પીંછાં હરેફરે,
ડમરીની દોડાદોડમાં અંતર કપાય છે.
પંખી ઘણાં આકાશમાં ઊડી રહ્યાં, છતાં
પાંખો પલાળી કોઈ યુગલ ભીનું થાય છે.
અપરાધ માફક જાતને 'ખામોશ' ઢાંકીએ,
પણ ફેંસલાની જેમ જો ખુલ્લા પડાય છે.



રાષ્ટ્રપ્રેમી વિદ્રોહી તમિળ કવિ

સુબ્રહ્મણ્યમ્ ભારતી

— ચન્દ્રકાન્ત મહેતા —

ઉત્તર ભારત અને દક્ષિણ ભારત વચ્ચેના સેતુસમા, કલમ દ્વારા અંગ્રેજ સરકાર સામે વિદ્રોહ કરનાર, દસ વર્ષ પોંડિચેરીમાં નિર્વાસિત બની રહેનાર સુબ્રહ્મણ્યમ્ ભારતીનો જન્મ તિરુનેલવેલ્લી જિલ્લાના એટ્ટયપુરમ્ ગામમાં ૧૮૮૨ની ૧૧મી ડિસેમ્બરે થયો હતો. એ બાળક હતા ત્યારથી એમની કુશાગ્ર બુદ્ધિ જોઈ એમના પિતા એ ખૂબ ભણીગણીને મોટો સરકારી અમલદાર બને એવાં સ્વપ્નો સેવતા.

સુબ્રહ્મણ્યમ્‌ને ઘરમાં સુબ્બૈયાના લાડલા નામે સૌ બોલાવતા. શાળામાં એમને અંગ્રેજી ગમતું નહીં. ને એમને ભણવામાં જેટલો રસ હતો તેના કરતાં વધારે રસ પ્રાકૃતિક સુંદર દશ્યો જોવામાં હતો. આકાશમાં ઘૂમતી વાદળીઓ, તડકામાં ચળકતાં પાંદડાં, પંખીઓનો કિલકિલાટ - એ બધું જોતાંસાંભળતાં એ પ્રકૃતિમય બની જતા.

એમના પિતાને એ તમિળ પુસ્તકો વાંચ્યા કરે એ જરાય પસંદ નહોતું. એથી એ છાનામાના એક પંડિતને ત્યાં જતા અને કમ્બ રામાયણ તથા મહાભારત વાંચતા. ઘણી વાર એમના બાળમિત્ર સોમસુંદરમ્ સાથે મંદિરની બહારના મંડપ પાછળ જઈને તમિળ પુસ્તકો વાંચ્યા કરતા.

સુબ્બૈયાને નાનપણથી જ કાવ્યોમાં રસ હતો. એ તમિળ ગીતો ગાયા કરતા. કાવ્યગાન થતું હોય ત્યાં પહોંચી જતા. પિતાની જાણ વિના એ એટ્ટયપુરના મહારાજની પંડિતસભામાં જતા. ત્યાં થતી ચર્ચા ધ્યાનથી સાંભળતા ને કેટલીક વાર એવા પ્રશ્નો પૂછતા કે સભાજનો આશ્ચર્યમુગ્ધ બની જતા.

એ જ્યારે અગિયાર વર્ષના હતા ત્યારે એટ્ટયપુરમ્‌ના મહારાજના દરબારમાં પંડિતોની સભા મળી. એમને વિષે લોકો ઘણી વાતો કરતા હતા તેથી એમની ચકાસણી કરવા પંડિતસભા બોલાવાઈ હતી. પંડિતોએ સુબ્બૈયાને વ્યાકરણ વિષે, કાવ્યની પરિભાષા વિષે પ્રશ્નો પૂછ્યા, તે બધાના એમણે ફટાફટ ઉત્તરો આપ્યા. વેણુબા છંદના મુક્તકની ચોથી પંક્તિ આપી મુક્તક પૂરું કરવાનું કહ્યું ને એમણે શીઘ્ર ત્રણ પંક્તિઓ રચી એટલું જ નહીં પણ, મુક્તક ગાઈ બતાવ્યું. વિદ્વાનો પ્રસન્ન થયા. એમને લાગ્યું કે, આ છોકરાને સરસ્વતીનું વરદાન છે. એટલે સભાના અધ્યક્ષ શિવજ્ઞાન યોગીએ એમને ‘ભારતી’ની પદવી આપી. ત્યારથી ને સુબ્રહ્મણ્યમ્ ભારતી તરીકે ઓળખાવા લાગ્યા.

ભારતી ચૌદ વર્ષના હતા ત્યારે એમનાં લગ્ન થયાં. એમનાં પત્ની ચેલમ્મા ત્યારે સાત વર્ષનાં હતાં. ભારતી મહારાજાના લાડીલા હોવાથી લગ્નસમારંભ ખૂબ ધામધૂમથી ઉજવાયો. જમીનદારોએ એમને શાલ, વીંટીઓ તથા મોતીની માળાઓ આપી. નાટસ્વરમ્ વાજિંત્રના વાદનથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. પ્રસિદ્ધ ભરતનાટ્યમ્‌ની નર્તિકા રમણીઅમ્માએ નૃત્યથી સમારંભમાં હાજર રહેલાં લોકોને ખુશ કરી દીધાં.

તે પછી એક ગોરા અમલદારની દગાખોરીને લીધે ભારતીના પિતાને રૂના ધંધામાં મરણતોલ ફટકો પડ્યો. એ એવા પાયમાલ થઈ ગયા કે, ભારતીના ભણતર માટે પણ પૈસા બચ્યા નહિ. ભારતીએ એટ્ટયપુરના મહારાજાના કાકાને પોતાની પરિસ્થિતિ જણાવતો પદ્યમાં પત્ર લખ્યો. ને એમની મદદ માગી. પરિણામે એમને પૂરતી મદદ મળી. ને શિક્ષણ ચાલુ રહ્યું. પણ એમના પિતાને હૃદયનો હુમલો થયો, ને એમનું મૃત્યુ થયું. આથી નિરાધાર ભારતી કાશીમાં એમનાં ફોઈને ત્યાં રહેવા ગયા. ત્યાં એ જયનારાયણ કોલેજમાં દાખલ થયા. અને અલ્હાબાદ વિશ્વવિદ્યાલયની પ્રવેશપરીક્ષા માટે તૈયારી કરવા લાગ્યા.

કાશીમાં આવ્યા પછી ભારતી દાઢી-મૂછ મૂંડાવી કોલેજમાં જતા. એક વખત એક મિત્રે પૂછ્યું, ‘તમારા ઘરમાં કોઈ મરી ગયું છે?

ભારતી કંઈ સમજ્યા નહીં ત્યારે મિત્રે સમજાવ્યું કે

ઉત્તર ભારતમાં એવો રિવાજ હતો કે નજીકના સગાનું મરણ થયું હોય તો જ મૂછ મૂંડાવાય. ભારતીએ હસતાં હસતાં કહ્યું કે દક્ષિણના મોટાભાગના બ્રાહ્મણો મૂછ રાખતા નથી ને પોતે રૂઢિચુસ્ત કુટુંબમાં ઊછર્યા હોવાથી મૂછો નથી રાખતા.

પણ આ પ્રસંગ પછી એમણે વિચાર્યું તો એ ઉત્તરભારતમાં છે તો એમણે ઉત્તરભારતીની જેમ રહેવું જોઈએ. એમાં એમણે મૂછ રાખવી શરૂ કરી. એટલું જ નહીં પણ ઉત્તરભારતીના લોકોની જેમ પાટલી વાળીને ધોતિયું પહેરવા માંડ્યું તથા કોટ પહેરવો શરૂ કર્યો. આમ, કાશીના પવિત્ર ધામે એમને અખિલ ભારતીય બનાવ્યા. આ સમયે રચેલા એક કાવ્યમાં એ કહે છે :

કરીએ હવે આપણે એવું કાંઈ જેથી
વિદ્વાન જે કાંઈ કહેતા કાશીમાં
સુણાય તે કાંચી મહીં અને
કાવેરી તટના દઈ શાકભાજી
ગંગા તટે ઉગન્ત ઘઉં લઈએ.

આમ, ભારતી ઉત્તર અને દક્ષિણના સુચારુ સંબંધનાં સ્વપ્નાં વિદ્યાર્થી અવસ્થામાં જ સેવતા હતા. કાશીમાં રોજ ગંગાતટ પર કલાકો ગાળતા, તેથી ગંગા પર એમને અઢળક પ્રેમ હતો. એ સમયના એક ગીતમાં એમણે કહ્યું છે :

છે હિમગિરિ ભૂમિ દેવ કેરી
ગંગા વહાવે અમીસ્વર્ગ કેરું
છે ભારતે ઈશ તણો જ વાસ.

ભારતીના પહેરવેશ, આચારવિચારમાં જે પરિવર્તન થયું તે એમના ફુઆને રુચ્યું નહીં કારણ કે એ ઘણા ચુસ્ત પરંપરાવાદી હતા. એ માનતા કે ભારતી ભ્રષ્ટ થઈ ગયો છે. તેથી એની જોડે એ ન બોલતા કે ન એની સાથે જમવા બેસતા. એક વાર માગશર મહિનામાં ભારતીનો એમને જે પરચો થયો તેથી એમના ભારતી વિષેના વિચારોમાં પરિવર્તન થયું.

એમના ફુઆ રોજ શિવપૂજા કરતા. માગશર મહિનામાં આર્દ્રાનક્ષત્રની પુણ્યતિથિ હતી. અભિષેક પૂરો કર્યા પછી આરતી કરીને 'તિરૂવેણબાવૈ' (ભક્તિગીત) ગાવાનું હતું. પણ ગાનારો પૂજારી આવ્યો નહોતો. ભારતીના ફુઆ ખૂબ મૂંઝાયા. તિરૂવેણબાવૈ ગાયા વિના પૂજા પૂરી ન થાય. ભારતીનાં ફોઈએ ભારતીને તિરૂવેણબાવૈ ગાતા સાંભળ્યા હતા. એ ભારતીને ફેંટો પહેરાવી, રૂદ્રાક્ષની માળા તથા કપાળ પર ભસ્મ લગાવીને ત્યાં લઈ આવ્યા, ને એમને તિરૂવેણબાવૈ ગાવા કહ્યું.


ભારતીએ ભાવભર્યા મધુર સ્વરમાં ગીત ગાયું. ફુઆ આવીને પ્રેમથી એમને ભેટ્યા ને કહ્યું, 'દીકરા આટલી નાની ઉંમરમાં તેં શી રીતે આ બધું શીખી લીધું? તું સાચો ભક્ત છે.'

કોલેજ સિવાય એમને જે સમય મળતો તેમાં એ ગંગાતટ પર બેઠા બેઠા કુદરતી સૌંદર્યનું પાન કર્યા કરતા ને કાવ્યો રચતા.

અલ્હાબાદ વિશ્વવિદ્યાલયની પ્રવેશપરીક્ષા એમણે પ્રથમ વર્ગમાં પસાર કરી. એ વખતે એટ્ટયપુરના મહારાજા કાશી આવ્યા હતા. તે ભારતીને એટ્ટયપુરમ્ લઈ ગયા. ને ત્યાં જ એમને કામે બગાડી દીધા. કામ હતું મહારાજાની પાસે પત્રિકા આવે તે એમને વાંચી સંભળાવવાનું.

ભારતી કાશીમાં મુક્તવિહાર કરતા. જ્યારે અહીં તો મહારાજાના જીહજુરિયા તરીકે રહેવાનું. તે એમને શી રીતે ફાવે? ત્યાં એવો શિરસ્તો હતો કે મહારાજની સામે શરીરના ઉપરના ભાગમાં વસ્ત્ર પહેરીને ઊભા ન રહેવાય. ને રાજા બહાર નીકળે ત્યારે હાથ જોડીને ઊભા રહેવાનું. ભારતીને લાગ્યું કે, આ તો ગુલામી છે.

એક વાર મહારાજ બહાર નીકળતા હતા. ભારતી ત્યારે બેઠા રહ્યા. એથી રાજમહેલમાં ખળભળાટ મચ્યો. જો એ માફી



← અંગ્રેજી તથા તમિળમાં ભારતીની સહી



માગે તો મહારાજા નોકરીમાં પાછા રાખી લે. પણ ભારતીને તો સ્વમાન વહાલું હતું. એમણે કહ્યું : 'એટ્ટમપુરમ્‌ના મહારાજા પાસે તો ખોબા જેટલી જમીન છે. પણ જગત વિશાળ છે. ક્યાંક તો સ્વમાનથી જીવી શકું એવી જગ્યા મળી રહેશે.'

તે પછી ત્રણ મહિના સુધી ભારતીએ સેતુપતિ ઉચ્ચતર માધ્યમિક શાળામાં તમિળના મુખ્ય શિક્ષક તરીકે નોકરી કરી. એ કામ કોઈની અવેજીમાં કરવાનું હતું. એ પૂરું થતાં. મદ્રાસના દૈનિક 'સુદેશમિત્ર'ના તંત્રી સુબ્રહ્મણ્યમ્ આયરે એમને પોતાના પત્રના સહતંત્રી તરીકે કામ કરવા નિમંત્રણ આપ્યું. ૧૯૦૪માં બાવીસ વર્ષની વયમાં એમણે એ જવાબદારી સંભાળી.

'સુદેશમિત્ર'ના તંત્રી સુબ્રહ્મણ્યમ્ આયર કૉંગ્રેસના સક્રિય કાર્યકર્તા હતા. એ કૉંગ્રેસના કાર્યક્રમોમાં જતા ત્યારે ભારતીને સાથે લઈ જતા. એથી ભારતી આઝાદી માટે લડત ચલાવતા નેતાઓના સંપર્કમાં આવ્યા. ચર્ચાઓ સાંભળી. એમના હૃદયમાં રહેલું દેશભક્તિનું બીજ ફળ્યુંફાલ્યું. ૧૯૦૫માં કાશીમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું. તેમાં ભાગ લઈ, ત્યાંથી પાછા ફરતાં એ કલકત્તા ગયા, ને સ્વામીવિવેકાનંદનાં શિષ્યા ભગિની નિવેદિતાને મળ્યા. ભગિની નિવેદિતા સ્વતંત્રતા-સેનાનીને સહાય કરતાં હતાં. વાતવાતમાં ભગિની નિવેદિતાએ ભારતીને પૂછ્યું : 'તમે પરણેલા છો?' ભારતીએ જણાવ્યું કે, 'એ પરિણીત છે. અને એક દીકરીના પિતા છે.' ત્યારે નિવેદિતાએ કહ્યું. 'તો પછી તમારી પત્નીને શા માટે અધિવેશનમાં ન લઈ આવ્યા?'

'આવા રાજકીય અધિવેશનમાં અમે પત્નીને નથી લઈ જતા.' ભારતીએ કહ્યું.

નિવેદિતા ગુસ્સે થઈ ગયાં. એમણે કહ્યું : 'દેશની વસ્તીમાં અર્ધા ભાગની તો સ્ત્રીઓ છે. જો એમને મુક્તિ નહીં મળે તો દેશને સ્વતંત્રતા મળશે તે અધૂરી જ ગણાશે. પૂર્ણ નહીં, દીકરા! આ વાત ધ્યાનમાં રાખજે. તું કવિ છે. ભવિષ્યમાં તારી કીર્તિ ફેલાશે. નારીમુક્તિ પણ તારું ધ્યેય બને એવા મારા તને આશીર્વાદ છે.' આ આશીર્વાદને પરિણામે ભારતીએ નારીમુક્તિની ઝુંબેશ શરૂ કરી. એમણે 'ચક્રવર્તી' નામે સ્ત્રીઓનું એક માસિક શરૂ કર્યું, જેના દ્વારા સ્ત્રી-પુરુષની સમાનતા માટે જોરદાર પ્રચાર કર્યો. ૧૯૦૮ તથા ૧૯૦૯માં એમનાં રાષ્ટ્રપ્રેમનાં ગીતોના 'જન્મભૂમિ' અને 'સ્વદેશગીતમ્' સંગ્રહો પ્રકટ થયા, તે એમણે ભગિની નિવેદિતાને અર્પણ કર્યા.

૧૯૦૫માં બંગભંગ વિરોધી આંદોલન શરૂ થયું ને દેશભરમાં બ્રિટિશ માલનો બહિષ્કાર કરાયો. ભારતીને એ આંદોલન દક્ષિણ ભારતમાં વેગથી ચલાવવું હતું. તેથી એમણે 'સુદેશમિત્ર'ને છોડ્યું. અને 'ઇંડિયા' નામનું પત્ર શરૂ કર્યું. દક્ષિણ ભારતમાં એ પહેલું વર્તમાન પત્ર હતું કે જેમાં રાજકીય વ્યંગચિત્રો પહેલે પાને પ્રકટ થતાં.

'ઇંડિયા' ખૂબ લોકપ્રિય થયું. એ જમાનામાં એની ચાર હજાર નકલો વેચાતી એવું એ એકમાત્ર તમિળ સમાચારપત્ર હતું. વાર્ષિક લવાજમ પણ જુદા જુદા લોકો માટે જુદું જુદું હતું. સરકારી અમલદારો માટે ૫૦ રૂપિયા, જમીનદારો તથા વેપારીઓ માટે ૩૦ ને સામાન્યજન માટે ફક્ત ૩ રૂપિયા!

૧૯૦૭માં સુરતમાં કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન ભરાયું. ત્યાં ભારતી લોકમાન્ય ટિળકને મળ્યા. એમની જોડે ચર્ચા કરી. મદ્રાસ પાછા આવી ટિળકના સિદ્ધાંતોનો જોરશોરથી પ્રચાર કરવા માંડ્યો. ક્રાન્તિ માટે હાકલ કરી. 'બાલભારતસંઘ'ની સ્થાપના કરી. તથા 'યંગ ઇંડિયા' નામનું માસિક શરૂ કર્યું. જાહેરસભાઓમાં અંગ્રેજ સરકારના અત્યાચારો પર ભાષણો આપ્યાં ને વિદ્રોહ કરવા જણાવ્યું. રાજકીય ક્રાન્તિ માટે તાલીમ આપવા આંધ્રપ્રદેશમાં પણ મંડળો સ્થાપ્યાં.

માર્ચ ૧૯૦૮માં ભારતભરમાં સ્વરાજદિન ઉજવાયો. તે દિવસે ભારતી તિરુવેલિવેલ્લિ સમુદ્રતટ પર પ્રચંડ સરઘસ લઈને ગયા. ત્યાં સભા ભરી. એમની સાથેના બે નેતાઓને પોલીસે પકડ્યા. પછી એમણે બંગાળના ક્રાન્તિકારી બિપિનચંદ્ર પાલને દક્ષિણમાં બોલાવીને તેમની પાસે તમિળનાડુ તથા આંધ્રપ્રદેશમાં ભાષણો અપાવ્યાં.

તે સમયે બંકીમચન્દ્રના વન્દે માતરમ્ સિવાય બીજું એના જેવું લોકોને આકર્ષે એવું દેશભક્તિનું ગીત હતું નહિ. એથી ભારતીએ પ્રથમ તો વન્દેમાતરમ્‌નું તમિળમાં સુગેય એવું ભાષાન્તર કર્યું, અને એ જાહેર સભાઓમાં ગાયું, અને તે પછી અનેક દેશભક્તિનાં ગીતો રચ્યાં. એમનાં એવા એક ગીતમાં એમણે કહ્યું છે :

> પરમ પિતા ને વિશ્વજનનીએ
> અહીં જન્મ લીધો, આ ભૂમિમાં વિચર્યા
> ચરણરજથી ભૂમિ કીધી જ પાવન.
> ઋષિમુનિઓએ અહીં જ્ઞાનપરબો માંડી
> કૈલાશ ગિરિમાં શિવ નિત્ય રહેતા.

ભારતી એમનાં ગીતો જાહેરમાં ગાતા, ને તેથી એમની લોકપ્રિયતા ખૂબ વધી. એવી અસર થઈ કે એમના વિરોધી કૃષ્ણસ્વામી અય્યર એમનાં ગીતો સાંભળી એમના એવા ચાહક બની ગયા કે ભારતીનાં દેશભક્તિનાં ગીતોનું એમણે સંપાદન કરી પુસ્તિકા છપાવી, શાળાઓમાં એ પુસ્તિકા પહોંચાડી ને નવી પેઢીને એ ગીતો ગાતી કરી.

સરકારે લોકમાન્ય ટિળકને પકડ્યા. રાજદ્રોહનો આરોપ

મૂકી છ વર્ષની દેશનિકાલની સજા કરી. પછી ટિળકનું સમર્થન કરનાર છાપાંઓ પર સરકાર ત્રાટકી. 'ઇંડિયા'ના મુખ્ય સંપાદક શ્રીનિવાસનને પકડ્યા અને ભારતીને પણ પકડવાનું વોરંટ નીકળ્યું. પરન્તુ મિત્રોની સલાહ લઈ ભારતી સરકારને થાપ આપીને એક નાના સ્ટેશનેથી ટ્રેનમાં બેસી પોંડિચેરી પહોંચી ગયા. જે ગીતને માટે વોરંટ નીકળ્યું હતું તે ગીત હતું :

આઝાદીની તૃષા હમારી
છીપાવશો ઈશ ક્યારે?
ગુલામીનો મોહ અમારો
લોપાશે ઈશ ક્યારે?
હાથોમાં બેડીઓ જકડાઈ
તોડશું એને ઈશ ક્યારે?
શાસકોની દાનવલીલામાં
ચાંપીશું આગ ઈશ ક્યારે?

ભારતીને મદ્રાસ છોડીને ભાગવાનું ગમ્યું તો નહીં. પણ જેલમાં રહી નિષ્ક્રિય થવાનું પણ ગમતું નહોતું. પોંડિચેરીમાં એમના કોઈ મિત્રો નહોતા. પણ થોડા દિવસમાં કુવલૈકૃષ્ણન અને સુંદરેશ અય્યર એ બે ઉત્સાહી યુવકો જોડે મિત્રતા બંધાઈ. એમણે ભારતી માટે મકાનની વ્યવસ્થા કરી.

થોડા સમય પછી મદ્રાસના એમના મિત્ર શ્રીનિવાસાચારીએ 'ઇંડિયા' પત્ર પોંડીચેરીથી છપાય તેની સઘળી વ્યવસ્થા કરી. 'ઇન્ડિયા' જે છાપખાનામાં છપાતું હતું તે કોઈ પોંડિચેરીવાસીને વેચ્યું છે એવું બહાનું કાઢી તેને પોંડિચેરી ખસેડવામાં આવ્યું.

હવે 'ઇંડિયા' પોંડિચેરીથી પ્રકટ થવા માંડ્યું. એ સમયે શ્રી અરવિંદ ઘોષ પર બૉમ્બ બનાવવાનો મુકદમો ચાલતો હતો. તેમાંથી એમને છોડવામાં આવ્યા ત્યારે 'ઇંડિયા'માં અરવિન્દરૂપી ચન્દ્રને ગ્રસવા આવતા રાહુને ચન્દ્રના પ્રકાશથી ડરીને ભાગી જતા સર્પ તરીકે બતાવ્યો છે. દક્ષિણ આફ્રિકામાં ભારતીયોના હક માટે લડત ચલાવતા ગાંધીજીની પ્રશંસા કરતા, અને અંગ્રેજો સામે સખ્ત વાગ્પ્રહાર કરતા હતા. એમણે દક્ષિણ આફ્રિકાની લડતને સહાય કરવા ઉઘરાણું કર્યું અને ગાંધીજી ભારત આવ્યા. તે પૂર્વે એમની બિરદાવલિ ગાઈ. એક વ્યંગચિત્રમાં ગાંધીજીને ગાયરૂપે અને ત્યાંની ગોરી સરકારને ગાય પર ત્રાટકનાર વાઘ રૂપે દર્શાવ્યાં.

'ઇંડિયા'નો ભારતમાં બહુ બહોળો પ્રચાર થયો. એટલે અંગ્રેજ સરકારે સખ્ત પગલાં લેવા માંડ્યાં. આથી 'ઇંડિયા' સમાચારપત્ર તથા ભારતીનાં 'વિજયા' 'કર્મયોગી' તથા 'સૂર્યોદય'ને ભારતમાં લાવવા પર પ્રતિબંધ મુકાયો એથી માર્ચ ૧૯૧૦માં બધાં સામયિકો બંધ કરવાં પડ્યાં.

૧૯૧૨માં એમના ત્રણ કાવ્યસંગ્રહો તથા એક અનુવાદ પ્રકટ થયો. તેમાં 'પાંચાલીશતકમ્'ને ભારતીએ પોતાની શ્રેષ્ઠ કૃતિ માની છે. એમાં મહાભારતમાં દ્રૌપદી વસ્ત્રહરણના પ્રસંગને સાંપ્રતકાલીન સંદર્ભમાં આલેખ્યો છે. તેમાં ભારતમાતાને દ્રૌપદી અને વિદેશી શાસકોને દુઃશાસનો તરીકે દર્શાવ્યા છે. એમાં અંગ્રેજો સામે લડવાની પ્રેરણા આપે એવા સંવાદો છે. દેશી રાજાઓ જે અંગ્રેજોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય કરતા હતા તથા જે નેતાઓ બંધારણીય લડતની વાત કરતા હતા તેમને પણ જોશીલી વાણીમાં ફટકાર્યા છે.

એમનું કાવ્ય 'કણ્ણનપાટ્ટુ' શ્રીકૃષ્ણનું મહિમાગાન છે. એમાં કૃષ્ણનાં વિવિધ રૂપો દર્શાવી દરેકનું વૈશિષ્ટ્ય દર્શાવ્યું છે. એક સાચા ભક્તની જેમ કૃષ્ણમિલનની તીવ્ર ઝંખના વ્યક્ત કરી છે. આજે પણ તમિળનાડુમાં કણ્ણનપાટ્ટુનાં ગીતો ગવાય છે.

૧૯૧૧માં દક્ષિણના મહિત્યાંચી સ્ટેશનમાં વાંછી નામના એક ક્રાન્તિકારીએ જિલ્લા કલેક્ટર એશને ગોળીથી ઠાર કર્યો. ને તરત જ પોતાની છાતીમાં ગોળી મારી આત્મહત્યા કરી. સરકારને એ કલેક્ટરની હત્યાનું ષડ્યંત્ર પોંડિચેરીમાં રચાયું હોવાની શંકા ગઈ. બસો પોલીસનું એક દળ પોંડિચેરીની સરહદ પર ગોઠવાયું. ભારતી અને એમના બીજા બે સાથીઓને બ્રિટિશ સરહદ સુધી લઈ આવનારને વ્યક્તિદીઠ હજાર રૂપિયાનું ઇનામ આપવાની જાહેરાત થઈ. મદ્રાસની કેટલીક છૂપીપોલીસ પોંડિચેરીમાં છૂપાવેશે ઘૂસી. અને ભારતી તથા એમના સાથીઓ પર જાસૂસી કરવા લાગી. કેટલાક જાસૂસો વેશપલટો કરીને ભારતીને મળતા. એમને મદદ કરવાની વાત કરી, એમનું મન જાણવાનો પ્રયત્ન કરતા. પણ ભારતી તો તરત જ તેમને ઓળખીને આવું હીન કાર્ય કરવા માટે ધમકાવતા.

એક વાર ભારતીના સાથી વ. વે. સુ. અય્યરના ઘરના કૂવામાંથી એક પેટી નીકળી. કોણ નાખી ગયું હતું તેની ખબર ન પડી. ભારતી અને તેના સાથીઓ પેટીને પોલીસથાણામાં લઈ ગયા. ત્યાં પેટી ઉઘાડતાં જોયું તો ભારતીને ષડ્યંત્રમાં સંડોવતા બનાવટી કાગળો હતા. પોલીસ અમલદાર ભોંઠો પડી ગયો.

જ્યારે આવા દાવપેચથી કંઈ વળ્યું નહીં ત્યારે મદ્રાસની પોલીસે ફ્રેન્ચ અમલદારોની મદદ માગી ને પોંડિચેરીમાં એક નવો કાયદો ઘડાયો. એ પ્રમાણે પોંડિચેરીમાં રહેતા ભારતીઓએ ઠરાવેલી તારીખ પહેલાં પાંચ ન્યાયાધીશોની સહીવાળું પ્રમાણપત્ર રજૂ કરવાનું હતું. મદ્રાસની પોલીસે માન્યું હતું કે ભારતી અને એના સાથીઓને કોઈ ન્યાયાધીશ સહી નહીં કરી આપે.

ભારતી શંકર ચેટિયાર નામના એક જાણીતા ન્યાયાધીશની

પાસે ગયા. પરિસ્થિતિ સમજાવી. ન્યાયાધીશ ભારતીની સાહિત્યિક તથા દેશસેવાની પ્રવૃત્તિથી પરિચિત હતા. એમણે કહ્યું : 'આજે સાંજ સુધીમાં હું મારી અને બીજા ચાર ન્યાયાધીશોની સહીવાળો કાગળ તમને આપીશ.' આમ ભારતી બચી ગયા.

પત્રપત્રિકા બંધ પડ્યાં એટલે પોંડિચેરીથી મદ્રાસમાં છાપાંઓના તંત્રીઓને પત્રના રૂપમાં એમણે લેખો મોકલવા માંડ્યા. એમના એ લેખો ઍની બેસન્ટનાં દૈનિકો 'ન્યૂ ઇંડિયા', 'કૉમનવિલ' તથા 'હિન્દુ'માં ભારતી અંગ્રેજીમાં પણ કવિતા લખતા. એ કવિતાનો સંગ્રહ 'અગ્નિ ઍન્ડ અધર પોએમ્સ' શીર્ષકથી પ્રકટ થયો છે.

સદ્ભાગ્યે ભારતીના પરમ સ્નેહી શ્રીરંગસ્વામી આયંગરે ૧૯૧૫માં 'સુદેશમિત્ર'નું તંત્રીપદ સંભાળ્યું. એમને ખબર પડી કે પોંડિચેરીમાં ભારતી બહુ કપરા સંજોગોમાં જીવન વિતાવે છે. ત્યારે એમણે ભારતીને લખ્યું હતું, તમારા લેખો તથા વાર્તાઓ 'સુદર્શમિત્રન્'માં મોકલતા રહેશો એટલું જ નહીં, પણ જણાવ્યું કે ભારતી લેખો લખે કે ન લખે પણ દર મહિને ભારતીનાં પત્નીને ત્રીસ રૂપિયા મનિ ઑર્ડરથી મોકલશે.

'સુદેશમિત્રન્'ના એમના લેખો 'તરાજુ' શીર્ષકથી પ્રકટ થયા છે. એમાં રોજબરોજની ઘટનાઓ વિષે હળાવ નિબંધો છે. તથા રેખાચિત્રો છે. એ રેખાચિત્રોનું તમિળની સાહિત્યમાં ઊંચું સ્થાન છે.

૧૯૧૮માં ભારતીએ પોંડિચેરી છોડ્યું, કારણ કે એમને પોંડિચેરી વિશાળ કારાગાર જેવું લાગતું હતું. એ ઉપરાંત અંગ્રેજ સરકારની ચઢવણીથી ફ્રેન્ચ સરકારે એમને ૨૪ દિવસ સુધી જેલમાં રાખ્યા હતા. એ પોંડિચેરીથી સીધા તિરુનેરવેલ્લી જિલ્લામાં એમના સસરા રહેતા હતા. ત્યાં ગયા. બ્રિટિશ ભારતમાં આવી પોતાનાં બધાં લખાણો ચોવીસ ભાગોમાં છપાવવાનો નિર્ણય કર્યો. પણ સરકારની બીકે કોઈ પ્રકાશક તૈયાર થયા નહીં.

૧૯૧૯ના માર્ચમાં ભારતી નોકરીની શોધમાં મદ્રાસ આવ્યા. એ દિવસોમાં મહાત્મા ગાંધી પણ મદ્રાસ આવ્યા હતા. અસહકારની લડતની તૈયારીઓ ચાલતી હતી. ભારતી ગાંધીજીને મળ્યા. એ ગાંધીજીથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા. કે એમણે 'મહાત્મા ગાંધી પંચકમ્' નામનું ગીત રચ્યું.

૧૯૨૦ના અંતમાં ભારતી ફરી 'સુદેશમિત્રન્'માં જોડાયા. એ વખતે ભારતીના જૂના મિત્ર નીલકંઠ બ્રહ્મચારી જે ક્રાન્તિમાં માનતા હતા, તે જેલમાંથી છૂટ્યા. એમને ખાવાનાં સાસાં હતાં, અને સરકારની કનડગતના ભયથી લોકો એમનાથી દૂર ભાગતા. ભારતી એમને આર્થિક મદદ કરતા, અને પોતાની પાસે પૈસા ન હોય તો પણ ઉછીના લઈને આપતા. એ વખતે ભારતીએ એક ગીત રચ્યું, જેમાં એમણે એમના સ્વપ્નના ભારતનું ચિત્ર આંક્યું છે :

ભારતસમાજનો જય હો જય હો
પ્રાકૃતિક સંપત્તિ જ્યાં હશે જ સૌની
નહીં હશે જ્યાં ઊંચનીચ, ગરીબધનિક-ભેદ
નહીં હશે શોષણ, વેરઝેર, ઈર્ષા.
એવું હશે ભારત સ્વર્ગતુલ્ય.

ભારતી રોજ પાર્થસારથિ મંદિરમાં પૂજા કરવા જતા. એ વખતે એ નાળિયેર ને ફળો લઈને જતા. દેવને ભોગ ધરાવતા ને પછી મંદિરના હાથીને ખવડાવતા. હાથી એમને સૂંઢથી પંપાળતો અને એ હાથીની સૂંઢ પંપાળતા. ૧૯૨૧ના જૂનમાં હાથીને મદ ચઢ્યો હતો. એ ઉત્પાત ન કરે તે માટે એને સાંકળથી બાંધ્યો હતો.

ભારતી રોજની જેમ હાથી પાસે આવ્યા. લોકો બૂમ પાડવા લાગ્યા, 'હાથી ગાંડો થઈ ગયો છે એની પાસે ન જતા.' પણ ભારતીએ બૂમો સાંભળી નહીં. એ તો નાળિયેર ને ફળો લઈ હાથી પાસે ગયા. હાથીનું ધ્યાન બીજી તરફ હતું. એણે એકાએક વળાંક લીધો. એની સૂંઢ ભારતી ઉપર પડી અને ભારતી ગબડી પડ્યા ને માથામાં સખત ઘા થયો.

હાથીના પગ તરફ જોતાં જોતાં લોકો ચીસો પાડતા હતા. પણ ગૂપચૂપ ભારતીને ઊંચકી લાવવાનું સાહસ કરવા કોઈ તૈયાર ન થયું. એ સમયે ભારતીના પોંડિચેરીના મિત્ર કુવલૈકૃષ્ણન ત્યાંથી જતા હતા એમણે એ દૃશ્ય જોયું. એમનું શરીર ભારે હોવા છતાં એ દોડ્યા ને ભારતીને ખભા પર ઉપાડીને લઈ આવ્યા. હાથી શાંત ઊભો હતો.

ભારતીને હૉસ્પિટલમાં લઈ ગયા. ઘા રૂઝાતાં થોડો સમય લાગ્યો. એ સાજા થયા. પછી પહેલાંની જેમ રોજ મંદિરમાં જતા, પૂજા કરતા ને હાથીને નાળિયેર તથા ફળો ખવડાવતા. દેશભક્તિનાં ગીતો ગાતા, સમુદ્રતટે ફરવા જતા ને જાહેરસભામાં ભાષણો આપતા.

હાથીવાળા બનાવ પછી બે મહિના થયા, ને એ માંદા પડ્યા. દવા લેવાની એમણે સ્પષ્ટ ના પાડી. ૧૯૨૧ની અગિયારની સપ્ટેમ્બરે એમણે દેહ છોડ્યો. □

સુધારો : આ અંકની પૂર્તિ નં. ૪માં ચિત્ર સાથેના લખાણમાં શીર્ષકમાં 'શેર' છે ત્યાં 'શેન' વાંચવું અને ચિત્રની સમજૂતી આપનાર તરીકે નીચે 'પ્રીતિ શેનગુપ્તા' છે ત્યાં 'પ્રીતિ સેનગુપ્તા' વાંચવું.

બહુરૂપી

.... પ્રવીણસિંહ ચાવડા ....

છોકરો ઉદાસ હતો. ઉનાળાની બપોર પછીનો સમય હતો. એ એકલો મેડી ઉપર આંટા મારતો હતો. મા નીચે હતી. બાપ નોકરીએ ગયેલો હતો. થોડી થોડી વારે એ ભણવાની ચોપડી હાથમાં લઈને પાછી મૂકી દેતો હતો. શું થાય છે તે ખબર પડતી નહોતી, પણ મનમાં ચરચર થતું હતું. ઘરની પાછળની બારીએથી બીજાં મકાનોનાં છાપરાં દેખાતાં હતાં. એક બારી શેરી વચ્ચે પડતી હતી. ત્યાં લીમડાના ઝાડ નીચે મદારીનો ખેલ ચાલતો હતો. શેરીનાં બધાં છોકરાં અને મોટા ભાગની સ્ત્રીઓ ટોળું વળીને એની આજુબાજુ ઊભાં હતાં.

છોકરો એ જોતો બારી પાસે ઊભો રહ્યો. મદારી મોં ફુલાવી ફુલાવીને મોરલી વગાડતો હતો. વચ્ચે વચ્ચે એક હાથ ઊંચો કરી ડુગડુગી વગાડતો.

નીચેથી એની માએ એકબે વાર ટહુકા કર્યા હતા, 'રણજિત, આ મદારીનો ખેલ જોવા નથી જવું?'

ત્યારે એણે સુકાતા કંઠે જવાબ આપ્યો હતો, 'ભણું છું.'

ખાસ્સી વાર એ ગહન વિચારમાં હોય એમ એક બારીએથી બીજી બારીએ જઈ બહાર તાકી રહ્યો. પછી યંત્રની જેમ એનું શરીર ફર્યું. પગ ભીંતમાં જડેલ કબાટ પાસે ગયા. કબાટ ઊઘડ્યું. એ કબાટ એના મોટાભાઈનું હતું. મોટો ભાઈ રણવીર શહેરની અંગ્રેજી નિશાળમાં ભણતો હતો. એની ચોપડીઓ નવાં પૂંઠાં ચડાવીને વ્યવસ્થિત ઊભી ગોઠવેલ હતી. રણવીરનું નિશાળનું કામ ખૂબ ચોકસાઈવાળું હતું. કબાટમાં કંપાસ, રંગપેટી, પેન-પેન્સિલ, શાહીનો ખડિયો - બધું વ્યવસ્થિત ગોઠવેલું હોય. સામે સ્વચ્છ અક્ષરે લખેલું નિશાળનું ટાઈમટેબલ અને એની પાસે વાંચવાનું ટાઈમ-ટેબલ. રણવીર અંગ્રેજી નિશાળમાં ગયો ત્યારથી શોખીન થઈ ગયો હતો. ઘડિયાળ, પાકીટ, રંગીન ચશ્માં! હવે વળી સાઈકલ લાવવાની વાત કરતો હતો.

રણજિતે સાચવીને ચોપડીઓની પાછળ સંતાડેલું પાકીટ ઉપાડ્યું અને પહોળું કરીને જોયું. એક રૂપિયાની નોટ! એણે નોટ ઝડપથી ચડ્ડીના ખિસ્સામાં મૂકી દીધી. પાકીટ પાછું એની જગ્યાએ મૂકી દીધું. અને જાણે કંઈ ન થયું હોય એમ પાછો બારી પાસે જઈને ઊભો રહ્યો. પણ હવે એને એકદમ મેડીની હવા સ્તબ્ધ લાગી અને મદારીની ડુગડુગીનો અવાજ સપનામાં સંભળાતો હોય એમ ધીમો થઈ જતો લાગ્યો.

એ હળવેથી દાદર ઊતરી ગયો.

જાળીમાંથી બહાર નીકળતો હતો ત્યાં એની માનો અવાજ સંભળાયો, 'આખો દિવસ શું ભણભણ કરવાનું! જાઓ, થોડી વાર રમો.'

એ ટોળાની પાછળ જઈને ઊભો રહ્યો. પણ સ્ત્રીઓના રંગરંગીન સાડલાઓની વચ્ચેથી મદારી દેખાતો નહોતો અને વળી એક વિચિત્ર વાસ આવતા હતી, એટલે એ બીજી બાજુ છોકરાં ઊભાં હતાં ત્યા ંગયો. છોકરાં જોરથી હસતાં હતાં અને 'હેઈ હેઈ' કરતાં હતાં, એ 'હેઈહેઈ' કરવા ગયો. પણ ગળામાંથી અવાજ નીકળ્યો નહીં અને લાગ્યું કે બધાં ખેલ જોવાનો તો ખોટો ખોટો દેખાવ જ કરે છે. ખરેખર તો બધાંનું ધ્યાન એની તરફ જ છે, એટલે એણે ચડ્ડીના ખિસ્સામાં હાથ નાખ્યો અને નોટ ઉપર આંગળાં ફેરવ્યાં ત્યારે ખબર પડી કે આ તો એક નોટ નહોતી, વધારે હતી.

એકદમ એને મદારીની મૂછો, એના પીળા દાંત અને મોટી મોટી ફૂલેલી આંખો - આ બધું ભયાનક લાગવા માંડ્યું, એટલે એણે આગળ ઊભેલા એના ભાઈબંધ નટુના પહેરણની ચાળ ખેંચી અને કહ્યું, 'હેંડ.'

નટુ આવેગથી ચીસાચીસ કરતો હતો. પણ છોકરાને આ મોરલીનો અવાજ, અર્થ વગરનું હસતી સ્ત્રીઓનાં લાલલાલ લૂગડાં અને ફિક્કા ચહેરા તથા મોં પહોળાં કરીને બધાની જેમ ઊભેલા પોતાના ભાઈબંધો ઉપર ખૂબ ચીડ ચડી હતી. એટલે એણે નટુને હાથ પકડીને ખેંચતાં કહ્યું, 'હેંડને.'

બંને શેરીની બહાર નીકળ્યા.

નટુએ પૂછ્યું, 'ક્યાં જઈશું?'

'મંદિર'

મંદિર પાસે તળાવ હતું. ભોંયરું હતું. નટુ ખુશ!

રણજિતને ખિસ્સાની નોટો ઉપર હાથ ફેરવતાં થયું, સીંગ-ચણા થોડા પૈસાના લેવા, આને ખવડાવવા; પણ દુકાનવાળો આટલી નોટો જોઈ પૂછે તો?

ભોળો તળાવ તરફ વળ્યો, પણ એણે કહ્યું, 'મંદિર!

નટુ સીધો ઘર પાસે પહોંચ્યો, પણ એણે ઓસરીના પેલા ખૂણામાં નજર કરી. ખૂણો તો ખાલી હતો. પૂજારી ખાટલા ઉપર બેઠાબેઠા ચલમ પીતા હતા.

એ બોલ્યો, 'પૂજારી મહારાજ'

પૂજારીએ લાલ આંખે એની સામે જોયું.

'આ - ક્યાં ગયા?'

'કોણ?'

'બહુરૂપી.'

'ગયો હશે સ્ટેશનના રસ્તે નહાવા ધોવા.' પૂજારીએ કહ્યું,

પછી એકદમ ભાન આવ્યું હોય એમ બરાડ્યા, 'અહીં શું કરો છો? જાઓ, નાસો અહીંથી'

નીકળતાં એણે પેલા ખૂણામાં નજર કરી - ધનુષબાણ, મુગટ, હનુમાનજીનું પૂંછડું, પોલીસનો ટોપો, ટિકિટ-ચેકરનો કાળો ટોપો.. એના મગજમાં ધન્ ધન્ થવા માંડ્યું, અને એને વાઘની ત્રાડો સંભળાઈ.

બહાર નીકળીને એણે કહ્યું, 'સ્ટેશન બાજુ જઈશું?'

સ્ટેશન હતું ચાર માઈલ આઘે! નટુને આજે આની વાતો સમજાતી નહોતી, પણ એનું કંઈ ચાલે એમ નહોતું. રણજિત કહે એમ જ થાય. અને નટુને પણ મનના અંદરના ભાગમાં વ્હિસલ, ડબ્બાઓના ખટાખટ્ ખટાખટ્... આ બધું મધુરું સંગીત સંભળાતું હતું.

એટલે એણે કહ્યું, 'હેંડ!'

આખે રસ્તે રણજિત કંઈ બોલતો નહોતો. એ થોડીથોડી વારે હથેળી ઊંધી કરી મોં ઉપરનો પરસેવો. લૂછ્યા કરતો હતો. એની નજર બે બાજુ દૂરના અને નજીકના કૂવાઓ ઉપર ફરતી હતી. ખૂબ તરસ લાગી હતી અને ગળું સુકાતું હતું.

ત્યાં એની નજર, રસ્તાની બાજુમાં એક નાના તળાવ જેવું હતું તેના પર પડી. એમાં પાણી ઠીકઠીક ઊંડે હતું. ત્યાં કપડાં પથરાયેલાં હતાં અને બહુરૂપી કપડાંને સાબુ લગાવતો હતો.

છોકરાઓને જોઈને એણે હસીને સાબુવાળો. એક હાથ ઊંચો કર્યો.

બંને સીધા ચાલ્યા ગયા, પણ થોડે જઈને એ ઊભો રહી ગયો અને ઘોઘરા અવાજે બોલ્યો, 'નટુ.'

'હા.'

'આને કંઈક આપીશું. વિચારાને?'

ભોળાને સમજાયું નહીં, શું આપવાનું હોય?

'એક વાત કહું?'

નટુ નવાઈથી જોતો હતો. એને કંઈક વિચિત્ર લાગતું હતું.

'મને પૈસા જડ્યા છે.'

'તો હેંડ ચણા ખાઈએ.'

'પણ ના, પૈસા જડ્યા એટલે મેં મનમાં ને મનમાં માતાજીને કીધું કે આ બિચારાને આપવા.'

નટુ રણજિતની પાછળ પાછળ ખાડામાં ઊતર્યો.

પાણી હાલ્યું અને તડકો આંખમાં વાગ્યો. ખિસ્સામાંથી નોટો કાઢી, એક નોટ જુદી કરી પેલાની સામે લંબાવતાં રણજિતે કહ્યું, 'લો.'

અહીં અચાનક એક ક્ષણમાં એને આ સમગ્ર વાતની મૂર્ખાઈ સમજાઈ. સામે ઊભેલો સુક્કો કાળો માણસ ફીણવાળા હાથ ઊંચા રાખી કંઈક ક્ષોભથી એની અને એના ભાઈબંધની સામે જોતો હતો.

'લો. લેવાય!' એણે કહ્યું, અને સ્પષ્ટતા કરતો હોય એમ ઉમેર્યું, 'અમે દરબાર છીએ.'

જેવી પેલાએ નોટ લઈને કપાળે અડાડી કે એણે પાછા વળીને દોટ દીધી.

રસ્તા ઉપર આવતાં નટુએ કહ્યું, 'તારા બાપુ મારશે.'

એણે કહ્યું, 'પણ અમને તો જડ્યા છે.'

'ક્યાંથી જડ્યા? બોલ.'

'જડ્યા. અમને જડ્યા. તમારે શું?' આવું બોલ્યો તો ખરો, પણ હોઠ ધ્રૂજતા હતા અને રડવું આવુંઆવું થતું હતું.

ફરી નટુએ કહ્યું, 'તારા બાપુ મારશે.'

મોટી મૂછવાળા, ગંભીર, રુદ્ર પિતાનો ચહેરો એની નજર સામે દેખાતો હતો.

સાંજ પડવા આવી હતી. ઘર ઘણું દૂર લાગતું હતું. હવે તો આખા ગામને ખબર પડી ગઈ હશે!

એણે નટુનો હાથ પકડતાં કહ્યું, 'આ સંતાડી દઈએ.'

અને એના જવાબની રાહ જોયા વગર દોડીને એ પીપળા પાસે ગયો અને એના મૂળ પાસે ચાર જ આંગળી રેતી આઘી-પાછી કરી વધેલી ત્રણ નોટો દાટી દીધી અને ઉપર ધૂળ વાળી એક નાનો પથરો મૂક્યો.

ગામમાં બધું ઝાંખું ઝાખું હતું.

શેરીમાં પ્રવેશ્યા એની સાથે જ ગગનભેદી કિકિયારી ઊઠી, 'હે આવ્યા! હે આવ્યા.'

એના ઘર આગળ ટોળું હતું. ઓટલા ઉપર એના બાપુ ઊભા હતા. અને એમની પાસે અદબ વાળીને વિજયની મુદ્રામાં રણવીર! છોકરાં તાળીઓ પાડતાં કૂદતાં હતાં. ખૂબ હસતાં હતાં, એક એના બાપુ સિવાય.

એ ટોળા પાસે પહોંચ્યા ત્યારે એક મોટી મૂછવાળા પોલીસ જેવા માણસે પોતાની ચતુરાઈ બતાવી, 'આ બે આખી બપોરના સંતાતા સંતાતા ફરતા હતા. મને વહેમ હતો કે માનો ના માનો પણ દાળમાં કંઈક કાળું છે!'

રણવીરે સત્તાવાહી અવાજે નટુને પૂછ્યું, 'અલ્યા, શું કર્યું પૈસાનું?'

'બહુરૂપીને આપ્યા.'

'બહુરૂપીને?' એ સાથે જ ટોળામાંથી હાસ્યની લહેર ઊઠી.

અવાજો ઊઠ્યા, 'મારો, મારો.'

પછી જે બન્યું તે અત્યંત ત્વરાથી બન્યું.

એના બાપુનો હાથ લંબાયો. છોકરાને હાથેથી પકડીને ખેંચી લીધો, એ રડવા લાગ્યો, એની મા ચિત્કાર કરી ઊઠી,

(અનુસંધાન પૃ. ૪૩૧ પર)

'કુમાર'ના સ્થાપક તંત્રી અને કલાગુરુ રવિશંકર રાવળ અને પરિવાર-પરિસરની ભાવભીની વાતો અહીં તેમના સુપુત્ર કનક રાવળ રજૂ કરે છે તેનો એક વિશ્વવિદ્યાલય જેટલો વ્યાપક અને ઊંડો અનુભવ કરાવતું

બાપુનું વિશ્વવિદ્યાલય

— કનક રાવળ —

મારા જીવનઘડતરમાં મારા પિતાજી (મારે માટે 'બાપુ', ચિત્રજગતના 'કલાગુરુ,' 'કુમાર'ના સંસ્થાપક અને આદ્યતંત્રી રવિશંકર રાવળ, મિત્રોના રવિભાઈ, ચિત્રો પર 'ર.મ.રા.) અને મારા પિતામહ ('બાપુજી' - મહાશંકર રાવળ) મારાHeroes રહ્યા છે. બંનેનાં સ્નેહસ્મરણો તો તાજાં જ છે, પણ પિતાનો સંસ્કારવારસો અને પિતામહનો વ્યાવહારિકતાનો વારસો મોટી દેણ છે.

આજે જ્યારે હું આ દેશ (અમેરિકા)માં નિવૃત્ત અવસ્થા પર આવી ગયો છું અને સઘળા પરિવારે પણ અમેરિકાગમન કર્યું છે ત્યારે નવાઈ નથી લાગતી. ગંગા-યમુનાના પ્રદેશમાં રહેતું બ્રાહ્મણ કુટુંબ હજાર વર્ષ પહેલાં રાજા મૂળરાજના આમંત્રણથી પરદેશ ખેડી ગુજરાતમાં વસ્યું અને ત્યાં પણ સિદ્ધપુર, માંડવી,. સાણંદ, ભાલપ્રદેશ, ભાવનગર, મુંબઈ, અમદાવાદ, વડોદરા એમ ફરતા ફરતા દુનિયાને બીજે ખૂણે આવી વસે તેમાં વિસ્મય શું?

ભૂતકાળ પર નિગાહ નાખતાં અનેક ચિત્રો સ્મૃતિપટ પર ઊપસી આવે છે. આ જન્મસ્થાન, આ માતાપિતા, આ પરિવાર, આ મિત્રમંડળ, આ સમાજ એ સઘળું એક મહાવિદ્યાલયનો ખ્યાલ આપે છે. તેના અનેક વર્ગો-ખંડોમાં કેટલી વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે! ક્યાંક સંગીતના સ્વરો સંભળાય છે, ક્યાંક નૃત્ય ચાલી રહ્યાં છે, ક્યાંક કવિતાઓ રચાઈ રહી છે, ક્યાંક સાહિત્યચર્ચા ચાલી રહી છે, ક્યાંક રાસાયણિક અને ભૌતિક પ્રયોગશાળાઓમાં વિવિધ પ્રયોગો થઈ રહ્યા છે, ક્યાંક ઇતિહાસ અને નૃવંશનાં સંશોધનો થઈ રહ્યાં છે. ક્યાંક આધ્યાત્મિકવિષયક ગુરુવિવાદ ચાલી રહ્યા છે અને એક ઊછરતો બાળક આ બધી પ્રવૃત્તિઓના અધિષ્ઠાતાને માન અને વિસ્મયથી નીરખી રહ્યો છે એટલું જ નહિ, પણ તે વ્યક્તિ સાથે અંતરના ઊંડાણમાંથી આટલી આત્મીયતાની પ્રેમસરવાણીને અનુભવી રહ્યો છે. કોણ છે આ દિવ્ય પુરુષ? તેની સાથેનું જોડાણ કેવી મધુર ઊર્મિઓનું સ્મરણ કરાવે છે? આ દિવાસ્વપ્નમાંથી બહાર આવતાં એ વ્યક્તિ ગુરુ, મિત્ર, સલાહકાર, તબીબ સેવા અનેક સ્વરૂપોની ભ્રાંતિ કરાવે છે. પણ તેની સાથે આટલી આત્મીયતા કેમ? પૂરું સભાન થતાં પૂરી ઓળખાણ થાય છે. - નાંનપણથી 'બાપુ' સંબોધનને 'હં' ઉદ્‌ગારથી પડઘો પાડતા પિતાની ફરી માનસિક સ્મરણયાત્રા શરૂ થાય છે અને એક પછી એક એમ અનેક દૃશ્યો રજૂ થાય છે.

'ચિત્રકૂટ' ઘરનું પુસ્તકાલય નજર સામે આવે છે. ગુજરાતી ધોરણ ત્રીજાથી ગુજરાતી ભાષા વાંચતા આવડી ગઈ હતી. એટલે બાલસાહિત્યનાં ભંડારના બારણાં ખુલ્લાં થઈ ગયાં હતાં. હંસાબહેન મહેતાનું દુનિયાના દેશો પરનું પુસ્તક 'અરુણનું અદ્‌ભુત સ્વપ્ન' ઘેર બેઠાં વિશ્વયાત્રાનું વાહન બન્યું. તેમાંથી કદાચ ભવિષ્યમાં વસવાટનાં બીજ રોપાયાં હશે. તે પછી 'બાલક' માસિકમાં પ્રેસિડેન્ટ લિંકનની બાલ્યાવસ્થાની Log Cabin (લૉગ કેબિન)ની વાર્તાએ તેમાં ઉમેરો કર્યો. બીજી બાજુ રાણપુરથી નીકળતાં 'બહુરૂપી' માસિકના ચિત્રગુપ્ત વકીલ, તેનો મદદનીશ મનહર અને લૅમિંગ્ટન રોડ પર દોડતી તેમની 'સફેદ પરી' મોટરકાર રોમાંચનો અનુભવ કરાવતી. આગળ જતાં ધનસુખલાલ મહેતાની 'ડિટેક્ટિવ બહાદુર – શેરલૉક હોમ્સ'ની વાર્તાઓએ ઉમેરો કર્યો. દક્ષિણામૂર્તિ પ્રકાશનોમાંથી મૂળશંકર ભટ્ટે કરેલા જુલે વર્નના 'સાગર સમ્રાટ'થી વિજ્ઞાન વિષયક નવલકથાઓએ વિજ્ઞાન તરફ ઢાળ આપ્યો. 'કુમાર'માં હરિમામા(હરિકૃષ્ણ વ્યાસ)એ એચ.જી.વેલ્સની વાર્તાઓનો પરિચય કરાવ્યો. ભોગીન્દ્રરાવ દિવેટીઆના 'મિઝરેબલ્સ'ના અનુવાદ 'અજામીલ કિંવા ગરીબનું નસીબ ગરીબ'માંથી ફ્રેંચ સાહિત્યનો પરિચય થયો. આ સિવાય 'ગાંડિવ,' 'બાલમિત્ર,' 'બાલજીવન' પત્રોએ નવી કલ્પનાની પાંખો આપી. મુનશીજીની 'ગુજરાતનો નાથ,' મેઘાણીભાઈની 'રસધાર,' જોષીકાકા (ધૂમકેતુ)ની ગુર્જર નવલો વગેરેમાંથી ગુજરાતી સાહિત્યનો ભાષાવૈભવ અનુભવ્યો. બીજી બાજુ નાનાભાઈ ભટ્ટના 'રામાયણ' અને 'મહાભારત'નાં પાત્રોમાંથી ભારતીય સંસ્કૃતિના પાઠ મળ્યા, તેમજ પૂજ્યપાદ કુલગુરુ શ્રી નથ્થુરામ શર્માના પોતા વિષયક સાહિત્યમાંથી આંતરિક સફર માટેની પગદંડીઓ મળી, જે પર આગળ જતાં અન્ય યોગી



પુરુષોએ ઉત્સાહ અને વેગ આપ્યાં. આ ઉપરાંત, ઘરમાં આવતાં 'નેશનલ જ્યોગ્રાફિક મૅગેઝિન'' 'ઓપન રોડ ટુ બોય્ઝ', 'પૉપ્યુલર સાયન્સ' વગેરે અંગ્રેજી માસિકોએ વિદેશોના દરવાજા ખોલી નાખ્યા. ૧૯૪૭ની મૅટ્રિક પરીક્ષાએ પહોંચતાં પહેલાં તો આ વાચનોએ કુમાર માનસને સભર કરી મૂક્યું હતું.

રાયપુર વિસ્તારમાં આવેલી 'કુમાર' સંસ્થામાં બાપુ સાથે નિશાળમાંની રજાના દિવસો ગાળવાના. તે તેમના કામમાં હોય પણ બાળમાનસને દિઙ્મૂઢ કરતી અનેક પ્રવૃત્તિઓ ત્યાં ચાલી રહેતી. કંપોઝિટર સીસાનાં જૂનાં બીબાં ગોઠવતા હોય, તોતારામ ભૈયાજી અને કાળભોર ટ્રેડલ પ્રેસ ચલાવી 'કુમાર'ના ફર્મા છાપતા હોય, ઉપરના માળે ગોવિંદભાઈ અને નટવરભાઈ સૂર્યના પ્રકાશનો મોટા અરિસાથી લાભ લઈ 'કુમાર' માટે ત્રિરંગી પ્રિન્ટિંગ બ્લૉક્સ બનાવતા હોય. જસત અને ત્રાંબાની પ્લેટ્સ તેજાબોમાં પડતાં રસાયણોની ધૂમ્રસેરો ઊઠતી હોય, જેમાંથી 'ડાર્કરૂમ'થી હાઈપો (સોડિયમ બાઈ સલ્ફેટ)ની ઉગ્ર ગંધ આવતી હોય. આ અનુભવોમાંથી કેમિસ્ટ્રિ-ફિઝિક્સ-મેડિસિન-ફાર્મસિના વિષયોના પાયા મંડાયા. પ્રકૃતિવિજ્ઞાન એ કેવળ ચોપડીઓમાંના પ્રયોગો અને લખાણોને બદલે 'કુમાર'ના અંકોને સર્જન કરતી એક જીવતી-જાગતી વિદ્યા હોવાનો ખ્યાલ મનમાં બેસી ગયો.

અમદાવાદની 'બ્રાહ્મણ મિત્રમંડળ' સોસાયટીમાં આવેલું 'ચિત્રકૂટ' સાંજ પડ્યે ખરેખર 'ચિત્રકૂટકે ઘાટ પર ભઈ સંતનકી ભીડ' બની રહેતું. બાપુનો શિષ્ય સમુદાય તો હોય જ. કનુભાઈ દેસાઈની વાક્પટુતા ચાલતી હોય. જૂનાગઢથી નવા આવેલા ભીખુભાઈ આચાર્ય પાસેથી તેમના સ્વભાવ જેવા જ મેન્ડેલિનનો સાથ સાંભળવા મળે. રસિકભાઈ પરીખનું સૌમ્ય સખ્ય જોવા મળે, બંસીભાઈ 'ચકોર' સિનેટૉક તૈયાર કરે, શાંતિનિકેતનથી પાછા ફરેલા વ્રજલાલ ત્રિવેદી દેશી રાવણહથ્થા પર સૌરાષ્ટ્રનાં લોકગીતો અજમાવતા હોય. તેમાં દેશ-વિદેશથી આવેલા અતિથિવિશેષો પણ હોય. પૂ. ઠક્કરબાપા, નાટ્યકાર પૃથ્વીરાજ કપુર, પૂ. રવિશંકર મહારાજ, ક.મા. મુનશીજી, નાટ્યલેખકો મૂળશંકર મૂલાણી અને મામા વરેરકર, શિલ્પકાર 'નાના' કરમારકર, મહર્ષિ રોરિકના પુત્ર સ્વેતોસ્લાવ, ઉદયશંકર અને રુક્મિણીદેવી જેવાં નૃત્યકારો, સંગીતજ્ઞો પંડિત ઓમકારનાથજી અને એન.એસ. શુભલક્ષ્મી, અન્ય અનેક વિદ્વાનો, કવિઓ, લેખકો, ઈતિહાસકારો, પુરાતત્ત્વવિદોની હારમાળા ચાલી જ આવતી. અને જ્ઞાનગંગાનો અખૂટ સ્રોત વહી રહેતો. આ સંસ્કારસમૂહ વચ્ચે સૌની સાથે જ્ઞાનગોષ્ઠિ કરતા, મોટાને માન આપતા, નાનાને પ્રેરણા આપતા એવા બાપુ એક દિવ્યપુરુષ જેવા ભાસતા.

વર્ષો પહેલાં સાક્ષરવર્ય બ.ક. ઠાકોરે સાહિત્ય અને કલાને માજણી બેનડી કહીને બિરદાવ્યાં હતાં. તંત્રીશ્રેષ્ઠ હાજીમહંમદ અલારખિયાના 'વીસમી સદી'માં તે વાત સિદ્ધ થઈ ચૂકી હતી. શ્રી મુનશીજીની મુંબઈમાં વકીલાતની શરૂઆત દરમિયાન તેમણે 'ઘનશ્યામ' તખલ્લુસથી 'ગુજરાતનો નાથ' નવલકથા લખવા માંડી હતી અને તે શબ્દચિત્રોને કલાચિત્રોમાં પરિણમાવતા રા. રવિશંકર 'અફલાતુન'ના તખલ્લુસથી તે કરતા. આ ચિત્રો પછીથી 'મુનશીનાં પાત્રો'ના સંપુટ તરીકે પ્રકાશન પણ પામ્યાં. પણ લેખક તથા ચિત્રકારની સર્જકતાની ધારાઓ કેમ સંગમ પામે છે તેને 'આંખે દેખ્યો હાલ' તો ૧૯૩૯માં મળ્યો. બાપુ હંસાબહેન મહેતાને મળવા વડોદરા ગયા હતા ત્યારે મને સાથે લઈ ગયા હતા. હંસાબહેન તે વખતે વિશ્વવિખ્યાત ઇટાલિયન બાલવાર્તા 'પિનોકિયો'નો ગુજરાતીમાં અનુવાદ કરી રહ્યાં હતાં. તેમણે તે વાર્તા 'બાવલાનાં પરાક્રમો' શીર્ષક હેઠળ રવિભાઈને મોઢેથી કહેવાવા માંડી અને વાર્તાના પ્રસંગોની ચર્ચા થવા માંડી તે જ સાથે કલાકારની પેન્સિલ ચાલવા માંડી અને વૃદ્ધ સુથાર, તેણે ઘડેલો લાકડાનો ઢીંગલો, મિત્ર 'દીવાસળી,' લુચ્ચાં શિયાળ-બિલાડી, પરીમાતા, મગરમચ્છ વગેરે પાત્રો કાગળો પર મૂર્ત થવા માંડ્યાં. કોઈ પણ પુસ્તકાલયમાંથી 'બાવલાનાં પરાક્રમો' વાંચવા મળે તો લાગશે કે આ તો કોઈ ગુજરાતી મૌલિક વાર્તા જ છે!

'કુમાર કાર્યાલય'માં ર.મ.રા. બ.રા., દે. પરમાર, ધૂમકેતુ



આવો જ પ્રજ્ઞાસંગમ ૧૯૪૯માં થયો. આપણા જાણીતા ભૌતિકશાસ્ત્રી અને લેખક સ્વ. શ્રી ય.ગુ. નાયક અને રવિભાઈએ ગુજરાત કોલેજનાં આર્ટ્સ અને સાયન્સનાં વિદ્યાર્થીઓ સમક્ષ એક સંયુક્ત વાર્તાલાપ રજૂ કર્યો હતો. પ્રકાશનાં કિરણો પાછળ ભૌતિકશાસ્ત્રની અનેક ગુણવત્તાઓ છુપાએલી છે અને તેનો અભ્યાસ એક રસનો વિષય છે. નાયકસાહેબે પ્રકાશની વિવિધ પ્રક્રિયાઓ વૈજ્ઞાનિક પ્રયોગોથી સમજાવી અને તે પછી રવિભાઈએ 'સાત રંગોનો સિદ્ધાંત' ચિત્રકલામાં સમજાવ્યો. એક ચિત્રકાર અને એક વિજ્ઞાનીનું અદ્ભુત મિલન!

આજે 'ચિત્રકૂટ'માં નજર સામે ઔષધો બનતાં જોયાં. સાણંદથી વૈદ્યરાજ વાસુદેવકાકા (ફોટોગ્રાફર જગન મહેતાના પિતાજી) આવે. અને સવારથી સાંજ સુધી રહી તાજા આંબામાંથી મુરબ્બા અને અનેક વસાણાથી ભરપૂર ચ્યવનપ્રાશ બનાવે. સાથેસાથે ચ્યવનઋષિની વાર્તાઓ પણ સાંભળવાની મળે. મુ. વૈદ્યરાજ વલ્લભરામભાઈ સાથેની પારિવારિકતા હજુ સુધી ટકી રહી છે. વૈદ્યરાજની રાહબરી હેઠળ આકડાનાં ફૂલ મંગાવી તેમાંથી શરદી-સળેખમ માટે ભસ્મ બનાવવાની તાલિમ મળેલી. સાથે સાથે ઝંડુભટ્ટજીની નાડિવિદ્યાની વાતો ચાલે અને વૈદ્યરાજ તેમના હિમાલયના વનસ્પતિવિહારની વાતો કહે. રવિભાઈ મુંબઈ જાય તો ઝંડુ ફાર્મસી જોવા લઈ જાય. દિવાળીના દિવસોમાં 'બા' જામનગરવાળા જનુકાકાને બોલાવે અને ઘરે ઘઉં, ચણા, ખાંડ, ઘીમાંથી બનેલા કળીના લાડુ, મોહનથાળ, ફરસાણો વગેરે સ્વાદિષ્ટ વસ્તુઓનો જન્મ થાય. આ બધાંમાંથી રસ લાગ્યો ને પરિણ્યો ઔષધો-સૌંદર્યસાધનો વગેરે બનાવટોના ઉદ્યોગમાં અને વ્યવસાય થયો રિસર્ચ ફાર્માસિસ્ટનો. આ કોઈ વિધાતાની યોજના વર્ષો પછી ૧૯૫૭માં પાટણમાં ભૃગુસંહિતામાંથી શાંતિપ્રસાદ શાસ્ત્રીએ વાંચ્યું, 'આ બાળક ભેષકવિજ્ઞાન (ફાર્મસી)માં સૌથી ઊંચી ઉપાધિ (પીએચ.ડી) મેળવશે અને પરિણામે તબીબ ના હોવા છતાં 'તબીબ' કહેવાશે.

પૂ. ગાંધીજી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે અમદાવાદ આવ્યા ત્યારે રવિભાઈએ તૈયાર કરેલા ચિત્રપ્રદર્શનનું ઉદ્ઘાટન તેમના હાથે થયું હતું. નાનો 'કની' (આ લખનારનું નાનપણનું હુલામણું નામ. જોકે દાદીમા માણેકબાને યુવા ચિત્રકાર કનુ દેસાઈ વ્હાલા એટલે નામ તો કનુ આપ્યું હતું, જે રવિભાઈએ જ મોટપણે કનકમાં પલટ્યું.) હંમેશાં બાપુની આંગળીએ રહેતો. રવિભાઈએ કહ્યું, 'કની, ગાંધીબાપુને પ્રણામ કરો.' પૂ. ગાંધીજીએ નાના કનીના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપ્યો. આટલાં વર્ષો પછી મહાત્માજીનો સ્પર્શ સચેત રહ્યો છે. તે વખતે પૂ. ગાંધીજીએ તેમની લાક્ષણિક રીતે રવિભાઈની કલાની પ્રશંસા કરી તે તો સર્વવિદિત છે.

રવિભાઈએ શરૂ કરેલા 'ભારત કલામંડળ'ના નેજા હેઠળ થયેલાં કલાપ્રદર્શનો અને કલાવાર્તાનો લાભ અમદાવાદના શહેરીઓને વર્ષોપર્યંત મળ્યો હતો. તેમાંથી નિપજેલી સંસ્કારચેતના કાયમી બની ગઈ છે. ખાસ કરીને મહર્ષિ નિકોલસ રોરિકનાં હિમાલયનાં ચિત્રોનો પ્રભાવ! તે પ્રેરણાબળે ૧૯૭૭માં લખનારે ન્યૂ યોર્કની 'રિસર્ચ ઓફ આર્ટ ગેલરિ'માં 'રોરિક ઍન્ડ રવિશંકર - ટુ રિશી આર્ટિસ્ટ્સ' વાર્તાલાપ આપ્યો હતો. રોરિક અને રવિભાઈના કલાનિબંધોને સરખાવશો તો ખ્યાલ આવશે કે સૌ કલાકારોના જીવન પાછળ એક જ પ્રજ્ઞા પ્રકાશી રહી હોય છે.

એવાં જ સ્મરણો હાથ રહ્યાં છે રવિભાઈની થયેલી જાપાનની મુસાફરીનાં. દરિયાઈ રસ્તે જાપાન પહોંચતાં અને ત્યાંની મુલાકાત દરમિયાન કુટુંબીઓને લખાયેલા પત્રોમાં 'સૂર્યદેશ'નાં શબ્દચિત્રો ત્યાંથી પાછા ફર્યા બાદ 'ચિત્રકૂટ' જાપાની કલાવસ્તુઓથી ભરપૂર એક સંગ્રહસ્થાન બની ગયું હતું. તે પછી તો બીજું વિશ્વયુદ્ધ આવ્યું અને રવિભાઈની ફરી આ લખનારને લઈને જાપાનમાં બાર વર્ષ ગાળવાની ખ્વાહિશ પૂરી ના થઈ. તેમ બન્યું હોત તો કદાચ મારો પરદેશનિવાસ અમેરિકાને બદલે જાપાનમાં થયો હોત.

જીવનના ઘડતરના પાયા અને દીવાલોના ચણતરમાં 'કુમાર'નો ફાળો અમૂલ્ય રહ્યો છે. બાપુના વિશ્વવિદ્યાલયમાં તેનું સ્થાન 'એનસાઈકલોપીડિયા'નું છે. રવિભાઈના અમે ત્રણ પુત્રો. મારા બે મોટાભાઈઓ નરેન્દ્રભાઈ અને ગજેન્દ્રભાઈનો પ્રેમ મેં મેળવ્યો છે, પણ લાગણીપ્રદેશમાં (ઇમોશનલ લેવલ) 'કુમાર'ને પણ 'મોટાભાઈ' સાથે અનુભવ્યું છે. અનંત પંડ્યા અને ઉપેન્દ્ર ભટ્ટે શરૂ કરેલા હસ્તલિખિત માસિક 'કુમાર'માંથી રવિભાઈને 'આવતી કાલના નાગરિકો માટેનું માસિક' શરૂ કરવાની ઊર્મિ સાંપડી તે પંડ્યા કુટુંબ સાથેનો પારિવારિક નાતો દાદાશ્રી મહાશંકર રાવળ અને હરગોવિંદ પંડ્યાએ સો વર્ષ પહેલાં ગુરુભાઈઓ તરીકે શરૂ કરેલો. મારી જીવનસંગિની ભારતી તે પરિવારનાં સુપુત્રી. વિધાતા અનેક અચિંત્ય સાધનોથી જીવનો ઘડે છે અને જોડે છે.

મારા મનમાં બાપુ એક આદર્શ પિતાના સ્થાન પર છે. કલા, સાહિત્ય, જ્ઞાન-વિજ્ઞાન, અધ્યાત્મથી ભરપૂર રસથાળ તેમની પાસેથી મળ્યો. જીવનનિર્વાહ માટે કયો વ્યવસાય પસંદ કરવો તે માટે તેમણે ક્યારેય આગ્રહ કે દબાણ નહોતાં કર્યાં. માત્ર જે કાંઈ પ્રવૃત્તિ કરું તે માટે પ્રોત્સાહન અને જીવંત ઉત્સાહ દાખવતા. વૈશ્વિક ચેતનાના સર્જનાત્મક પ્રવાહો અને ફુવારાઓને બાલસહજતાથી નીરખવા, માણવા અને સમજવા માટે વૃત્તિ કેળવવી એ બાપુની સૌથી મોટી દેણ.

કેવું અજબ હતું બાપુનું આ વિશ્વવિદ્યાલય! તેમાં આ અભ્યાસખંડો, પ્રયોગશાળાઓ, અગણિત અને ઉત્કૃષ્ટ અધ્યાપકો, પુસ્તકભંડારો, પરિસંવાદો, પ્રેક્ષાગારો, નાટ્યશાળાઓ, નૃત્ય-સંગીતશાળાઓ, શિલ્પશાળાઓ! અનેક પ્રવૃત્તિઓ રાત અને દિવસ સતત ચાલ્યા કરે! અભ્યાસક્રમ વિશ્વવિદ્યા! ના પરીક્ષા! ના શુલ્ક! અને ચોમેર છવાએલું વાતાવરણ માત્ર પિતાના વાત્સલ્યનું! □



હઠીસિંગના દહેરાં



આજનાં બહુમાળી મકાન

અમદાવાદ : આજ અને ગઈ કાલ

— વનબાળા જી. દેસાઈ —

અમદાવાદને ડૉ. હરિપ્રસાદ દેસાઈ પોતાનું જ શહેર માનતા. આ શહેર માટે તેમને સાબરમતી નદી જેટલું જ માન અને લાગણી હતાં. સૃષ્ટિ-સૌન્દર્ય, નાટકો, સાહિત્ય, સંગીત, ગરબા વગેરેમાં ક્રમે ક્રમે રસ લેતા. તેમને મંદિરો-મસ્જિદોના શિલ્પસ્થાપત્યમાં રસ પડવા માંડ્યો. અમદાવાદમાં સરખેજ અને શાહઆલમનો રોજો, જુમા મસ્જિદ, રાણીનો હજીરો, દાદા હરિની વાવ, અડાલજની વાવ તથા સ્વામિનારાયણનાં અને હઠીસિંગનાં મંદિરો એ બધાએ પણ તેમને આકર્ષ્યા હતા. ખેતરપાળની પોળનું મંદિર બાંધનાર શિલ્પી સ્વ. રવિશંકર સાથે તેમણે ઘણાં મંદિરોનું અવલોકન કર્યું. અને સિપ્રી મસ્જિદની જાળીએ તેમને ખૂબ આકર્ષ્યા હતા. આપણા સ્વતંત્ર ભારતના વડાપ્રધાન જવાહરલાલ નેહરુને એ જાળીઓની કોતરણી ચાંદીમાં મઢીને ભેટ અર્પણ કરી હતી. અમદાવાદના શિલ્પીઓનો કોતરણી પરનો પ્રેમ અદ્‌ભુત હતો, તે વિષે ડૉક્ટરસાહેબ લખે છે કે, કળા ખીલવવા માટે જીવનમાં નિરાંત અને સાત્ત્વિક આરામની જરૂર પડે છે. સુલતાનો, રાજદરબારીઓ, ધનવાનો પંદરમી સદીથી ૧૮મી સદી સુધી ધનનો સંચય ન કરતા. ધન પુણ્યદાનમાં ખર્ચવું એ હિન્દુ અને મુસલમાનોના બન્નેના સ્વભાવ હશે જ, તો જ આવાં કોતરણીવાળાં મંદિરો અને મસ્જિદો બંધાયાં હશે, અહીંના સુલતાનો ને સંતો પરદેશી નહીં પણ હિન્દુસ્તાનના જ હતા. અહીં શિલ્પીઓના હાથ જ જાણે કોઈ ઠેકાણે નિરાંત વાળીને બેઠા નથી. કાંકરિયું તળાવ, ત્યાંની નગીનવાડી, ચંડોળા તળાવ પરનાં પગથિયાં, કાંગરા વગેરે પણ કોતરણીથી સુશોભિત કર્યાં છે. અહીં આ શિલ્પીઓએ કદી એવો વિચાર કર્યો નથી કે, અમારું આ કામ કોણ જોશે? કોણ તેના પર કાવ્યો રચશે? કોણ તેના ફોટા પાડશે? બસ, નિસ્વાર્થ ભાવે માત્ર કલાના પ્રેમે જ તેમને કાર્યરત કર્યા છે. આ મંદિરો અને મસ્જિદોનું અવલોકન કરતાં આનો સચોટ ખ્યાલ આવ્યો. અહમદશાહ બાદશાહે આ શહેર વસાવ્યું ને તેની શોભા વધારવામાં, તેને સમૃદ્ધ બનાવવામાં ખાસ કરીને શિલ્પીઓને ખૂબ જ ઉત્તેજન આપ્યું છે. કેવી અદ્‌ભુત કારીગરી છે! અને તેની પાછળની જાતમહેનત કંઈ કોઈ ઉચ્ચ ભાવ અને દૃષ્ટિ વિના થતી નથી. આજે ઊંચી ઊંચી ઇમારતો બંધાય છે. પણ તેમાં ભીંતો સિવાય કંઈ જ દેખાતું નથી. અમુક જ સમયમાં મકાનો બાંધી આપવાનાં વચનો અને તેની પાછળ અપાતું ધન - પૈસો પહેલાં અને કામ પછી! આજના બધા બિલ્ડરો તો શુષ્ક લાગે છે. જ્યારે પહેલાંના આ શિલ્પીઓએ પૈસા કરતાં પોતાની કળાને જ બતાવી છે.

હઠીસિંગનાં સુંદર મંદિરો, તેની અંદરની મૂર્તિઓ, ગોખો, બધાં જ કોતરણીવાળાં છે. આજ ત્રણસો વર્ષે પણ એવાં ને એવાં જ ભવ્ય છે. આ દહેરાં પ્રેમચંદ નામના સલાટે બાંધ્યાં હતાં. આ દહેરાં બાંધવાની કળા હજી આજે પણ સજીવન રહી છે ને આપણાં મંદિરો હજી આજે પણ સુશોભિત કોતરણીવાળાં ને ભવ્ય થાંભલાઓથી શોભી રહે છે.

જૂનાને જ વળગી રહેવાનો હઠાગ્રહ કરતા નથી. દેવળોની બહારની કૃતિઓ સુંદર અને લાવણ્ય વાળી છે. આ મૂર્તિઓમાં આનંદસમાધિ છે. ભક્તિભાવ જણાય છે. ગુજરાતી સ્ત્રીઓનું સૌન્દર્ય એમાં ઉતાર્યું છે. ઉચ્ચ સંસ્કાર, ઠરેલપણું, અને સુરુચિનો અહીંની કોતરણીઓમાં પાર નથી. આ જ પ્રમાણે સ્વામિનારાયણનાં મંદિર પણ કલાનો નમૂનો છે. મંદિરોના ઘાટ, તેનાં વિશાળ ચોક-દરવાજા, સભાસ્થાનો અને મંદિરો-મંડપો બધું ભવ્ય ઉત્તમ કારીગરીવાળું ને સુઘટિત છે. આ બધા કારીગરો અને શિલ્પીઓનાં જીવનની ખૂબી એ છે કે એમાંના ઘણા કારીગરો ધર્મ અને તત્ત્વજ્ઞાનથી રંગાયેલા. વળી, જે ચિત્રો દોર્યાં તેમાં પણ તેમનો ઈશ્વર પ્રત્યેનો ભાવ અને ભાવના જણાઈ આવે છે. આ શિલ્પીઓએ કદી નામની પરવા કરી નથી. તેમનું કામ એ જ તેમની કીર્તિ. આવા ઉન્નત વિચારોવાળા આપણા શિલ્પીઓએ અમદાવાદને સુશોભિત કોતરણીવાળાં મંદિરો અને મસ્જિદોથી અમર બનાવ્યું છે.

હરિપ્રસાદભાઈએ એક વાર નહિ પણ અનેક વાર તેમના પરમ મિત્ર રવિશંકર રાવળ સાથે આ બધાનું નિરીક્ષણ કર્યું હતું. રવિભાઈ આ બધી ઈમારતોને ફોટોગ્રાફમાં ઉતારતા તો કેટલાક પોતે જાતે દોરીને હરિપ્રસાદભાઈને બતાવતા. આ રીતે તેમનો કળા પ્રત્યેનો પ્રેમ વધારવામાં મુ. રવિભાઈનો હિસ્સો જેવોતેવો નથી. આ ભવ્ય ઈમારતો જોવા હરિપ્રસાદભાઈ આપણા દેશનેતાઓને લઈ જતા. અને આ 'મારું શહેર' કહીને ગૌરવ અનુભવતા. મહાત્માજી જેવા સંતે અહીં આશ્રમ બાંધી નિવાસ કર્યો ત્યારે ભારત જ નહીં પણ વિશ્વભરના સર્વશ્રેષ્ઠ શહેર તરીકે તેની ગણના થતી. ને અન્ય દેશોના મહાનુભાવો બાપુ પાસે આવતા અને આ ભવ્ય ઈમારતો જોઈ વિસ્મય પામતા.

હરિપ્રસાદભાઈએ અમદાવાદ મ્યુનિસિપાલિટીના ચેરમેન તરીકે સતત ૧૫ થી ૧૭ વર્ષ માનદ સેવા આપી હતી. ત્યારે તેમની એક મહત્ત્વાકાંક્ષા હતી કે મારું શહેર ભારતના એક અગ્રગણ્ય નમૂના રૂપે બને. સુંદર બાગબગીચાઓ, પહોળા સ્વચ્છ રસ્તા ને ગગનચુંબી મહેલો જેવી ભવ્ય ઈમારતોથી શહેર શોભી ઊઠે. એ જીવતા હતા ત્યારે મહાત્માજીને લીધે આપણું આ શહેર કીર્તિની ટોચે પહોંચ્યું હતું. હા! આજે ૪૫ વર્ષે ડૉક્ટરની મહાત્વાકાંક્ષા કંઈક અંશે પૂર્ણ થઈ. ગગનચુંબી ઈમારતો ચણાઈ, રસ્તા પહોળા અને સ્વચ્છ બન્યા. શહેરનો વિસ્તાર ઘણો જ વધ્યો. આજના મ્યુનિસિપલ કમિશનર કેશવ વર્માની દૃષ્ટિ અને પુરુષાર્થનું એ પરિણામ! આલેશાન બિલ્ડિંગો બંધાયાં. ફ્લેટમાં રહેતા માનવીઓ બધી જ રીતે ફ્લૅટ જેવા જ થઈ ગયા છે! તેમનામાં નવી ભાવુકતા, સર્જનશક્તિ, કલાદૃષ્ટિ અને માનવ્ય જાણે હણાઈ ગયાં છે. સત્ય પ્રત્યેની નિષ્ઠાએ તો વિદાય લીધી છે. શહેરની આ પ્રગતિ કે અધોગતિ? બાહ્ય સૌન્દર્ય ભલે આવે પણ જીવનમાં આંતરિક સૌંદર્ય મહત્ત્વનો ભાગ બની જાય છે.

હરિપ્રસાદભાઈના સમયમાં નેતાઓ, સમાજસેવકો, રાજનીતિજ્ઞો હતા તે આજે ક્યાં છે? સરસ્વતીનાં મંદિરો નથી. પણ ડિગ્રીઓ આપવાનાં કારખાનાં ઠેર ઠેર દેખાય છે. ભાવિ બાળકો પર આવી સંસ્થાઓ કયા પ્રકારનું સંસ્કારસિંચન કરશે? કલ્પી જ શકાતું નથી! આ બધું જોવા તે સમયના મહાનુભાવો અવતાર લઈ આવે તો વિષાદની ઘેરી છાયામાં જ તેમને સારુયે જીવન પૂર્ણ કરવું પડે! માત્ર બાહ્ય દેખાવ જ શહેર માટે ઉચિત નથી. તેનું નૈતિક જીવન હીબકાં ખાય છે. શું બાહ્ય દેખાવ તેની ભવ્ય કીર્તિ પાછી લાવી શકશે? ના કદાપિ નહીં; કારણ યુવક-યુવતીઓમાં તેજસ્વિતા જ નથી, માંઈકાંગલા ડિગ્રીધારીઓ જ દેખાય છે. આ ભોગવાદથી તો આપણા શહેરનું તો શું પણ સમગ્ર ભારતનું અધઃપતન થઈ રહ્યું છે.

આ અધઃપતનમાંથી દેશને કોણ ઉગારશે! આપણી લલિતકળાઓ – કવિતા, સાહિત્ય, સંગીત, ચિત્રો ને નૂતન દૃષ્ટિથી થતી ભક્તિ. ભારત તો અનેક સંતો અને ભક્તોની ભૂમિ છે. તેમાંથી ભારત આજે નહીં તો કાલે જરૂર ઊગરશે! □

અનુસંધાન] બહુરૂપી [પૃ. ૪૨૬થી

'છોકરાને મારી નાખવાનો છે?' ફટાફટ જીનો અંદરથી બંધ થયો અને મેડીનાં પગથિયાં ધમધમી ઊઠ્યાં. તરફડતા, ચીસો પાડતા છોકરાને ઉપાડીને એના બાપુ મેડી ઉપર ચડી ગયા.

પ્રેક્ષકોનાં અટ્ટહાસ્યો મેડીની બંધ બારીઓ સુધી અથડાવા લાગ્યાં.

ત્યારે મેડી ઉપર એક નવું દૃશ્ય ભજવાતું હતું.

મેડીની વચ્ચે હીંચકો હતો. એના બાપુએ એને હીંચકાની વચ્ચોવચ્ચ બેસાડ્યો. અને ખૂણામાં પડેલ સોટી લીધી. છોકરો બાપની મોટી મૂછો અને લાલ આંખો સામે જોઈ રહ્યો. સોટી જોરથી હીંચકા ઉપર પછડાઈ.

એના તીક્ષ્ણ પડઘા દીવાલો અને બારીઓને ભેદીને નીચે પ્રેક્ષકો સુધી પહોંચ્યા અને ટોળામાં ઉલ્લાસ વ્યાપી ગયો.

પછી સોટી કબાટ ઉપર, ખાટલા ઉપર અને બારી ઉપર પડી. એ પછી ખુલ્લી મેડીની વચ્ચે તલવારની જેમ સોટીથી પટા ખેલતાં ખેલતાં એના બાપુએ વચ્ચે એક વાર અટકીને એકદમ હીંચકા પાસે જઈ છોકરાના ગાલે બચ્ચી ભરી લીધી.

અને પછી હવાને ચીરતા સટાક્ સટાક્ પટા વીંઝાવા લાગ્યા.

આંસુઓની આરપાર ઝઝૂમતા બાપની આજુબાજુ છોકરાને વાઘના ચટાપટા દેખાયા.

એ હસવા લાગ્યો. □

મૂડબિદ્રી

ભાનુમતી શાહ



'જૈનકાશી' નામે પ્રસિદ્ધ ધર્મસ્થાન 'મૂડબિદ્રી' દક્ષિણ ભારતમાં મેંગલોરથી ઉત્તરે, બાવીસ માઈલ દૂર કાર્કલ તાલુકામાં આવેલું છે. જૈનો માટે આ સ્થાન પવિત્ર તીર્થધામ, ને અન્યો માટે મૂર્તિકલાનો બેનમૂન ચિતાર! આ સુંદર શિલ્પકલાને જોઈએ તેવી પ્રસિદ્ધિ મળી નથી. પરંતુ જોયા પછી એનો ઐતિહાસિક તથા કલાગત સંદર્ભ અદ્ભુત હોવાની પ્રતીતિ થાય છે.

આ નાના અમથા ગામમાં પણ રહેવાની સુંદર વ્યવસ્થા છે. સ્વતંત્ર બ્લૉકમાં અત્યંત આધુનિક સુવિધાવાળા ઓરડા છે. ને આજુબાજુ રમણીય બગીચો તો ખરો જ. આમ પણ દક્ષિણ ભારત એટલે કલાત્મક રમણીય ભવ્ય મંદિરો અને સુંદર બાગબગીચાનો અપૂર્વ સમન્વય.

'મૂડબિદ્રી'નું સંસ્કૃત નામ 'વંશપુર' અથવા 'વેણુપુર' પણ છે. અહીંનું પ્રાચીન મંદિર 'ગુરુબસદિ' (ગુરુમંદિર) અથવા 'સિદ્ધાંતબસદિ' એક જમાનામાં ઉન્નતિની પરાકાષ્ઠાએ હતું. પણ પછી સમયની થપાટો સાથે મંદિરનો ઘણો મોટો ભાગ જૈનોની વસ્તીના અભાવે જંગલ જેવો બની ગયો. ચારે બાજુ ઊગી ગયેલાં વાંસનાં વૃક્ષમાં મંદિર દટાઈ ગયું. આ વાંસને લીધે એનું નામ 'બિદિરે' યા 'વેણુપુર' પડ્યું. કન્નડ ભાષામાં વાંસને 'બિદિરુ' કહે છે એ પરથી બિદિરે>બિદ્રે>બિદ્રી થયું. ઈ.સ. પૂર્વે ત્રીજી શતાબ્દીમાં શ્રુતકેવલી ભદ્રબાહુના ઉત્તર પ્રદેશમાંથી શ્રવણબેળગોડામાં આગમન થયા પહેલાં જ મૂડબિદ્રીની ચારેય બાજુના પ્રદેશમાં જૈનોની વસ્તી હતી. જોકે ઈ.સ.ની સાતમી શતાબ્દી પહેલાનો ઐતિહાસિક આધાર પ્રાપ્ય નથી. પરંતુ દક્ષિણ કન્નડ જિલ્લાના અનેક ભાગોમાંથી મળેલા જૈનત્વના અવશેષો પરથી અનુમાનો કરી શકાય છે.

લગભગ સાતમી શતાબ્દીમાં શ્રવણબેળગોડાથી અહીં આવેલા એક જૈન મહારાજે એક સ્થળે (જ્યાં આજે સિદ્ધાંતમંદિર - ગુરુબસદિ છે.) ગાય અને વાઘને પરસ્પર પ્રેમથી સાથે રમતાં જોયાં. સ્થાનવિશેષની કલ્પના કર્યા પછી ચારેય બાજુનાં વૃક્ષોને દૂર કરાવ્યાં. ત્યાંની ભગવાન પાર્શ્વનાથ પ્રભુની વિશાળકાય અતિસુંદર, મનોહર મૂર્તિના દર્શન થયાં. હજારો વર્ષ પ્રાચીન પથ્થરની આ મૂર્તિની પ્રતિષ્ઠા તેઓએ કરાવી.

આ સ્થળની બીજી વિશેષતા એ છે કે 'ગુરુબસદિ' કે 'સિદ્ધાંતમંદિર'માં જૈનજગતના મૂલાગમ, પરમાગમ, ધવલાદિગ્રંથ તેમજ નવરત્ન પ્રતિમાઓ છે.

ધવલ, મહાધવલ, જયધવલ, નામની અમૂલ્ય ગ્રંથત્રયી ૮૫૦ વર્ષ પહેલાં કન્નડ ભાષામાં લખાયેલી છે. એ સમયે દક્ષિણમાં દ્રવિડ લિપિના ગ્રંથ તાડપત્રમાં સોય વડે કોતરી એમાં સાહી ભરવાની આમ તો પ્રથા હતી. પણ આશ્ચર્યની વાત એ છે કે આ ત્રણેય ગ્રંથ સોય વડે લખાવાને બદલે લાખની સાહી વડે કલમથી લખાયા છે. આ તેઓની પોતાની આગવી શોધ હતી. એ પછીના લિપિકારોએ આ પ્રથા અપનાવી નથી.

મૂડબિદ્રીના પ્રાચીન શ્રાવકો જહાજ વડે દૂરદૂરના ટાપુઓ સુધી વેપાર કરવામાં પ્રસિદ્ધ હતા. અરેબિયા, આફ્રિકા, મલાયા, જાવા, ઇન્ડોનેશિયા, ચીન વગેરે દેશોમાં તેઓ વેપારાર્થે જતા.

મૂડબિદ્રી મંદિર એટલે શિલાલેખ, શિલ્પકલા, શિલાપદ્યોનો સાગર. એક અજ્ઞાત કવિએ શિલાલેખમાં તે વખતના વંશપુર (આજનું મૂડબિદ્રી)નું નીચે પ્રમાણે વર્ણન કરેલું છે :

'સુંદર બાગબગીચાથી, ખીલેલાં પુષ્પોની સભર હવાથી, ચારે બાજુથી સુશોભિત, અનેક પ્રદેશોથી ઘેરાયેલું ઉત્તમ જૈનમંદિરો વડે પવિત્ર અને રમણીય ઘરોથી સુશોભિત, મૂડબિદ્રી દેવાંગનાઓની જેમ પુણ્યશાળી સ્ત્રીઓના વાસથી અતિ સુંદર છે.'

મૂડબ્રિદ્રીના ગુરુપીઠની સ્થાપના ઈ.સ. ૧૨૨૦માં શ્રવણબેળગોડાના મઠના શ્રી ચારુકીર્તિ પંડિતાચાર્યે કરી હતી. રાજા વિષ્ણુવર્ધને જૈન ધર્મનો ત્યાગ કરી, મૂર્તિઓ વગેરે તોડાવી હાહાકાર વર્તાવ્યો. એ સમયે ઈ. ૧૧૭૨થી ૧૨૧૯ સુધીના શાસનકર્તા વીર બલ્લાલરાયે રાજા વિષ્ણુવર્ધનના અત્યાચારથી બચવા શ્રવણબેળગોડાના શ્રી ચારુકીર્તિ સ્વામીને વિનંતી કરી. વિનંતીને માન આપી સ્વામીશ્રીએ મંત્રપૂત કલિકુંડની આરાધના કરી તથા ઈ.સ. ૧૨૨૦માં મૂડબિદ્રીમાં મઠની સ્થાપના કરી. ... પછીના સહુ મઠાધિપતિ ચારુકીર્તિ નામે પ્રસિદ્ધ થયા. વર્તમાન ભટ્ટારક પૂજ્ય ચારુકીર્તિ પંડિતાચાર્યનો પટ્ટાભિષેક તા. ૩૦-૪-૧૯૭૬ના રોજ થયો. તેઓ અનેક ભાષાઓના જાણકાર છે. મૂડબિદ્રીના અઢાર મંદિર અને એમાંની બહુમૂલ્ય પ્રતિમાઓ તેઓની પવિત્ર નિશ્રામાં અત્યંત સુરક્ષિત છે. તેઓ આ મંદિરના મુખ્ય ટ્રસ્ટી પણ છે.

'મૂડબિદ્રી'નાં અઢાર ભવ્ય મંદિરો

મૂડબિદ્રીમાં કુલ અઢાર જૈનમંદિર છે, જેમાં 'પાર્શ્વનાથબસદિ' મંદિર અતિપ્રાચીન છે. તો ગુરુબસદિ કે સિદ્ધાંતમંદિર તરીકે પણ પ્રખ્યાત છે. 'બસદિ' એટલે આમ તો સંસ્કૃત શબ્દ 'વસતિ'; પણ અહીંનાં લોકોમાં 'બસદિ' શબ્દ મંદિરના પર્યાય તરીકે રૂઢ બન્યો છે.

મૂળ 'પાર્શ્વનાથબસદિ' જૈનમુનિના હાથે પ્રતિષ્ઠિત થવાને લીધે તથા જૈન મઠાધિપતિ પૂજ્ય ભટ્ટારકજીનો આવાસ અન્યત્ર હોવા છતાં પીઠારોહણ સમારંભ આ 'બસદિ'માં થતો હોવાથી પણ એનું નામ 'ગુરુબસદિ' તરીકે પ્રચલિત છે. વળી, આ જ 'ગુરુબસદિ'માં ધવલ, જયધવલ, અને મહાધવલ નામના સિદ્ધાંતગ્રંથ બિરાજમાન હોવાથી એનું એક નામ 'સિદ્ધાંતબસદિ' પણ છે.

આ મંદિરની કાળા પથ્થરમાં કંડારાયેલી ભગવાનશ્રી પાર્શ્વનાથ સ્વામીની મૂર્તિ ઘણી પ્રાચીન છે, જેની પ્રતિષ્ઠા અહીંના શ્રાવકોએ ઈ.સ. ૭૧૪માં કરાવી હતી. આ મંદિરના પ્રાંગણમાં 'ગાદીમંડપ'નું નિર્માણ અહીંના એ સમયના ચોલશેટ્ટી નામના શ્રાવકોએ કરાવ્યાનો ઉલ્લેખ મંડપ પર છે. મંદિરના પાછળના ભાગમાં 'અમ્મન વર બસદિ'(માનું મંદિર) છે, જેમાં ચોવીસ તીર્થંકર તથા સરસ્વતી અને પદ્માવતીની મૂર્તિઓ શોભાયમાન છે. ગુરુબસદિના બીજા માળ પર સ્ફટિક, નીલમ, સોનું, ચાંદી, મરકતમણિ, વૈદૂર્ય, હીરા, પન્ના, પુષ્પરાગ જેવાં અમૂલ્ય રત્નોની બનેલી ચોત્રીસ જિન તીર્થંકરોની પ્રતિમાઓ છે, જેની ઊંચાઈ અર્ધા આંગળથી માંડી નવ આંગળ સુધીની છે. સેંકડો વર્ષ પૂર્વે પોતપોતાનાં ઘરોમાં આવી અમૂલ્ય મૂર્તિ પૂજનાર્થે રાખતા જૈન ધનાઢ્ય વેપારીઓએ પરદેશ વેપાર કરવા જતી વખતે આ જૈનમંદિરોના સૂત્રધારોને એ મૂર્તિઓ અર્પણ કરી હતી.

આ ઉપરાંત નાનામોટા થઈ હજાર સ્તંભોવાળી હોસબસદિ કે ત્રિભુવન તિલક ચૂડામણિ બસદિ છે. મૂળનાયક ચંદ્રપ્રભુ ભગવાનની લગભગ આઠ ફૂટ ઊંચી પંચધાતુની મૂર્તિ આ મંદિરમાં બિરાજે છે.

'બડગબસદિ'નું નિર્માણ ચારપાંચ સદી પહેલાં થયેલું મનાય છે. અહીં શ્રી ચંદ્રનાથ સ્વામીની ત્રણ ફૂટ ઊંચી મૂર્તિ છે.

શેટ્ટર એટલે કે શેટ્ટીજીનું મંદિર, જેમાં કાળા પથ્થરની ત્રણ ફૂટ ઊંચી મહાવીર સ્વામીની મૂર્તિ છે. આજુબાજુ ચોવીસ તીર્થંકરોની મૂર્તિ તો ખરી જ. પાછલા ભાગમાં દેવી સરસ્વતી તથા પદ્માવતીની મૂર્તિઓ બિરાજે છે. હિરેબસદિ અથવા 'અમ્મન્-વર બસદિ' (માનું મંદિર)માં કાળા પથ્થરમાં કંડારેલા ભગવાન શ્રી શાંતિનાથ બિરાજે છે. ચોવીસ તીર્થંકરોની નાની મૂર્તિઓ તેમજ પદ્માવતી તથા સરસ્વતીની મૂર્તિઓ પણ ખરી.

'બેટકેરીબસદિ'માં ત્રણ ફૂટ ઊંચી સફેદ પથ્થરમાંથી બનાવેલી ભગવાન મહાવીરની મૂર્તિ, તો કોટિશેટ્ટી નામના શ્રાવકે બંધાવેલ 'કોટિબસદિ'માં કાળા પથ્થરમાં કંડારાયેલી શ્રી નેમિનાથજીની અઢી ફૂટ ઊંચી પદ્માસનસ્થ મૂર્તિ વૈરાગ્યનો ઉપદેશ આપી રહી છે.

વિક્રમ શેટ્ટી નામના શ્રાવકે કરાવેલા 'વિક્રમ શેટ્ટિ બસદિ'માં પદ્માસનની મુદ્રામાં ભગવાન શ્રી આદિનાથ તથા ડાબીજમણી બન્ને બાજુ ચોવીસ તીર્થંકરોની નાની મૂર્તિઓ શોભાયમાન છે.

કલ્લુબસદિ (કલ્લુ એટલે પથ્થર) નામે પથ્થરના મંદિરમાં પહેલાં ચંદ્રનાથજી સ્વામીની મૂર્તિ હતી. ૧૯૩૪માં જીર્ણોદ્ધાર થતાં ભગવાન શીતલનાથ સ્વામીની મૂર્તિ પ્રતિષ્ઠિત કરાઈ છે.

લેપ એટલે માટીમાંથી બનાવેલી ચાર ફૂટ ઊંચી શ્રી ચંદ્રનાથ સ્વામીની મૂર્તિવાળું મંદિર 'લેપ્પદબસદિ' તરીકે ઓળખાય છે.

(ગુરુબસદિના ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા)



દેરમ્મ શેટ્ટી નામના શ્રાવકે કરાવેલા દેરમ્મશેટ્ટિ બસદિમાં અરનાથ મલ્લિનાથ તથા મુનિ સુવ્રતનાથની ત્રણ ફૂટ ઊંચી મૂર્તિઓ તથા ઉપરના માળે ભગવાન શ્રી મલ્લિનાથ બિરાજે છે.

ચોલશેટ્ટિ નામના શ્રાવક દ્વારા નિર્મિત ચોલ-શેટ્ટિ બસદિમાં કાળા પથ્થરમાંથી કંડારાયેલી સુમ-તિનાભપદ્મપ્રભુનાથ તથા સુપાર્શ્વનાથ સ્વામીની પદ્માસનસ્થ મૂર્તિઓ છે. ડાબીજમણી બન્ને બાજુ ચોવીસ તીર્થંકરોની નાની મૂર્તિઓ ને વચમાં ઉપર્યુક્ત મૂળ નાયકો મંદિરની રમ્યતામાં

ઓર ઉમેરો થાય છે.

મહાદેવ શેટ્ટિ નામના શ્રાવક દ્વારા નિર્મિત - 'મહાદેવશેટ્ટિ બસદિ'માં પાંચ ફૂટ ઊંચી કાળા પથ્થરમાંથી કંડારાયેલી ભગવાન આદિનાથની મૂર્તિ તથા એના પ્રભાવલયમાં અન્ય ચોવીસ તીર્થંકરોની મૂર્તિ બિરાજે છે.

અનંત સ્વામીની ત્રણ ફૂટ ઊંચી કાળા પથ્થરમાંથી બનાવેલી મૂર્તિનું નિર્માણ વૈકણતિકારી નામના શ્રાવકે કરાવેલું તેથી એ 'વૈકણતિકારિ બસદિ' તરીકે પ્રસિદ્ધ છે. 'કેરેબસદિ'માં ભગવાન શ્રી મલ્લિનાથની ત્રણ ફૂટ ઊંચી રમ્ય મૂર્તિ છે. 'કેરે' એટલે તળાવ. પહેલાં મંદિરના અગ્રભાગમાં વિશાળ તળાવ હતું.

'પડુબસદિ'નું મંદિર ગુરુબસદિથી પણ વધુ પ્રાચીન મનાય છે. આ મંદિરમાં વિમલનાથ, અનંતનાથ તથા ધર્મનાથની ત્રણ ફૂટ ઊંચી મૂર્તિઓ છે. મંદિરના ઉપરના માળે સચવાયેલાં તાડપત્રોમાં આલેખાયેલા ત્રણથી ચાર હજાર પ્રાચીનગ્રંથો અત્યારે 'રમારાની જૈન સંશોધન સંસ્થાન'માં અભ્યાસીઓના શોધકાર્ય માટે રાખવામાં આવ્યા છે.

શ્રી જૈનમઠ બસદિમાં કાળા પથ્થરની દોઢ ફૂટ ઊંચી શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ બિરાજે છે. 'મૂડબિદ્રી'થી એક ફર્લાંગ દૂર આવેલી મઠાધિપતિઓની અઢાર સમાધિઓ સંસ્કૃતિદર્શન કરાવે છે. મૂડબિદ્રીથી લગભગ એક માઈલ દૂર 'કોડંકલ્લુ' નામના સ્થળે 'ન્યાયબસદિ' નામના મંદિરમાંના મંડપમાં લોકોના ન્યાય-અન્યાયનો નિર્ણય કરાતો એમ મનાય છે. લગભગ દરેક મંદિરના પ્રાંગણમાં ૨૫ થી માંડી ૪૫ ફૂટ ઊંચા કોતરણીવાળા સ્તંભ જોવા મળે છે.

જૈન રાજાઓમાં ચૌટરવંશી રાજા અતિપ્રસિદ્ધ હતા. 'ચૌટર રાજમહેલ' આજે પણ અસ્તિત્વ ધરાવે છે.' ચૌટર રાજાઓએ ઈ.સ. ૧૧૬૦ થી ૧૮૬૭ સુધી રાજ્ય કર્યું. એમના વંશજો આજે પણ મૂડબિદ્રીના આ મહેલમાં રહે છે. મહેલ જીર્ણશીર્ણ હોવા છતાં એની શિલ્પકલા ભૂતકાલીન ભવ્યતાની ઝાંખી કરાવે છે. રાજસભાના વિશાળ સ્તંભો પર કંડારાયેલી મૂર્તિઓ તથા દ્વારા પરના 'નવનારી કુંજર' તેમજ 'પંચનારી તુરંગ' શિલ્પકલાનાં બેનમૂન ઉદાહરણ છે.

સ્વ. પં. લોકનાથજી શાસ્ત્રી દ્વારા નિર્મિત 'શ્રી વીરવાણી વિલાસ જૈન સિદ્ધાંત ભવન' તથા 'શ્રીમતી રમારાની જૈન શોધ સંસ્થાન'માં તાડપત્રો પર લખેલાં જૈન પુરાણદર્શન, ધર્મ, સિદ્ધાંત ન્યાય, જ્યોતિષશાસ્ત્રના જ્ઞાનનો અભ્યાસ કરવા પરદેશથી પણ અભ્યાસીઓ આવે છે.

આ નાના અમથા ગામમાં બાબુ રાજેન્દ્રપ્રસાદ હાઈ સ્કૂલ, કૉન્વેન્ટ ગર્લ્સ હાઈ સ્કૂલ, જૈન હાઈ સ્કૂલ, (અત્યારે જૈન જૂનિઅર કૉલેજ) તથા શ્રી ધવલા કૉલેજ નામનાં શિક્ષણધામો સમાજનાં લોકોની જાગૃતિનો પરિચય આપે છે.

મૂડબિદ્રીની વસ્તી દસબાર હજારની છે. પરંતુ આજુબાજુના લગભગ ત્રણસો ગામોને જોડતું કેન્દ્ર હોવાથી, તથા કલાત્મક શિલ્પોવાળાં મંદિરોને લીધે કલારસિકો અને ધર્મપ્રેમીઓની અવરજવર ગામને સતત ધમધમતું રાખે છે. □

અનુસંધાન] વાચકો [પૃ. ૪૧૮ થી

બબલભાઈ વિશેના ડૉ. નરોત્તમ વાળંદે લખેલા લેખમાં ખેડા જિલ્લાનું માસરા (Masara) ગામ દર્શાવેલું છે તે ખરું છે. માસરા ગામ તા. ઠાસરાનું ગામ છે. તે થામણાથી પાંચ-સાત કિલોમીટર દૂર છે. પૂ. બબલભાઈ ડાકોર સ્ટેશને ઊતરીને ચાલતા માસરા ગયેલા અને ઉનાળો હોવાથી પાણીની ઘણી ખેંચ રહેતી. લોકોએ અજાણ્યો કોઈ સરકારી (સી.આઈ.ડી.નો) માણસ હશે ધારીને તળાવ બતાવેલું. થોડાં વર્ષ પહેલાં મગનભાઈ જો. પટેલે 'માસરાની ડાયરી' પુસ્તકનું સંપાદન કરેલું છે. તે પૂ. બબલભાઈના હસ્તાક્ષરવાળી અસલ ડાયરી મેં પૂ. બબલભાઈના સંગ્રહમાંથી ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદને આપેલી છે. આ ડાયરીનું વિમોચન પણ માસરા ગામમાં જ રાખવામાં આવેલું. પ્રા. મધુસૂદન પટેલે 'મારી જીવનયાત્રા' પૂ. બબલભાઈની આત્મકથા વાંચી લાગતી નથી. 'મારી જીવનયાત્રા'ની અસલ પ્રત પણ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદને આપેલી છે. - ઉમેદભાઈ ડાહ્યાભાઈ પટેલ (થામણા)

*

જૂન '૯૭નો 'કુમાર'નો અંક મળતાં પાનાં ઉથલાવતાં જુદા જુદા લેખો પર નજર નાખતા 'જાદુઈ ચોરસ' જોવા મળતાં શ્રી જ્યોતિ ભટ્ટનો લેખ તરત જ વાંચી ગયો. જાદુઈ ચોરસ સાથે ગૂઢ વિદ્યાને શરૂઆતથી સાંકળવામાં આવી છે અને જૂના જમાનામાં પ્લેગથી રક્ષણ મેળવવા લોકો ચાંદીની પ્લેટ પર કોતરવામાં આવેલ જાદુઈ ચોરસનું તાવીજ પહેરતાં. રાજસ્થાનનાં ગ્રામવાસીઓ પણ તેમાંથી કઈ રીતે બાકાત રહી શકે? અગત્યની વાત એ છે કે તેઓ આ રચનાથી પરિચિત છે.

'જાદુઈ ચોરસ' એ ગણિતની એક રચના છે અને તેની વિગતવાર માહિતી મેં ગુજરાત વિજ્ઞાન એકેડેમી દ્વારા પ્રકાશિત મારી પુસ્તિકા 'જાદુઈ ચોરસ'માં આપી છે, તેવું નમ્રભાવે જણાવું છું. - આઈ. એચ. શેઠ (અમદાવાદ)

*

જૂન ૧૯૯૭ના અંકમાં '૨૦૦ વર્ષનું કેલેન્ડર' નામનો મારો લેખ છાપવામાં આવ્યો છે. તેમાં જે રીત બતાવવામાં આવી છે તેના પહેલા જ વાક્યમાં '૧૯૦૧થી ૨૦૦૦ સુધીના' એ આંકડાઓને બદલે '૧૯૦૧થી ૨૧૦૦ સુધીના' જોઈએ. જોકે પછીથી આગળ '૧૯૦૧થી ૨૧૦૦' સુધીના બસો વર્ષમાં કોઈ પણ તારીખનો વાર શોધી શકીએ.' જણાવેલ છે.

ઉપરોક્ત ભૂલ મારી પોતાની છે. તંત્રી મહાશય જવાબદાર નથી. વાંચકો મને ક્ષમા કરે. - માધવજી દેવળીઆ (યુ.કે.)

પુરાતત્ત્વશાસ્ત્ર

સુરેન્દ્રનાથ નિફાડકર

પુરાતત્ત્વવિદ્યાને સંપૂર્ણ શાસ્ત્રીય રૂપ આપવા પાશ્ચિમાત્ય વિદ્વાનોએ કેવી મહેનત લીધી તે નીચે આપેલ વિગત પરથી ખયાલમાં આવશે.

એશિયા ખંડમાં ઉત્ખનનની શરૂઆત સૌપ્રથમ ઇરાક (જૂનું નામ મેસોપોટેમિયા)માં થઈ. કલોડિયાસ જેમ્સ નામના પુરાણ-વસ્તુ સંશોધકે ઈ.સ. ૧૮૦૮માં અહીં થોડુંક ઉત્ખનન કર્યું પણ તે ખાસ ઉલ્લેખનીય ન હતું. ત્યાર બાદ ૧૮૪૨માં પોલ એમિલ બોટ્ટા નામના પુરાતત્ત્વતજ્જ્ઞે નિનવે ગામે અને ૧૮૪૩માં ખોર્સાબાદ ગામે બહોળું ઉત્ખનન કરતાં ઈ.સ. પૂર્વેના ૭૨૧-૭૦૫ દરમિયાન થયેલ રાજા બીજા સાર્ગનો દટાયેલો ભવ્ય મહેલ મળી આવ્યો. આ સંશોધનથી ઉત્સાહિત થયેલ એમિલ બોટ્ટાના અનુગામી ઓસ્ટિન હૅરી લેયાર્ડે ૧૮૪૫-૪૭ દરમિયાન નિમરૂડ ગામે ઉત્ખનન કર્યું ત્યારે તેને કેટલાક મહેલોના અવશેષો મળી આવ્યા. મહેલોમાં કોતરેલાં સુંદર શિલ્પો અને શિલાલેખો ઉપરાંત એક જગ્યાએ પદ્ધતિસર ગોઠવેલી બે હજાર જેટલી ઈંટો સુધ્ધાં મળી આવી. એ ઈંટોના સ્થાન પર તે વખતના રાજાનું ગ્રંથાગાર હોવાનું ફલિત થયું. આ તમામ ઈંટો પર જે લેખ કોતર્યા હતા તેના પરથી તે વખતના સામાજિક રીતરિવાજ અને આર્થિક પરિસ્થિતિનો ખયાલ આવે છે.

ઇરાકની પ્રાચીન લિપિ ઉકેલવાનો યશસ્વી પ્રયત્ન જર્મન સંશોધક ગાટફેંડે કર્યો હોવા છતાં તેને પ્રસિદ્ધિ મળી ન હતી. તેનું નામ વિસરાયું. આગળ જતાં હૅરી ક્રેસવિસ રોલિસન નામના બ્રિટિશ પુરાતત્ત્વ નિષ્ણાતે આ લિપિ ઉકેલી. તેના આધારે અને અન્ય મળી આવેલ અતિ પ્રાચીન અવશેષોના આધારે મેસોપોટેમિયાની સુમેરિઅન, અકેડિઅન, બાબીલોનિઅન અને એસીરિઅન સંસ્કૃતિઓ ઈ.સ. પૂર્વેના ૩૦૦૦ થી ૫૦૦ વર્ષની જૂની હોવાનું જાણવા મળેલ. વીસમી સદીની શરૂઆતમાં રોબર્ટ કોલ્ડને નામના સંશોધકે બાબીલોન ખાતે ઉત્ખનન કરતાં ત્યાં રાજા બેબેલનો મહેલ, મિનારો, શહેરના અવશેષો, અનેક સુંદર શિલ્પો ઉપરાંત એક દફનભૂમિ સુધ્ધાં મળી આવી. રાજવંશની અનેક વ્યક્તિઓનું ત્યાં દફન કરાયું હોવાનું મળેલ હાડકાં પરથી દૃષ્ટિગોચર થાય છે. ઇરાકમાં અનેક ઠેકાણે કરાયેલ ઉત્ખનનના આધારે ત્યાંની વિવિધ સંસ્કૃતિઓનો કાળખંડ નક્કી કરાયો છે. જેમ કે અલ ઉબેદ કાળખંડ ઇ.સ. પૂર્વ ૪૦૦૦ થી ૩૫૦૦, ઉરક કાળખંડ ૩૫૦૦ થી ૩૨૦૦, જેમદેત કાળખંડ ઈ.સ. પૂર્વ ૩૨૦૦ થી ૨૮૦૦. આ કાળખંડે પહેલાંના કેટલાંક પ્રાચીન અવશેષો ડૉ. રોબર્ટ બ્રેડવુડ નામના સંશોધકને મળી આવ્યા, જેના આધારે તેમણે ઇરાકના જંગલી કાળખંડથી માંડી ખેતી કરવાની અવસ્થા સુધીનો અભ્યાસ કર્યો.

ઈરાનમાં ૧૯મી સદીમાં પુરાતત્ત્વનું કામ શરૂ થયું. તે પહેલાં ઇરાકમાં થતા પૂરજોશના ઉત્ખનનકાર્યથી ઈરાનની ઉપેક્ષા જ થઈ. ૧૮૯૭માં ફ્રેંચોએ શરૂ કરેલ ઉત્ખનનથી ઈરાન સુધ્ધાં પ્રાચીન સંસ્કૃતિ ધરાવતું હોવાનું ફલિત થયું. અહીં મળેલ પ્રાચીન રંગીન ઠીકરાં (PAINTED POTTERY CULTURE)ના આધારે આ રાષ્ટ્ર ઇજિપ્ત અને ઇરાન કરતાંયે વધુ પ્રાચીન સંસ્કૃતિ ધરાવતું હશે એવું અનુમાન કરાયું છે. ઈરાનમાં સુસા, ટેપે હિસાર, ટેપે ગીઆન, ટેપે સિયાલ્ક નામના સ્થળે કરાયેલ ઉત્ખનન પરથી એ રાષ્ટ્રની તામ્રપાષાણ યુગની (Chhalcolithic) સંસ્કૃતિની રૂપરેખા સ્પષ્ટ થઈ છે. આ દેશમાં સ્થિર માનવી જીવનની શરૂઆત આઠ હજાર વર્ષ પહેલાં થઈ હોવાનું, અલિકોશ ગામે કરાયેલ ઉત્ખનન પરથી અમેરિકન તજ્જ્ઞોએ સાબિત કર્યું છે.

ઈસરાઈલમાં સુધ્ધાં ૧૯મી સદીમાં ઉત્ખનનની શરૂઆત થઈ. બાઈબલમાંનાં કરેલ વર્ણનો પુરાતત્ત્વ તજ્જ્ઞોને આકર્ષતાં હતાં. અહીં કરાયેલ ઉત્ખનનથી અશ્મયુગ, કાંસ્યયુગ, ઉપરાંત ઐતિહાસિક સમયની ઘણી માહિતી પ્રકાશમાં આવી છે.

જોર્ડનમાં વર્તમાન સદીની શરૂઆતે ઉત્ખનન કરતાં નવાશ્મયુગની સભ્યતાના કેટલાક પુરાવા મળી આવ્યા. ૧૯૩૫માં કરાયેલ ઉત્ખનનથી મોર્ડનની આબાદી સાત હજાર વર્ષ જૂની હોવાનું અનુમાન છે. ૧૯૫૨માં કરાયેલ ઉત્ખનનમાં નવા-શ્મયુગના કિલ્લાઓના કોટ ઉપરાંત તે સમયની કલા અંગેના પુરાવા મળી આવ્યા. અહીં નવ હજાર વર્ષ પહેલાં માનવવસતિ હોવાં અંગે સંશોધકોમાં એકમત છે.

સીરિયામાં મહત્ત્વ ધરાવતું ઉત્ખનન રાસ શામરા (પ્રાચીન નામ ઉગારિટ) સ્થળે રોફર નામના ફ્રેન્ચે કર્યું હતું. આ પ્રાચીન ફિનિશિઅન નગરીના ઉત્ખનનમાં મળી આવેલ અવશેષોના આધારે પાંચ કાળખંડ ગણવામાં આવેલ છે. નવાશ્મયુગ અને તામ્રપાષાણ યુગ પછી આ નગરી આંતરરાષ્ટ્રિય બંદર તરીકેનું મહત્ત્વ પામી. ટેલ-અલ-અર્માનામાં મળી આવેલ પ્રાચીન પત્રોમાં આ નગરીનો ઉલ્લેખ ઉગારિટ અથવા ઉગારેટ તરીકે કરેલ છે.

એક કરોડ વર્ષ પહેલાં જે દેશમાં નરવાનરની (Primate) ઉત્પત્તિ થઈ તે ભારતનો પુરાતત્ત્વ ઇતિહાસ જોવા લાયક છે. આપણે ત્યાં સરકારી પુરાતત્ત્વ વિભાગની સ્થાપના ઈ.સ. ૧૮૬૨માં થઈ હોવા છતાં કલકત્તામાં રોયલ એશિયાટિક સોસાયટીની સ્થાપના થયાં બાદ એટલે કે ઈ.સ. ૧૭૮૪માં જ ભારતની પ્રાચીન સભ્યતા અંગેનો સંશોધનાત્મક અભ્યાસ શરૂ થયો. આ કાર્ય માટે મુંબઈ અને મદ્રાસ (ચિન્નઈ) ખાતે સંસ્થાઓ સ્થપાઈ. પરંતુ આ તમામ સંસ્થાઓ તરફથી જે અભ્યાસ થયો તે વ્યક્તિગત અને ટુકડે

ટુકડે હતો. આશરે પચાસ વર્ષ દરમિયાન આ સંશોધનમાં શાસ્ત્રશુદ્ધતા કરતાં સંશોધકોની ઉત્સુક્તાનો જ ભાવ વધુ હતો. આ ઉપરાંત આ સમય દરમિયાન બ્રિટિશરો ભારત પરની તેમની રાજકીય પકડ મજબૂત કરવામાં રોકાયેલા હોવાથી અહીંના પુરાતત્ત્વ સંશોધન તરફ ઉદાસ જ રહ્યા. તેમ છતાં જેમ્સ પ્રિંસેપ નામના સંશોધકે ઈ.સ. ૧૮૩૭માં બ્રાહ્મી અને ખરોષ્ઠી જેવી આપણા દેશની પ્રાચીન લિપિઓ વાંચવાની પદ્ધતિ શોધી. આ લિપિઓના આધારે શિલાલેખોમાં કોતરેલ 'પિયદસી' શબ્દનો અર્થ સમ્રાટ અશોક થાય છે તે સિદ્ધ થયું. અશોકના સમયના શિલાલેખો અને ચલણી નાણાં પરના લેખ વાંચી શકાયા. ઐતિહાસિક સમયના અવશેષોનું મૂલ્યમાપન થવા લાગ્યું. સારનાથ અને માણિક્ય સ્થળે ઉત્ખનન કરાયું. તેમાં શિલાલેખો, નાણાં અને શિલ્પો મળી આવ્યાં. પરંતુ તેનો ઉપયોગ કેવળ કલાત્મક વસ્તુઓ તરીકે જ થયો. ઉત્ખનનમાં મળી આવેલ અવશેષોનો ક્રમ, વ્યાપ્તિ, (Distribution) અને કલાપદ્ધતિનો અભ્યાસ ન થયો. તેનું કારણ ઉત્ખનનમાં શાસ્ત્રોક્ત તંત્રનો અને સાંસ્કૃતિક મૂલ્યમાપનનો અભાવ ગણાય.

આટલું હોવા છતાં તે સમયના પુરાતત્ત્વ સંશોધન કાર્યની ઉપેક્ષા ન કરાય. કેવળ શોખ ખાતર અને વ્યક્તિગત રીતે કરાતા આ પુરાતત્ત્વકાર્ય માટે સરકારી સહાયની અને નિયંત્રણની જરૂર હોવાનું બ્રિટિશ સરકારના ખ્યાલમાં આવતાં સરકારે ઈ.સ. ૧૮૬૨માં આપણા દેશમાં પુરાતત્ત્વ ખાતાની સ્થાપના કરી. તેનાં સૂત્રો લૉર્ડ કનિંગહેમના હવાલે કર્યાં. આ બ્રિટિશ પુરાતત્ત્વ તજ્જ્ઞે ભારતમાં પ્રાચીન અવશેષોને થતું નુકસાન અટકાવવા અને અનધિકૃત વ્યક્તિ તરફથી કરાતું ઉત્ખનન બંધ કરવા કાયદા કરી તેનાં અમલ-બજાવણી કડક હાથે થાય તેવી વ્યવસ્થા ગોઠવી. આજે ભારતમાં જે કંઈ અવશેષો સુરક્ષિત છે તેનું શ્રેય કનિંગહેમને જ આપવું જોઈએ. આ ગોરા તજ્જ્ઞે કરેલ પુરાતત્ત્વ શોધકાર્યની માહિતી ૨૧ ખંડોમાં પ્રકાશિત કરી છે.

કનિંગહેમના અનુગામી બર્જેસની કારકિર્દીમાં પુરાતત્ત્વની ઉલ્લેખનીય એવી કામગીરી ન થઈ. તેમ છતાં મથુરા પાસે બહોળું ઉત્ખનન થયું, જેમાં કુશાન કાળના અવશેષો પુષ્કળ પ્રમાણમાં મળી આવ્યા. ઉપરાંત ઉત્તર અને દક્ષિણ ભારતના કેટલાક પ્રાચીન વાસ્તુશિલ્પોનો અભ્યાસ થયો.

૧૯૦૨માં સર જોન માર્શલ નામનાં પુરાતત્ત્વ તજ્જ્ઞને સૂત્રો સોંપાયાં. માર્શલસાહેબે પૂરાં છવ્વીસ વર્ષ સુધી આ ખાતાના વડા તરીકે સેવા આપી. આ દીર્ઘકાલીન કારકિર્દી દરમિયાન સર માર્શલે ઉત્ખનનનો અને અવશેષ-જતનનો કાર્યક્રમ વિશાળ પાયે અમલમાં લાવ્યો. તેમાં તક્ષશિલાનું ઉત્ખનન વિશેષ મહત્ત્વ ધરાવે છે. ઈ.સ. પૂર્વેની પાંચમી સદીથી ઈ.સ.ની પાંચમી સદી સુધીનો એટલે કે પૂરા એક સહસ્ર વર્ષનો ઇતિહાસ આ ઉત્ખનનના કારણે પ્રકાશમાં આવ્યો. આ પુરાતન નગરીની ઉન્નતિ જુદા જુદા કાળમાં કેવી થતી ગઈ તેના અનેક પુરાવા મળી આવ્યા. સર જોન માર્શલનો તક્ષશિલા ઉત્ખનિત અહેવાલ એટલે પ્રાચીન ભારતીય વાઙ્મય અને ઉત્ખનિત પુરાવાઓના અતિ સુંદર સંગમ ગણાય છે, સાહિત્ય કેવું હોવું જોઈએ તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

સિંધુ સંસ્કૃતિનો દુનિયાને પરિચય કરાવી આપવાનું શ્રેય માર્શલના જ ફાળે જાય છે. હડપ્પા નગરની ઉત્ખનનાત્મક શોધ ગઈ સદીની હોવા છતાં તેના અવશેષોનું મહત્ત્વ અને તેનો કાળાનુક્રમ કોઈ જાણતા ન હતા. સર જોન માર્શલે હડપ્પા જેટલી જ પ્રાચીન સભ્યતા મોંહે-જો-દડો નગરનું ઉત્ખનન કરી તત્કાલીન નગર રચના, સામાજિક અને આર્થિક જીવન, કલા અને ધાર્મિક જીવન પર પ્રકાશ ફેંકતા કેટલાયે પુરાવા મળી આવ્યા.

૧૯૪૦ સુધી ઉત્ખનનની સામાન્ય વ્યાખ્યા પ્રાચીન અવશેષો શોધી તે એકત્ર કરવા એવી જ મનાતી. ૧૯૪૦થી ૧૯૪૪ દરમિયાન આપણા દેશમાં શાસ્ત્રશુદ્ધ ઉત્ખનનની શરૂઆત થઈ. પ્રાચીન વાઙ્મયમાં અહિચ્છત્રા અને વર્તમાન સમયમાં રામનગર તરીકે ઓળખાતા ઉત્તર પ્રદેશના ગામમાં ઉત્ખનન કરતી વેળા જમીનનાં જુદાં જુદાં પડ ખૂબ જ કાળજીપૂર્વક ખોદાયાં. તેથી ત્યાંની પ્રાચીન સમયની માનવવસતિનો ૧૫૦૦ વર્ષનો ઇતિહાસ અને સભ્યતાનો અભ્યાસ બારીકાઈથી કરી શકાયો.

પાશ્ચાત્ય દેશ રોમમાં અત્યાધુનિક શાસ્ત્રથી ઉત્ખનન કરનાર સર માર્ટિલર વિલરની ૧૯૪૪માં ભારતમાં પુરાતત્ત્વ ખાતાના વડા તરીકે નિમણૂક થઈ. માર્ટિલરે કેવળ ઉત્ખનનનું જ કાર્ય કર્યું નથી, પરંતુ તેનું શાસ્ત્રશુદ્ધ શિક્ષણ લેવા યુવકોને આવાહન કર્યું! તક્ષશિલાનું ઉત્ખનન કરતાં સમયે તેમણે કેટલાક યુવકોને ઉત્ખનનના અત્યાધુનિક શાસ્ત્રનું શિક્ષણ આપી એક નવી પેઢી તૈયાર કરી. તેમણે હડપ્પાનું વધુ ઉત્ખનન કરી ત્યાંની વિસ્તૃત તટબંધી (કોટ)ના અવશેષો શોધી કાઢ્યા. પોંડિચરી પાસે અરિકામેડૂ ખાતે ઉત્ખનન કરી વિલરે રોમન અવશેષોના આધારે દક્ષિણ ભારતના કેટલાક કાળખંડ નક્કી કર્યા. આ ઉપરાંત મૈસુરની બ્રહ્મગિરિ નગરી પાસે ઉત્ખનન કરી મહાપાષાણીય (Magalithic) અવશેષોના કાળખંડ નક્કી કર્યા. માર્ટિલર વિલરના અત્યાધુનિક શાસ્ત્રનો પ્રભાવ આજે આપણને ત્યાંના ઉત્ખનન પર દેખાય છે.

વિલરે પરિશ્રમપૂર્વક તૈયાર કરેલ નવી પેઢીએ સ્વાતંત્ર્યકાળમાં પોતાના ગુરુનું કાર્ય આગળ ધપાવ્યું. નવા સંશોધનશાસ્ત્ર મુજબ કરાયેલ ઉત્ખનનમાં દેશમાં અનેક સ્થાને પુરાશ્મયુગ (Palaeolithic)ના અવશેષો મળી આવેલ છે. પરંતુ હાડકાં હજુ સુધી મળેલ નથી. મધ્યાશ્મયુગ (Masolithic)ના અવશેષો લાંઘણજ (જિ. મહેસાણા, ગુજરાત), બિરભાનપુર (પં. બંગાળ) અને બાગોર (રાજસ્થાન) ખાતે મળેલ છે. નવાશ્મયુગના અનેક અવશેષો દક્ષિણપૂર્વ ભારતમાં અને બુર્ઝોમ (કાશ્મીર) ગામે

(અનુસંધાન પૃ. ૪૩૯ પર)

માનભાઈને સલામ

ડૉ. નાનક ભટ્ટ

૧૯૪૨માં ભારતમાં સ્વતંત્રતા માટેનો સંઘર્ષ ચરમ સીમાએ પહોંચેલો. પરંતુ સૌરાષ્ટ્રમાં એક છેવાડે, છેક દરિયાકાંઠે આવેલ દેશી રાજ્ય ભાવનગર (ત્યારે ગોહિલવાડ)ની પ્રજાને એ સંઘર્ષ સાથે ઝાઝી નિસ્બત હોઈ શકે જ નહીં એવી એક સામાન્ય માન્યતા પ્રવર્તતી હતી. પરંતુ વાસ્તવમાં એવું ન હતું. ભાવનગર-નરેશ શ્રીકૃષ્ણકુમારસિંહ ગોહિલ નાની વયે ગાદીપતિ થયેલા. આથી સર પ્રભાશંકર પટ્ટણી દીવાનની રૂએ ભાવનગરનો બધો વહીવટ સંભાળતા. પટ્ટણીસાહેબનું દફતર અંગ્રેજી હકૂમતની તરફદારી કરતું, પરંતુ તેમનું દિલ સ્વાતંત્ર્યભાવનાના રંગે રંગાયેલું. ગોળમેજી પરિષદમાં ગાંધીજીની સાથે તેમણે પણ ભાગ લીધેલો.

૧૯૪૦ના દાયકાના આરંભકાળમાં બીજા વિશ્વયુદ્ધના પ્રત્યાઘાતો ઘેરા બનતા, ભાવનગરમાં બંદર ખાતે અંગ્રેજ યુવાનોને તાલીમ આપવા અસ્થાયી સ્વરૂપે એક છાવણી ઊભી કરવામાં આવી. આ છાવણીની ગંધ છેક બંગાળના ઉપસાગર સુધી પહોંચતા ત્યાંથી પોતાને ચારુદત્ત નામે ઓળખાવતા એક ક્રાન્તિકારી મહાશય અને તેમનાં પત્ની ગુજરાતમાં આવ્યાં. પહેલાં તો ભરૂચ ખાતે 'સાંજ-સમાચાર'માં મુનશીની નોકરી લઈને રહ્યા. પછી ભાવનગર આવી, પાલીતાણા નાટક કંપનીમાં માસિક ત્રીસ રૂપિયા પગારે જોડાઈ, નાટક 'મોહનમોતીનો માળો'માં પર્દા ખેંચવાની નોકરી કરી, અને કણબીવાડમાં ઘર ભાડે રાખીને રહ્યા. કણબીવાડ પ્રેસરોડના ઉપરવાસે આવેલ કોળી, માછીમારોના વિસ્તાર કરચલિયાપરામાં દરિયાકાંઠાના વહાણવટીઓ પણ રહેતા. ચારુદત્તના ભાવનગર-નિવાસના મકસદ માટે આ પરિસ્થિતિએ ઉપકારક બળ પૂરું પાડ્યું.

તે અરસામાં ભાવનગર પોર્ટ ઑફિસર તરીકે ડી.એલ. નિયોગી નામના એક બંગાળી અધિકારી હતા. તેમની પાસે પ્રાચીન હિન્દુ અસ્ત્ર-શસ્ત્ર તથા ગૂઢ-વિદ્યાની જાણકારી હતી. આથી બંદર ખાતે સોનું બનાવવાના પ્રયોગો કરતા હતા. ભાવનગરના રાણીકા તથા કરચલિયાપરા વિસ્તારમાં રહેતા અને પોર્ટમાં નોકરી કરતા કેટલાક ખાસ શ્રમિક કર્મચારીઓ નિયોગીની મદદમાં રહેતા. પરંતુ એ શ્રમિકોના મનમાં સ્વાતંત્ર્યની ખેવાના રહેલી. ચારુદત્ત પણ રસાયણવિજ્ઞાનનું સારું એવું જ્ઞાન ધરાવતા હતા અને એથી એમના આડોશીપાડોશી જેવા, સ્વદેશપ્રેમના રંગે રંગાયેલા શ્રમિકોના સહવાસમાં આવી શક્યા ને તેમના સાથી બની શક્યા.



એ સમયે ભાવનગર પોર્ટના કામદારો લોખંડનાં સાધનોનું હાર્ડનિંગ (પાણી ચડાવવાનું કામ) કરવા માટે ખ્યાતનામ હતા. તેમણે તૈયાર કરી આપેલ, ખાસ પ્રકારનાં, (કોશ જેવાં) સાધનો રેલગાડીના પાટા ઉખાડી નાખવા, વીજળીના તાર 'શૉર્ટ' કરવા અને ટેલિફોન તથા તાર-સિગ્નલના વાયર તોડવાના કામમાં ક્રાન્તિકારીઓ વપરાશમાં લેતા. આ વાતની જાણ ચારુદત્તને મળેલી. પરંતુ તેણે પોતાની આ જાણકારી અંગે કોઈનેય જરા સરખો અણસાર પણ આવવા દીધેલો નહીં.

માનભાઈ (માનશંકર નરભેશંકર ભટ્ટ) ત્યારે પોર્ટ વર્કશૉપમાં ફોરમેન તરીકે કામ કરતા હતા, અને શ્રમિકોને તેમના અધિકારો પ્રમાણે જરૂરી સગવડો મેળવી આપવાની પ્રવૃત્તિમાં અગ્રેસર રહેલા. પોર્ટના શ્રમિકોને 'મજૂરોને' ભાવનગરમાં 'સંસ્કારી, સમાજસેવી નાગરિકો' તરીકે સ્થાન અને સન્માન અપાવવામાં તેમજ તેમને સ્વાતંત્ર્યભાવનાના રંગે રંગવામાં પણ તેમનું ઘણું મોટું પ્રદાન રહેલું. પોર્ટ વર્કશૉપમાં તે બધા પોતાની ફરજના કલાકો પછીના સમયમાં રોકાઈ, પસીનો પાડીને સર-સાધનો બનાવતા, જે અંગ્રેજો સામે હથિયાર ઉગામી સંઘર્ષ કરતા સ્વાતંત્ર્ય-સેનાનીઓને ઉપયોગી થતાં. ચારુદત્તના સહવાસમાં તેમની પાસેથી કોમરેડો બૉમ્બ બનાવવા માટે જરૂરી 'મસાલો' (દારૂ) બનાવતા શીખ્યા.

શરૂઆતમાં તેઓ નાનાનાના ડબ્બાઓનો બૉમ્બ બનાવવા માટે ઉપયોગ કરતા; પરંતુ અનુભવે ઘડાતા ઘડાતા અંતે એ માટે જ ખાસ બનાવવામાં આવેલી લોખંડની મોટી પેટીઓનો ઉપયોગ કરવા લાગ્યા. ભાવનગરના વડવા વિસ્તારમાં મિસ્ત્રી કાનજી દેવજીની કોઢમાં બૉમ્બ માટેની લોખંડની પેટીઓ બનતી. પોર્ટ વર્કશૉપમાં કામ કરતા જયમલસિંહ યાદવ અને જીવા ચકુ યાદવ નામના બે રાજપૂત શ્રમિકોના ઘરે 'મસાલો' બનતો. મામાકોઠા પાસે રહેતા જયદેવ દવેના તૈયાર થયેલ માલ-સામાનની જયમલભાઈનાં બા તથા કાનજી દેવજીનાં બા ગંગાબેન દ્વારા હેરવણી-ફેરવણી કરાતી, જે પછી માનભાઈ ભટ્ટના નિવાસ 'નિર્ભયભુવન'માં એકત્રિત કરાતો. અંગ્રેજ અધિકારીઓના હાથ

અને દેખરેખ નીચે કામ કરવા ભાવનગર પોર્ટના આ શ્રમિકો તેમની સત્તાનું કાસળ કાઢવાની તરકીબો ઘડતા અને મોડી રાત્રે બાર્જિસ (થાપડાઓ)ની મરામત કરવાના બહાને દરિયામાં જઈ બૉમ્બની સરસામગ્રીની જરૂરી ગોઠવણી અંગેનું બાકી રહેલું કામકાજ કરતા. અંગ્રેજ હકૂમતના પ્રતિનિધિઓ તથા અંગ્રેજ અધિકારીઓ શ્રમિકોની આ ગતિવિધિથી દોઢેક વર્ષ સુધી અજાણ રહેલા! પરંતુ ઉત્તરે છેક શિમલા અને પૂર્વમાં કલકત્તા સુધી પોતે બનાવેલાં સાધનો તથા આ 'દારૂગોળા' પહોંચાડતા આ કૉમરેડોની પ્રવૃત્તિ છાની પણ ક્યાં સુધી રહી શકે? પરંતુ ભાવનગર રાજ્યની શીળી છાયમાં દરમાંથી ઉંદર શોધી કાઢવા જેવું આ કામ જરાય સહેલું ન હતું. આથી રાજકોટના પોલીસ સુપરિન્ટેન્ડે રાવબહાદુરને ખુફિયા-ગુપ્તચર તરીકે કૉમરેડોની 'બૉમ્બ પ્રવૃત્તિ' પકડી પાડવાની જવાબદારી સોંપાઈ.

આ દરમિયાન ભાવનગરના વતની અને મુંબઈનિવાસી એક સજ્જન વનમાળીદાસ પંડ્યાને યૂરોપ ખાતે યોજાયેલ સર્વધર્મ પરિષદમાં મોકલાયા. ત્યાંથી કૉમરેડ માટે બાર-બોરની એક રિવૉલ્વર લેતા આવ્યા, જે માનભાઈને સુપરત કરાઈ. માનભાઈ પાસે રિવૉલ્વર આવી તેથી તેમના સાથીઓની હિમ્મત ઓર વધી જશે તેમજ પ્રવૃત્તિને બમણો વેગ મળશે એવી ધારણા હતી. પરંતુ છાતીએ વળગેલી પણ ફૂટ્યા વિનાની એ રિવૉલ્વરે તો કૉમરેડની ઊંઘ હરામ કરી નાખી. એક રવિવારે રજાનો લાભ લઈ પોર્ટના ગોદામમાં રિવૉલ્વરની અજમાયેશનો પહેલો પ્રયોગ યોજાયો. પહેલો બાર ફેરિ-ઑબ્ઝર્વરની કેબિનમાંથી માઢિયા ગામ તરફ છૂટ્યો. પરંતુ એનો ધડાકો ધાર્યા કરતા ઘણો મોટો થયો અને એથી બંદર વિસ્તારમાં આવેલી અંગ્રેજોની છાવણીમાં હો-હા મચી ગઈ.

ધડાકો કર્યો તે સમયે તો હોડીમાં બેસીને સામી બાજુના ભાલકાંઠા તરફ છટકી જવાયું, પરંતુ તેમ છતાં શંકાની સોય ત્યારથી માનભાઈ તરફ નોંધાઈ રહી. પોર્ટ વર્કશૉપના શ્રમિકોની આડ તપાસ પણ શરૂ કરી દેવાઈ. માનભાઈને નામે આવતી ટપાલો પોલીસના હવાલે થવા લાગી. પરંતુ તે સમયે ખોજાવાડમાં રહેતા રમજાન પઠાણ પોલીસ ખાતામાં જમાદાર હતા અને દાણાપીઠના નાકે રહેતા ભીડેસાહેબ પોસ્ટ ઑફિસમાં અવલ કારકુન. આથી દિવસભરની પોલીસતપાસ અંગેની રોજેરોજની બધી કાર્યવાહીની જાણ સાંજ થતા જ કૉમરેડને મળી જતી. સરકારી ટપાલનાં નાનાં-મોટાં પરબીડિયાં કાળજીથી ખોલી તેમાંની કામની બાતમી અગાઉથી જાણી લેવામાં માનભાઈએ કુશળતા તથા કામયાબી મેળવી લીધેલી. માનભાઈના નામે એક વાર કલકત્તાથી બૉમ્બ બનાવવા અંગેના કેટલાંક સાધનોનું પાર્સલ મોકલાયેલ. શનિવારની મોડી સાંજે ટ્રેનમાંથી વિરમગામ ઊતરેલા એ પાર્સલ અંગે પોલીસ માહિતગાર થઈ ગઈ હતી અને માનભાઈને 'રંગે હાથ' પકડવાની એ તક માટે ઉત્સુક હતી. પરંતુ રવિવારની રાત્રે એ પાર્સલમાં મોકલાયેલ મૂળ સામાન બદલાઈ ગયો! એથી સોમવારે સવારે એ પાર્સલ સાથે જ્યારે માનભાઈની ધરપકડ કરવામાં આવી અને પંચ સમક્ષ પાર્સલ ખોલતાં તેમાથી દાઢી-હજામત કરવા માટેનાં સાધનો નીકળ્યાં ત્યારે તત્કાલીન દીવાન શ્રી અનંતરાય પટ્ટણીએ બાતમીદારને જુઠ્ઠો ઠરાવી રાજકોટ પરત કરવો પડ્યો.

આમ છતાં આખરે એક દિવસ (જૂન ૧, ૧૯૪૨ અને રવિવારે) વડવામાં કૉમરેડ જયમલભાઈના ઘરે તથા 'શિશુવિહાર' પાસેના માનભાઈના ઘરે એકસાથે પોલીસે જડતી માટે છાપો માર્યો જ. આ છાપા અંગે આછીપાતળી બાતમી માનભાઈને અગાઉથી જ મળી ગયેલી. આથી બૉમ્બ માટેના કળ-પુરજાઓ, વિસ્ફોટક યંત્રસામગ્રી અને કંટેનર વગેરેને બાર્જિસની પાવડી સાથે દરિયાનાં પાણીમાં ઉતારી દેવાયેલ. 'મસાલો' આડોડિયાવાસમાં વસતી કેટલીક દારૂડિયા તરીકે કુખ્યાત વ્યક્તિઓનાં ઘર-આંગણાંમાં દાટી દેવાયેલ. પરંતુ જયમલભાઈના ઘરે 'મસાલા'માં વપરાતા કેટલાક વિસ્ફોટક દ્રવ્યો (ગંધક, પોટાશ જેવા)ની પોટલીઓ હતી તેને સમયસર સગેવગે કરી શકાયેલ નહીં. જયમલભાઈનાં પત્ની વિમળાબા મોતના એ સામાનને પેટે બાંધી જડતી દરમિયાન પ્રસૂતા તરીકે ખાટલે સૂઈ રહ્યાં. પોતાને પેશાબનો રોગ હોઈ વારંવાર બાથરૂમ જવાની જરૂર પડે છે, તેવું તપાસ-અધિકારીને ગળે ઉતારી માનભાઈએ ત્યાં જઈ કેટલાક વાંધાજનક કાગળો પોતાના પેટમાં પધરાવી દીધા. તેમનાં પત્ની હીરાબહેને પૂછતાછ માટે આવેલ પોલીસ અધિકારીઓની ખાતરદારી કરવાનું કારણ આગળ કરી, ચા-નાસ્તો બનાવવાને બહાને રસોડામાં જઈ અનાજના ડબ્બાઓમાં કેટલોક સામાન છુપાવી દીધો.

બીજી વખતનું આ સંકટ પણ ટળ્યું. ચારુદત્તની સલાહ મળી કે ભાવનગરમાં બૉમ્બ બનાવવાની ગતિવિધિ બંધ કરવી. પરંતુ સ્વાતંત્ર્ય-સંગ્રામ માટે જે કંઈ થાય તે કરી છૂટવાની હોંશ અતૂટ જ રહી. એથી મુંબઈનિવાસી શ્રી અમૃતલાલ શેઠે, મૂળ ભાવનગરના પરંતુ ત્યારે મુંબઈમાં રહેતા દામુકાકાની મદદથી માહિમની ઝૂંપડપટ્ટીમાં બૉમ્બ બનાવવા માટેની તાલીમ દ્વારા કેટલાક યુવાનોને તૈયાર કરવાની વ્યવસ્થા ગોઠવી. (ગુજરાતમાં બાલશિક્ષણનો પાયો નાખી મોન્ટેસોરી પદ્ધતિ વિકસાવનાર વિખ્યાત શિક્ષણશાસ્ત્રી સ્વ. ગિજુભાઈ બધેકાના લઘુબંધુ હોઈ દામુભાઈને સંબંધી-મિત્રો-કુટુંબીજનો ઇત્યાદિ 'દામુકાકા' તરીકે સંબોધતાં.) એ તાલીમ આપવા માનભાઈ મુંબઈ પહોંચ્યા. માહિમની એ ઝૂંપડપટ્ટી ત્યારે પશ્ચિમ ભારતના ક્રાન્તિકારીઓનું એક સંપર્કકેન્દ્ર બની રહી.

એક સાંજે ચર્ચગેટથી પરત આવતી સબર્બન ટ્રેનમાં

અચાનક અકસ્માત કેટલાક બૉમ્બ ફાટ્યા અને નિર્દોષ સ્ત્રીઓ અને બાળકોની જાનહાની સર્જાઈ. આ પ્રસંગે કૉમરેડના મનમાં 'આઝાદી શા ભોગે?' તેવો પ્રશ્ન ઉદ્‌ભવ્યો, જે એક નવી ચિનગારી પેટાવી ગયો. શહીદ વીર ભગતસિંહના સાથીદાર, કાળાં પાણીની સજા ભોગવી ચૂકેલ તથા અંગ્રેજોની પોલીસને હાથતાળી આપી ચાલતી ટ્રેનમાંથી બેડીસહિત કૂદી પડીને નાસી છૂટવામાં સફળ થયેલ સરદાર પૃથ્વીસિંહ આઝાદ ભાવનગરમાં પોતાના ગુપ્તવાસ દરમિયાન 'સ્વામીરાવ' નામે રહેલા. સ્વામીરાવ તથા ચ.કા. ભટ્ટ(ચંદ્રભાઈ) અંગ્રેજોના 'હિટ લિસ્ટ'માં હતા. તેમને પોતાના ઘરમાં ત્રણ ત્રણ માસ સુધી છુપાવી રાખનાર કૉમરેડના બહાદુર હૈયામાં સ્વાતંત્ર્યની લગનની જ્વાળા જલતી જ હતી. પરંતુ પોતાની સમજણ પ્રમાણે આમજનતાનું હિત સાધવાની ખેવના બળવત્તર થતી જતી હતી. એથી ઉપરોક્ત અકસ્માત પછી આમલોકોના ખપમાં આવે તેવી, મૂઠી ઊંચેરી પ્રવૃત્તિઓ કરવા તરફ તેમણે મન લગાડી દીધું.

ભાવનગર પોર્ટના અંગ્રેજ અધિકારી જ્હૉનસનસાહેબે તેર આના (લગભગ એંશી પૈસા) દનૈયાથી માનભાઈને હેલ્પર બૉય તરીકે બંદરમાં કામે રાખેલા. ગુજરાતી શાળામાં માત્ર ચાર ધોરણ સુધી અભ્યાસ કરેલ આ બ્રાહ્મણ છોકરાનો ધીરેધીરે તાલીમાનુભવ વધારી, એને પોર્ટ વર્કશૉપમાં ફોરમૅનના પદ સુધી તેમણે પહોંચાડેલ તથા પોતાની સાથે કરાંચી બંદરે પણ લઈ ગયેલ. માનભાઈ પોતાના જીવનને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર ગુરુઓમાં જ્હૉનસનને પણ સ્વીકારે છે. પરંતુ એક વખત જ્હૉનસને ખુશી મનાવવા દારૂનો પ્યાલો ધર્યો ત્યારે તેનો અસ્વીકાર કર્યો અને અંગ્રેજો તરફથી મળેલ બધા માન-અકરામ પણ છોડી દેવાનો સંકલ્પ કરી જ્હૉનસનસાહેબના મિત્રોની હાજરીમાં જ તેનાં પ્રમાણપત્રો બૉઈલરની આગમાં પધરાવી દીધાં.

૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના દિને ભારતને આઝાદી મળી. ત્યારે રાજકીય અને સત્તાલાભ મેળવવા આતુર 'નેતાઓ'એ ગાંધીજીને એકલા પાડી દેવાની પેરવી શરૂ કરી દીધી. ત્યાર પછી થતી રહેલી રાજકીય રમતો જોઈ બંદરમાં કામ કરતા શ્રમિક મિત્રોના મનમાં પોતાના ભાઈ-ભાંડુ જેવા સામાન્ય લોકોને ઉપયોગી થવાય તેવી પ્રવૃત્તિઓ કરવાની ઇચ્છા પ્રબળ બનતી ચાલી. હરિજન, અંત્યજોદ્ધાર પ્રવૃત્તિઓ સાથે જેનું નામ હંમેશ જોડાયેલું રહ્યું છે તે ઠક્કરબાપા (સ્વ. અમૃતલાલ ઠક્કર) આ શ્રમિક મિત્રોને 'કૉમરેડ' કહી સંબોધતા, નિજી સ્વાર્થની સંકુચિત મર્યાદામાંથી બહાર નીકળી, ઊંચે ઊઠીને લોકોને મદદરૂપ પ્રવૃત્તિઓ કરવાની તત્પરતાની એ શ્રમિકોની ભાવનાને પરિણામે 'આનંદ મંગળ મંડળ'ની સ્થાપના થઈ. અન્યોને મંગળરૂપ થવાય તેવા કાર્યમાંથી નિજાનંદ માણતા મિત્રોના એ મંડળમાંથી 'શિશુવિહાર' નામની એક સંસ્થા બની જેમાં છેલ્લાં પંચાવન વર્ષથી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થતી રહી છે.

સ્વાતંત્ર્યસંગ્રામ સાથે ન્હાવા-નિચોવવાનોય સંબંધ ન હોય તેમજ ૧૯૪૭ સુધી જેઓ જન્મ્યા પણ ન હતા તેવા (આંધ્રમાં તો માત્ર ૧૫ વર્ષની ઉમ્મરની વ્યક્તિ સહિત) કેટલાય લોકો સ્વાતંત્ર્ય-સેનાની તરીકેના લાભો અને આર્થિક પેન્શન મેળવી રહ્યાં છે! સ્વાતંત્ર્યસંગ્રામ માટેની પોતાની જોખમી કાર્યવાહીને પકડાયા વિના સફળ રીતે પાર પાડતા રહેલ 'આનંદ મંગળ મંડળ'ના મિત્રોએ ક્યારેય એ લાભ લેવાની લાલસા આગળ કરી નહીં અને શરીરે સાથ આપ્યો ત્યાં સુધી લોકસેવાની પ્રવૃત્તિ જારી રાખી. હવે તો માનભાઈના એ સાથી-મરજીવા મિત્રોમાંથી ધીરે ધીરે લગભગ બધાએ કાયમી વિદાય લઈ લીધી છે. પોતાને માત્ર એક 'કાસદિયા' તરીકે જ માનતા તથા ઓળખાવતા માનભાઈને તેમની સ્વાતંત્ર્યસંગ્રામ સાથે સંકળાયેલ પ્રવૃત્તિ અંગે પૂછતા કહ્યું : 'બહાદુરીના સોદામાં તો સફળ રહ્યા પણ પ્રેમનો પંથ ચૂકી ગયા!' આવા માનભાઈને સલામ! □

અનુસંધાન] પુરાતત્ત્વશાસ્ત્ર [પૃ. ૪૩૬ પર)

ખોદાયા છે. આ અવશેષો પરથી, તે સમયના માનવનાં જમીનની અંદરનાં ઘરો, ઘસીને લીસાં કરેલાં હથિયારો, અને વસ્ત્ર સીવવા બનાવેલી હાડકાની સોય, જેવી વસ્તુઓના વપરાશની કલ્પના આવે છે.

દેશના વિભાજનના કારણે સિંધુ સંસ્કૃતિનાં વૈશિષ્ટ્યપૂર્ણ સ્થળો પાકિસ્તાનમાં જતાં આપણી પાસે આવાં પુરાતત્ત્વોનો અભાવ થવા લાગ્યો. આપણા પુરાતત્ત્વ તજ્જ્ઞોએ તરત જ વિશાળ કાર્યક્રમ હાથ ધરી સિંધુ સંસ્કૃતિ જેટલા જ પુરાવશેષો રૂપડ (પંજાબ), કાલિબંધન (રાજસ્થાન) અને લોથલ (ગુજરાત) ગામે શોધી કાઢ્યા. રાજસ્થાનમાં કરાયેલ અન્ય ઉત્ખનનોમાં એ અવશેષો તો સિંધુ સંસ્કૃતિ કરતાંયે પુરાતન હોવાનું દૃષ્ટિગોચર થયું! તામ્રયુગના અનેક અવશેષો રાજસ્થાન, માળવા, ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્ર અને કર્ણાટકમાં શોધાયા. તેના આધારે સિંધુ સંસ્કૃતિ લોપ પામી ત્યારથી ઐતિહાસિક કાળ શરૂ થયો ત્યાં સુધીની તામ્રપાષાણ યુગની સંસ્કૃતિ પ્રકાશમાં આવી. આ સંસ્કૃતિને સમાંતર એવા અવશેષો ગંગા અને યમુનાના ખીણ-પ્રદેશમાં મળી આવેલ છે.

નેપાળમાં ૧૯૭૦ સુધી પુરાતત્ત્વ અંગે કોઈ સંશોધન ન થયું. ત્યાર બાદ નેપાળ સરકારની વિનંતિથી ભારત સરકાર તરફથી પુરાતત્ત્વ તજ્જ્ઞ ડૉ. આર.વી. જોશીએ કાઠમાંડૂના ખીણપ્રદેશમાં ઉત્ખનન કરી અશ્મયુગના અવશેષો શોધ્યા. ડૉ. એસ.વી. જોશીએ કાઠમાંડૂ ઉપરાંત તરાઈ પ્રદેશમાં ઉત્ખનન કરી ત્યાંના પ્રાચીન અવશેષો શોધી કાઢ્યા. તો દેવલ મિત્રે ગૌતમ બુદ્ધના જન્મસ્થળ લુંબિની ખાતે ઉત્ખનન કરી કેટલાક બૌદ્ધ અવશેષો શોધી કાઢ્યા. (ક્રમશઃ)

આઝાદી-સંગ્રામની એક ઘટના

ભારતપ્રસિદ્ધ વૈષ્ણવ તીર્થધામ ડાકોરમાં ૧૯૪૨માં, ૯મી ઑગસ્ટના 'કરેં ગે યા મરેંગે'વાળા 'ક્વિટ ઇન્ડિયા'ના ઠરાવ પછી તરત જ બજારમાં લોકટોળાં અને પોલીસ વચ્ચેના જંગમાં પોલીસે ૫૧ રાઉન્ડ છોડેલા - એ સમયે અસાધારણ કહેવાય.

ખિલાફત ચળવળનો સમયગાળો. દ્વારકાના શંકરાચાર્ય મહાવિદ્વાન અને ગણિતજ્ઞ તથા રાષ્ટ્રવાદી ભારતીકૃષ્ણતીર્થ ડાકોરમાં ચાતુર્માસ અર્થે ડાકોરમાં ત્રિવેદીમેવાડા બ્રાહ્મણોનીન્યાતની વાડી અંબાવાડીમાં નિવાસ કરે.

ગામમાં દરરોજ તેમનાં જાહેરપ્રવચન થાય. એક દિવસ તે રાજકીય વક્તવ્ય આપે - અંગ્રેજીમાં તેનો તત્કાળ અનુવાદ શ્રી જીવાભાઈ પટેલ(જાણીતા લેખક ગોપાળદાસના પિતાશ્રી) કરે. અને એક દિવસ ધાર્મિક પ્રવચન કરે - સંસ્કૃતમાં તેનો તત્કાળ અનુવાદ કરે હાઈ સ્કૂલના વિદ્વાન હેડમાસ્તર ગિરજાશંકર ભટ્ટ.

દરમિયાનમાં, સરકારે શ્રીમદ્ શંકરાચાર્ય માટે ગિરફતારીનું વૉરન્ટ કાઢ્યું. કેટલાક વખત પહેલાં કરાચીમાં ભરાયલી મુસ્લિમ ખિલાફત પરિષદમાં મુખ્ય અતિથિ શંકારાચાર્યજીએ સરકાર-વિરુદ્ધ ભાષણ આપેલું તેથી તેમના પર રાજ્યદ્રોહનો આક્ષેપ હતો.

યૂરપીઅન ઉચ્ચ પોલીસ અધિકારી જાતે વૉરંટ બજાવવા આવ્યા. ગામમાં તોફાન થશે એવી દહેશતથી અસાધારણ પોલીસ બંદોબસ્ત. પણ સમાચાર ગામમાં પ્રસરતાં જ લોકટોળાં ઊમટેલાં. અંબાવાડીમાં તે વખતે શંકારાચર્યજી પૂજાસમક્ષ. તેમની સાથે માત્ર તેમના મિત્ર સમા હેડમાસ્તર ભટ્ટ સાહેબ.

પોલીસ અધિકારી ત્યાં ગયા એટલે પાછળ લોકટોળું. ટોળાને પોલીસોએ રોક્યું. અધિકારી જોડા સાથે અંદર પ્રવેશ્યા ત્યાં જ શ્રી ભારતી કૃષ્ણતીર્થજીનો આદેશ સંભળાયો, 'ઑફ યૉર શૂઝ. ધિસ ઇઝ અ શ્રાઈન' અને અધિકારી જોડા ઉતારી અંદર ગયો.

આ દરમિયાન પોલીસની નજર ચૂકવીને એક યુવાન વાડીની પાછલી બારીએથી અંદર ગરી ગયેલો તે ત્યાં હાજર. તેની મદદથી અને શ્રી ભટ્ટસાહેબની હાજરીમાં બધાં કાગળિયાં જોવાયાં. નોંધ થઈ. કબજો લેવાયો અને શંકરાચાર્યજીને પોલીસે ગાડીમાં બેસાડ્યા - અલબત્ત વિનયપૂર્વક. પણ... ગલીમાંથી નીકળીને ગાડી બજારમાં આવી તો લોકોની ઠઠ માય નહીં. બધી બાજુના રસ્તા બંધ. તમામ કોમોનાં લોકો રસ્તા પર સૂઈ ગયેલાં. કહે, 'ગાડી અમારા ઉપર થઈને લઈ જાવ.' તોફાનનો મામલો. જિલ્લા મૅજિસ્ટ્રેટે ફાયરિંગની તૈયારી કરી, પણ લોકોનો મિજાજ જોઈ ખમી ખાવું પડ્યું. છેવટે શ્રીમદ્ શંકરાચાર્યજીએ પોતે લોકોને સમજાવ્યા, ત્યારે સમાધાન થયું. પણ શરતે -

જિલ્લા મૅજિસ્ટ્રેટના, શ્રીમદ્‌ની પધરામણી-પૂજા ન કરવાના હુકમને અવગણીને, મંદિરમાંથી ચાંદીની ખુરશી મંગાવી, તેના પર શંકરાચાર્યજીને બેસાડીને બજાર વચ્ચે તેમની આરતી કરવામાં આવી, પછી જ પ્રચંડ પોકારો વચ્ચે શંકારાચર્યજી વિદાય થયા!

ખિલાફત દરમિયાનની એક છબી–ખુરશીમાં શ્રી ભારતીકૃષ્ણતીર્થ એક બાજુ, બીજી બાજુ શૌકતઅલી ને પગ આગળ ડૉ. કિચલુ – પ્રસિદ્ધ થયેલી છે. દિલ્હીમાં 'તીન મૂર્તિ'માંના સંગ્રહસ્થાનમાં પણ છે અને ગિરફતારી વખતે હાજર યુવાન હજી ડાકોરમાં ૯૧ વર્ષની વયે ઉપસ્થિત છે બાપાલાલભાઈ. તો, ગિરફતારી પછી શ્રીમદનાં પાવડીઓ, છત્ર, ચામર શ્રી ભટ્ટસાહેબને ત્યાં મુકાયેલાં જે વર્ષો સુધી ત્યાં રહેલાં - આ લખનારે તે જોયાં છે!

કેટલાંય - લગભગ વીસપચીસ વર્ષો પછી તેમણે પાછો ડાકોરમાં ચાતુર્માસ ગાળ્યો ત્યારે પણ પ્રવચનો થયાં હિંદીમાં, આંતરે દિવસે. તેમાં અન્ય પ્રવચન કરનાર હતા કવિશ્રી ન્હાનાલાલ. તેમણે 'હરિસંહિતા' (ત્યારે અપ્રકટ) વાંચેલી!

આપણા સ્વાતંત્ર્ય-સંગ્રામની ગૌરવગાથાનાં આવાં કેટલાંક પ્રકરણો હજી અજાણ્યાં રહ્યાં હશે!

વિનોદ અધ્વર્યુ

બેજોડ સુંદરતા

પ્રીતિ સેનગુપ્તા

શાંઘાઈ છોડીને ઊડતા વિમાનની નીચે વાદળોની જાડી, સફેદ જાજમ હતી. થોડા સમય સુધી, વચ્ચે વચ્ચે, સૂર્યનો પ્રકાશ પૂરજોશમાં એને ચીરીને નીકળી આવતો હતો. બેએક કલાક પછી વિમાન નીચે ઊતરવા માંડ્યું ત્યારે વાદળોની નીચેની સાપટ ભૂમિ પૂરેપૂરી ભીની હતી, પાણીનાં ખાબોચિયાં કાચની જેમ ચમકી ઊઠતાં હતાં. કેટલાંક ખેતર ખૂબ લીલાં હતાં, કથ્થઈ. પાક વગરની જમીન લંબચોરસ વિભાગોમાં વહેંચાયેલી હતી. સુંદર, સપ્રમાણ વળાંક લેતી જતી નદીઓ જાણે મહાનાગ જોઈ લો! તો નાના વહેળા અળશિયાંની જેમ અમળાતા હતા.

આખરે હું ગુઈલિનમાં હતી. એના ઘણા ફોટા જોયા હતા. એની બેજોડ સુંદરતાને નજરે જોવા માટે મેં ઝંખ્યા કર્યું હતું. ઓહ, ગુઈલિન, અદ્વિતીય ગુઈલિન! પણ હું જરા ઉદાસ થઈ ગઈ હતી. આખરે હું ગુઈલિન પહોંચી, ને ત્યારે એની ઉપર ભૂખરાં વર્ષા-વાદળ છવાયેલાં હતાં. ઝરમર વરસાદમાં ફરવાનો વાંધો નહીં, પણ પૂરતા ફોટા ના લેવાય એટલે મારો જીવ બળ્યા કરે.

સામાન સાથે હું બહાર નીકળી ત્યારે ગુઈલિન (Guilin)ની મારી ગાઈડ મિસ લિ મારી રાહ જોતી ઊભી હતી. પૂર્વના દેશો - કોરિયા, જાપાન, ચીન વગેરેમાં અટકથી જ એકબીજાને બોલાવવાનો રિવાજ છે. અલબત્ત, આધુનિક માનસવાળી વ્યક્તિઓ એ રિવાજને ફગાવી પણ રહી છે. મિસ લિ એમાંની નહોતી. ચોવીસ વર્ષની ઉંમરે એની મુખાકૃતિ ગંભીર હતી. અંગ્રેજીનો અભ્યાસ એણે પહેલાં માધ્યમિક શાળામાં કરેલો, ને પછી ટપાલ દ્વારા એણે એ ચાલુ રાખેલો. વરસાદ માટેની મારી ફરિયાદ સાંભળીને એણે કહ્યું, 'વરસાદની ઋતુ દરમિયાન ગુઈલિનમાં આવવા બદલ મારે ખુશ થવું જોઈએ. આખા ચીનમાં સૌથી સુંદર જે ત્રણ દશ્યો છે તેમાંનું આ એક છે : ઝરમર વરસાદમાં ગુઈલિનનું દર્શન.' પછી ચીનનાં ત્રણે સુંદરતમ તત્ત્વો એણે આ રીતે વર્ણવ્યાં : ગુઈલિનનો વરસાદ, ચોન્ગચિન્ગનું ધુમ્મસ, અને શાંઘાઈની રાત્રી. થોડું સાંત્વન મને જરૂર મળ્યું, અને ખુશી પણ થઈ કે આ ત્રણે દશ્યો હું જોવા પામતી હતી.

લગભગ એ જ ક્ષણે વીજળી પણ ત્રાટકી. મિસ લિએ આઘાત કરવા માંડ્યા : 'તમારો આગલો કાર્યક્રમ બદલાયો છે, યાન્ગત્સે નદીની સહેલ રદ થઈ છે,' વગેરે. મેં ખૂબ વિરોધ કરવા માંડ્યો ત્યારે એણે કહ્યું, 'ખેર, કાર્યક્રમમાં થોડો ફેરફાર થયો છે.' વચ્ચે મારે એક રાત માટે કેન્ટોન જવાનું હતું જેનો અર્થ થતો હતો એક વધારે ફ્લાઈટ, અને ગુઈલિનમાં અડધો દિવસ ઓછો. હું દુ:ખી અને નિરાશ થઈ ગઈ. આ નાનકડી જગ્યામાં મારે નિરાંતનો થોડો સમય ગાળવો હતો.

પંચાવન ચો.મા.નો વિસ્તાર, ત્રીસ લાખની વસ્તી. વિમાનમથકેથી હોટેલ પર જતાં વરસાદ ચાલુ રહેલો, અંધારું થઈ આવેલું, રસ્તા પર નહિ જેવો જ ટ્રાફિક હતો. જમવામાં મારે માટે શાકાહારી ભાત બનાવી અપાયો. સ્વાદમાં સારો હતો. મિસ લિએ 'પિત્ઝા'નું નામ નહોતું સાંભળ્યું. એવી કોઈ વ્યક્તિને ક્યારેય મળવાનું થશે એવી કલ્પના પણ મને આવી નહોતી!

આટલા દિવસમાં આજનો સવારનો નાસ્તો સૌથી સરસ હતો. નવીનવી, ને સ્વાદિષ્ટ, ઘણી શાકાહારી વાનગીઓ હતી. પણ નિરાંતે ખાવાનો સમય નહોતો. બહાર રસ્તા હજી શાંત હતા, પણ તે ક્યાં સુધી? રોજના વીસ હજાર પ્રવાસીઓ ગુઈલિન જોવા આવે છે. ને ઉનાળા દરમિયાન તો શહેરની વસ્તી ચાર ગણી વધી જાય છે. ચીનના આ પ્રવાસમાં પહેલી વાર હું લીલાં પાંદડાં જોઈ રહી હતી. એ 'કેસિયા' વૃક્ષોને ફૂલો નથી આવતાં. એ પાંદડાંથી જ પૂરેપૂરું ખીલી જાય છે. મિસ લિ મને જાતજાતની વિગતો આપ્યે જતી હતી. 'ઓસ્માન્થસ' ફૂલો ખૂબ સુગંધીદાર હોય છે.' 'ગુઈલિન' એટલે ઝીણાં, સફેદ, 'ઓસ્માન્થસનાં વૃક્ષોનું વન.' 'લિન'નો અર્થ 'વન' થાય છે. આ ફૂલો દરેક જણને પ્રિય થઈ પડે છે - કારણ કે એમાંથી સ્ત્રીઓ માટે પર્ફ્યૂમ, પુરુષો માટે મદિર પીણું, વૃદ્ધો માટે ઔષધ, અને બાળકો માટે મજાની કેક બનાવવા ઉપયોગમાં લેવાય આવે છે.

શહેરમાં હજી ત્રણ જ ટ્રાફિક-લાઈટો છે, અને અગિયાર બસ-રૂટ છે. બેજિન્ગમાં ત્રણસોથી પણ વધારે બસ-રૂટ છે. ત્ઝૉન્ગશાન રોડ ઉપર ભીડ ને પાર વગરની દુકાનો. ચીની આધુનિકતાનો પાસ બરાબર ચડેલો દેખાય. પણ શહેરની અંદર કોઈ નવાં, આધુનિક, બહુમાળી મકાન સિત્તેર મિટરથી ઊંચાં નથી બાંધી શકાતાં, કારણ કે આસપાસના પર્વતો એનાથી ઊંચા નથી.

હા, એ પર્વતો. એમના થકી વિશ્વભરમાં વિખ્યાત છે ગુઈલિન. બે હજાર વર્ષોથી એના નૈસર્ગિક સૌંદર્યનું ચુંબકત્વ કવિઓને અને ચિત્રકારોને, સૈનિકોને અને સરદારોને, પાદરીઓને અને ભિખ્ખુઓને આકર્ષતું રહ્યું છે. પથ્થરો પર કોતરાયેલાં, શિલાઓ પર લખાયેલાં હજારો પ્રાચીન કાવ્યો, કથાઓ, આદેશો, પ્રાર્થનાઓ આજે પણ શહેરની આસપાસનાં પર્વત-શૃંગો અને ગુફાઓમાં જોવા મળે છે.

અનેક નદીઓની ગૂંથણીવાળો છે એ ભૂમિપટ: લિઆન્ગફેન્ગ, જિન્બાઓ, તિઆન્જિઆ, તાઓહ્વા. સૌથી મોટી, ને રૂપાળી નદી છે સાવ ટૂંકા નામવાળી લિ નદી. તાન્ગ રાજવંશના સન્માનિત કવિ હાન યુ વર્ણન કરે છે, 'લિ નદી રેશમી

લીલી મેખલા બને છે, ને પર્વતો નીલમણિના અલંકાર સમા છે.' લાંબાં, ઊભાં ચીની ચિત્રોમાંનાં તરલ દશ્ય તાદશ બનતાં હતાં ગુઈલિનમાં. એ જોવા જ હું આવી હતી. ત્રણસો માઈલ લાંબી લિ નદીના વહેણમાં પચાસ-પંચાવન માઈલ હું કાપવાની હતી.

શહેરની બહાર જતાં જ રસ્તો ઉપેક્ષિત થતો હતો - કાચો, ઘણા ખાડાવાળો. બંને બાજુ માછલી પકવવાનાં ખાબોચિયાં હતાં. ચાલીને બધે પહોંચવા માટે વચ્ચે વચ્ચે ઊંચી પાળીઓ કરેલી હતી. પહેલાં તો બધું સામૂહિક ને સરકારી હતું. ધીરેધીરે હવે માછીમાર કુટુંબોની માલિકીમાં વહેંચી દેવામાં આવવાનું હતું. એમનાં અને ખેડૂતોનાં મકાનો ઇંટોનાં બનાવેલાં હતાં. ડાંગરના ક્યારાઓ પર પાતળાં, કમનીય તરુની ડાળીઓ ઝૂકેલી હતી. દૂર ક્યાંકની માર્કેટમાંથી છૂટાં-છવાયાં લોકો પાછાં આવતાં હતાં. ખભા પર ટેકવેલી લાકડીને બે છેડે બે છાબડીઓ લઈને ચાલતા, ને સાઇકલ પર ખૂબ મોટા ટોપલા મૂકીને જતા લોકો દેખાતા હતા. સરસ ગ્રામદશ્ય.

મિસ લિએ પાઉતુન્ગ વૃક્ષો ઓળખાવ્યાં. એનાં પર સફેદ ફૂલો થયેલાં હતાં. એનું લાકડું વાયોલિન બનાવવા માટે વપરાય છે. પીચ વૃક્ષોનાં સુંદર ગુલાબી ફૂલો તો મેં ઓળખી કાઢ્યાં. નારંગીની ખૂબ વાડીઓ આવી. ઘણી જાતનાં ફળ ઊગે છે ત્યાં. નારંગી ઉપરાંત તરબૂચ, ચેસ્નટ, નાસપતિ, પર્સિમોન વગેરે. માટી ફળદ્રુપ અને લાલ રંગની હતી. ઇંટો માટે પણ સારી ગણાતી હતી. કરોડો વર્ષો પહેલાં ત્યાં સમુદ્ર હતો. ત્યાં ભૂમિ ઊપસી આવ્યા પછી સતત ક્ષરણ તેમજ ધોવાણ થતું રહ્યું, ને એ કારણે ત્યાંના પર્વતો અને ભેખડોમાં આટલી બધી સંખ્યામાં ઊંડી ઊંડી સળો, ગુફાઓ અને ગર્તો બની.

મિસ લિ કહે, 'છેલ્લા અઠવાડિયાથી રોજ વરસાદ પડતો હતો. આજે એ અટક્યો છે.' ચાલો, એ પ્રાર્થના તો સાંભળી હરિએ. હું ખૂબ આભારી હતી. પણ હવામાં ખૂબ ઠાર હતો. મારી પાસે હતાં એ પ્રમાણેનાં કપડાં મેં પહેર્યાં હતાં, પણ ઋતુમાન આટલું નીચું હશે એવી કોઈ ધારણા નહોતી. નૌકા સુધી જવાના લાલ કાદવિયા પથની એક તરફ હાટડીઓ મંડાઈ હતી. તાજાં ફળ, સૂકવેલાં ફળ - બધું વ્યવસ્થિત બાંધેલું. વેચનારાં એકસામટાં રાડારાડ કરતાં રહે!

મોટી, લાંબી પંદરેક નૌકાઓ હતી. બસો ભરીભરીને પ્રવાસીઓનાં જૂથ આવે - અમેરિકન, અંગ્રેજ, ઇટાલિયન, હૉન્ગકૉન્ગનાં ચીની. હું એકલી જ હતી. નૌકાની અંદર ઘણાં ટેબલ-ખુરશી હતાં. એક ટેબલ મારે માટે હતું. સૂકવેલાં ફળ- નારંગી, પાઈનેપલ, નાસપતિ, સફરજન – પીપરમીટની જેમ કાગળમાં લપેટાયેલાં હતાં. મેં ખાઈ જોયાં, પણ ખૂબ ગળ્યાં લાગ્યાં. ઓસ્માન્થસ ફૂલોની ચીની ચા પી જોઈ. નહોતો એમાં બહુ સ્વાદ કે નહોતી સુગંધ, ને પાણી પૂરતું ગરમ નહોતું થયું. એમ તો, નૌકા પણ ઠંડી જ હતી. બધાં પ્રવાસીઓ આવી ગયાં, નૌકા ભરાઈ ગઈ, બધાંની સામટી વાતોથી ઘોંઘાટ થઈ ગયો. એક પછી એક નૌકાઓ નદીમાં સરવા માંડી. એ સાથે જ ઠંડા પવનથી નૌકા ભરાઈ ગઈ. દાંત ભીંસીને એ સહન કરવાનો પ્રયત્ન હું કરતી રહી.

આશ્ચર્ય! ઉપરના ખુલ્લા તૂતક પર અમુક દિશામાં પવન નહોતો લાગતો. એના થોડા ભાગમાં છાપરી કરેલી હતી. ત્યાં પાછી નાની દુકાન બેસાડેલી. નૌકાના પાછલા ભાગમાં ઊભી ઊભી કેટલીક સ્ત્રીઓ શાક સમારી રહી હતી, અને બપોરના ભોજનની તૈયારી કરી રહી હતી. મને વિચાર થયો, 'શું મળવાનું હશે મને?'

લિ નદી વળાંક પછી વળાંક લેતી રહેતી હતી. કેટલો બધો નિખાર પ્રસરેલો હતો ચોતરફ! □



બચુભાઈ રાવત જન્મશતાબ્દી

'કુમાર'ના ઘડતરમાં જેમણે પોતાના સમગ્ર અસ્તિત્વને અંત સુધી ઓતપ્રોત રાખ્યું હતું તે 'કુમાર'ના ભૂતપૂર્વ તંત્રી બચુભાઈ રાવતની જન્મશતાબ્દીનું આ વર્ષ છે. ૧૯૯૮ના ફેબ્રુઆરી માસનો 'કુમાર'નો અંક તેમને સમર્પિત હશે.

તેમાં બચુભાઈ રાવતનાં લખાણો એકત્ર કરી પ્રસિદ્ધ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. આથી જે કોઈની પાસે કોઈ વિશિષ્ટ મુદ્દાની છણાવટ કરતા બચુભાઈના પત્રો કે અન્ય લખાણો હોય તેમણે તે કુમાર કાર્યાલયના સરનામે ઝેરોક્ષ કરીને નવેમ્બર ૧૯૯૭ના અંત સુધીમાં મોકલી આપવાનો અનુરોધ કરીએ છીએ. સ્વ. બચુભાઈના લેખો 'કુમાર' સિવાય અન્યત્ર પ્રકટ થયા હોય અને તેની વિગત જેમની પાસે હોય તેમણે તે પણ મોકલી આપવા વિનંતી કરીએ છીએ.

- તંત્રી

લઘુકથા

ફોતરાં

ભગીરથ બ્રહ્મભટ્ટ

હાથમાં મગફળી આવે છે ને મને યાદ આવે છે અનુ. મગફળી અને અનુ મારે મન એક થઈ ગયાં છે.

અનુ પાતળા બાંધાની ઊંચી, ગોરી, કસરતબાજ. એનું શરીર રબરની જેમ વાળતી. નાનપણથી જ હું એના ઉપર મુગ્ધ. નિશાળમાંય સાથે. રિસેસમાં એ મગફળીઓ લાવતી. અમે ફોલતાં - ખાતાં. મગફળી આંગળીઓ વચ્ચે ગોઠવાઈ જતી. અંગૂઠાના સ્પર્શે 'ટપ્પ' કરતો અવાજ થતો, મગફળી ફૂટતી. એમાંથી દાણા બહાર આવતા. દાણા અમે ભેગા કરતા... પછી એકેક કરીને...

એકવાર અનુએ પૂછેલું :

'દાણાને બંધ બેસતું આવી ગયું હશે ફોતરાંનું કવચ કે ફોતરાં વિકાસ પામ્યાં હશે દાણા સાથે?'

મેં કહેલું : 'બંને.'

એ ત્યારે તો હસી પડેલી.

ઘણીવાર એ એની બંને મુઠ્ઠીઓ વાળીને મારી સામે ધરી મને પૂછતી : 'આમાં તારી કઈ?'

હું જે મુઠ્ઠી માંગતો એમાંથી ફોતરાં જ નીકળતાં. એ હસી પડતી.

પછી તો એ લગ્ન કરીને ક્યાં ખોવાઈ ગઈ, શી ખબર? પણ... મારી આંખોનાં ફોતરાં શોધે છે એના દાણા!!

આજે ચાલીસમે વર્ષે પણ જ્યારે જ્યારે હાથમાં મગફળી આવે છે ત્યારે હાથનાં ટેરવાં વચ્ચે પારેવાની જેમ ગોઠવાઈ જાય છે. અંગૂઠાના સ્પર્શથી એનો અગ્રભાગ ફૂટે છે - તૂટે છે ને અંદરથી બહાર નીકળે છે અનુ. હાથમાં રહી જાય છે કેવળ ફોતરાં. એ ફોતરાંને ઉદ્દેશીને મારાથી આજે બોલી પડાય છે : 'કાળાન્તરે કદાચ દાણા બગડે, ફોતરાં બગડતાં નથી.' □

ધ્યાનકથા

અર્થ-અનર્થ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાને તેમના શિષ્યે પૂછ્યું : 'આપની દૃષ્ટિએ જ્ઞાનની પરિભાષા શું હોઈ શકે?'

'જેની પરિભાષા હોય, એ ક્યારેય પણ જ્ઞાન ન હોઈ શકે.' ને માર્મિક રીતે જવાબ આપતાં બજુવાએ ઉમેર્યું : 'મારે મન જ્ઞાન એટલે કક્કો ને બારાખડી!'

'પણ કક્કો અને બારાખડીનો શો અર્થ?' શિષ્યે ફરી પ્રશ્ન કર્યો.

બજુવાએ સ્પષ્ટતા કરી : 'કંઈ જ નહીં. જેનો કંઈ જ અર્થ નથી એ જ તો કદાચ જ્ઞાન હશે.'

'તો પછી અર્થનું શું?' શિષ્યે પૂછ્યું.

બજુવાએ હસતાં હસતાં જવાબ આપ્યો : 'ભઈલા, એની તો મને પણ આજ સુધી ખબર પડી શકી નથી. પછી તેનો પણ હું શો જવાબ આપું?'

'જો અર્થની જ ખબર પડી ન શકે તો આખરે જ્ઞાનનું પ્રયોજન શું?'

બજુવાએ હસતાં હસતાં જવાબ આપ્યો : 'કંઈ જ નહીં! પ્રયોજન તો જેમાં કંઈક ઉમેરવાનું હોય કે કંઈક બાદ કરવાનું હોય એનું જ હોઈ શકે.'

શિષ્યે દલીલ કરી : 'તો શું જ્ઞાનમાં કશું ઉમેરી કે બાદ ન કરી શકાય?'

'ના, જ્ઞાન તો પરમ સત્તા છે. એમાં કશું ઉમેરવાનો કે એમાંથી કશું બાદ કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.' બજુવાએ કહ્યું.

'જો જ્ઞાન જ પરમ સત્તા છે તો જીવનમાં અંધકાર-અજ્ઞાનને અરાજકતા શા માટે?'

'આવો પ્રશ્ન પૂછવો કે તેને સમજવા પ્રયત્ન કરવો એ પણ ધુમાડાને બથ ભરવા જેવું જ છે. માટે આનો પણ હું કંઈ અર્થ જોતો નથી.' બજુવાએ ફરી સ્પષ્ટતા કરી.

શિષ્યે આખરી પ્રશ્ન પૂછ્યો : 'તો પછી આખરે આપને જીવનમાં અર્થ શેમાં દેખાય છે?'

ને ગુરુએ સોયની ધાર જેવી મર્મવાણી ઉચ્ચારી : 'તું અર્થોની પાછળ દોટ મૂકીને જે અનર્થો ઊભા કરે છે તેમાં!!' □

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨)



જયન્તીલાલ મહેતા

ઈ.સ. ૧૯૦૨-૧૯૦૬ વડોદરા કોલેજમાં હૉસ્ટેલમાં રહી મુનશીજી બી.એ. થયા તેનાં ખટમીઠાં સ્મરણો મુનશીજીએ 'અડધે રસ્તે'માં આબાદ ચીતર્યાં છે અને તેમ કરતાં કરતાં મુનશીજીના જીવનઘડતરમાં આવતા પલટાઓ પણ પ્રામાણિકપણે વર્ણવ્યા છે. શરમાળ, શરીરથી દુબળા, લગભગ છોકરી જેવા નાજુક મુનશી હવે જુવાનીમાં આવતા તોફાની, ટીખળી બને છે અને તેમના સ્વભાવમાં ઊંડે રહેલી નેતાગીરી પણ તેઓ આદરે છે. તેમના એક નવા નિમાયેલા ફેલોની ખીલી ઉડાવવામાં અને સાથીદાર મિત્રો તથા પ્રોફેસરો સાથેની દોસ્તીમાં તેમની કલમ ખીલે છે. હૉસ્ટેલની ગોબરી ખોલીમાં પથારીમાં આખી રાત માકણોનું રાક્ષસી સૈન્ય તેમની ઊંઘ કેવી હરામ કરે છે તેનું વર્ણન જાણે જ્યોતીન્દ્ર હ. દવેના પુરોગામી પ્રકટતા હોય તેટલું સશક્ત અને સચોટ છે : '...આ વીરોની અનેક જાત સાથે મારે આખી જિંદગી લડવું પડ્યું છે. વીંટીમાં જડવા જેવા નાના ગોળ માકણની જાત જોઈ છે. રમવાના પાનામાં ચીતરી હોય એવી હૃદય-ઘાટની લાલ બદામની જાત પણ જોઈ છે. મધરાતે પેરેસ્યુટીસ્ટ માફક સીધા પથારીમાં પડી દિવસ ઊગ્યા પહેલાં ઉપર ચડી જનાર જર્મન રેઈડરના આદર્શરૂપ, બીજાપૂર જેઈલના લાંબા જાડા ઘઉં જેવા ઘાટના વીરો પણ નિહાળ્યા છે અને યરોડા જેલના ગોળ સળીઆ જેવાનો પણ મને પરિચય થયો છે. પણ ચપળતામાં કે હિંમતમાં, આક્રમણ કરવાની અડગતામાં કે ડંખ દેવાની ચીવટમાં આ માકણોનો જોટો મેં જોયો નથી... વિષ્ણુની માફક ક્ષીરસાગર કે શિવની માફક હિમાલય પર જઈ બેસવાની અમારી શક્તિ ન હતી. એટલે અમે બંને આખી રાત વિનાશકતા પ્રસારી રહ્યા. સવાર પડી તે અમે થાક્યા, તો પણ દુશ્મનોનો પૂર્ણ સંહાર ન કરી શક્યા. સૈન્યનો મોટો ભાગ, એમણે લૂંટેલા રુધિરથી સમૃદ્ધ પોતાના ગઢોમાં સંતાઈ ગયો...'

મુનશીજી અને તેમના દોસ્ત પ્રાણલાલ કીરપારામ દેસાઈ ઊર્ફે પી.કે.ની પ્રેક્ટિકલ જોક્સના પાનાં ભરીને પ્રસંગો ચીતર્યા છે. પણ તેમાં પેલા બોચિયા નવા ફેલો ભટ્ટના કિસ્સાઓમાંથી એક કિસ્સો માણીએ : ''...એવામાં 'વાંકાનેર નાટક મંડળી' વડોદરે આવી ને બે-ચાર દિવસ પછી હું મારા મિત્રોને નાટક જોવા લઈ ગયો. મેં ભટ્ટને અમારી સાથે આવવાનું બહુ કહ્યું. પણ તે એકનો બે ન થયો. 'મારા બાપાએ મને અહીં ભણવા મોકલ્યો છે, નાટક જોવા નહિ.' 'ઓત્તારા બાપા' એક અનાવિલ મિત્રે જવાબ દીધો. જ્યારથી અમારા બાપાઓએ અમને નટ થવા કોલેજમાં મોકલ્યા છે એવો ધ્વનિ ભટ્ટે કાઢ્યો ત્યારથી એની સગવડ જોવાની અમારી જે જુમ્મેદારી હતી તે જતી રહી... રાતના બે-ત્રણ વાગે નાટક પુરું થાય એટલે ધીમે ધીમે ચાલતા રાગ બેસાડતાં અમે પાછા આવીએ અને પ્રાણલાલભાઈને ગાવાનું શૂર ચડે તો અમે સાથ આપવા તૈયાર જ હોઈએ. એક શનિવારે અમે 'નર્મદા' નામનું નાટક જોઈ આવ્યા અને ત્રણેક વાગ્યે પ્રાણલાલભાઈએ એમના બુલંદ અવાજમાં લલકારવા માંડ્યું :

બલિહારી, જાઉં વારી, તારી પ્રીતમાં
તારી આંખોના તારા,
મને પ્રાણથી પ્યારા.
પ્રિય થાશો ના ન્યારા
જો...બન લૂંટનારા...

અને અમે બધા ચગ્યા. ગીતે સંઘગાનનું સ્વરૂપ લીધું. એક જણે ટેબલ પર તાલ આપવાનું શરૂ કર્યું. બીજાએ હોઠ વતી હાર્મોનિયમ વગાડવાનું શરૂ કર્યું. આ રીતે પરોઢિયે 'ડાઈસેક્શન હૉલ' ગાજી ઊઠ્યો...

જમતી વખતે ફેલોસાહેબે કટાક્ષ કર્યો : 'ડાઈસેક્શન હોલમાં તો રાતે બુલબુલ બોલતાં હતાં.'

'બુલબુલ હતાં તે?' પ્રાણલાલભાઈ જવાબ વાળ્યો, 'કાગડા તો નહોતા તે?'

ભટને ચાટી ગઈ. 'હું' જોઈ લઈશ 'એવી ધમકી આપી.'' પ્રિન્સિપાલને ફરિયાદ કરી. પ્રિન્સિપાલ આર્તસાહેબ તથા વૃદ્ધ આનંદી મોટા મનના પ્રોફેસર તાપીદાસ'કાકા'એ મુનશીજી તથા મિત્રોને બોલાવ્યા. ઊલટતપાસ ચાલી. મુનશીજીને મિત્રોએ આગળ કર્યા. જુબાની આપતાં બોલ્યા : 'સાહેબ', મેં કહ્યું, 'અમે શનિવારે રાતે નાટકમાંથી આવી જરા ગાયન બેસાડતા હતા. એટલે ભટે જઈને ફરિયાદ કરી...

''ગાયું એમાં શું થયું?' આર્તસાહેબે કહ્યું, 'પણ ભટનું ને ફેલોનું અપમાન કર્યું?'

'ના સાહેબ. બપોરે અમે ઉંઘતા હતા ને ભટને ફેલો સાહેબ આવ્યા. એમણે બારણા ઠોક્યાં તે અમે સાંભળ્યા નહિ. સાહેબ, એ અમારી ગુનેગારી?'

'પણ એમાં અપમાન કેવી રીતે થયું?' કાકાએ પૂછ્યું.

'કંઈ નહિ સાહેબ, ઉલટું એમણે અમને અડધો કલાક ઠપકો આપ્યો.'

'ધેટ્સ ઇટ' કાકાએ ફેલોને કહ્યું. અરે આ છોકરો અપમાન કરે? અને તું, એમને આવાં લેક્ચર આપે? બે મહિના પર તો તુંય વિદ્યાર્થી. ગાયન ગાયું એટલે ગૂનો? અરે ભાઈ, આવા છોકરાઓ જોડે બે ઘડી બેસીએ, બોલીએ! અને અમને કહ્યું: 'જાવ, દંડ માફ. ખબરદાર ફરીથી ફેલોનું અપમાન કર્યું છે તો...'

કૉલેજની આગેવાન ટોળકીનો હું પ્રિય થઈ પડ્યો. કૉલેજનું વાતાવરણ મેં 'સ્વપ્નદૃષ્ટા'માં વર્ણવ્યું છે...."

કૉલેજકાળનાં સંસ્મરણો નોંધતા મુનશીજી 'અડધે રસ્તે'માં આગળ લખે છે : "...દુકાળિયો ખાઈ ખાઈ ધરાઈ નહિ તેમ હું વાંચતા ધરાયો નહિ. મેં લીટન, મેરી કોરેલી, ને દુમાની વાર્તાઓ વાંચી. સર વૉલ્ટર સ્કોટની વાર્તાઓ પણ વાંચી. પરંતુ તે મને બહુ ગમી નહીં... મારું સાંસ્કૃતિક ઘડતર પૌરાણિક હતું તેનું પરિવર્તન થતું ગયું. સંધ્યા કરવાનું છોડ્યું ને વર્ણાશ્રમમાં શ્રદ્ધા મળી. એટલે દૂધમાં લીંબુનું ટીપું પડે ને તે જેમ ફાટે તેમ મારું આખું માનસ સંશયનો સ્પર્શ થતાં રૂપાન્તર પામ્યું. ત્રિકાલસંધ્યા છોડી મેં પ્રાર્થનામાલાની પ્રાર્થનાઓ બોલવા માંડી હતી. તે વાંચતા બાઇબલમાં રસ જાગ્યો. મેં એકવાર નોંધ્યું : 'ખ્રીસ્તી ધર્મ હું ધારતો હતો તેવો નિર્જીવ નથી. ઈશુ ખ્રીસ્ત આદર્શ પુરુષ છે.' ૧૯૦૨-૦૩માં ખ્રસ્તી ધર્મ વિષે મેં ઘણું વાંચ્યું. તેમાં જ્યારે ડીન ફેરારનું રચેલું ખ્રિસ્તનું જીવનચરિત્ર વાંચ્યું ત્યારે થોડો મોહ ઉતર્યો. પણ મેં નોંધપોથીમાં લખ્યું હતું : "ખ્રીસ્તી ધર્મમાં ઈશ્વરનો ખ્યાલ મૂર્ખાઈભર્યો છે. માણસ જેવો ઈશ્વર, તેને વળી દીકરો, અને વળી સાથે સિંહાસન! ખ્રિસતી ધર્મ બાલિશ છે.' પાછળથી ઈશુ ખ્રિસ્તના વ્યક્તિત્વની મોહિની વધી... પી. કે. સાથે તત્ત્વજ્ઞાનની ચોપડીઓ વાંચવાના મેં બાલિશ પ્રયત્નો કર્યા. પેઈનના 'માનવીના હક્કો', મીલનું 'સ્વાતંત્ર્ય', મીકેલેટનું 'ફ્રાન્સનો વિપ્લવ' વગેરે પુસ્તકો વાંચી વિપ્લવ વખતે ફ્રાન્સની જેવી મનોદશા થઈ હતી તેવી મારી થવા લાગી. જૂનાં બંધનો નવા વિચારના સંઘર્ષણથી શિથિલ બન્યાં. ફ્રેન્ચ વિપ્લવના અભ્યાસથી. સ્વાતંત્ર્ય અને સમાનતાનું મને ગાંડું લાગ્યું. સમાનતા એટલે વર્ણાશ્રમનો વિધ્વંશ એ તો તરત સમજાઈ ગયું. પણ ધીમે ધીમે અંગ્રેજ કલેક્ટર અને દેશી ડેપ્યુટી કલેક્ટર વચ્ચે જે ભેદ હતો તે પણ સમજાયો... એક પ્રસંગ મને યાદ છે, કે જ્યારે રંગભેદમાં રહેલી અધમતાનો મને સચોટ અનુભવ થયો.

"સુરતમાં જ્યારે બાપાજી કલેક્ટરને મળવા જતા ત્યારે બંગલાની અંદર જતી હતી. ભરૂચમાં પણ પહેલાં એ પ્રમાણે જતી હતી. પછી એક નવા ગોરા કલેક્ટર બહાદૂરે શિરસ્તો બદલ્યો. અમારી ગાડી બંગલા બહાર રોકવામાં આવી... બાપાજી લાલચોળ થઈ ગયા. મને પળવાર થયું કે એ ગાડી પાછી વળાવી લેશે પણ એમણે ગજવામાંથી રૂમાલ કાઢ્યો, મોઢું લૂછ્યું, ગાડીમાંથી ઊતર્યા ને અંદર ગયા. ગોરી પ્રજા સરકાર હતી ત્યારે બાપાજી તેના નોકર હતા. હું માનતો કે અમે ઋષિઓનાં સંતાન હતાં. બાપાજી કાર્યદક્ષ અને પ્રમાણિક હતા ને સ્વભાવે રાજા જેવા હતા. છતાં એક ગોરા રાજ્યકર્તા આગળ અમે હડધૂત કરી શકાય તેવા કૂતરા સરખા – ઉપયોગી પણ તિરસ્કરણીય – પ્રાણી હતા. આ પ્રસંગ પછી હું અંગ્રેજ અમલદારોને બ્રીઆં-દ-બ્વા-ગિલબેરો (સ્કોટની 'ઇવાનહો' નામની નવલના એક દુષ્ટ અને અભિમાની સરદારનું નામ) કહેતો. કલેક્ટરે આ અપમાનથી મારા પૂજ્ય બાપાજીને દેવસિંહાસનેથી ઉથલાવ્યા હતા તેનું વેર લેવાના ઝનૂનથી હું ક્યાંય સુધી અસ્વસ્થ રહ્યો. પરશુરામે નક્ષત્રી ભૂમિ

૧૯૦૪માં વડોદરાની કૉલેજમાં →



૧૯૦૦માં ૧૨ની વયે મુનશી



પત્ની અતિલક્ષ્મી ૧૯૨૩માં



કરી તેમ હું 'નાંગ્લ' ભૂમિ કેમ ન કરી શકું તેવા તુક્કાઓ પણ સેવવા બેઠો. આ પ્રસંગનું સ્મરણ ઊંડા ગયેલા ડામની માફક મારા મગજના પડેપડમાં ઉતરી ગયું અને રંગ અભિમાન દેખાય કે મારી આંખમાં ઝેર ઉમટવા માંડ્યું... હિંદમાં મોટો વિપ્લવ થાય તો ગાયકવાડ સરકાર હિંદી સ્વાતંત્ર્યના વિક્ટર ઈમેન્યુઅલ બનશે - એવી આશાઓ જે વિદ્યાર્થીઓ સેવતા તેમાંનો હું પણ એક હતો...

"....અરવિંદ ઘોષ પહેલાં થોડો વખત પ્રીન્સીપાલ હતા ત્યારે હું એમના સંસર્ગમાં આવ્યો હતો. હું અને એક મિત્ર એમને ખાસ મળવા ગયા. જે પ્રશ્ન હું પૂછવા ગયો હતો મેં ડરતા ડરતા ઉચ્ચાર્યો : 'રાષ્ટ્રિયતા કેમ કેળવાય?' એમની મંદ અને મીઠી રીતે એ હસ્યા. ને ભીંત પર હિંદુસ્તાનનો એક નકશો હતો તે બતાવી કહ્યું : 'પેલો નકશો જોયો? ભારતમાતાનું આ ચિત્ર નકશામાં જૂઓ. એનાં શહેરો ને એના પર્વતો, એની નદીઓ ને એનાં જંગલો - એ એનો સ્થૂળ દેહ. એના નિવાસી માત્ર એના નાનામોટા તંતુઓ, એનું સાહિત્ય તે એની સ્મૃતિ ને એની વાણી, એનું જીવન એ ચેતન, એની સંસ્કૃતિની ભાવના એ એનો પ્રાણ. એનું સ્વાતંત્ર્ય અને સુખ તે એનો મોક્ષ. આમ ભારતનું જીવતી માતા રૂપે ધ્યાન કરો ને એને નવધા ભક્તિથી ભજો...

"...અરવિંદ ઘોષ રજા લઈ કલકત્તા ગયા. ત્યાં એમણે રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં ઝૂકાવ્યું અને 'વંદેમાતરમ્'નું તંત્રીપદ લીધું. એ વિષેનો ઉલ્લેખ મેં 'સ્વપ્નદ્રષ્ટા'માં કર્યો છે. અરવિંદ ઘોષના 'વંદેમાતરમ્'ના લેખો વાંચી હું વેંતવેંત ઉછળતો... હું વિવેકાનંદની કૃતિઓ વાંચવા લાગ્યો. એ કૃતિઓ વાંચતા ભગવાન પતંજલિની મને પહેલી વાર ઓળખાણ થઈ... મારી પાસેનું એ 'યોગસૂત્ર' આજે જૂનું થઈ ગયું છે. એના પૂંઠા પર પૂંઠા ચડાવ્યા છે. સેંકડો વાર એને વગર સમજ્યે કે ઉંધું સમજ્યે મેં વાંચ્યું છે. હજી આજેય (૧૯૪૩માં ૫૬ વર્ષની વયે) ત્રીજા ને ચોથા પદમાં ચાંચ બૂડતી નથી. છતાં મેં એને વડોદરા કોલેજની અગાસીમાં વાંચ્યું; મુંબઈમાં કાંદાવાડીથી રીજરોડ સુધી વાંચ્યું. નાશિક ને બીજાપુર જેલમાં વાંચ્યું. આજે યરવડા મંદિરમાં - જે વૃક્ષની નીચે યોગની અર્વાચીન મૂર્તિ સમા ગાંધીજીએ - ૧૯૩૨માં યોગબળે હિંદુધર્મ ને સમાજની એકતા સાચવી - તેમની સમક્ષ આ લખું છું ત્યારે એ સામે જ પડ્યું છે. આમ પતંજલિ મારા જીવનના સાથી છે - સુખમાં, દુઃખમાં, એકલતામાં ને સંઘમાં મને રક્ષતા, ડૂબતો અટકાવતા મને પ્રેરતા તે દોરતા... ભગવાન પતંજલિના સ્પર્શે મારો પાશ્ચાત્ય સંસ્કારનો અંધ મોહ ઓસરવો શરૂ થયો..."

એક તરફ વડોદરાનું રંગબેરંગી કોલેજજીવન વિલસતું હતું અને મુનશીજીની જુવાની ગરમ થતી હતી. ત્યારે ભરૂચમાં શું થતું હતું? અડધે રસ્તે બોલે છે : "ઈ.સ. ૧૯૦૩ના માર્ચ કે એપ્રિલમાં બાપાજી જોડે હું ફરી ડુમસ ગયો. ત્યારે ચાર દહાડા એ બાલિકાને મળ્યો. વાસ્તવિક રીતે તો એ સામાન્ય પ્રસંગ હતો; પણ એ મારા જીવનમાં તો સીમાચિહ્ન રૂપ બની ગયો. ડુમસથી પાછા આવતાં એ બાલાએ મારી કલ્પનાનો કબજો લઈ લીધો. દિવસે તેનું હાસ્ય સંભળાય; રાતે તેને હું દેખ્યા જ કરું. ઉત્તેજાયેલી કલ્પનાએ નાનકડા અનુભવમાં રંગ પૂર્યા. હું સાત વર્ષ થયા એને જ ઝંખતો હતો. (૧૮૯૬માં પ્રથમ વાર ડુમસ જવાનું થયું ત્યારે પડોશમાં રહેતી એક નાનકડી કિશોરી કનુભાઈના હૈયામાં હૃદયની દેવી જેમ વસી ગયેલ) તે પણ મને જ ઝંખતી હતી. અમે બંને પરણવા સર્જાયાં હતાં. હું એના વિના તરફડતો હતો. એ મારા વિના ઝૂરી મરતી હતી.. વાર્તાઓથી મારું મગજ ભરેલું હતું. નાટકોએ મને ઘણા પાઠો ભણાવ્યા હતા. પ્રેમનાં ગાયનો તો જિહ્વાગ્રે હતાં. આ બધી સામગ્રીઓ ભેગી મળવાથી હું વિરહઘેલી ગોપી જેવો બની ગયો; ને આખો વખત ભગ્ન હૃદયે ગાયા કરતો :

> હો મને ભૂલી ગયો છે મારો છેલડો રે,
> ખોટી ખોટી કાનુડા તારી પ્રીત, મારા લાલ!
> મને ભૂલી ગયો છે મારો છેલડો રે!

'વેરની વસૂલાત'નાં કેટલાંક પ્રકરણોની જીવંતતા વર્ષોનાં આંસુ સીંચી મેં આમ ઉછેરી..."

મુનશીજીનાં અનેક રૂપોમાં એક રૂપ એમના અપૂર્વ કલ્પનાવિલાસનું રહ્યું છે અને તેમની આ અખૂટ કલ્પનાશીલતાએ જ તેમની ભાતીગળ જિંદગીને ભરીભાદરી બતાવી છે તેના આવા તો કેટકેટલા પ્રસંગો, કિસ્સાઓ, સર્જનો આપણને આખે રસ્તે ભેટતા રહી રહી આપણી આ મુનશીયાત્રાને તરબતર કરતા રહેશે.

દરમ્યાન મુનશી-કલમ ભરૂચના જીવનની કિતાબ ખોલે છે : "...તાપીબાને 'ભાઈ' સંબંધી એક મોટી ચિંતા ઊભી થતી જતી હતી. એની વહુ બાર વર્ષની થઈ ગઈ હતી. એટલે એ વખતના શિષ્ટાચાર પ્રમાણે થોડા દિવસમાં જ તેને સાસરે બોલાવી લેવાની જરૂર ઊભી થઈ હતી. વહુના માબાપનું ઘર સામા ફળિયામાં જ હતું. એટલે તાપીબા રોજ વહુને જુએ કે તેની ચિંતા વધે. વહુ હતી તો ફૂટડી - પણ શરીરમાં છેક નાની હતી ને એને ભણાવવાની કોઈ તસ્દી લેતું જ નહિ. સંસ્કારી સાસરિયામાં જે પ્રકારની રીતભાત જોઈએ તે તેને કોઈ શીખવતું નહિ. 'ભાઈ' તો મોટી મોટી વિદ્વાન સ્ત્રીઓની વાતો કરતો હતો ને એનો વહુ તરફનો અણગમો વધતો જતો હતો. શું થશે? આ વહુ ઘર માંડશે? 'ભાઈ'નું શું થશે?... બાએ વહુને ઘેર રાખી ભણાવવાનો નિશ્ચય કર્યો, જેથી ભાઈને એ બહુ ગમે. આ વાત જાણી પિયરિયાં

ગુસ્સે થઈ ગયાં. પિયરિયાંને રૂખીબા ઉત્તેજન આપતાં : 'એ ચીમન મુનશીની છોકરીને હું ઓળખું છું. તમારી છોકરીનો જરૂર ભવ બાળશે.'

"...અને આથી ભાઈને મનાવવાનું કામ તાપીબા માટે ખૂબ જ અઘરું થઈ પડતું. વહુ વિષેના ભાઈના ખ્યાલ નાટકી હતા. એને તો સાથે ગાય, વગાડે ને અંગ્રેજીમાં વાતો કરે એવી વહુ જોઈએ. ને એને આવી વહુ પરણાવી તે માટે ભાઈ ખૂબ જ અકળાય. 'વહુ અભણ છે, મૂર્ખ છે, એની માએ એના દાંત રંગ્યા છે માટે હું એને નહિ બોલાવું' એવી વાતો કરે. ઘણી વાર તો ખૂબ અકળામણ થતાં ભાઈ બિચારો આંસુ સારે. આ સંકટનો ભાર વહેવાને પણ તાપીબા દૃઢતાથી તૈયાર થઈ. તેણે વહુને બોલાવી ને પોતાને ત્યાં રાખી. પિયરિયાં કકળવા લાગ્યાં. એને એમને ત્યાં જતી બંધ કરી. રૂખીબાએ ફોસલાવી વાતો કઢાવવા પ્રયાસ કરવા માંડ્યા એટલે રૂખીબા સાથે પણ બોલતી બંધ કરી... પોતાની બુદ્ધિના ગર્વમાં મસ્ત, પોતાની સમૃદ્ધ ઊર્મિ ને કલ્પનાથી ઘેરાયેલો દીકરો તો માને દોષ દેતો રહ્યો... એપ્રિલ ૧૯૦૪થી તે એક વર્ષ સુધી તાપીબાએ અનહદ પ્રયાસ કર્યા. બોલવું ને બેસવું, ચોટલો ને ચાંલ્લો કરવો, રાંધવું ને વાસણ માંજવા, વાંચવું ને લખવું - એ બધી કલાઓ તાપીબાએ નાની વહુને શીખવવા માંડી... પરિણામે પુત્ર ૬-૨-૧૯૦૫ને દિવસે નોંધપોથીમાં હૃદય ઠાલવે છે : 'જે છોકરીને હું સ્વીકારવાનો છું ને જરા પણ મારી ધારણા પ્રમાણે નીકળશે તો હું જોરજુલમથી પણ મારું જીવન સીધું ચલાવીશ.' આમ તાપીબાએ પોતાના વહાલસોયા દીકરા પર વિજય મેળવ્યો.

"...લક્ષ્મીના - હું અતિલક્ષ્મીને લક્ષ્મી કહેતો - પિતાના ઘરને એ વખતે નવા સંસ્કારોનો જરા પણ સ્પર્શ થયો નહોતો - લક્ષ્મીનું શરીર તદ્દન નાનું હતું એટલે એને બધાં નિર્જીવ ગણતાં. તેર વર્ષે તે માત્ર આઠ વર્ષની લાગતી. ત્રણ-ચાર વર્ષની હતી ત્યારે તેનો વિવાહ થયેલો. બધા જેને કનુભાઈ કહેતા હતા તે એનો વર હતો, વડોદરે ભણતો હતો. વર ભરૂચ આવે ત્યારે તેને એ બારણા પાછળથી, ન્યાતમાં કે સાસરે જાય ત્યારે નિહાળીને જોતી. વળી તે સાસરે જમે ત્યારે તેની પછી તેના ભાણામાં બેસી એ જમતી. તે એની પત્ની થવા સદાય તૈયાર રહેતી... એક વાર સાસુએ કહ્યું : 'દાંતે રંગ ન મુકાવતી, તારા વરને એ નથી ગમતું.' 'એમ તે કાંઈ ચાલે' એમ કહી એની બાએ રંગ મૂક્યો. બીજે દહાડે એને સાસરે બોલાવવામાં આવી. સાસુજીએ કહ્યું : 'ત્રીજે માળે જા, ભાઈ બોલાવે છે.' વહુના હાંજાં ગગડી ગયાં. દાદર ચડતાં સુધીમાં તો એના પગ બેવડાઈ ગયા. ઉપર ગઈ તો 'એ' મોટા ખાટલા આગળ ઊભા હતા. એમના મુખ પરથી લાગતું હતું કે એ બહુ ગુસ્સે હતા.

'તને બાએ કહ્યું હતું કે દાંત નહિ રંગવતી?'

વહુથી જવાબ ન દેવાયો. 'ત્યારે કેમ રંગાવ્યા?' તેમણે ભયંકર અવાજે પૂછ્યું. વહુ ધ્રૂજી રહી.

'મારી બાએ કહ્યું.' વહુથી બોલાઈ ગયું.

'તારે આ ઘરમાં રહેવું હોય તો મારું કહ્યું માનવું પડશે.' એમણે ગર્જના કરી. 'જા, ને કાલથી અહીં બા પાસે રહેજે. જા દાંત હમણાં ને હમણાં સાફ કરાવી નાખ, ને ખબરદાર! બાના કહ્યા વગર પિયર પગ મૂક્યો છે તો! જા.'

વહુ આજ્ઞા સાંભળી સાસુજી પાસે પાછી ગઈ. દાંત રંગવાના નહીં ને પિયર પણ જવાનું નહીં! નીચે સાસુજી પાસે પહોંચી ત્યારે એની આંખમાંથી આંસુ દડદડતાં હતાં. સાસુજીએ એને ઘણી સાંત્વના આપી. સાસરિયામાં રહેવાના કાયદા સમજાવ્યા, ને કહ્યું, 'જો કાલથી સ્લેટ અને પેન મંગાવશું. દાંત પણ સાફ કરાવી નાખશું. તું થોડા દહાડામાં હોશિયાર થઈ જશે.'

'નાની સરખી અજ્ઞાન વહુના મગજમાં પણ એક વસ્તુ દીવા જેવી હતી. 'એનો વર કહે એ જ વાત ખરી.' લક્ષ્મીમાં આર્ય સ્ત્રીનો વારસો અસ્પષ્ટ હતો. સાસુજીએ તે સ્પષ્ટ કર્યો...

"...બુદ્ધિના બડેખાં હોવાનું મારું અભિમાન ઓછું નહોતું. સોળમે વર્ષે તો મેં તત્ત્વજ્ઞાન વાંચવા માંડ્યું હતું. સત્તરમું વર્ષ પૂરું થતાં તો હું જર્મન તત્ત્વવેત્તા કેન્ટનું 'ક્રીટીક ઓફ પ્યોર રીઝન' સમજવાના ફાંફા મારતો હતો અને જેઓ ઓછી બુદ્ધિના હતા તેના તરફ તિરસ્કારની નજરે જોતો... બુદ્ધિના બળ વડે જ મારે જગત જીતવાનું બાકી હતું. ઊર્મિ, ઘેલછા અને અભિમાનમાં બહેકેલો હું સ્ત્રીની બાબતમાં સમાધાન કરવા યોગ્ય નહોતો. પણ જીજીમાના અદ્ભુત પ્રેમને વશ થઈ મેં આ સમાધાન કબૂલ્યું હતું... હું કલ્પનાવિલાસી હતો - તે સાથે 'કોન્યોસ્તિ સદશો મયા'ના ગર્વવાળો હતો... લક્ષ્મી નિર્દોષ, અજ્ઞાન અને શ્રદ્ધાળુ હતી. એની આંખોમાં સદાય ભક્તિ તરવતી. એ તો માત્ર મારી મહેરબાનીની દીન ભિખારણ હતી. એની જોડે ક્રૂરતાથી વર્તવાનું મારે માટે અઘરું થઈ પડ્યું. એટલે હું મારી જાત પર ક્રૂર થયો..." ૬-૫-૧૯૦૫ની નોંધપોથી બોલે છે : "વેદના ને જીવલેણ દુઃખ હું સખત અનુભવું છું... હું કેવો મૂર્ખ અને નિર્બળ થઈ ગયો છું... કોઈને માટે નહિ તો મારી બાની માટે તો મારે જીવવું જ રહ્યું... આવી ભૂંડી રજા મેં કદી ગાળી નથી. હું તો હૈયાભંગ થઈ ગયો છું...

"...એ વખતે મને જે દુઃખ થતું હતું તેના અગ્નિમાં દાઝતાં દાઝતાં મેં અનેક પ્રકારની નવી પ્રવૃત્તિઓ આદરી, રોજ રાતે અકળામણ થતી હોવાથી શેતરંજી પર સુવાનું શરૂ કર્યું. થાકી જવાય માટે બને તેટલું ટેનિસ રમ્યો. ઊંઘ ન આવે ત્યારે ઘાસના પટ પર પડી રહી ગ્રહો ને તારાઓ જોવા માંડ્યા. ક્લાસમાં હું

હાજરી પૂરાવવા માત્ર જતો - બાકીનો વખત વાંચ્યા કરતો... હિંદમાં રાજકીય પરિવર્તન થઈ રહ્યું હતું. ૧૯૦૫ની ૧૧મી ફેબ્રુઆરીને રોજ કર્ઝને હિંદીઓને જુઠા કહ્યા. ૧૯મી જુલાઈએ બંગભંગનો ઠરાવ બહાર પડ્યો. ૭મી ઓગસ્ટે આખા બંગાળે સ્વદેશીવ્રત લીધું. ૧લી સપ્ટેમ્બરે નવા પ્રાંતનું જાહેરનામુ બહાર પડ્યું. ૧૬મી ઓક્ટોબરે બંગભંગ અમલમાં આવ્યો. તે વખતની પરિસ્થિતિ અને બનાવોની મારા પર થયેલી અસર મેં 'સ્વપ્નદ્રષ્ટા'માં આલેખી છે. પણ એ સમયના એકબે પ્રસંગ વીસરી શકાય તેમ નથી...

"...એક રજાના દિવસે નિર્જન કોલેજના રસાયણશાસ્ત્રના ખંડમાં અમારે ભેગા થવાનું હતું. એક મિત્ર એ ખંડનું બારે ત્યારે તાળું ખોલી શકતો. બૉમ્બ બનાવવા વિષે તે દહાડે પ્રયોગ થવાનો હતો... છૂપી રીતે મળવાનું, તાળાને ખોટી કૂંચી લાગુ કરવાનું, ચોરીછૂપીથી બૉમ્બ બનાવવાનું - આ બધું મને રુચ્યું નહિ. વખત છે ને એ બધી પ્રવૃત્તિઓ માટે જોઈતી હિંમત મારામાં નહિ હોય. વખત છે ને કોઈ પણ વસ્તુ ગુપ્ત રાખવાની મારામાં સ્વભાવજન્ય અશક્તિયે હોય..."

૪૦ વર્ષો બાદ ૧૯૪૩માં 'અડધે રસ્તે' લખાણું ત્યારે મુનશીજી લખે છે : "...થોડાક મહિના અગાઉ હું વડોદરા એક મુકદ્દમા માટે ગયો. સાંજના હું એકલો પડ્યો એટલે કોલેજમાં ગયો. મેં મોટર બહાર ઊભી રખાવી. એ અર્વાચીન રાક્ષસથી મારે મારી સ્મરણસૃષ્ટિ ભ્રષ્ટ નહોતી કરવી. હું અંદર ગયો. ધીમેધીમે હું દરવાજાની બહાર જ્યાં કાલમાપક યંત્રવાળું ટાવર હતું ત્યાં જઈને ઊભો રહ્યો. હું બદલાયો હતો; આ મારો જૂનો મિત્ર તો હતો ત્યાં જ ઊભો હતો... ત્યાંથી કમાન નીચે થઈ મેં બંધ હૉલમાં દૃષ્ટિ નાંખી. ત્યાં અંધારું હતું. મેં એના પ્લેટફૉર્મ પર એક સોળ વર્ષના બાળકને જોયો. લબડતું ધોતિયું, વણઓળેલા વાળ... ચેધામ, શેરીડન કે સુરેન્દ્રનાથનાં ભાષણો ઉચ્ચારતો.

"ત્યાંથી મેં બાગમાં ડોકિયું કર્યું, ને ત્યાંના વૃક્ષો નીચે શેલીના 'એપીપ્સાઈકિડીયન'નું રટણ કરી હૃદયમાં પ્રણયવિહ્વલતા અનુભવી. તેના વંશવારસો અરક્ષિત દશામાં ઊભા હતાં. અહીંયા મેં ફૂલ વીણેલાં, સૂર્યકિરણોએ રચેલી ચન્દ્રકમય ચાદર પર પડ્યાં પડ્યાં 'આઈ એમ નોટ ધાઈન, બટ અ પાર્ટ ઑફ ધી'ના મંત્ર વડે મેં દેવીના દર્શન કરેલાં. પછી હું મહાદેવના પુરાણા મંદિરમાં ગયો. અહીં બેસીને મેં એની પૂજામાં અંધશ્રદ્ધા જોઈ હતી. મૂર્તિપૂજાની મશ્કરી કરી હતી. નાસ્તિકવાદનો વિચાર અને પ્રચાર કર્યો હતો. ધર્માંધ હિંદીઓ પર ફિટકાર વરસાવ્યો હતો. ત્યાંને ત્યાં જ એ બેઠા હતા - પાર્વતીના પતિ - જાણે મારી વાટ જોતા. મેં ઘંટ વગાડ્યો, એમની સમક્ષ ઉપહાર ધર્યો.

"...ધીમે ધીમે જૂનાં સ્મરણોનો સ્વાદ રસથી માણતો હું સ્કવેર બ્લોક તરફ ગયો. ત્યાં કોઈ નહોતું... જાણે મારા વિના નિર્જન, મારી વાટ જોતું એ મકાન ઊભું હોય એવો મને ભાસ થયો... હજારો વખત ચડઉતર કરેલા દાદર પર થઈ હું વીસમી ખોલી આગળ જઈ ઊભો. રૂમ બંધ હતી. પણ મારું હૈયું અને માનસિક આશ્લેષ દઈ રહ્યું - જાણે એ મારું ખોળિયું હોય અને મેં કોઈ બીજામાં કાયાપ્રવેશ કર્યો હોય તેમ - જાણે સવારમાં જ કોતર્યા હોય એવા કે. એમ. એ બે અંગ્રેજી અક્ષરો એક ભીંત પર હતા. હું થોડીવાર ત્યાં ઊભો રહ્યો - કલ્પના વડે એ વિનષ્ટ સૃષ્ટિને ફરીથી સર્જતો. મેં પી. કે. ને નાનાભાઈ ને આચાર્યના અવાજો સાંભળ્યા. મેં મારી જાતને પ્રણયગીત ગાતો સાંભળ્યો... કોઈ મહાયોગી પરલોકમાંથી કોઈ આત્માને બોલાવે તેવો મેં પ્રયોગ કર્યો... પણ તે ન આવી : વાસ્તવિક પ્રતિમામાં તે ભળી ગઈ હતી... ધીમે પગે હું દાદર ઉતર્યો, ત્યારે ઓટલા આગળ એક વૃદ્ધ ઘાટી બેઠોબેઠો અડધી અંધ આંખે ફાનસ સાફ કરતો હતો. મેં એને ઓળખ્યો, હું ઉમળકાભેર એ તરફ ગયો.

'હરિ!' આજ હરિ જે ફેલો જોડે ડાઈસેકસન હૉલના બારણાં તોડવા આવેલ તે.

વૃદ્ધ હરિએ ધીમેથી આ અપરિચિત લાગતા પુરુષ સામે જોયું. એની આંખમાં ઓળખાણની જ્યોત ન હતી. મેં એને બક્ષિસ આપી. એણે નોટ હાથમાં લીધી ને મોં ફાડ્યું. આવી બક્ષિસોથી પણ તે અપરિચિત હતો.

'આપ કુણ?' એનો અવાજ એનો એ જ હતો.

'શહેરમાં પ્રાણલાલ મુનશી વકીલ છે તેને ઓળખે છે?' મેં પૂછ્યું.

'હો! હો!'

'તેની સાથે તેનો ભાઈ અહીં ભણતો હતો એ યાદ છે?'

હરિએ ડોકું ધુણાવ્યું. અહીં નવી દુનિયા હતી, જેમાં કોઈને મારું સ્મરણ પણ નહોતું. હું ખેદભારે દબાતો પાછો આવ્યો' ને અર્ધસ્મૃતિ ગાયનની ટૂંક મારે મોઢે આવી :

ક્યાં હતો આ વ્રજ માંહિ, વિઠલ સંગ વિહાર;
પગ દેતાં ફરી આ સ્થલોમાં, આવે છે તેની મને યાદ રે..."

(ક્રમશઃ)

આવો, શીખીએ અંગ્રેજી

ધનુભાઈ મહેતા

[હિન્દુસ્તાન પર લગભગ સદીથી પણ વધારે સમયથી શાસક રહેનાર અંગ્રેજોને આજથી પચાસ વર્ષ પૂર્વે સ્વાતંત્ર્યની લડતની કામયાબી રૂપે આપણે આ દેશ છોડવાની ફરજ પાડી હતી. મનુષ્ય મનુષ્યનો ગુલામ ના રહી શકે એ પાયાની મૂલ્યવાન હકીકતને આમ સિદ્ધિની મહોર લાગી. પણ શાસક અને શાસિત વચ્ચે વૈરભાવ પણ ના સંભવી શકે તે ય પાયાની મૂલ્યવાન હકીકતને અવગણાઈ તે મોટું દુર્ભાગ્ય ગણાય. શાસકોને હટાવવાની સાથે આપણે શાસકો પ્રત્યેના માનવીય પ્રેમભાવને પણ જાણે ભૂલી બેઠા! આનું એક આત્યંતિક પરિણામ એ આવ્યું કે અંગ્રેજોની સાથેસાથે આપણે એમની ભાષા અંગ્રેજીને પણ શત્રુ ગણી હટાવવા કટિબદ્ધ બન્યા. આપણે એ ભૂલવું ના જોઈએ કે આજે વિશ્વમાં જ્ઞાનવિજ્ઞાનનો જે પ્રચંડ વિસ્ફોટ થઈ રહ્યો છે તેનાથી સુજ્ઞાત બનવા વિશ્વની સંપર્કભાષા અંગ્રેજીનો દ્વેષ આપણા જ વિકાસનાં દ્વાર ભીડી દેશે. આથી આપણને જ નહિ, વિશ્વની કોઈ પણ પ્રજાને અંગ્રેજી ભાષા પ્રત્યેનું વૈરઝનૂન પાલવે તેમ નથી. પણ આપણે કમભાગ્યે તેમ કરી બેઠા અને સ્વાતંત્ર્યોત્તર પેઢીનું અંગ્રેજી કાચું રહ્યું તે હવે વિવાદનો પ્રશ્ન નથી. અંગ્રેજીના શિક્ષણની અવગણના થઈ તેનું આ પરિણામ. માતૃભાષાનો મહિમા તો સર્વોચ્ચ છે જ, પણ વિશ્વની સંપર્કભાષાની અવગણના તો અક્ષમ્ય ગુનો છે. સ્વાતંત્ર્યની સુવર્ણજયંતી જ્યારે આવી પહોંચી છે ત્યારે એની શતાબ્દીને આંબતા પૂર્વે આ ભૂલને સુધારી લઈશું તો હવેની પેઢીને વિશાળ વિશ્વોન્મુખ કરી વિશ્વની વિકસિત પ્રજાની હરોળમાં એને ગૌરવપૂર્વક ઊભી રાખી શકીશું.

આ ખયાલથી માત્ર વિદ્યાર્થીઓ જ નહિ, પણ જે જે વ્યક્તિ અંગ્રેજીના ભાષાજ્ઞાનથી વંચિત છે અને જેને જેને એ શીખવામાં રસ છે તેમને અનુલક્ષીને આ લેખમાળા શરૂ કરીએ છીએ તે આ વિશિષ્ટ રાષ્ટ્રિય પર્વે આપણી આપણા રાષ્ટ્રને એક વિશેષાંજલિ બની રહેશે. આ લેખમાળાના લેખકે ૫૦થી પણ વધુ વર્ષોથી અંગ્રેજી ભણાવ્યું છે, બલકે દિલ દઈને શીખવ્યું છે. તેમના વિશાળ અને વ્યાપક અનુભવનો લાભ 'કુમાર'ના વાચકોને પ્રાપ્ત કરાવી આપવાની આ તકે આનંદ થાય છે. અમને શ્રદ્ધા છે કે આ લેખમાળા અંગ્રેજી શીખવા જિજ્ઞાસુ એવા સૌને ઉપયોગી બની રહેશે. — *તંત્રી*]

આપણા વિચારો, લાગણીઓ કે ભાવોની અભિવ્યક્તિ માટેનું ભાષા એક સમર્થ માધ્યમ છે. આપણે જેમ જેમ વિકસિત થતા ગયા, જેમ જેમ જ્ઞાન-વિજ્ઞાનનો વ્યાપ વધતો ગયો તેમ તેમ રોજબરોજ વપરાતી ભાષા શિષ્ટ અને સમૃદ્ધ બનતી ગઈ. સંસ્કૃત અને લૅટિન જેવી વપરાશમાં ન લેવાતી ભાષાઓ મૃતઃપ્રાય બની ગઈ. અલબત્ત, તેથી તેનું મહત્ત્વ લેશમાત્ર ઘટતું નથી. ભારતીય સંસ્કૃતિના અભ્યાસીઓ માટે સંસ્કૃતનો અભ્યાસ અનિવાર્ય છે, કારણ કે ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવતા વેદો, ઉપનિષદો, બ્રાહ્મણો, આરણ્યકો અને રામાયણ, મહાભારત તથા ભાગવત જેવાં મહાકાવ્ય વગેરે ગ્રંથો સંસ્કૃતમાં જ છે. યૂરપમાં જેને કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરવો હોય તેને માટે લૅટિન શીખવું જરૂરી છે. કારણ કે 'રોમન લૉ' લૅટિન ભાષામાં છે. ગાંધીજી બૅરિસ્ટર થવા વિલાયત ગયા ત્યારે કાયદાશાસ્ત્રનું તલસ્પર્શી જ્ઞાન મેળવવા માટે પહેલા તો તેમણે લૅટિન ભાષા શીખી હતી.

સંસ્કૃત અને લૅટિન ઘણી બધી ભાષાઓની જનની છે. આપણી માતૃભાષા ગુજરાતીનાં મૂળ સંસ્કૃતમાં પડ્યાં છે. નર્મદ-દલપત કે નવલરામના જમાનાની ગુજરાતી ભાષા આજે તો ખૂબ જ વિકસી છે અને સમૃદ્ધ બની છે. બ્રિટિશ શાસનકાળ દરમિયાન આપણે અંગ્રેજો અને અંગ્રેજી ભાષાના સંપર્કમાં આવ્યા. ગુલામ પ્રજા તરીકે આપણે અંગ્રેજી ભાષા ફરજિયાત ભણવી પડી. માત્ર અંગ્રેજોની ભાષા જ નહિ પણ તેમનો પોશાક પણ આપણે અપનાવ્યો. આપણી રહેણીકરણી પણ અંગ્રેજી રંગે રંગાતી ગઈ. મેકોલેએ અંગ્રેજોના વહીવટી કામ માટે આપણને અંગ્રેજી ભણાવી કારકુનો બનાવ્યા એવો એક આક્ષેપ મેકોલે અને અંગ્રેજ શાસનકર્તાઓ પર આપણે મૂકીએ છીએ. પણ આ આક્ષેપ અર્ધસત્ય છે. અંગ્રેજોનો હેતુ તો અંધકારયુગ દરમિયાન ઘોર અજ્ઞાનમાં ડૂબેલી આપણી પ્રજાને સુશિક્ષિત કરવાનો હતો. માત્ર કારકૂનો બનાવવાનો જ તેમનો સ્વાર્થી હેતુ હોત તો ફાર્બસ જેવા અંગ્રેજે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' કે 'ફાર્બસ સભા' જેવી સંસ્થાઓ ઊભી જ ના કરી હોત! અંગ્રેજી ભાષાના જ્ઞાને વૈચારિક ક્ષેત્રે આપણને કેટલા સ્વતંત્ર અને સમૃદ્ધ બનાવ્યા છે તે હકીકત આપણે ભૂલી ગયા છીએ. ફિરોઝશાહ મહેતા, ટિળક, ગોખલે, ગાંધી આદિ સમર્થ વ્યક્તિઓના સામર્થ્યનાં અનેક કારણોમાંનું એક કારણ આપણે અંગ્રેજી ભાષા શીખ્યા, તેનું અતિ સમૃદ્ધ સાહિત્ય વાંચ્યું તે છે. એ જમાનાના સમર્થ શિક્ષકોનો, આપણા દેશના મહાપુરુષો અને મહારથીઓના ઘડતરમાં કોઈ નાનોસૂનો ફાળો નથી. આ માટે આપણે અંગ્રેજોના ઋણી છીએ.

માતૃભાષા ઉપરાંત જેટલી બની શકે તેટલી દેશી કે પરદેશી ભાષા શીખવી જોઈએ. તેમાંયે આપણે આપણી માતૃભાષા ગુજરાતી તથા રાષ્ટ્રભાષા હિન્દી ઉપરાંત અંગ્રેજી ભાષા તો શીખવી જ જોઈએ - સારી રીતે શીખવી જોઈએ. કારણ કે દુનિયાભરમાં ગમે ત્યાં જાવ તો પણ અંગ્રેજી દ્વારા તમે તમારો વ્યવહાર ચલાવી શકો. અંગ્રેજી ભાષા ભાષા તરીકે શીખવી જરૂરી છે પણ તેને આપણે ત્યાં શિક્ષણનું માધ્યમ તો બનાવી શકાય જ નહિ. કેળવણીનો પાયાનો સિદ્ધાંત એ છે કે પરભાષા શિક્ષણનું માધ્યમ કદી ન હોઈ શકે. તેમ કરવાથી તો પરભાષા અને વિષયવસ્તુ એ બન્નેના બોજા હેઠળ કુમળું બાળક કચડાઈ જાય. માતૃભાષા દ્વારા કોઈ પણ વિષયનું જ્ઞાન ગ્રહણ કરવું બાળકને માટે સુકર

બને. પણ આજે તો કેટલાંય માબાપો એમ માને છે કે તેમનું બાળક અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ લે તો તે ચાલાક અને ચકોર બને. અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા ભણતું બાળક ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા ભણતાં બાળક કરતાં વિશેષ ચાલાક કે ચકોર હોય છે એવો મારો પચાસ વરસનો શિક્ષક તરીકેનો અનુભવ કહેતો નથી. ઊલટાનું મારો અનુભવ તો એમ કહે છે કે અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા શિક્ષણ લેતા બાળકને ન તો સારી રીતે લખતા-વાંચતા માતૃભાષા આવડે છે કે ન તો અંગ્રેજી ભાષા. અને આમ બાવાના બેય બગડે છે અને બાળકની દશા બિચારા ધોબીના કૂતરા જેવી થાય છે - ન તો ઘરનો કે ન તો ઘાટનો. એક શિક્ષક તરીકે મારી દૃઢ માન્યતા છે કે પરભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવું એ બાળક પર નર્યો જુલ્મ છે - સીતમ છે. પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા સામે આપણે ઝુંબેશ ઉપાડીએ છીએ ત્યારે બાળક પ્રત્યેની આવી ક્રૂરતા સામે બંડ પોકારવાનું કેમ કોઈને સૂઝતું નથી? પણ આ વિવાદમાં આપણે ઊતરવું નથી. અંગ્રેજી ભાષાનું ભાષા તરીકેનું શિક્ષણ ધોરણ પાંચથી કે આઠથી એ પણ આપણી ચર્ચાનો વિષય નથી. આપણી વાત તો છે ભાષા તરીકે અંગ્રેજી ભાષા શીખવી અને તે પણ સારી રીતે શીખવી.

એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે કોઈ પણ ભાષા માત્ર શીખવાથી આવડતી નથી. સાઇકલ ચલાવતા કે પાણીમાં તરતા, તે વિષય પરનાં માત્ર પુસ્તકો વાંચવાથી આવડે નહિ. પાણીમાં ઝંપલાવ્યા વિના તરતા આવડે નહિ. કળામાત્ર મહાવરાથી જ સાધ્ય થાય. કોઈ પણ ભાષા સાંભળવા અને બોલવાના મહાવરાથી જ આવડે. આપણા ઘરમાં નાનું બાળક બોલતા આપમેળે જ શીખી જાય છે. તે કેમ? આપણાં ગુજરાતી નિરક્ષર વૃદ્ધજનો પણ અમેરિકા જઈને ટૂંક સમયમાં જ ખપ પૂરતું અંગ્રેજી બોલી શકે છે. જે તે ભાષા શીખવા માટે પ્રથમ તો જે તે ભાષાનો વિપુલ શબ્દભંડોળ આપણી પાસે હોવો જોઈએ. તે ઉપરાંત જે તે ભાષાના વ્યાકરણનું જ્ઞાન હોવું જોઈએ. કારણ વ્યાકરણ ભણ્યા વિના વાણી વિમળ ન બની શકે.

મેકોલેએ અંગ્રેજી ભાષાની કેડી પર આપણને પાપા પગલી ભરાવી. રેવરન્ડ ટી. એલ. વેલ્સે ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા અંગ્રેજી સરળતાથી શીખવી શકાય તે માટે પાઠમાળાના એકથી પાંચ ભાગ તૈયાર કર્યા. રામકૃષ્ણ ભાંડારકરે સંસ્કૃતના શિક્ષણ માટે 'માર્ગોપદેશિકા' અને 'મદિરાન્તઃ પ્રવેશિકા'માં જે પદ્ધતિ અપનાવી હતી તે જ પદ્ધતિ ટી.એલ.વેલ્સે અપનાવી. આ પદ્ધતિ હતી ભાષાંતર પદ્ધતિ. આમ, પાઠમાળાની ભાષાંતર પદ્ધતિથી આપણી અનેક પેઢી તૈયાર થઈ. એ પેઢીનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ અજબ હતું. સ્વ. ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, સ્વ. કવિ કાન્ત, સ્વ. ન્હાનાલાલ, સ્વ. નરસિંહરાવ, સ્વ. બ. ક. ઠાકોર અને સ્વ. મહાદેવ દેસાઈ જેવા પંડિતયુગ-ગાંધીયુગના અને ત્યાર પછીના સમર્થ સાહિત્યકારો ગમે તેવા અઘરા અંગ્રેજીના ફકરાઓનું ગુજરાતી ભાષાંતર સડસડાટ કરતા અને મૂળનો ભાવ તથા ભાષાનું જોમ અકબંધ જાળવાતા. અંગ્રેજી પર ગાંધીજીની પકડ પણ અસાધારણ અને અનન્ય હતી. વલ્લભભાઈ પટેલ, ભૂલાભાઈ દેસાઈ, કનૈયાલાલ મુનશી, સેતલવાડ કે મહમદઅલી ઝીણા જેવા ધૂરંધર વકીલ-બૅરિસ્ટરને અદાલતમાં અસરકારક રીતે અણિશુદ્ધ અંગ્રેજીમાં દલીલ કરતા સાંભળી એ જમાનાના અંગ્રેજ ન્યાયાધીશો પણ ભારે પ્રભાવિત થતા. ૧૯૩૯ના બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જુદા જુદા પ્રાંત અને દેશના એક છાવણીમાં ભેગા મળીને રહેતા સૈનિકોના વ્યવહાર માટે અભિવ્યક્તિની એક સર્વસામાન્ય ભાષા શીખવા માટેની વિશિષ્ટ પદ્ધતિ નિપજાવી. તેને માળખા પદ્ધતિ એટલે કે Structure Method કહેવામાં આવી. આ પદ્ધતિને માધ્યમિક શાળામાં અંગ્રેજી શીખવવા માટેની પદ્ધતિ તરીકે સ્વીકારવામાં આવી અને પરિણામે આપણું અંગ્રેજી કથળ્યું. વ્યવસ્થિત વ્યાકરણવાળી શુદ્ધ અંગ્રેજી ભાષાને બદલે આજની પેઢી અધકચરું અંગ્રેજી શીખી. અંગ્રેજીની તો દશા જ બેસી ગઈ - દુર્દશા થઈ. આ દુર્દશાનું કારણ એ છે કે ભાષાંતર પદ્ધતિ અને માળખા પદ્ધતિ - એ બેનું સુપેરે સંકલન ન થયું અને પરિણામે અંગ્રેજીને વ્યવસ્થિત શીખવતી વેલ્સની પાઠમાળા કાલગ્રસ્ત બની: પ્રવર્તમાન માળખા પદ્ધતિ અને પાઠમાળા પદ્ધતિનો સુમેળ કરીને દૃષ્ટિપૂર્વક કુશળ અંગ્રેજીનો શિક્ષક આજની પેઢીને અંગ્રેજી ભાષા શીખવે તો તે વધુ ઉપકારક બની રહેશે તેવી મારી પ્રતીતિ છે.

ભાષા સાંભળવા અને બોલવાથી જ આવડે, માત્ર ચોપડીઓ વાંચવાથી કે અંગ્રેજી બોલતાં શીખવતાં વર્ગો ભરવાથી નહિ જ. વ્યવહાર અને અનુભવ એ બન્ને બડા શિક્ષકો છે. આટલી પ્રાસ્તવિક ભૂમિકા બાદ ચાલો હવે આપણે અંગ્રેજી ભાષા શીખવાના શ્રી ગણેશ કરીએ.

ભાષાનું એકમ છે વાક્ય - Sentence (સેન્ટન્સ) અને વાક્યનું એકમ છે શબ્દ - Word (વર્ડ). શબ્દ બને મૂળાક્ષર - Alphabet(એલ્ફબેટ)થી. મૂળાક્ષરને વર્ણ પણ કહેવાય. મૂળાક્ષર એટલે 'સ્વર' - Vowel (વૉવિલ) અને 'વ્યંજન' - Consonant (કોન્સનન્ટ). તમે પૂછશો કે 'સ્વર' અને 'વ્યંજન' કોને કહેવાય અને તે કેટલા છે. તો સમજી લો કે જે વર્ણનો ઉચ્ચાર સ્વતંત્ર રીતે થઈ શકે તેને 'સ્વર' કહેવાય. ગુજરાતીમાં કુલ ૧૩ સ્વર નીચે પ્રમાણે છે -

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ. આ થઈ સ્વરની વાત. હવે વ્યંજનને સમજીએ. જે વર્ણનો ઉચ્ચાર સ્વરની મદદ વિના ન થઈ શકે તે વર્ણને વ્યંજન કહેવાય. ગુજરાતીમાં વ્યંજન નીચે પ્રમાણે કુલ ૩૬ છે :

ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્, બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, હ્, ળ્, ક્ષ્ અને જ્ઞ્.

જે વ્યંજનમાં સ્વર ન ભળ્યો હોય તેને ખોડાક્ષર કહેવાય છે અને તે દર્શાવવા માટે ઉપર દર્શાવ્યા પ્રમાણે તે વર્ણનીચે ત્રાંસી લીટી દોરવામાં આવે છે. પણ ક્, ખ્ આદિ વ્યંજનનું સ્વતંત્ર ઉચ્ચારણ શક્ય નહિ હોવાથી તેમાં સ્વર ઉમેરીને તે બોલાય-લખાય છે. જેમ કે ક્ + અ = ક, ખ્ + અ = ખ. આમ 'ક્'માં 'અ' સ્વર ઉમેરાતાં 'ક' બન્યો. તેમ બાકીના બીજા બધાનું પણ સમજવું.

હવે સમજીએ અંગ્રેજીના સ્વરો અને વ્યંજનો. અંગ્રેજીમાં સ્વરો માત્ર પાંચ છે : A, E, I, O અને U. બાકીના બધા જ વ્યંજન. અંગ્રેજીમાં પાંચ સ્વરો અને એકવીસ વ્યંજનો મળી કુલ મૂળાક્ષર છવ્વીસ થાય. અંગ્રેજી મૂળાક્ષર એટલે ABCD. પહેલી ABCDના અક્ષરો માત્ર 'કૅપિટલ' અક્ષર - Capital letter - લખવા માટે જ વપરાય છે. આ Capital letter - કૅપિટલ અક્ષર - એટલે શું એ હવે આવતા બીજા પાઠમાં શીખવાના છીએ. બીજી abcd મુદ્રણ પૂરતી અને છૂટા અક્ષરે લખાણ લખવું હોય તે પૂરતી જ મર્યાદિત છે. આમ લખવાથી અક્ષરો સુવાચ્ય બને છે.

આમ, આપણે મુદ્રણ અને હસ્તપ્રત માટે વપરાતી ફક્ત પહેલી અને બીજી ABCD જ શીખીશું.

૧લી ABCD

એ	બી	સી	ડી	ઈ	એફ	જી
A	B	C	D	E	F	G
એચ	આઈ	જે	કે	એલ	એમ	એન
H	I	J	K	L	M	N
ઓ	પી	ક્યૂ	આર	એસ	ટી	યૂ
O	P	Q	R	S	T	U
વી	ડબ્લ્યુ	એક્સ	વાઈ	ઝેડ		
V	W	X	Y	Z		

બીજી abcd

એ	બી	સી	ડી	ઈ	એફ	જી
a	b	c	d	e	f	g
એચ	આઈ	જે	કે	એલ	એમ	એન
h	i	j	k	l	m	n
ઓ	પી	ક્યૂ	આર	એસ	ટી	યૂ
o	p	q	r	s	t	u
વી	ડબ્લ્યુ	એક્સ	વાઈ	ઝેડ		
v	w	x	y	z		

ગુજરાતી અક્ષર અંગ્રેજીમાં કેમ લખાય તે માટેનો નીચેનો કોઠો યાદ રાખવો જરૂરી છે. ક્ + અ = ક. જેમ 'ક્'માં 'અ' સ્વર ઉમેરતા 'ક' બન્યો તેમ અંગ્રેજીમાં પણ સમજવું.

સ્વર

અ-આ	ઇ	ઈ	ઉ	ઊ	એ
A	I	EE	U	OO	E
ઐ	ઓ	ઔ	અં	અઃ	ઋ
AI	O	AU	AM	AH	RU

(ઋનો ઉચ્ચાર જો 'રિ' કરીએ તો ઋ માટે RI લખાશે)

વ્યંજન

ક	ખ	ગ	ઘ	ચ	છ	જ
K	KH	G	GH	CH	CHH	J
ઝ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત
JH	T	TH	D	DH	N	T
થ	દ	ધ	ન	પ	ફ	બ
TH	D	DH	N	P	PH	B
ભ	મ	ય	ર	લ	વ	શ
BH	M	Y	R	L	V-W	SH
ષ	સ	હ	ળ	ક્ષ	જ્ઞ	
SH	S	H	L	KSH	GN	

(જ્ઞ = જ્+ન્+અ થાય છે, તેથી 'જ્ઞ'ને માટે JN પણ વપરાય છે.)

ઉપરના કોઠાનો અભ્યાસ કરતાં માલૂમ પડશે કે અંગ્રેજીમાં ખ્, ઘ્, ચ્, છ્, ઝ્, ઠ્, ઢ્, થ્, ધ્, - આ મૂળાક્ષરો નથી. એટલે તે અંગ્રેજીમાં દર્શાવવા માટે તેમાં બીજો મૂળાક્ષર 'H' ઉમેરવો પડે છે. જેમ કે -

ખ્-KH, ઘ્-GH, ચ્-CH, છ્-CHH, ઠ્-TH, ધ્-DH, ઢ્-DH. આ રીતે જોશો તો જે વર્ણ અંગ્રેજીમાં નથી તેની પહેલાના વર્ણમાં 'H' ઉમેરાય છે. જેમ કે 'ખ' વર્ણ અંગ્રેજીમાં નથી તો તે પૂર્વેના 'ક્' વર્ણ 'K'માં 'H' ઉમેરાશે. અંગ્રેજી શબ્દોની જોડણીમાં 'ફ' માટે 'F' અને 'Ph' વપરાયા છે. પરંતુ ગુજરાતીમાં વિશેષ નામઅટક માટે 'ફ' સારુ 'Ph' વપરાશે. જો કે 'ફ'ને માટે 'F'નો ઉપયોગ કરવાનું પણ વલણ છે. 'ધ' માટે અંગ્રેજી જોડણીમાં 'Th' વપરાય છે. પરંતુ ગુજરાતીમાં વિશેષ નામઅટકમાં 'ધ' માટે 'Dh' વપરાશે. જેમ કે 'ફડિયા'ની જોડણી 'Phadiya' અથવા 'Phadia' અને 'ગાંધી'ની 'Gandhi' થશે.

આ કોઠો માત્ર સંજ્ઞાવાચક નામને અંગ્રેજીમાં લખવા માટે જ ઉપયોગમાં લેવો. અંગ્રેજી શબ્દોની જોડણી Spelling (સ્પેલિંગ) માટે આ કોઠો ઉપયોગી ન બને. કારણ કે અંગ્રેજી શબ્દોમાં જોડણી અને ઉચ્ચાર વચ્ચે કાયમ એકતા જોવા મળતી નથી. ઉદાહરણ તરીકે PUT-પુટ, CUT-કટ, BUT-બટ; Manager-મૅનેજર, Governor-ગવર્નર, Beggar-બેગર.

આપણા વિદ્યાર્થીઓ અંગ્રેજી શબ્દોની જોડણી પણ ઉચ્ચાર

(અનુસંધાન પૃ. ૪૫૬ ઉપર)



જૂન ૩૦, ૧૯૯૭ની મધ્યરાત્રિએ વિશ્વની પાંચમી આર્થિક મહાસત્તા ગણાતું બ્રિટિશ સંસ્થાન હૉંગ કૉંગ સહેજ પણ રક્તપાત વગર અંગ્રેજ ગવર્નર ક્રિસ પેટન દ્વારા ચીનની રાજ્યસત્તાને સુપરત થયું એ બનાવ એ વાતની તીવ્ર યાદ આપે છે કે લગભગ એક સદીના સંઘર્ષ અને રક્તપાત પછી આજથી બરાબર પચાસ વર્ષ પહેલાં ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની મધ્યરાત્રિએ હિંદુસ્તાનને બ્રિટિશ સત્તાએ સ્વતંત્રતા આપી હતી. વાસ્તવમાં તો બ્રિટનનું એ સંપૂર્ણપણે આધીન સંસ્થાન હતું અને તેનું આર્થિક શોષણ ચરમ સીમાએ પહોંચ્યું હતું. વક્રતા તો એ હતી કે બ્રિટિશ રાજવી ('ધ કિંગ ઓફ બ્રિટન') કહેવાતા તે હિંદુસ્તાનના સમ્રાટ તરીકે ઓળખાતા. અહીં એ વાત પણ નોંધનીય છે કે હૉંગ કૉંગની જેમ જ બ્રિટિશ રાજવીને હિંદની દક્ષિણ-પશ્ચિમે આવેલો મુંબઈ ટાપુ પહેરામણીમાં મળ્યો હતો અને માછીમારોનો અલ્પ વસવાટ ધરાવતો હતો. છતાં અંગ્રેજોએ તેનો જે વિકાસ કર્યો એ મુંબઈને વિશ્વનકશામાં અનેરું સ્થાન અપાવી શક્યો.

આ હૉંગ કૉંગ ૧૯મી સદીમાં પ્રારંભના પચાસ વર્ષ દરમિયાન માછીમારનું સામાન્ય કેન્દ્ર હતું. એશિયાના વિશાળકાય રાષ્ટ્ર ચીનનો દક્ષિણ-પૂર્વમાં આવેલો એ ટાપુસમૂહ છે અને એની સાથે જ કાઉલૂન દ્વીપકલ્પ, ન્યૂ ટેરિટરિના પ્રદેશો અને સ્ટોનકટર ટાપુ આવેલા છે. ચીન પોતે પણ આ પ્રદેશના વ્યૂહાત્મક મહત્ત્વને જાણતું ન હતું અને ૧૯મી સદીના પ્રારંભે બંધિયાર રહીને વિશ્વ-પ્રવાહો સાથે સંપર્કને બદલે કોચલામાં પુરાઈ રહ્યું હતું. જ્યારે યૂરપમાં ઔદ્યોગિક ક્રાંતિ દ્વારા અનેક નવા આવિષ્કારો સમગ્ર વિશ્વને આશ્ચર્ય પમાડે તેવી નવીનવી શોધખોળોની ભેટ ધરી રહ્યાં હતાં. આને કારણે જ ૧૮મી સદીમાં યૂરોપીય સામ્રાજ્યવાદની પ્રગતિ જે ઘણી ધીમી અને સાવચેતીપૂર્વક આગળ વધવાની હતી એ અત્યંત ઝડપી બની ચૂકી હતી. યૂરોપીય રાષ્ટ્રો વેપારી કંપનીઓ સ્થાપી એશિયા અને આફ્રિકાના ઘણા પ્રદેશોમાં પોતાનું સામ્રાજ્ય વિકસાવી રહ્યા હતા અને હિંદુસ્તાન પણ બ્રિટિશ સંસ્થાન તરીકે પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવી રહ્યું હતું.

બ્રિટિશ સત્તાએ હિંદ પછી પૂર્વ એશિયાનાં અન્ય રાજ્યો તરફ નજર દોડાવી અને ચીનમાં વ્યાપાર-અર્થે પ્રવેશ મેળવવાનું વિચાર્યું, પરંતુ ૧૯મી સદીના પ્રારંભ સુધી ચીન પોતાની રૂઢિગત પરિસ્થિતિઓ અને સંકીર્ણ મનોદશાને કારણે યૂરપ સાથે સંપર્ક બાંધવા કે નવા પ્રવાહોને સ્વીકારવાં ઉત્સુક ન હતું, છતાં યૂરોપીઅન પ્રજાઓએ તો ચીનમાં પ્રવેશવાનું શરૂ કર્યું હતું. તેમાં સૌપ્રથમ પોર્ટુગલ હતું અને ચીન સાથેનો વેપાર શરૂ થયો હતો. ત્યારબાદ સ્પેનિશ પ્રજા પણ ચીન સાથે વેપારમાં જોડાઈ. ક્રમશઃ ડચ, અંગ્રેજ અને રશિયન પ્રજા પણ ચીનમાં વ્યાપારી સંબંધો સ્થાપી ચૂકી હતી. થોડાંક જ વર્ષમાં કેન્ટન પ્રદેશમાં આ બધા દેશોની વ્યાપારી કોઠીઓ સ્થપાઈ. આ સમયે યૂરપ અને યુ.એસ.એ.માં ઔદ્યોગિક ક્રાંતિ એટલી ઝડપથી આગળ વધી હતી કે યૂરોપીય રાષ્ટ્રોને કાચો માલ પ્રાપ્ત કરવા અને તૈયાર માલ વેચવા વિશાળ બજારોની જરૂર હતી અને ચીન તે માટે તેઓને યોગ્ય લાગ્યું હતું. પરિણામે, વ્યાપારની સાથેસાથે ધર્માંતર, રાજકીય કાવાદાવા અને આંતરિક બાબતોમાં દખલ શરૂ થઈ,'

જેનો વિરોધ ચીની સમ્રાટે અનેક પ્રતિબંધો મૂકીને કર્યો. વ્યાપાર માત્ર કેન્ટન બંદર દ્વારા જ થઈ શકશે તેવો હુકમ પણ બહાર પાડ્યો.

અન્ય યૂરોપીય રાષ્ટ્રો કરતાં પણ બ્રિટનને માટે આ હુકમ પોતાનો હેતુ પરિપૂર્ણ કરવામાં વિઘ્નકર્તા હતો. કારણ કે બ્રિટનનો અફીણનો વ્યાપાર ચીનમાં વ્યાપક સ્વરૂપ ધારણ કરી ચૂક્યો હતો. બ્રિટિશરો એમ માનતા હતા કે અહીં ભારતની જેમ સવલતો મળશે નહીં, પરિણામે સમગ્ર ચીનની પ્રજાને અફીણના નશામાં નિર્માલ્ય બનાવી દેવામાં આવશે તો ચીન પર કાબૂ મેળવવો સરળ રહેશે. આને પરિણામે વિશાળ પાયા પર અફીણ યોગ્ય કે અયોગ્ય માર્ગે ઘુસાડવું અને રાજ્યતંત્ર નબળું તો હતું જ, પણ પ્રજાને પણ વ્યસન દ્વારા નબળી બનાવી દેવી. અફીણનો આ વ્યાપાર પ્રથમ 'અફીણ યુદ્ધ'નું નિમિત્ત બની રહ્યો અને બ્રિટનને ચીનમાં પણ પ્રાદેશિક અધિકારો પ્રાપ્ત કરવાનું સરળ બન્યું.

ઈ.સ. ૧૮૩૯માં બ્રિટિશરો સમગ્ર ચીનમાં અફીણના ધંધા માટે કુખ્યાત બની ચૂક્યાં હતા. અફીણના આ વ્યાપાર વિરુદ્ધ ચીનના શહેનશાહને સખ્ત તિરસ્કાર હતો તો સામે પક્ષે બ્રિટિશરોને માટે તે અત્યંત નફાકારક અને પોતાના રાજકીય હેતુને સિદ્ધ કરવા ઉપયુક્ત બની રહ્યો હતો. સમગ્ર યૂરપમાં આ સમયે એ માન્યતા પણ પ્રચલિત બની હતી કે જે દેશનું સામ્રાજ્ય વિસ્તૃત તે દેશની સત્તા, શક્તિ અને વર્ચસ અમાપ. આના અનુસંધાનમાં બ્રિટન માટે ચીનમાં સત્તા સ્થાપવી એ હવે રાજકીય રીતે પણ અનિવાર્ય બની ચૂક્યું હતું. તેથી બ્રિટનના એવા વ્યાપારીઓ કે જે રાજ્યનીતિમાં શક્તિશાળી ગણાતા હતા તેઓ પણ યુદ્ધ માટે દબાણ કરી રહ્યા હતા. ચીન આ સમયે વિદેશી પ્રજા સાથે કોઈ પણ સંબંધ રાખવા ઉત્સુક ન હતું. પરિણામે, વ્યાપારમાં પણ અનેક નિયંત્રણો હતાં. તેઓ માત્ર વ્યાપારની મોસમમાં જ એટલે કે ઑક્ટોબરથી માર્ચ કેન્ટનમાં રહી શકતા. કેન્ટનમાં પણ તેમની ઉપર અનેક પ્રતિબંધ હતા. મનોરંજન કે ફરવાના સ્થળે પણ તેઓ મહિનાની અમુક ચોક્કસ તારીખે એટલે કે માત્ર આઠમા, અઢારમા અને અઠ્યાવીસમા દિવસે જઈ શકતા. વિદેશી મહિલાઓને તો ચીનની ધરતી પર પગ રાખવાની પણ મનાઈ હતી. વિદેશીઓને નગરમાં પ્રવેશ કરવાનો, પાલખીમાં બેસવાનો અને નૌકાવિહાર વગેરેનો પણ અધિકાર ન હતો. તેમ જ વિદેશી વ્યાપારી-દૂતોએ ચીની સમ્રાટને નવ વખત સાષ્ટાંગ દંડવત્ કો - તો. (kow-tow) - કરવાં પડતાં. ન્યાયની અદાલતોમાં પણ વિદેશીઓને તેમની માંગ વિરુદ્ધ ચીનના કાયદા પ્રમાણે ન્યાય અપાતો. કેન્ટનનો વ્યાપાર પણ અનેક નિયંત્રણોથી લદાયેલો હતો, જે બ્રિટનને રાજકીય રીતે અત્યંત અપમાનકારક લાગતો હતો.



હોન્ગ કોન્ગની ચીનને સત્તાવાર સોંપણી

બ્રિટિશ સત્તાતળેનું હોન્ગ કોન્ગ - નકશામાં



આ સંજોગોમાં અફીણનો વ્યાપાર ચીન અને બ્રિટન વચ્ચે સંઘર્ષનું કારણ બન્યો, જે ચીનને આર્થિક અને નૈતિક રીતે પાયમાલ કરી ચૂક્યો હતો. ચીને અનેક નિયંત્રણો મૂક્યાં તો પણ બ્રિટિશ વ્યાપારીઓ ચીની અમલદારોને લાંચરુશ્વતથી ખરીદીને પણ વ્યાપારમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યા હતા. ઈ.સ. ૧૮૩૩ સુધીમાં ચીનમાં દોઢ કરોડ ડૉલરનું અફીણ નિકાસ થયું હતું, જે બ્રિટિશરોની કુલ નિકાસના પચાસ ટકા હતું. આની વિરુદ્ધ ચીને સખ્ત પગલાં ભરવાનો નિર્ણય કરી વ્યાપક સત્તા સાથે રાજ્યનૈતિક બાબતોના નિષ્ણાત એવા લીન-ત્સે-હસુની નિમણૂક કરી, જેનું પરિણામ બ્રિટન અને ચીન વચ્ચે સંઘર્ષમાં આવ્યું. અમેરિકામાં ઇંગ્લન્ડ અને અમેરિકા વચ્ચે બનેલા બોસ્ટનના ચાની પેટીઓ ફેંકી દેવાના બનાવ જેવો જ પ્રસંગ અહીં બન્યો અને ૨૦,૦૦૦ જેટલી અફીણની પેટીઓ ચીની કમિશનરે સમુદ્રમાં ફેંકી દીધી. આમ, અમેરિકન સ્વાતંત્ર્ય-સંગ્રામની જેમ જ આ પ્રસંગ અફીણ-યુદ્ધનું મુખ્ય કારણ બની રહ્યો.

અનેક પ્રતિબંધો છતાં ગેરકાયદેસર ધંધો ખૂબ વિકાસ પામ્યો અને દાણચોરી પૂર્વવત્ રહી. તે દરમિયાનમાં કેટલાક અંગ્રેજ નાવિકો દ્વારા એક ચીની ખેડૂતની હત્યા થવાના પ્રસંગનું નિમિત્ત લઈ ચીની કમિશનરે બ્રિટિશરો માટે સંપૂર્ણ વ્યાપારબંધી અને હદપારીની જાહેરાત કરી. બ્રિટિશરોએ આનો અનાદર કરતાં ચીનની સત્તા માટે સાર્વભૌમત્વ અને પ્રતિષ્ઠા એ મહત્ત્વનો પ્રશ્ન બની રહ્યો. જેમાંથી પ્રથમ અફીણ-યુદ્ધનો પ્રારંભ થયો. આ યુદ્ધમાં ઉત્તરોત્તર ચીનનો પરાજય અને બ્રિટનનો વિજય એ મહત્ત્વની બાબત બની રહી. અહીં આશ્ચર્યજનક તો એ છે કે બ્રિટને અનેક સંસ્થાનોમાં જેમ પોતાની ભૂમિથી અત્યંત દૂર અને મર્યાદિત લશ્કર સાથે પણ વિજયો જ મેળવ્યા એ બધાં જ સંસ્થાનોમાં રાજકીય અને પ્રજાકીય નિર્બળતા અને ભ્રષ્ટાચારનું એ સૂચક પરિણામ બની રહે છે. છેવટે નાનકિંગ મુકામે ઈ.સ. ૧૮૪૨ના ઑગસ્ટની ૨૯મી તારીખે અને પૂરક સંધિ તરીકે 'બોગની સંધિ' ૧૮૪૩ના ઑક્ટોબરની ૮મી તારીખે કરવામાં આવી. ચીનના ઇતિહાસમાં પ્રથમવાર જ યૂરોપીઅનો સામે રાજકીય પતનનો પ્રારંભ થયો, જેનું ચરમબિંદુ ઈ.સ. ૧૮૯૫ના ચીન-જાપાન યુદ્ધમાં જોવા મળે છે.

ચીને પોતાનાં મહત્ત્વનાં પાંચ બંદરો બ્રિટિશ વ્યાપારીઓના વસવાટ અને વ્યાપાર માટે ખુલ્લાં મૂક્યાં. ચીને એ પ્રદેશોમાં અદાલતો સ્થાપવાની અને વ્યાપારી પ્રતિનિધિઓ નીમવાની છૂટ પણ આપી. દંડ અને નુકસાની પેટે બે કરોડ દસ લાખ ડૉલર પણ આપવાનું સ્વીકાર્યું. અન્ય શરતો સાથે સૌથી અગત્યનું તો હૉંગ કૉંગ દ્વીપસમૂહ બ્રિટનને મળ્યો તે હતું. બોગની સંધિમાં તો બ્રિટનને સર્વપ્રિય રાષ્ટ્રનો દરજ્જો આપવામાં આવ્યો. જેનો અર્થ એ થતો કે ભવિષ્યમાં ચીન કોઈ પણ અન્ય દેશને કંઈ પણ અધિકાર આપે તો એ બ્રિટનને આપોઆપ મળી જાય. નવાઈ તો એ હતી કે જે કારણને લઈને આ યુદ્ધ થયું તેનો આ સંધિમાં ક્ષતિપૂર્તિ સિવાય ક્યાંય ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. આમ, જે હૉંગ કૉંગ સમગ્ર વિશ્વને ગત જૂન મહિનામાં ઉત્તેજિત કરતું રહ્યું એ હૉંગ કૉંગ ઈ.સ. ૧૮૪૨ની બ્રિટન માટેની ગૌરવભરી ઉપલબ્ધિ હતી. બ્રિટન સાથેની આ સંધિના અનુસંધાનમાં અનેક પશ્ચિમી રાષ્ટ્રોએ જુદી જુદી સંધિઓ કરી સારા એવા અધિકારો પ્રાપ્ત કર્યા. સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદના વિકાસમાં આ એક એવું બિંદુ હતું કે કોઈ એક રાષ્ટ્રમાં એકસાથે અનેક રાષ્ટ્રો માત્ર તાકાતના આધારે જ અનેક અધિકારો પ્રાપ્ત કરી ચૂક્યાં હોય. આમાં તેઓની ચડિયાતી શક્તિ કે લશ્કરી કુનેહ અને કપટનીતિ જ જવાબદાર હતાં એવું નથી, પણ ચીની સત્તાની નિર્બળતા અને ભ્રષ્ટાચાર તથા પડકારનો સામનો કરવાની નિષ્ક્રિયતા પણ જવાબદાર હતાં. મંચુ રાજવંશ પતનની દિશા તરફ ધસી રહ્યો હતો અને એ સાબિત થયું હતું કે શક્તિ વિના સત્તા ટકાવી શકાતી નથી. કેટલાક ઇતિહાસકારો કહે છે કે પાશ્ચાત્ય દેશોએ તો ચીનને એક વિશાળ પાકેલાં તડબૂચ સાથે સરખાવી ભવિષ્યમાં પોતાની ચીરી કઈ એ પણ નક્કી કરી રાખ્યું હતું, જેના અનુસંધાનમાં જ પ્રથમ ચીરી હૉંગ કૉંગના પ્રાદેશિક વિસ્તાર તરીકે બ્રિટનને પ્રાપ્ત થઈ હતી.

બ્રિટનની ઉપલબ્ધિ પછી અન્ય યૂરોપીય રાષ્ટ્રો પણ વિશેષ અધિકારો અને પ્રદેશો પ્રાપ્ત કરવાં ઇચ્છતાં હતાં. પરિણામે 'દ્વિતીય અફીણ વિગ્રહ' ઈ.સ. ૧૮૫૬થી '૬૦ સુધી બ્રિટન તેમજ ફ્રાંસ દ્વારા સંયુક્ત રીતે લડાયો અને તીનત્સીન અને પેકિંગની સંધિઓ દ્વારા ચીન સાથે જ શરતો નક્કી થઈ તેમાં પશ્ચિમી રાષ્ટ્રોને અનેક લાભ થયા પણ બ્રિટને હૉંગ કૉંગ ટાપુની આજુબાજુનો વિસ્તાર પણ પ્રાપ્ત કર્યો. સાથે સાથે લગભગ ૧૬ જેટલાં બંદરો મેળવ્યાં, જેનો આંતરરાષ્ટ્રિય બંદરો તરીકે વિકાસ થયો. ચીનમાં પણ જાગૃતિની લહેર પ્રગટી. આના પરિણામસ્વરૂપ ચીનની પ્રજાનો અસંતોષ ઉગ્ર બન્યો અને નિર્બળ મંચુ સમ્રાટ અને સરકાર વિદેશીઓના સકંજામાં વધુ ને વધુ સપડાતા ગયા. ચીનની હાલત તો એવી થઈ કે ખુદ ચીનમાં પણ સતત એવા જ પાટિયાં ચીતરેલાં જોવા મળતાં કે જેના ઉપર 'કૂતરાઓ અને ચીનાઓ અહીં પ્રવેશ કરી શકશે નહિ' એવા હુકમો લખવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૮૭૬માં પણ બ્રિટનને વધુ બંદરો પર અધિકાર પ્રાપ્ત થયા અને તેના નૌકાકાફલાનું આધિપત્ય લગભગ ૨૪૦૦ કિ.મી. વિસ્તારમાં ફેલાયું. પરિણામે એશિયા અને આફ્રિકાનાં અન્ય રાષ્ટ્રોમાં બન્યું હતું તેમ બ્રિટને ચીનના રાજકારણમાં પણ દખલ કરવાની શરૂઆત કરી દીધી.

આ સમય દરમિયાન ચીનની પડોશમાં જ આવેલા

જાપાનમાં પાશ્ચાત્ય સંપર્કની વીજળીક અસર થઈ અને જાપાન પશ્ચિમ પાસેથી શીખીને તેમજ તેને દૂર રાખીને શક્તિશાળી રાષ્ટ્ર બનવાના પંથે વળ્યું. પોતાના સામ્રાજ્યવાદના પ્રારંભિક પગલા તરીકે ચીન સાથે સંઘર્ષ કરી ઈ.સ. ૧૮૯૪-૯૫નાં યુદ્ધમાં ચીનને હરાવી 'શિમોનોસેકીની સંધિ' દ્વારા અનેક પ્રદેશો તેમ જ બંદરો પર અધિકારો મેળવ્યા. આની અસર નીચે પશ્ચિમી રાષ્ટ્રોએ પણ ચીનમાં પોતાનાં પ્રભાવક્ષેત્રો વધારવા સ્પર્ધા શરૂ કરી અને ચીને નાણાકીય મદદના અંચળા નીચે અનેક અધિકારો પ્રાપ્ત કર્યા. આમ ચીન, જાપાન અને યૂરોપીઅન રાષ્ટ્રોના સામ્રાજ્યવાદનો સંપૂર્ણ શિકાર બન્યું. આનો સૌથી વધુ લાભ બ્રિટને લીધો, કારણ કે તે એમ માનતું હતું કે ચીનનાં દ્વાર તેણે ખોલ્યાં છે અને લાભ અન્યો લઈ રહ્યાં છે. તેથી અનેક માગણીઓની સાથે સાથે બ્રિટને ચીન પાસેથી 'વેઈ-હાઈ-વેઈ'નું બંદર પચીસ વર્ષ માટે તેમજ હૉંગ કૉંગ અને તેની આસપાસના ટાપુઓ નવ્વાણું વર્ષ માટે પટ્ટા લીઝ - પર માગ્યા, જે ૯ જૂન ૧૮૯૮ના રોજ થયેલી પેકિંગ સંધિને લીધે ચીને આપવા પણ પડ્યા, જેનો અમલ ઈ.સ. ૧૮૯૮ના જુલાઈની ૧લીથી શરૂ થયો. આમાં બ્રિટનની એ દીર્ઘદૃષ્ટિ હતી કે અન્ય સંસ્થાનો જેવું ચીનમાં બનવું શક્ય નથી. કારણ કે હરીફો વધારે છે અને ચીનની પ્રજા હવે નિર્બળ રાજાશાહીને ચલાવી લે તેમ નથી. આ સંજોગોમાં રાજ્યક્રાંતિ થાય અને બધું જ ગુમાવવું પડે તેના બદલે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી લેવી. અને પછી શરૂ થયો હૉંગ કૉંગ વગેરેનો અભૂતપૂર્વ આર્થિક વિકાસ અને રાજકીય પ્રભુત્વની સાથે બ્રિટિશ પદ્ધતિ, પરંપરા અને અસ્મિતાનો હૉંગ કૉંગમાં પ્રાદુર્ભાવ. વિશેષતા તો એ છે કે ગમે તેમ પણ પોતાની દીર્ઘ લોકશાહી પરંપરાને કારણે બ્રિટન ભલે શોષણ કરતું પણ સાથે સાથે ન્યાયપ્રિય હોવાનો દેખાવ જાળવી રાખવા લોકશાહી અધિકારો અને ફરજપરસ્તી તથા સહિષ્ણુતાના ગુણો ધરાવતું હતું. એટલે જ વિશાળ હિંદમાં મહાન વિરોધી નેતાઓ પણ પોતાની પ્રવૃત્તિઓ સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધી કરી શક્યા, જે સહિષ્ણુતા છેલ્લી ત્રીસીના ગાળામાં ભારતમાં ક્યાંય જોવા મળતી નથી.


સમગ્ર ૨૦મી સદી દરમિયાન બ્રિટનના શાસન નીચે હૉંગ કૉંગ વિકસતું જ રહ્યું અને પ્રસંગે પ્રસંગે ચીની પ્રજા હૉંગ કૉંગનું આકર્ષણ અનુભવી ત્યાં વસવાટ કરવા આવતી રહી. પ્રથમ વિશ્વયુદ્ધ, જાપાનનું મંચુરિયા પર આક્રમણ, બીજું વિશ્વયુદ્ધ અને રાષ્ટ્રવાદીઓ વિરુદ્ધ સામ્યવાદીઓના સંઘર્ષ વખતે જે સ્થળાંતરો થયાં તેનાથી હૉંગ કૉંગ વિકસિત જ થતું રહ્યું. આની સાથે જ બીજી અનેક પ્રજાઓ આવીને વસી અને હૉંગ કૉંગ સમૃદ્ધિની ટોચ પર પહોંચ્યું. જોકે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૪૧માં બ્રિટિશ સૈન્યે અહીં શરણાગતિ સ્વીકારતાં હૉંગ કૉંગ જાપાનને હસ્તક ગયું અને ૧૪ ઓગસ્ટ, ૧૯૪૫નાં રોજ જાપાનનો પરાજય થતાં હૉંગ કૉંગ બ્રિટનને પરત મળ્યું. ઈ. ૧૯૮૨થી હૉંગ કૉંગના ભવિષ્ય વિશે એક બાજુ ચીનના પ્રમુખ ડૅંગ ઝિયાઓપિંગ અને બ્રિટનના વડાપ્રધાન માર્ગરેટ થૅચર સાથે વાતચીતો શરૂ થઈ. પોતાની પદ્ધતિ પ્રમાણે બ્રિટને વાતચીત લંબાવ્યે રાખી, પણ ચીનના પ્રમુખે પોતાનું અસલ સામ્યવાદી સ્વરૂપ બતાવીને ત્વરિત નિર્ણય લેવા જણાવ્યું. પરિણામે બ્રિટન-ચીન સમજૂતી સધાઈ, જેના પરિણામ સ્વરૂપ નવ્વાણું વર્ષ પૂરાં થતાં. ઈ.સ. ૧૯૯૭ના જૂનની ૩૦મીએ રાત્રે ૧૨-૦૦ વાગે બ્રિટને ચીનને હૉંગ કૉંગ સુપરત કરવું એવી સંધિ બંને પક્ષે સ્વીકારી. અહીં એ વાત નોંધવી જરૂરી છે કે ઈ.સ. ૧૯૬૦ પહેલાંની પરિસ્થિતિમાં સારું એવું પરિવર્તન આવ્યું હતું. બ્રિટિશ સત્તા ઘણું ગુમાવી ચૂકી હતી અને રાજકીય સમીકરણો પણ બદલાઈ ગયાં હતાં. યુનો શક્તિશાળી સંસ્થા બની ચૂકી હતી તેમ જ ચીન ઉપેક્ષા કરી શકાય એવું રાષ્ટ્ર રહ્યું ન હતું. બ્રિટને આ વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો. અલબત્ત, પોતાની સ્વભાવગત પરંપરા વિરુદ્ધ હૉંગ કૉંગ ચીનને લગભગ ૧૫૬ વર્ષ પછી પ્રાપ્ત થયું ત્યારે ત્યાં લોકશાહી પરંપરા સ્વરૂપનું રાજ્યતંત્ર હતું અને તે આર્થિક રીતે વિશ્વની પાંચમી સત્તા ગણાતું હતું. ચીને જાહેરાત કરી હતી કે ૧૯૮૪ના જાહેરનામાને તે વળગી રહેશે અને હૉંગ કૉંગને સ્વાયત્તતા અનુભવવા દેશે. આમ, ચીનમાં - સામ્યવાદી ચીનમાં - પહેલી જ વખત ચીન કહે છે તેમ 'એક રાષ્ટ્ર બે પદ્ધતિ' પ્રમાણેનો નવીન પ્રયોગ શરૂ થયો.

ચીનને હૉંગ કૉંગ પ્રાપ્ત થતાં અનેક અભિપ્રાયો વ્યક્ત થયા છે કે બ્રિટિશ શાસન નીચે હૉંગ કૉંગે મહાન આર્થિક સિદ્ધિઓ સર કરી છે. જ્યારે સોંપણી થઈ ત્યારે ૬૪ લાખની વસ્તી સાથે ૬૬ અબજ ડૉલરનું હુંડિયામણ પણ બ્રિટને ચીનને સુપરત કર્યું. જો આગામી ત્રણ-ચાર વર્ષમાં આમાં વધારો નહીં થાય અને આર્થિક અવનતિનો પ્રારંભ થશે તો બેજિંગ વિશ્વને શું જવાબ આપશે? આ જ નિવૃત્ત થતા ગવર્નર ક્રિસ પેટનનાં ઉચ્ચારણોના જવાબમાં પ્રમુખ ઝીયાંગ ઝેમીને પોતે સ્વીકારેલી સમજૂતી અને જાહેરાતના અનુસંધાનમાં સિદ્ધ કરવાનું રહેશે. ચીને બ્રિટન સાથે એ સમજૂતીનો સ્વીકાર કર્યો છે કે ઓછામાં ઓછાં ૫૦ વર્ષ સુધી તો હૉંગ કૉંગની જીવનપદ્ધતિમાં ફેરફાર કરશે નહીં. આ સમજૂતી યુનોમાં નોંધાવવામાં આવી છે.

જોઈએ હવે ભાવિના ગર્ભમાં શું છુપાયેલું છે? ભાવિ જ રાષ્ટ્રના ચારિત્ર્યને સહજ રીતે વ્યક્ત કરશે. જોકે પ્રમુખ ઝીયાંગ ઝેમીને તો બેજિંગમાં પણ એ સ્પષ્ટ જાહેરાત કરી હતી કે હૉંગ કૉંગને આર્થિક શક્તિનું કેન્દ્ર બનાવનાર મૂડીવાદી પ્રથા અને સ્વતંત્રતા તેઓ જાળવશે જ. વિશ્વનું એક મહાન સામ્યવાદી વિચારધારા સ્વીકારી ચૂકેલું રાષ્ટ્ર આવી જાહેરાત કરે એ વિધિની વક્રતા નથી શું ? જોઈએ, ભાવિ શું સિદ્ધ કરે છે તે. □

સંસારનાં સ્થાપત્યો - ૪

હેમન્ત વાળા



નેત્ર-દામ-હૌત : રોંચેપ

ઈ.સ. ૧૯૫૦-૫૪ના વાયેળામાં ફ્રાન્સના રોંચેપમાં સ્થાપિત લા કાર્બુઝિયે દ્વારા બનાયેલ નેત્ર-દામ-દ-હૌતનું ચર્ચ ઘણી રીતે વિશિષ્ટ છે. પોતાના સ્થાપત્ય માટે પોતે જ નિર્ધારિત કરેલ રૂપરેખાની મર્યાદા સમજી એવી પોતાની જ રૂપરેખાના વિરોધ સમું આ સર્જન છે. સ્થપતિ લા કાર્બુઝિયએ પોતે બનાવેલા નિયમોને અવગણી આ વિશિષ્ટ સર્જન કર્યું છે, જે અર્વાચીન સ્થાપત્યનું એક સીમાચિહ્ન પણ ગણાય છે. બાંધકામની સામગ્રીના મુખ્ય ગુણધર્મો અનુસાર તેનો ઉપયોગ થાય તે જરૂરી સમજી સ્થપતિએ કોંક્રિટની સુરમ્યતાને યોગ્ય રીતે રજૂ કરવાનો એ સફળ પ્રયત્ન કરેલો. તત્કાલીન બોક્ષ જેવી પ્રચલિત સ્થાપત્યની પરિભાષા કે અન્ય કોઈ બાહ્ય-સુશોભનના ઉપયોગને બદલે અહીં દૃશ્ય-અનુભૂતિ સમૃદ્ધ કરવા યોગ્ય પ્રમાણમાપવાળા વળાંકાકાર આકારોને જ વધુ મહત્ત્વ અપાયું છે.

ટેકરીની ટોચ પર બનાવાયેલ આ ચર્ચની દીવાલો તથા છત દળદાર છે. તેની દક્ષિણની દીવાલમાં જુદાં જુદાં માપની બારીઓ જુદી જુદી ઊંચાઈએ રખાઈ છે. ચર્ચા-સ્થાપત્યમાં કુદરતી પ્રકાશનો નાટકીય ઉપયોગ સ્ટેન ગ્લાસની બારીઓ થકી ઘણો થયો છે. પણ આ બાબતે રોંચેપનું ચર્ચ અલગ ભાત ઉપસાવે છે. પરંપરાગત સુશોભિત બારીઓને સ્થાને અહીં ચોરસ કે લંબચોરસ બારીઓની રચના થકી જ જરૂરી દૃશ્ય-અનુભૂતિ આણવા પ્રયત્ન કરાયો છે. ચર્ચનો અગ્નિ ખૂણો વળાંકાકારે બહાર નીકળે છે અને દળદાર તથા વળાંકાકાર છતને ટેકવતો હોય તેમ લાગે છે. ચર્ચની અંદરના આશરે ૧૩ મી. × ૨૫ મી. જેટલા વિસ્તારને ફરતે આવેલી દીવાલો ભાગ્યે જ સીધી કે લંબ આવેલી છે. છીપ જેવા આકારની છતવાળી આ ઇમારતની દીવાલોને સફેદ જ્યારે છતને કાળો રંગ કરાયો છે; તથા દીવાલ અને છત વચ્ચે આવેલી બારીઓથી છત હવામાં તરતી હોય તેવી અનુભૂતિ કરાવે છે. ચર્ચની પૂર્વ દીવાલ પર બહારની બાજુનો ઉપદેશ-મંચ બનાવાયો છે, જ્યારે ગોળાકાર ટાવરની અંદર ઉપદેવળ-ખંડ પણ બનાવાયો છે. આ ચર્ચનો પ્લાન જોઈને એમ માનવું મુશ્કેલ બની રહે કે આ ચર્ચનો પ્લાન છે. કારણ કે ચર્ચ માટેની પરંપરાગત મોટા ભાગની માન્યતા તથા જરૂરિયાતોના ખંડન સમો આ પ્રયત્ન હશે. જેમાં સાથેસાથે ચર્ચના મુખ્ય તથા ઉપઉદ્દેશ્યોને અવગણવામાં નહોતા આવ્યાં. સામાન્ય રીતે સમમિતિય બનાવાતાં ચર્ચના બદલે અહીં મુક્ત આકારોની રચનાને જ પ્રાધાન્ય અપાયું છે તેથી જ આ ચર્ચ તરફ જવાના માર્ગ પરથી જ ચર્ચની વિશિષ્ટતા તથા તેની રચના પાછળના પ્રશંસનીય સ્થાપત્ય-હેતુ સ્પષ્ટ થાય છે.

સ્થાપત્યના ઔદ્યોગિકીકરણના વિરોધ સમી આ ઇમારત આંતરરાષ્ટ્રિય સ્થાપત્યના ઇતિહાસમાં મહત્ત્વનો મુકામ છે.

અનુસંધાન] આવો, શીખીએ અંગ્રેજી [પૃ. ૪૫૧ પર)

પ્રમાણે કરવા જાય છે, કારણ કે તેમને અંગ્રેજી શબ્દોની જોડણી તૈયાર કરવા પ્રત્યે ભારે અણગમો અને કંટાળો છે. પણ ગાંધીજીના શબ્દો યાદ રાખવા જરૂરી છે કે ખોટી જોડણી લખવી એ અધૂરી કેળવણીની નિશાની છે. હું માનું છું કે અંગ્રેજી શબ્દોની જોડણી યાદ રાખવા માટે ગોખણપટ્ટી કરવાની જરૂર નથી. વાંચતી વખતે શબ્દોને ધ્યાનપૂર્વક જોવાની આંખને ટેવ પાડવાથી જોડણી યાદ રાખવામાં સરળતા પડે છે. લાંબા શબ્દોની જોડણી શબ્દના ટુકડા પાડીને સરળતાથી યાદ રાખી શકાય છે.

Beautiful-બ્યૂટિફુલ - BEAU-બ્યૂ - TI-ટિ - FUL-ફુલ.

વળી, એકસરખા ઉચ્ચારણવાળા અને સમાન રીતે જોડણી બનતી હોય તેવા શબ્દોનું એક જૂથ બનાવવાથી તે બધા શબ્દોની જોડણી યાદ રાખી શકાય. જેમ કે AHCIEVE-અચીવ, BELIEVE-બિલીવ, RECEIVE-રિસીવ.

મજાની વાત એ છે કે એક વાર બરાબર તૈયાર કરેલી જોડણી જલદી ભુલાતી પણ નથી. પરન્તુ જોડણી યાદ રાખવા માટે સજગતા-જાગરૂકતા જરૂરી છે. નીચે આપેલા કોઠા પ્રમાણે સંજ્ઞાવાચક નામ બનાવવાના ઉદાહરણ રૂપે થોડાંક નામ લઈએ:

અમર	ચારુલતા	છાયા
AMAR	CHARULATA	CHHAYA
ક્રિશ્ના	ઓમકારનાથ	મૌસમી
KRISHNA	AUMKARNATH	MAUSAMI

પણ આટલું જ બસ ન સમજશો. યાદ આવે તે સંજ્ઞાવાચક નામ બનાવવાનો પ્રયત્ન કરો. ગમ્મત સાથે જ્ઞાન મળશે. મહાવરાથી જ કોઈ પણ કામ આત્મસાત્ થાય. (ક્રમશઃ)

સંગીતશાસ્ત્ર-૭

હસુ યાજ્ઞિક

પાશ્ચાત્ય સ્વરલિપિ

પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર અને પં. ભાતખંડે - આ બન્નેની સ્વરલિપિ ભારતીય શાસ્ત્રીય સંગીતના લિખિત રૂપ માટે ખૂબ જ ઉપયોગી છે. આ બન્ને પદ્ધતિમાં કેટલોક ભેદ અને કેટલીક સમાનતા છે. અનુગામી સંગીતકારો, શિક્ષકો, પંડિતો, આ બન્ને લિપિઓનો જ કેટલાક ફેરફારો સાથે ઉપયોગ કરે છે. માત્રાની સૂક્ષ્મતા તથા ગણતરી પં. વિષ્ણુ દિગંબરની લિપિમાં ગાણિતિક રીતે બરાબર જળવાય છે, એથી કેટલાક સંગીતજ્ઞો એ લિપિ જ સ્વીકાર્ય માને છે. પરંતુ મારી દૃષ્ટિએ સાંગિતિક રૂપના શૈક્ષણિક દૃષ્ટિના આલેખનની રીતે તો પં. ભાતખંડેની જ પદ્ધતિ વિશેષ સુગમ તથા ગાયક-વાદકને માટે ઉપયોગી છે. એક માત્રામાં લેવાતા સ્વરોને સાથે અર્ધચન્દ્રાકારમાં મૂકવાથી એના ગણિતમાં કોઈ ફેરફાર થતો નથી અને વિદ્યાર્થીને, વાદક-ગાયકને તે વિશેષ સુગમ પડે છે. વળી, તાલના ખંડ પ્રમાણે જ તેમાં સ્વરાંકન થતું હોઈ તાલ તથા માત્રાની ગણતરી ખૂબ જ સહેલી પડે છે. પં. વિષ્ણુ દિગંબર પલુસ્કરની પદ્ધતિ પ્રમાણે જ સીધી લીટીમાં સ્વરો આવે અને નીચે - અને ૦ ચિહ્નો આવે તે સમજાય, પરંતુ ૧/૩, ૧/૪, ૧/૬, ૧/૮ આવે ત્યારે એના મેળમાં ગૂંચવણ ઊભી થાય છે. જ્યારે એક માત્રામાં આવતા સ્વરો સાથે આવે, તાલના ખંડ પ્રમાણે સ્વરાંકન થાય તેથી વિદ્યાર્થીના મનમાં એની ઘરેડ બેસી જાય છે. બીજો મોટો લાભ એ છે કે કોઈ પણ ચીજ કે ગત લો, તો એમાં પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ હોય છે, ષડ્જ-મધ્યમ કે ષડ્જ-પંચમ ભાવે જ સ્વરના ટુકડાઓ આવતા હોય છે. જ્યારે એક જ ખંડની નીચે જ એના અનુગામી ખંડ આવે અને ચક્ર પૂરું થાય ત્યારે આ ખંડમાં સ્વરાંકન લખવાની પદ્ધતિ એના આંતરરૂપને પણ બરાબર પ્રગટ કરે છે. વળી, આપણા ત્રિતાલ, કહરવા, દાદરા, હીંચ, અર્ધહીંચ, ખેમટા, એકતાલ, ચૌતાલ, ધમાર, ઝપતાલ, દીપચંદી વગેરેના જે તાલ છે તેની માત્રા, એ માત્રાઓના ખંડ, એ ખંડ પર આવતો ભાર, તે તે તાલના બોલ કે ઠેકામાં જે લયનું આંતરરૂપ હોય એને જ અનુસરતા સ્વરોનો મેળ વગેરેનું જે સ્પષ્ટરેખ ચિત્ર ભાતખંડે પદ્ધતિમાં મળે છે, તે વિષ્ણુ દિગંબર પદ્ધતિમાં મળતું નથી. આ દૃષ્ટિએ પં. ભાતખંડેની સ્વરાંકન પદ્ધતિ જ ભારતભરમાં પ્રમાણમાં વિશેષ પ્રયોજાતી, સ્વીકારાતી જોવા મળશે.

પં. વિષ્ણુ દિગંબર પલુસ્કરની સ્વરલિપિની હિમાયત કરનાર કહે છે કે પહેલો સ્વર અર્ધ માત્રામાં, બીજો પૂર્ણ માત્રામાં અને ત્રીજો ફરી અર્ધ માત્રામાં હોય ત્યારે તે ભાતખંડેમાં શાસ્ત્રીય શુદ્ધિ જાળવી દર્શાવી શકાતો નથી અથવા બે માત્રામાં ત્રણ સ્વર હોય કે ૧/૩, ૧/૬, ૧/૮ જેવા માત્રાભાગોમાં સ્વરો હોય ત્યારે એ દર્શાવી શકાતા નથી. હકીકતે આ માન્યતા સાચી નથી. પં. ભાતખંડેની પદ્ધતિમાં પણ આ દર્શાવી શકાય છે તે જુઓ :

પં. વિષ્ણુ દિગંબર પલુસ્કરમાં ૧/૨ + ૧ + ૧/૨ સા રે ગ. પં. ભાતખંડેમાં ૧/૨ + ૧ + ૧/૨ ૦, સા રે ગ, ૦ એ રીતે દર્શાવી શકાય.

આ રીતે બે માત્રામાં ત્રણ સા રે ગ અથવા સા - રે - ગ - એ રીતે. આમ, ૧/૪ તો સારેગમ • ૧/૨ સારે થી દર્શાવાય જ છે. ૧/૬ માટે માત્રાના – – – – – – ભાગ છે, એમ કલ્પીને તેના સ્વરો આપી શકાય.


ધારો કે સા = ૧/૨ માત્રા, રે = ૧/૪, ગ = ૧/૪ છે તો સા,રેગ એટલે કે , (અલ્પવિરામ) થી માત્રાના બે ભાગ.

આ પદ્ધતિ જ સંગીત કાર્યાલય હાથરસ તથા ફિલ્મસંગીત અને શાસ્ત્રીય સંગીતનાં સામયિકોમાં પ્રકાશિત તથા સ્વરાંકનમાં પ્રચલિત બની છે અને ભારતીય ક્ષેત્રે સ્વીકૃત બની છે.


આમાં હજુ કોઈ પણ ન્યૂનતા લાગતી હોય તો એને સુધારવાનો પૂરતો અવકાશ છે.


સ્વરાંકનની ભારતીય પદ્ધતિ જાણ્યા પછી હવે પાશ્ચાત્ય સ્વરાંકનલિપિ-સ્ટાફ નોટેશન વિશે વિચારીએ, સમજીએ. સ્વર અને તાલને લિપિબદ્ધ કરવામાં આવે તેને Notation એટલે કે સ્વરાંકન કહેવામાં આવે છે. સા, રે, ગ, મ, પ, ધ, નિ માટે પાશ્ચાત્ય સંગીતમાં Do, Re, Mi, Fa, Sol, Lat, Si પ્રયોજાય છે અને તેની અક્ષરસંજ્ઞા C, D, E, F, G, A, B છે. કોમળ સ્વર માટે b સંજ્ઞા અને તારના સ્વર માટે m સંજ્ઞા છે. તીવ્ર માટે # સંજ્ઞા પ્રયોજાય છે. પરંતુ આ સ્વરને જ્યારે સ્ટાફ નોટેશનમાં આલેખવામાં આવે છે ત્યારે તેમાં પાંચ સમાન્તર રેખાઓનો ઉપયોગ કરવામાં આવે છે. સ્વર એ ક્રમશઃ ઉત્કટ બનતા નાદનું જ ઓળખાણ પાડતું નામ છે. આથી પાંચ લીટીમાં નીચેની લીટીમાં લીટીનો છેદ કરતું અંડાકાર વર્તુળ મૂકવામાં આવે છે. તે ○ આ પ્રકારનું હોય છે. લીટીની નીચેનું અંડાકાર

ચિહ્ન તે સ્વરનો 'ટોન'નો નિર્દેશ કરે છે. તે પછીનું ○ અંડાકાર લીટીને છેદીને મૂકવામાં આવે છે, ⊖ આ રીતે. પરંતુ ત્રીજા ક્રમનું અંડાકાર હવે ઉપરની બે લીટીઓની વચ્ચે ○ આ રીતે આવે છે. આમ પાંચ લીટીમાં સાત સ્વરો નીચે પ્રમાણે દર્શાવી શકાય છે :



આમ ક્રમશઃ પાંચ લીટીમાં સ્વરોના ઉત્કટતા પ્રમાણેના નીચેથી ઉપર ચડતા ક્રમે સ્થાન નિશ્ચિત કરી શકાય છે. જો મંદ્ર-મધ્ય-તાર સપ્તક એકસાથે જ દર્શાવવા હોય તો આવી ૧૧ લીટી દોરી શકાય. ઉપર કે નીચે જરૂરી હોય ત્યાં આંશિક ખંડ પૂરતી લીટી દોરી શકાય. અથવા તો આ પાંચ રેખાઓ સામે ચિહ્ન મૂકીને તેનું નિશ્ચિતિ સપ્તક દર્શાવી શકાય.): આ ચિહ્ન જો પાંચ રેખા આગળ હોય તો તે રેખામાં આવતા સ્વરો મંદ્ર સપ્તકના છે અને પાંચમી લીટીથી હવે મધ્ય સપ્તકના સ્વરો શરૂ થાય છે. તે માટે ઉપર ખંડ પ્રમાણેની લીટી Leger - લાઈન દોરી શકાય. મંદ્રસપ્તકના આ ચિહ્ન): ને Bass Clef બાઝ ક્લેફ કહેવામાં આવે છે. જો મંદ્રના સ્વરો બતાવવાના ન હોય અને બધા સ્વરો જો મધ્યસપ્તકના જ હોય તો પાંચ લીટીના આલેખની સામે 𝄞 ટ્રેબલ ક્લેફ - Treble Clefનું ચિહ્ન મૂકવામાં આવે છે. આની ઉપરની છેલ્લી લીટીથી તાર સપ્તક આરંભાય છે તેથી લેજર-લાઈન મૂકીને તે સ્વરો દર્શાવી શકાય. સૌથી નીચેની લીટીની નીચે મંદ્ર સપ્તક છે તેથી મંદ્રના સ્વરો લેજર લાઈનથી દર્શાવી શકાય.



આ થઈ સ્વર અને તેના સપ્તકના નોટેશનની વાત. પરંતુ અહીં માત્ર શુદ્ધ સ્વરોની વાત થઈ. રે, ગ, ધ, નિ કોમળ અને મા તીવ્ર હોય તો? પાશ્ચાત્ય સંગીત 'ટોન'નું બીજા 'ટોન'ના મુકાબલે ઊંચાપણું અને નીચાપણું જ દૃષ્ટિમાં રાખે છે. બે સ્વર એકદમ નજીક હોય તો તે અંતર સેમિટોન છે. હાર્મોનિયમની કોઈ પણ ધોળી પછી તરત જ જે કાળી પટ્ટી આવે છે તે આ સફેદ પટ્ટીનો સેમિટોન છે. એટલે કે એ ધોળી જો સા તો કાળી રે, એ ધોળી જો રે તો કાળી રે, એ ધોળી જો રે તો એ કાળી ગ, જો એ ગ તો કાળી ગ, જો એ સફેદ ગ તો એની નજીકની કાળી મ, જો એ સફેદ મ તો બાજુની કાળી મા, જો એ સફેદ મા તો બાજુની કાળી પ, જો એ સફેદ પ તો બાજુની કાળી ધ, જો એ સફેદ ધ તો કાળી નિ, જો સફેદ નિ તો કામી નિ, જો સફેદ નિ તો કાળી સા. આ બધી જ સફેદ-કાળીને કે કાળી અને તે પછીની સફેદ ચાવીને લાગુ પડશે. સિતાર, ગિટાર, વાયોલિન, રાવણહથ્થો, એ બધાં તંતુવાદ્યોમાં પણ બે જોડાયેલી આંગળીનું અંતર તે સેમિટોનનું છે. અર્થાત્ પહેલો જે સ્વર છે, ટોન છે તેથી તેની સૌથી નજીકનો સ્વર છે તેનોં તે સેમિટોન છે. પરંતુ હાર્મોનિયમની સફેદ પછીની બીજી સફેદ પટ્ટી છે તે પહેલી સફેદનો ટોન છે, અર્થાત્ પહેલા ટોન પછીના બીજા ટોનનું અંતર છે. તે હવે 'સેમી' એટલે કે અર્ધ નથી પરંતુ તે તફાવત હવે પૂર્ણ છે. આથી સા અને રે વચ્ચે સેમિટોન છે પરંતુ સા અને રે (શુદ્ધ) વચ્ચે ટોન છે. એ રીતે રે અને ગ (શુદ્ધ) વચ્ચે ટોન છે પરંતુ રે અને ગ (કોમળ) વચ્ચે સેમિટોન છે. આપણે 'સા' અને 'પ' ને અચળ માન્યા છે કેમ કે 'સા'થી સેમિટોન નીચે ઊતરો તે 'નિ' શુદ્ધ છે અને એક સેમિટોન ઉપર આવો તો તે રે (કોમળ) છે. એ રીતે 'પ'થી એક સેમિટોન નીચે ઊતરો તો 'મા' છે અને ઉપર આવો તો ધ (કોમળ) છે. પરંતુ પાશ્ચાત્ય નોટેશનમાં 'C' 'સા'ને શાર્પ માની એની એક સેમિટોન નીચો કે એક સેમિટોન ઊંચો દર્શાવી શકાય છે. એ રીતે 'G' એટલે કે 'પ'ને એક સેમિટોન નીચો કે એક સેમિટોન ઊંચો દર્શાવી શકાય છે. આથી જે મુખ્ય શુદ્ધ સ્વરથી એક સેમિટોન નીચા સ્વરને આપણે કોમળ સ્વર કહીએ છીએ તેને પાશ્ચાત્ય સંગીતમાં ફ્લેટ - Flat કહે છે. શુદ્ધને શાર્પ - Sharp કહે છે. આથી કોમળ સ્વર દર્શાવવા અંડાકારની પહેલાં ઊભી લીટી કરવામાં આવે છે - b ફ્લેટ માટેની સંજ્ઞા છે. શાર્પ માટે # એવી સંજ્ઞા છે. ડબલ ફ્લેટ માટે bb અને ડબલ શાર્પ માટે x નું ચિહ્ન પ્રયોજાય છે. ○ = સા છે તો x○ = સાનો ડબલ શાર્પ એટલે કે રે (શુદ્ધ) છે. અને ≠ 0 = સાનો અર્ધ શાર્પ એટલે સેમિટોન ઊંચો રે (કોમળ) છે. નોટેશનમાં દરેક વખતે આ રીતે કોમળ કે તીવ્ર સ્વરો બતાવવા ન પડે એ માટે Key Signature પ્રયોજાય છે.  આમ ૨-૩, ૩-૪, ૪-૫ ક્રમાંકની લીટી વચ્ચેના સ્વરને કોમળ દર્શાવીને કી-સિગ્નેચર મૂકી હોય તો ગાયક-વાદક સમજી જાય છે કે અહીં જ્યાં જ્યાં ધ, સા અને ગ સ્વર છે ત્યાં તેના સેમીટોન અર્થાત્ ધ, નિ અને ગ છે. ક્લેફની પછી તરત


આવતાં આવાં ચિહ્નોને Essential Key Signature કહે છે. પરંતુ જો નોટેશનના અમુક જ સ્વરો લેતી વખતે કોઈ સ્વરના શાર્પ કે ફ્લેટ લેવાના હોય તો તે તે Bar એટલે કે ખંડમાં દર્શાવવામાં આવે છે જેને Accidental Key Signature કહે છે, અર્થાત્ આકસ્મિક. આટલા ખંડ પૂરતો મર્યાદિત ઉપયોગ છે એવો સ્વરનો ફેરફાર



આ થઈ પાશ્ચાત્ય સ્વરલિપિમાં દર્શાવાતા શુદ્ધ અને વિકૃત સ્વરોની સંજ્ઞાની વાત. હવે પ્રશ્ન એ છે કે એમાં માત્રા અને તાલ કેવી રીતે દેખાડવામાં આવે છે? અહીં પણ ગાણિતિક સંજ્ઞાનો ઉપયોગ છે. ખાલી એવું અંડાકાર ○ એટલે એક માત્રા અને એ ખાલી અંડાકારની આગળ કે પાછળ લીટી અથવા એટલે અર્ધી માત્રા. હવે એ ખાલી અંડાકારને 'હોલો' એટલે કે ખાલી રાખવાને બદલે સાહી પૂરો અથવા એટલે ૧/૪ માત્રા. હવે એનો જે | દંડ છે તેમાં એક ધજા મૂકો એટલે અર્ધ ભાગ થયો તેથી બરાબર ૧/૮ માત્રા. હજુ બીજી ધજા ઉમેરો તો એનું અર્ધું એટલે ૧/૧૬ માત્રા. હજુ ત્રીજી ધજા ઉમેરો તા તો ૧/૩૨ માત્રા. આમ એક માત્રા ○ તે Semi breve અથવા તે Mimim, અથવા તે Crotchet ક્રોશે તે Quaver ક્વવેર, સેમીક્વેરે Demi Semi Qhaver નીચે જુઓ. ધ ની સા રે




આ ૧/૮ માત્રા



આ ૧/૩૨ માત્રા

આમ, સમ વિષમ એવી માત્રાઓ દર્શાવવામાં આવે છે. ટાઈમ સિગ્નેચર મૂકીને ૨/૨ એમ દર્શાવે તો દરેક ખંડની એક માત્રા ગણતાં જે દરેકમાં બે બે સ્વર છે તે અર્ધી અર્ધી માત્રાના છે એમ કહેવાય. એ રીતે ૨/૪ એમ મૂક્યું હોય તો બે ખંડ છે અને તેમાં પ્રત્યેક ખંડમાં ચાર સ્વર છે, એમ અર્થ થાય. ઊભી રેખાને Bar Line કહે છે.


આમ, ગાણિતિક ચિહ્નો અને સ્વરની ઉત્કટતાની વૈજ્ઞાનિક પદ્ધતિથી આ પાશ્ચાત્ય નોટેશનનો વિકાસ થયો છે. તેનો વિકાસ કેવી રીતે થયો અને ભારતીય સ્વરાંકન પદ્ધતિની દૃષ્ટિએ આ પાશ્ચાત્ય પદ્ધતિની ભિન્નતા શાથી છે તેની ચર્ચા આવતા અંકે કરીશું. વિષમ માત્રાના ખંડનું સ્વરાંકન જુઓ :




વિષમ માત્રા ૧/૮, ૧/૧૬, ૧/૮, ૧/૧૬, ૧/૧૮



૧/૩૨, ૧/૮, ૧/૧૬, ૧/૩૨, ૧/૩૨, ૧/૧૬, ૧/૧૬, ૧/૮



અહીં સાંસાં ધપ ગરે સારે છે.
એક ખંડમાં બે અર્ધ માત્રા - ચાર ખંડ



ટાઈમ સિગ્નેચરમાં
૪ના ૨ ભાગ દર્શાવ્યા.

અનુસંધાન] સ્વાતંત્ર્યોત્તર ગુજરાતનો કલાપ્રવાહ [પૃ. ૫૧૩થી

ખખ્ખર, પ્રિન્સ રણજિતસિંહ, હિમ્મત શાહ, નરેન્દ્ર અમીન આદિએ સ્વતંત્ર કલાસર્જન અને શિક્ષણમાં રહી એક પેઢી ઊભી કરી. બિહારીલાલ બારભૈયા જેમણે બાટિક દ્વારા સર્જન કર્યાં.

સુરતના વાસુદેવ સ્માર્ત સર્જન, લેખન અને અભ્યાસી પ્રૌઢ ચિત્રકાર છે. અમદાવાદમાં વસતા પ્રૌઢ ચિત્રકારોમાં બાલકૃષ્ણ પટેલ, હકુ શાહ, પીરાજી સાગરા, જનક પટેલ, ભાનુ શાહ, રમણીક ભાવસાર, કનૈયાલાલ યાદવ, ઈશ્વર સાગરા, છગન મીસ્ત્રી, અમિત અંબાલાલ, નટુ ભાવસાર, નાગજીભાઈ ચૌહાણ, નટુભાઈ પરીખ, પ્રેમ રાવળ, મનુ પરીખ, નવીન ધગટ, અનંત મહેતા, ભરત પંચાલ, જી. ડી. પરમાર, અજિત દેસાઈ, માનસીંગ છારા, વિનોદ પારુલ, પવાર ભવારસિંહ, મહેન્દ્ર કડીઆ, ભરત મોદી, અશ્વિન મોદી, કીશન કામલે, ગજેન્દ્ર શાહ આદિ સક્રિય સર્જકો છે.

ગૌતમ વાઘેલા, દિનેશ શાહ, મનુ પારેખ, શ્રીમતી માધવી, ગુજરાત બહાર રહી ગુજરાતનું નામ શોભાવ્યું છે.

બાળકળા ક્ષેત્રે માનસીંગ છારા રશ્મિ ખત્રી, પ્રદ્યુમ્ન દવે, કાંતિરાણા, મનુ પરીખ નવીન ધગટ ઉલ્લેખપાત્ર છે.

યુવા કલાકારો તો ખૂબ વ્યાપ ધરાવે છે; પરંતુ જયંતી રાબડિયા, રતિલાલ કાંસોદરિયા, નબીબદ્દા, અપૂર્વ દેસાઈ, જયેશ શુક્લ, જગદીશ સ્માર્ત અને રમેશ વાઘેલા વધુ કાર્યરત છે. સૌ કલાકારોનાં માતબર સર્જનોથી કલાક્ષેત્રે ગુજરાતનું સ્થાન ગૌરવવંતું બન્યું છે. છેલ્લા પાંચ દાયકામાં સર્જનનો વ્યાપ ખૂબ વધ્યો છે. છેલ્લાં પચાસ વર્ષની કલામાં ટ્રેડિશન કરતાં પ્રયોગશીલતા વધી અને સર્જન વિપુલ થયું છે. અહીં જે સંસ્થા-વ્યક્તિઓનો નામો નિર્દેશ થયો નથી તેનો પણ કલાવિકાસમાં યત્કિંચિત ફાળો રહ્યો જ છે. આ સિંહાવલોકનમાં નિઃશેષ નામાવલિ ના જ હોય તે સુજ્ઞજનો સમજી શકશે. એકંદરે સ્વાતંત્ર્યોત્તર કલાક્ષેત્ર વ્યક્તિઓ, સંસ્થાઓ અને પ્રવૃત્તિપ્રયોગોથી રળિયાત બન્યું છે. □

તવારીખે
પોસ્ટકાર્ડ
(૩)
ભરતકુમાર પ્રા. ઠાકર
સંજય પી. ઠાકર



ટી.વી. કાર્ડ્સ

પોસ્ટકાર્ડે તેની ૭૦ વર્ષની મજલ કાપ્યા બાદ ૧૯૫૦માં તેના હરીફ જેવા 'આંતરદેશીય પત્રો' (ઇન્લેન્ડ લેટર્સ)નું આગમન થયું; પરંતુ પોસ્ટકાર્ડની લોકપ્રિયતા એવી ને એવી જ રહી છે. આજે પ્રતિ વર્ષ ર અબજ ૧૦ કરોડની વિક્રમી સંખ્યામાં પોસ્ટકાર્ડ્સ દેશના એક ખૂણાથી બીજા ખૂણા સુધી દેશવાસીઓને ભ્રાતૃભાવના બંધનમાં બાંધવાનું કાર્ય કરી રહ્યાં છે! હજુ પણ આપણું પોસ્ટકાર્ડ માત્ર ૨૫ પૈસા જેટલી નજીવી કિંમતમાં સરેરાશ સાડાત્રણ હજાર માઈલ (એટલે કે ૫,૬૦૦ કિ.મી.)ની સફર કરે છે!

ટી.વી. પોસ્ટકાર્ડની પરંપરા

ભારતીય પોસ્ટકાર્ડની પ્રલંબ તવારીખમાં ગયા વર્ષે એક નવું પરિમાણ ઉમેરાયું છે. લોકલ પોસ્ટકાર્ડ, સર્વિસ પોસ્ટકાર્ડ, રિપ્લાઈ પોસ્ટકાર્ડ, ફોરિન પોસ્ટકાર્ડ, પિક્ટોરિયલ પોસ્ટકાર્ડ, સ્પેશલ પોસ્ટકાર્ડ, બિઝનેસ પોસ્ટકાર્ડ વગેરે જેવા પ્રકારોમાં હવે એક વધુ નવતર પ્રકાર ઉમેરાયો છે. તે છે ટીવી સ્પર્ધાઓના ઉત્તરો પાઠવવાનાં ખાસ કોમ્પિટિશન પોસ્ટકાર્ડ્સ!!

એક તરફ પંદર પૈસાની નજીવી કિંમતે અપાતાં પોસ્ટકાર્ડ પાછળ જંગી ખોટ અને બીજી તરફ ટીવી પ્રોગ્રામોના પગલે પોસ્ટકાર્ડના વધેલા થોકબંધ વપરાશના પરિણામે સરકારે ૧૯૯૬માં ટીવી ક્વિઝ માટેનાં પોસ્ટકાર્ડના દર પંદર પૈસામાંથી સીધા બે રૂપિયા કર્યા છે. જોકે તો પણ રોજ લાખોના હિસાબે મોંઘા ભાવનાં ટીવી કાર્ડ્સ લખાતાં રહેશે એવું ટીવીવાળા માને છે.

છેલ્લા એક દાયકાથી ભારતમાં 'સેટેલાઈટ ચેનલ યુગ'ના મંડાણ થતાં નવા પ્રકારનાં પોસ્ટકાર્ડ લખનારાઓનો જુવાળ જાગ્યો છે. ટીવીની વિવિધ ચેનલો પર આવતા સંખ્યાબંધ મનોરંજન કાર્યક્રમોમાં પુછાતા સ્પર્ધાત્મક પ્રશ્નો, માહિતી, માગણી, સલાહ-સૂચન, સવાલ-જવાબ, રજૂઆત, જાણકારી, ફરમાશ વગેરે બાબતો માટે પોસ્ટકાર્ડ્સનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થવા લાગ્યો છે.

પોસ્ટકાર્ડ દ્વારા પ્રશ્નોત્તર

ટીવી કાર્યક્રમો માટેની 'પોસ્ટકાર્ડ પરંપરા' દૂરદર્શનની લોકપ્રિય શ્રેણી 'સુરભિ'થી શરૂ થઈ હતી, જેને અઠવાડિયે ૧ થી ૩ લાખ પોસ્ટકાર્ડ મળે છે! વિવિધ ટીવી ચેનલોના સંખ્યાબંધ કાર્યક્રમો પાછળ વર્ષેદહાડે લગભગ પાંચેક કરોડ પોસ્ટકાર્ડ વપરાઈ રહ્યાં હોવાનો અંદાજ છે!


ટીવી-રેડિયોની વિવિધ ચેનલોના મોટા ભાગના મનોરંજક કાર્યક્રમોના અંતે ઉખાણા (ક્વિઝ) જેવા પ્રશ્નો પણ પુછાય છે અને દર્શકોને તેનો જવાબ પોસ્ટકાર્ડ પર જ લખી જણાવવા સૂચવાય છે. (તે પાછળનું કારણ એટલું જ કે લાખોના હિસાબે આવતા પત્રોના બદલે કાર્ડ્સના વાચન અને વર્ગીકરણમાં સરળતા અને ઝડપ રહે છે.)

સાચો ઉત્તર પાઠવનારા પત્રલેખકોનાં જથ્થાબંધ પોસ્ટકાર્ડોમાંથી 'ભાગ્યશાળી પત્તું' ખેંચી વિજેતાની પસંદગી થાય છે. તેમને 'ઢેર સારે ઇનામ યા તોહફે' આપવાની જે લોભામણી જાહેરાતો થાય છે તેની લાલચે દર્શકોને પોસ્ટકાર્ડ લખવાનો એવો તો નાદ લાગ્યો કે પોસ્ટકાર્ડના વેચાણ અને કર્મચારીઓ પરના બોજ બંનેમાં જંગી વધારો થયો છે.

ટચુકડા કાર્ડની કૃત્રિમ અછત

ટીવી કાર્યક્રમોને લીધે પોસ્ટકાર્ડ્સનું વેચાણ વધવાથી સરકારની આવક નહિ, ખોટ વધેલી. ટપાલ ખાતા પર કાર્યબોજ વધ્યો તે વધારામાં. તેથી ટીવી ક્વિઝ જેવા વ્યાપારી હેતુસર સામાન્ય પોસ્ટકાર્ડથી વધુ કિંમતના અને નવી કેટિગરિના 'કોમ્પિટિશન પોસ્ટકાર્ડ' દાખલ કરવા સંદેશાવ્યવહાર ખાતાની સ્થાયી સમિતિએ ૧૯૯૫માં સૂચન કર્યું હતું. ટીવી કાર્યક્રમોનાં સ્પર્ધાત્મક કાર્ડ માટે વ્યાપારી દર રાખવાથી ટપાલ ખાતાની ખોટ થોડી ઓછી થશે.

ટીવીની ઇનામી સ્પર્ધાઓ પાછળ કરોડોની સંખ્યામાં પોસ્ટકાર્ડના થતા ઉપયોગ (કે દુરુપયોગ)ના પગલે ઘણાં સ્થળે તેની કૃત્રિમ અછત પણ ઊભી થઈ હતી. સામાન્ય માણસને પંદર પૈસાનું પત્તું મેળવવા ટપાલ-કચેરીઓમાં લાંબી કતારમાં ઊભા રહેવું પડતું અને તે પણ મર્યાદિત સંખ્યામાં કાર્ડ મળતાં. તે સમયે અમુક સ્થળોએ નાનકડા પોસ્ટકાર્ડના પણ કાળા બજાર થયા હતા.



આનો ઉપાય કરવા સરકારે ટીવી સ્પર્ધાઓ માટે લખાતાં પોસ્ટકાર્ડના અલગ દર નક્કી કર્યા છે. દેશભરની લાખો ટપાલ-કચેરીઓમાં સામાન્ય લખાણવાળા અને સ્પર્ધાના જવાબવાળા એમ દરેક કાર્ડને જોઈ-તપાસીને અલગ તારવવાનો દૈનિક વ્યાયામ ટાળવા સરકારે સામાન્ય પોસ્ટકાર્ડથી જુદી પડે એવી અલગ સ્ટેમ્પ-ડિઝાઈન ધરાવતા બે રૂપિયાના સ્પેશલ કૉમ્પિટિશન કાર્ડ બહાર પાડ્યા છે.

છતાં પ્રશ્નો ઉકેલાશે ?

બે અલગ દરની પોસ્ટકાર્ડ વ્યવસ્થાનાં જોકે ભયસ્થાનો પણ રહેલાં છે. ટીવી કાર્ડ્સ શરૂ થયાં પછી પણ કોઈ દર્શક ૨૫ પૈસાના સામાન્ય પોસ્ટકાર્ડ પર જવાબ લખી મોકલે ત્યારે 'નોટ પેડ-ડ્યૂ'ના પ્રશ્નો ઊભા થશે.

વળી, ભાવ વધાર્યા પછી પણ લોકો પોસ્ટકાર્ડ લખતા ઘટશે એવું માની લેવું વધુ પડતું છે. ભાવ વધારાથી ટેવાઈ ગયા પછી એટલા જ પ્રમાણમાં પત્રો લખાશે. ઉપરાંત, હજુ નવી ચૅનલો, તેના કાર્યક્રમો અને ઇનામો વધતાં જાય છે. એટલે પોસ્ટકાર્ડની માગ અને વપરાશ પણ વધતાં જ રહેવાનાં!

અધૂરામાં પૂરું, ટીવીના પગલે હવે રેડિયો પર પણ ગીત-સંગીતના અનેક ક્વિઝ-કાર્યક્રમો શરૂ થયા છે. લાગે છે કે ટપાલ વિભાગ પરથી આ ગ્રહણ કદાચ હાલના તબક્કે તો નહિ જ છૂટે!

આંકડાની ઇન્દ્રજાળ

આજથી ૧૧૮ વર્ષો પહેલાં ભારતમાં પોસ્ટકાર્ડ-પ્રથા શરૂ થઈ ત્યારે તેને એવી સફળતા મળેલી કે એક પખવાડિયા બાદ કલકત્તાના 'અમૃત બઝાર પત્રિકા'એ તેના ૧૮-૭-૧૮૭૯ના અંકમાં પોસ્ટકાર્ડ પદ્ધતિની પ્રશંસા કરતો અગ્રલેખ લખ્યો હતો!

પ્રથમ વર્ષમાં ભારતમાં ૨૦ લાખથી વધુ પોસ્ટકાર્ડનું વેચાણ થયું હતું. બે વર્ષ બાદ ૧૮૮૧માં તેનું વાર્ષિક વેચાણ ૨૬ લાખ જેટલું હતું. પોસ્ટકાર્ડ શોધાયાનાં દસ વર્ષમાં તેનો વપરાશ એટલો બધો વધી ગયો કે વેપારીઓ કે સામાન્ય લોકો ખાનગી સંદેશા પૂરતો જ પરબીડિયાનો ઉપયોગ કરતા. સિત્તેરના દાયકામાં સરકાર વર્ષે ૧૨૦ કરોડ જેટલાં પોસ્ટકાર્ડ છાપતી હતી.

આજે આપણા દેશમાં વાર્ષિક અંદાજે ૨.૧ અબજ પોસ્ટકાર્ડની હેરફેર થાય છે! આમજનતાના પત્રવ્યવહાર માટે પોસ્ટકાર્ડ જેવું સસ્તું અને સરળ સાધન બીજું એક પણ નથી. દેશના ગ્રામીણ ક્ષેત્રોમાં આજે પણ તે એટલું જ લોકપ્રિય છે. ભારત દેશની ગરીબ પ્રજા માટે દર વર્ષે કરોડો રૂપિયાની ખોટ ખાઈનેય સરકારે પોસ્ટકાર્ડની ભાવસપાટી નીચી રાખી છે.

પોસ્ટકાર્ડનું અર્થતંત્ર

શરૂનાં વર્ષોમાં ઉત્પાદન-ખર્ચ જેટલો પોસ્ટકાર્ડનો ભાવ રાખવામાં આવતો. ૧૯૭૪માં ભાવાંક ૨૧૦ હતો ત્યારે તેની કિંમત ૧૫ પૈસા નિર્ધારિત કરવામાં આવી હતી. જ્યારે તેનાં ૨૨ વર્ષો પછી ૧૯૯૬માં ભાવાંક ૧૩૦૦નો આંક કુદાવી ગયો ત્યારે પણ પોસ્ટકાર્ડ ૧૫ પૈસે જ મળતું હતું!

પોસ્ટકાર્ડની કિંમત જ્યારે ૧૦ પૈસા હતી ત્યારે પણ એક પતાકડા પાછળ ટપાલ ખાતાને ૧૬.૪ પૈસાનો ખર્ચ થતો, જેને લીધે દર વર્ષે રૂપિયા ૬.૬૧ કરોડની ખોટ જતી. આ ઉપરથી ટૅરિફ કમિટિએ ભલામણ કરેલી કે પોસ્ટકાર્ડને ૪૦ ટકા સુધી સબ્સિડી આપવી, તેથી કરીને ટપાલનો દર ખર્ચના ૬૦ ટકા નક્કી કરવામાં આવ્યો છે.

એ પછી ૧૯૯૦માં ૧૫ પૈસાનું પત્તું ખાતાને ૧૭ પૈસામાં પડતું હતું. પરંતુ ટીવી ચૅનલો અને તેના કાર્યક્રમોનો રાફડો ફાટતાં પોસ્ટકાર્ડની સંખ્યામાં ભારે ઉછાળો આવ્યો. ૧૯૯૧માં એક પોસ્ટકાર્ડનો ખર્ચ સીધો રૂ. ૧.૨૫ અને ૧૯૯૩માં રૂ. ૧.૫૦ ઉપર, જ્યારે તેની સેવા નિભાવવા પાછળ સરકારની વાર્ષિક ખોટ ૬૦ કરોડ રૂપિયા ઉપર પહોંચી ગઈ હતી!

ઉત્પાદનથી વિતરણનો ખર્ચ

ઉત્પાદનથી લઈને ટપાલમાં આપણા ઘરના બારણા સુધી પહોંચતા પોસ્ટકાર્ડ પર અનેક ખર્ચા ચડે છે. તેનો ખાસ પ્રકારનો કાગળ (રૉ મટીરિઅલ), તેના પરનું છાપકામ (પ્રિન્ટિંગ), ગામેગામની ટપાલ-કચેરીઓમાં તેની વેચાણ-વ્યવસ્થા (ડિસ્ટ્રિબ્યૂશન), ખાસ તો ટપાલ થયેલા કાર્ડ્સનું એકથી બીજા સ્થળ સુધી વહન (હેન્ડલિંગ), સામા છેડે તેનું વર્ગીકરણ (સૉર્ટિંગ), છેલ્લે સરનામાવાળા સ્થળે તેનું વિતરણ (ડિલિવરી) વગેરે વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે.

આ બધી લાંબી પ્રક્રિયાઓ પાછળ સરકારને એક પોસ્ટકાર્ડ દીઠ અત્યારે ૧ રૂપિયો ૬૦ પૈસા જેટલો ખર્ચ આવે છે! તેમાંથી મળતા ૨૫ પૈસા બાદ કરતાં એક કાર્ડનું પડતર મૂલ્ય રૂ.૧.૩૫ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, પ્રજાને માત્ર ૨૫ પૈસામાં પોસ્ટકાર્ડ ઉપલબ્ધ કરાવવા સરકારને વર્ષે ૭૫ કરોડથી વધુ રૂપિયાની ખોટ ખમવી પડે છે! સંદેશાવ્યવહારની સુગમતા અને લોકોની સવલત સાચવવા સરકારને કેવી ભારે કિંમત ચૂકવવી પડે છે તેનું એક ઉદાહરણ ભારતીય પોસ્ટકાર્ડ છે.

'ટપાલપત્તા'ની ઊડતી વિકાસગાથા

૧૮૬૮ : ઑસ્ટ્રિયાના અર્થશાસ્ત્રી ડૉ. ઇમાન્યુએલ હરમાને અખબારના માધ્યમથી પોસ્ટકાર્ડના પ્રયોગનું સૂચન કર્યું (૨૬મી જાન્યુઆરી).

૧૮૬૯ : વિશ્વનું પ્રથમ પોસ્ટકાર્ડ ઑસ્ટ્રિયામાં બહાર પડ્યું (૧લી ઑક્ટોબર).

૧૮૭૯ : - ભારતમાં પોસ્ટકાર્ડ દાખલ કરવા અંગે રાજ્યપત્રમાં જાહેરાત (૯મી જૂન).

- ભારતમાં પોસ્ટકાર્ડ પ્રથાનું પ્રચલન થયું અને મહારાણી વિક્ટોરિયાની છાપવાળા પા આનાની કિંમતનાં કાર્ડ બહાર પડ્યાં (૧લી જુલાઈ).

૧૮૮૪ : જવાબી (રિપ્લાઇ) પોસ્ટકાર્ડ નીકળ્યાં (ફેબ્રુઆરી).

૧૮૯૦ : સરકારી ઉપયોગ માટેનાં 'સર્વિસ પોસ્ટકાર્ડ' શરૂ થયાં (એપ્રિલ).

૧૮૯૮ : ખાનગી કંપનીઓને તેમના ઉત્પાદનના પ્રચારાર્થે 'બિઝનેસ પોસ્ટકાર્ડ' કાઢવાની પરવાનગી આપવામાં આવી.

૧૯૦૨ : એડવર્ડ-સાતમાની છાપવાળાં કાર્ડ બહાર પડ્યાં.

૧૯૧૨ : જ્યોર્જ-પાંચમાની છાપવાળાં કાર્ડ બહાર પડ્યાં. કદ મોટું કરવામાં આવ્યું અને લખાણની જગ્યા વધારવામાં આવી.

૧૯૨૧ : પોસ્ટકાર્ડની કિંમતમાં પ્રથમ વાર વધારો થયો અને તે અડધા આનાનું થયું (૨૪મી એપ્રિલ).

૧૯૩૨ : બીજી વાર કિંમત વધી અને પોસ્ટકાર્ડ પોણા આનાનું થયું (૧૫મી ફેબ્રુઆરી).

૧૯૩૯ : જ્યોર્જ-છઠ્ઠાની છાપવાળાં પોસ્ટકાર્ડ બહાર પડ્યાં.

૧૯૪૬ : કાર્ડની કિંમત ઘટીને પુનઃ અડધો આનો થઈ. ૧૧૮ વર્ષોની તવારીખમાં ભાવઘટાડાનો પ્રથમ એકમાત્ર બનાવ (૧લી એપ્રિલ).

૧૯૪૯ : - સ્વતંત્રતા બાદ પ્રથમ કાર્ડનું પ્રકાશન.

- કાર્ડની ટિકિટ-ડિઝાઈનમાં પ્રથમ વાર વ્યક્તિ-ચિત્રના બદલે એલિફન્ટાની 'ત્રિમૂર્તિ'ના શિલ્પને સ્થાન મળ્યું.
- કાર્ડની કિંમત ત્રીજી વખત વધીને ૯ પાઈ (પોણો આનો) થઈ (૭મી ડિસેમ્બર).

૧૯૫૦ : - ૬ પાઈ (બે પૈસા)નાં નવાં સ્થાનિક પોસ્ટકાર્ડ બહાર પડ્યાં, જેના પર 'કોણાર્ક અશ્વ'ની છાપ મુકાઈ.

- કાર્ડ પર હિન્દી શબ્દ પ્રયોગ પણ શરૂ થયો.

૧૯૫૭ : - દશાંશ પદ્ધતિના પગલે નાણાંના નવા એકમ તરીકે 'નયા પૈસા' શબ્દ ઉમેરાયો.

- રાષ્ટ્રિય પ્રતીક 'સિંહાકૃતિ'ની છાપવાળાં કાર્ડ બહાર પડ્યાં.
- કિંમત ચોથી વખત વધીને ૫ નયા પૈસા થઈ (૧લી એપ્રિલ).

૧૯૬૩ : કિંમત પાંચમી વખત વધીને ૬ નયા પૈસા થઈ (૧લી મે).

૧૯૬૮ : કિંમત છઠ્ઠી વખત વધીને ૧૦ પૈસા થઈ (૧૫મી મે).

૧૯૭૩ : પોસ્ટકાર્ડ પર 'પિન કોડ'ના અંકો લખવાની જગ્યા રાખવામાં આવી.

૧૯૭૪ : કિંમત સાતમી વખત વધીને ૧૫ પૈસા થઈ, જે ૨૩ વર્ષો લગી સ્થિર રહ્યાનો આઝાદી પછીનો વિક્રમ! (૧લી જૂન).

૧૯૭૬ : રાષ્ટ્રિય પ્રાણી વાઘની મુખાકૃતિવાળાં કાર્ડ બહાર પડ્યાં.

૧૯૭૭-૭૮ : પોસ્ટકાર્ડ પર વ્યાપારી અને સરકારી જાહેરખબરો લેવાનું શરૂ.

૧૯૭૯ : 'પોસ્ટકાર્ડ શતાબ્દી' ઉજવાઈ. તેનાં ખાસ પોસ્ટકાર્ડ અને ટપાલ ટિકિટ પ્રસિદ્ધ થયાં. (૨જી જુલાઈ)

૧૯૮૭ : પ્રથમવાર પ્રિન્ટેડ પોસ્ટકાર્ડ માટેનો દર જુદો અને ઊંચો (૪૦ પૈસા) થયો. (૧લી જાન્યુઆરી).

૧૯૯૦ : પ્રિન્ટેડ પોસ્ટકાર્ડનો દર બીજી વખત વધીને ૬૦ પૈસા થયો. (૧૧મી જૂન)

૧૯૯૫-૯૬ : 'હિમાલયન પંડા'ના ચિત્રવાળા પોસ્ટકાર્ડનું પ્રચલન.

૧૯૯૬ : - પ્રિન્ટેડ પોસ્ટકાર્ડના દરમાં ત્રીજી વખત વધારો કરી ૧ રૂપિયો રાખવામાં આવ્યો (૧લી ઑક્ટોબર).

- ટીવી પ્રોગ્રામ માટેનાં ૨ રૂપિયાવાળાં જુદાં 'કૉમ્પિટિશન પોસ્ટકાર્ડ' દાખલ કરવામાં આવ્યા. (૧૪મી નવેમ્બર).

૧૯૯૭ : - સામાન્ય પોસ્ટકાર્ડની કિંમત આઠમી વખત વધીને ૨૫ પૈસા થઈ (૧લી જૂન).

- પ્રિન્ટેડ પોસ્ટકાર્ડનો દર ચોથી વખત વધીને દોઢ રૂપિયો થયો (૧લી જૂન). (સંપૂર્ણ)

કલાકારો



મજદૂરો ● આકૃતિપ્રધાન કૃતિ




નરેન્દ્ર અમીન


૧૯૩૪માં વડોદરામાં જન્મેલા અને હાલ રાષ્ટ્રિય-દિલ્હી લલિત કલા અકાદમીના સચીવશ્રી નરેન્દ્રભાઈ અમીનનું નામ ગુજરાત તથા ભારતના અન્ય પ્રદેશોના કલાકારોમાં જાણીતું છે. પોતે સારા, સર્જનાત્મક કલાકાર હોવા ઉપરાંત અચ્છા વહીવટદાર, કલાપ્રવૃત્તિઓના વિકાસ માટે સક્રિય સમર્પિત કાર્યકર, ગૌરવપ્રદ ઇનામોના વિજેતા, અનેક પ્રદર્શનોના યોજક તથા નિત્ય હસમુખા, તરવરાટવાળા યુવાન જેવા ઉત્સાહી વ્યક્તિ છે. તેમણે ફેકલ્ટિ ઓફ ફાઈન આર્ટ્સ વડોદરામાંથી બી.એ.ની (લલિત કલામાં) ઉપાધિ પ્રથમ વર્ગમાં ૧૯૬૦માં પ્રાપ્ત કરી. ૧૯૬૦થી ૧૯૬૨માં એમ.એસ. યુનિવર્સિટી દ્વારા ફેલોશિપ

પનિહારીઓ



અમૂર્ત શૈલીનું દૃશ્યચિત્ર





વાસ્તવિક શૈલી બાદ અમૂર્ત શૈલીએ અવકાશનો વિન્યાસ કરતી નરેન્દ્રભાઈની એક કલાકૃતિ



અર્ધ-અર્મૂત શૈલીએ સ્ટિલ-લાઈફ

મેળવી બે વર્ષ લલિત કલામાં પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસ કર્યો. ૧૯૬૨માં ચિત્રકલા વિષયમાં એમ.એ.ની દ્વિતીય વર્ગમાં ઉપાધિ મેળવી. ૧૯૬૧માં ત્રણ મહિના ટોકિયો યુનિવર્સિટીના ચિત્રકલા વિભાગમાં કામ કર્યું. ૧૯૮૩માં યુ.કે. અને યુ.એસ.એ.ની કલાયાત્રા કરી. ૧૯૮૩માં જ તેમને રાષ્ટ્રિય પુરસ્કાર (દિલ્હી લલિત કલાનો) મળ્યો. આ જ વર્ષે રાજસ્થાન લલિત કલા અકાદમીનો પુરસ્કાર પણ મળ્યો. ૧૯૯૧થી ૧૯૯૩ સુધી મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડિવેલપ્મેન્ટ તરફથી તેમને સીનિઅર ફેલોશિપ એનાયત થઈ.

ન્યૂડનું અભ્યાસચિત્ર



રાજસ્થાનાં જયપુરની ગવર્નમેન્ટ આર્ટ કોલેજમાં આચાર્યપદે રહ્યા તે દરમ્યાન તેમણે રાજસ્થાન લલિત કલા અકાદમી માટે એક ઉત્તમ કામ કર્યું. રાજસ્થાનમાં લલિત કલાઓના અભ્યાસક્રમમાં તથા કલાકારોમાં આધુનિક કલા પરત્વે ખાસ જાગૃતિ હતી નહિ, એટલે તેમણે રાજસ્થાન સરકારના સાંસ્કૃતિક વિભાગના મંત્રી અને રાજસ્થાન લલિત કલા અકાદમીના અધ્યક્ષને આધુનિક કલાપ્રવાહોથી રાજ્યના કલાવિદ્યાર્થીઓ અને કલાકારો પરિચિત થાય તે માટે કલાનો નૂતન, પ્રગતિશીલ અભ્યાસક્રમ દાખલ કરવા આગ્રહ કર્યો. આ નવો અભ્યાસક્રમ દાખલ થતાં રાજસ્થાનમાં સમકાલીન લલતિકલાઓ પરત્વેની સભાનતા કલાવિદ્યાર્થીઓ અને કલાકારોમાં ફેલાવા લાગી. ફલસ્વરૂપે નરેન્દ્રભાઈના ઘણા વિદ્યાર્થીઓએ આજે રાજસ્થાનની સમકાલીન કલાક્ષેત્રે નામના કાઢી છે. વલ્લભવિદ્યાનગરમાં એચ.એમ. પટેલ જ્યારે યુનિવર્સિટીની ઍકેડૅમિક કાઉન્સિલમાં હતા ત્યારે તેમણે વલ્લભવિદ્યાનગરમાં શરૂ કરેલી 'કલાકેન્દ્ર' નામની ફાઈન આર્ટ્સ કોલેજમાં એક બાહોશ વહીવટકર્તા તરીકે

નરેન્દ્રભાઈ અમીનને આચાર્ય તરીકે નિમણૂક આપી. તેમણે વલ્લભવિદ્યાનગરમાં પણ કલાશિક્ષણને ચેતનવંતું બનાવવા તથા કલાસભાનતાનો ફેલાવો કરવા સક્રિય પ્રયાસો હાથ ધર્યા. સર્વપ્રથમ તેમણે અભ્યાસક્રમમાં સર્જનાત્મક કલાઓ પર સવિશેષ ભાર મુકાવ્યો. કોલેજના વાતાવરણને પણ સક્રિય અને સર્જનાત્મક બનાવવા, કલાસામગ્રીઓ વધારવા, લાઈબ્રેરીના વિકાસ માટે ઉદ્યોગગૃહો પાસે મદદ મેળવી તથા અખિલ ભારતીય કક્ષાએ શિલ્પકલાનો એક કેમ્પ કોલેજમાં જ યોજ્યો. વળી, ત્યાં જ ગુજરાતના સમકાલીન કલાકારોનું પ્રદર્શન યોજ્યું. તેમના આ મહત્ત્વના કાર્ય દરમ્યાન દિલ્હીની લલિત કલા અકાદમીના ગુજરાતના સભ્યો દ્વારા ગુજરાતના કલાકારો માટે જે કાંઈ પ્રોત્સાહન મળવું જોઈએ કે જરૂરી માહિતી મળવી જોઈએ તે અંગેની ત્યાંની ઉદાસીનતા જોઈ તેમણે સ્વયં દિલ્હી લલિત કલા અકાદમીની ચૂંટણીમાં ભાગ લેવા નિર્ણય કર્યો.

દિલ્હીની લલિત કલાની ચૂંટણીમાં ચૂંટાયા પછી શ્રી અમીને ગુજરાતના કલાકારોનું પ્રતિનિધિત્વ ત્યાંની લલિત કલામાં વધે અને તેમને આર્થિક તેમજ કલાક્ષેત્રે વિકાસ માટે લાભો થાય તે માટે સક્રિય પ્રયત્નો કર્યા. તેમના મિત્ર અને હાલમાં દિલ્હી લલિત કલાના પ્રમુખ આનંદ દેવની મદદથી અમીને રાષ્ટ્રિય કક્ષાએ પ્રદર્શનો, ઇનામો, ચિત્રોની ખરીદી, કલામેળાઓ, કેમ્પો વગેરે દિલ્હીમાં તથા દિલ્હીની બહાર યોજ્યાં છે અને આમ કલાક્ષેત્રે પ્રશસ્ય કાર્ય કર્યું છે. વળી, ગુજરાતમાં તેમણે થોડો સમય પૂર્વે અખિલ ભારતીય ચિત્રકારોનો ડાકોર મુકામે અઠવાડિયાનો કેમ્પ પણ યોજ્યો અને તે કેમ્પ દરમ્યાન સર્જાયેલી કલાકૃતિઓનું પ્રદર્શન અમદાવાદની લલિત કલા ગેલરિમાં યોજ્યું. તેમનાં ચિત્રો ઘણી જાણીતી સંસ્થાઓમાં સંગ્રહ પામ્યાં છે.


શ્રી અમીનની ચિત્રકલાના ત્રણ તબક્કાઓ સ્પષ્ટપણે જોવા મળે છે. વડોદરાની ફાઈન આર્ટ્સ કોલેજમાં અભ્યાસ દરમ્યાન શરૂઆતમાં કલાવિદ્યાર્થી તરીકેની કારકિર્દીમાં તેમણે વાસ્તવિક શૈલીમાં ચિત્રો સર્જ્યાં. વાસ્તવિક શૈલી પર તેમણે સારી પકડ હતી, પરંતુ આજે તેઓ આ શૈલીમાં થયેલાં તેમનાં સર્જનોને અભ્યાસકૃતિઓ (study works) તરીકે જ ઓળખાવે છે. હા, તેમાં તેમની ડ્રોઇંગ પરની હથોટી જરૂર દેખાઈ આવે છે. તેમણે સ્ત્રીઓનાં અભ્યાસો કરેલાં. તેમનાં ડ્રોઇંગ્સ વાસ્તવિક શૈલીનાં છે, પરંતુ તેમાં તેમણે ચામડીના ટોન્સ દ્વારા ચામડીના પોતને અદ્‌ભુત રીતે તાદશ કરી બતાવ્યું છે.

બીજા તબક્કામાં અમીને 'પનિહારીઓ', 'મજૂરો', 'કુંભાર' જેવા અર્ધ-આકૃતિપ્રધાન ચિત્રોમાં શૈલીગતતાને () જ અમૂર્ત સ્વરૂપ આપ્યું છે. તેથી ચિત્રોમાં અમૂર્ત ગુણ સવિશેષ દેખાય છે અને તેથી તે વધુ આધુનિક લાગે છે. વળી, આ ચિત્રોમાં - અવકાશ-વિન્યાસ (યા ભાગો) ખાસ નોંધપાત્ર છે. ૧૯૮૦માં સર્જેલી 'સ્ટિલ લાઈફ' કૃતિ પણ અમૂર્ત કક્ષાની બની છે. તેમણે ૧૯૮૫માં જે સર્જનાત્મક કૃતિ 'શહેરી દશ્યચિત્ર' તૈયાર કરી તેમાં અમૂર્તતા જ સવિશેષ દેખાય છે. ત્રીજા તબક્કાના તેમનાં તાજેતરનાં સર્જનાત્મક ચિત્રો અને ડ્રોઇંગ્સમાં 'પર્યાવરણ' જેવા જીવંત અને ગંભીર વિષયને સૂર્ય, પક્ષીઓ, પહાડો જેવાં પ્રાકૃતિક તત્ત્વોની મદદથી સરલીકરણ દ્વારા કલાત્મક અને આકર્ષક રીતે રજુ કર્યાં છે. □

અંકિત પટેલ

શિલ્પકાર અંકિત પટેલનો જન્મ ઈ.સ. ૧૯૫૭માં. ૧૯૮૩માં એમ. એસ. યુનિવર્સિટી ઓફ વડોદરામાંથી સર્જનાત્મક શિલ્પ વિષયમાં પોસ્ટડિપ્લોમા પ્રાપ્ત કર્યો. હાલમાં રાજસ્થાન સ્કૂલ ઓવ્ આર્ટ્સમાં અધ્યાપક તરીકે પોતાની સેવાો આપી રહ્યા છે અને રાજસ્થાનના કલાજગતમાં એક ગુજરાતી કલાકાર તરીકે ખૂબ નામના પામ્યા છે.

અંકિત પટેલ



અનેક પુરસ્કારો પ્રાપ્ત કરનાર અંકિત પટેલે ભારતના જાણીતા સાંપ્રત યુવાન શિલ્પીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. પરંપરાગત શિલ્પવિધાનમાં પ્રભુત્વ પામ્યા હોવા છતાં તેમણે સર્જનાત્મક શિલ્પમાં જ વર્ષોથી કાર્ય કર્યું છે. તેમનાં શિલ્પોમાં સરલીકરણ તથા અમૂતર્તતા અને

યોગાસનની મુદ્રાનું એક શિલ્પ




આધુનિકતાનાં દર્શન થાય છે.

તેમનાં શિલ્પોમાં ખાલી જગ્યાઓનો કલાત્મક ઉપયોગ થયો છે. તેમનાં શિલ્પોમાં વળાંકો તથા ઉપસાવેલા ભાગો વિશિષ્ટ રીતે નોંધપાત્ર બન્યા છે. લય તથા ગતિ પણ નોંધપાત્ર બન્યાં છે. નારીપાત્રના કેશકલાપમાં પરંપરાગત રેખાઓ દ્વારા અન્ય લીલા ભાગો કરતાં જુદી સપાટી એ પોત નીપજાવ્યું છે.

તેમનાં વર્તમાન શિલ્પોનું નોંધપાત્ર લક્ષણ એ છે કે આપણે એ શિલ્પોને જુદા જુદા કોણથી જોઈ કે ગોઠવી શકીએ છીએ. આમ, તેમણે નવાં પરિમાણો ઊભાં કર્યાં છે.

અંકિત પટેલે લગભગ પચીસ વનમેન પ્રદર્શનો - દિલ્હી, મુંબઈ, અમદાવાદ, વડોદરા, મદ્રાસ, બૅંગલોર આદિ સ્થળોએ કર્યાં છે. તેમણે અનેક પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે એમાં ૧૯૮૭નો રાષ્ટ્રિય પુરસ્કાર ગૌરવપ્રદ અને મુખ્ય છે. - બંસીલાલ દલાલ



યોગાસનની મુદ્રાનું એક શિલ્પ

અનુસંધાન] સ્વાતંત્ર્યસંગ્રામમાં ગુજરાતનું પ્રદાન [૪૮૨થી

મરણ પામ્યા. રાયપુર પીપરડીની પોળમાં રાસાયણિક બૉમ્બર બનાવતાં ધડાકો થવાથી નંદલાલ જોશી અને નરહરિ રાવળ મરણ પામ્યા. જમાલપુરમાં રસાયણોનું મિશ્રણ કરતાં ધડાકો થવાથી પી. કે. ચૌધરી અને શાંતિલાલ પટેલને ઇજાઓ થઈ. મનહર રાવળ, બાલમુકુંદ આચાર્ય વગેરે યુવકોએ મિલો ખૂલે નહિ એ માટે ૨૨ નવેમ્બર, ૧૯૪૨ની સાંજે પાંચ ઈલેક્ટ્રિક સબસ્ટેશનમાં ૧૬ બૉમ્બ મૂક્યા. તેના ધડાકાથી અમદાવાદમાં અંધકાર તો છવાયો; પરન્તુ એક કલાકમાં વીજળી ચાલુ થતા યોજના નિષ્ફળ ગઈ. સુરત જિલ્લામાં બૉમ્બ ફૂટવાના ૩૪ અને આગના ૫૧ બનાવો બન્યા હતા. જલાલપુર તાલુકાના ૩૦ ગામોના તલાટીઓનું તથા ૪૦ ગામોની શાળાઓનું દફતર બાળી નાખવામાં આવ્યું. વડોદરા, મહેસાણા, સિદ્ધપુર, શિનોર, ચિખલી તથા પંચમહાલ જિલ્લામાં, ઝાલોદ, વેજલપુર, મોરખલા હાલોલ તતા અંબાલીમાં બૉમ્બ ફૂટ્યા હતા. ભરૂચ, નડિયાદ, ખેડા તથા બોરસદમાં પણ બૉમ્બ ફૂટવાના બનાવો બન્યા હતા. સૌરાષ્ટ્રમાં રાજકોટ, બોટાદ, વાંકાનેર વગેરે સ્થળે બૉમ્બના ધડાકા થયા હતા.

અમદાવાદમાં કોચરબ અને માદલપુરના ચોરા તથા પંચમહાલના વાઘજીપુરા, કુવાજર અને બોડિદરા ગામોમાં લૂંટ કરવામાં આવી હતી. ભરૂચ જિલ્લાના વેડચ અને સરભોણ તથા હાલોલ તાલુકાના અંબાલી પોલીસ સ્ટેશનો પર છોટુભાઈ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટ, જશવંત મહેતા, ગુણવંત પુરોહિત વગેરેએ બંદૂકો, કારતૂસો વગેરેની લૂંટ કરી હતી. ચંદ્રશંકર ભટ્ટ અને સાથીઓએ લખતર નજીક ટ્રેન અટકાવી સરકારી તિજોરીમાંથી એક લાખ રૂપિયાની લૂંટ કરી હતી. તે નાણાંનો ઉપયોગ લડત માટે કરવામાં આવ્યો હતો. કરાડી-મટવાડ પાસે ગોંસાઈભાઈ પટેલે પોલીસની રાઈફલ ખૂંચવી લઈ રાજકીય કેદીને છોડાવ્યો. ઉત્તર ગુજરાતમાં સઈજ ગામે પોલીસના ગોળીબારથી ઉશ્કેરાયેલા લોકોએ ચોરાને સળગાવી ત્યાંથી નાસતા ચાર પોલીસો અને ફોજદારને મારી નાખ્યા. વડોદરા રાજ્યના ચોરંદા ગામે અંબાલાલ ગાંધીના નેતૃત્વ હેઠળ લોકોએ રેલના પાટા ઉખેડી નાખ્યા. બારડોલી તાલુકાના લોકોએ બારડોલીથી ગંગાધરા સુધીના રેલના પાટા ઉખાડી, પુલોની ભાંગફોડ કરી. ઉત્તર ગુજરાતમાં કલોલ પાસે અને સૌરાષ્ટ્રમાં વઢવાણ પાસે રેલવેની ફિશ પ્લેટો કાઢી નાખવાથી માલગાડીના ડબા ઊથલી પડ્યા. આમ, 'હિંદ છોડો' ચળવળ દરમિયાન ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં ભાંગફોડની પ્રવૃત્તિઓ ચાલી હતી.

આઝાદ હિંદ ફોજમાં પણ કેટલાક ગુજરાતીઓએ મહત્ત્વની કામગીરી કરી હતી. રંગૂનના હેમરાજ બેટાઈએ પોતાની બધી સંપત્તિ સુભાષ બોઝને સમર્પી દીધી. આઝાદ હિંદ ફોજમાં ગુજરાતીઓ પણ જોડાયા અને તેમણે બહાદૂરી બતાવી હતી. બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં કૅબિનેટ મિશન યોજના મુજબ વચગાળાની સરકાર રચવામાં આવી. આઝાદ હિંદ ફોજ તથા નૌકાદળના બળવાએ બતાવી આપ્યું કે લશ્કર અને નૌકાદળ બંને બ્રિટિશ સરકારની વિરુદ્ધ ગયાં છે. પછી કોના પીઠબળથી રાજ્ય ટકી રહેશે? આ પરિસ્થિતિની વાસ્તવિકતા સમજીને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતને સ્વતંત્રતા આપવામાં આવી. □

સાહિત્યસંપર્ક

વિજયરાય વૈદ્યની જન્મશતાબ્દી

સર્જનાત્મક ગુજરાતી સાહિત્ય, વિવેચન અને સાહિત્યિક પત્રકારત્વના ક્ષેત્રે સ્વ. વિજયરાય કલ્યાણરાય વૈદ્યનું નામ તેમના ગુણવત્તાવાળા અને વિશિષ્ટ પ્રદાનને કારણે મોખરે મૂકી શકાય. આ વર્ષ તેમનું જન્મ-શતાબ્દી વર્ષ છે.

'ક્રિટિક', 'મયૂરાનંદ', 'વિનોદકાન્ત' અને 'શિવનંદન કશ્યપ' જેવાં ઉપનામ ધરાવતા અને સાહિત્યક્ષેત્રે જીવનભર સક્રિય રહેલા આ સારસ્વતે ૭૭ વર્ષના તેમના જીવન દરમિયાન ૩૫ પુસ્તકોનું સર્જન કર્યું હતું.

વિજયરાજ વૈદ્યનો જન્મ ઈ.સ. ૧૮૯૭ની ૭મી એપ્રિલે ભાવનગરમાં વડનગરા નાગર જ્ઞાતિમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં લઈ ઈ. ૧૯૧૪માં મેટ્રિક થયા હતા. મેટ્રિક થયા પછી તેમણે મુંબઈની વિલ્સન અને ભાવનગરની સામળદાસ કોલેજમાં અભ્યાસ કરી ઈ.સ. ૧૯૨૦માં સંસ્કૃત સાથે ઇંગ્લિશ ઓનર્સ લઈને બી.એ.ની ડિગ્રી મેળવી હતી.

તેઓ મુંબઈની કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારથી સાહિત્યનો રંગ લાગેલો. બી.એ. થયા પછી ભાવનગર આવી તેમણે



પોતાના જેવા નવલોહિયા સાહિત્યપ્રેમી મિત્રો સાથે મળી 'ચેતન' નામનું સાહિત્યિક માસિક શરૂ કર્યું હતું. 'ચેતન'ના પ્રથમ અંકમાં 'ચેતન: તેની ભાવના અને કાર્યક્રમ' શીર્ષક હેઠળ લખેલા તંત્રીલેખથી તેમની કલમનો પરચો બતાવી દીધો હતો. એ પછી નરસિંહરાવ જેવા તે સમયના પ્રથમ પંક્તિના સાહિત્યકારની સાહિત્ય સર્જનની આકરા શબ્દોમાં ટીકા લખી તેમણે સાહિત્ય જગતમાં તરખાટ મચાવેલો.

ઈ.સ. ૧૯૨૪ના ઓક્ટોબરથી તેમણે 'કૌમુદી' નામનું સાહિત્યિક ત્રિમાસિક શરૂ કર્યું. એ પહેલાં તેઓએ બેન્કમાં કેશિયર, 'હિન્દુસ્તાન' સાપ્તાહિકના સંપાદક, 'યુગધર્મ'ના સંપાદક અને કનૈયાલાલ મુનશીની સાહિત્ય સંસદના મુખપત્ર 'ગુજરાત'ના સંપાદક તરીકે કામ કર્યું હતું.

ઈ.સ. ૧૯૨૪થી ૧૯૩૭ - તેર વર્ષ સુધી તેમણે 'કૌમુદી' દ્વારા સાહિત્યની સેવા કરી. એમણે વિવેચનક્ષેત્રે એક આગવી શૈલી શરૂ કરેલી અને વિકસાવેલી.

તેઓ નિર્ભીક, સ્પષ્ટભાષી વિદ્વાન વિવેચક હોવા ઉપરાંત નિબંધો, હળવી નિબંધિકાઓ, સંશોધન, ચરિત્ર, પ્રવાસ વગેરે ક્ષેત્રે પણ તેમણે પોતાની કલમ ચલાવી હતી. 'પ્રભાતના રંગ' (લેખસંગ્રહ), 'નાજુક સવારી' (હળવા નિબંધો), 'ખુશ્કી ને તરી' (પ્રવાસલેખો), 'જૂઈ ને કેતકી' (વિવેચન), 'શુક્રતારક' (નવલરામનું ચરિત્ર), 'પારસના સ્પર્શે', 'નીલમ અને પોખરાજ' તથા 'માણેક ને અકીક' (વિવેચન લેખો), 'લીલાંસૂકાં પાન' અને 'ઊડતાં પાન' (સાહિત્ય-સંશોધન) ઉપરાંત 'દરિયાવની મીઠી લહર', 'નાનાલાલ કવિની જીવનદૃષ્ટિ', 'ઋગ્વેદ કાળનાં જીવન અને સંસ્કૃતિ' 'સૌરાષ્ટ્રનો મંત્રીશ્વર', 'ગત શતકનું સાહિત્ય' તથા 'વિનાયક (પોતા)ની આત્મકથા' તેમની સર્જનસૃષ્ટિ છે.

જોકે તેમના સાહિત્યસર્જનમાં સૌથી વિશેષ નોંધપાત્ર તો છે એમની 'ગુજરાતી સાહિત્યની રૂપરેખા.' જેમાં ગુજરાતી સાહિત્યનો આદિકાળથી અર્વાચીન કાળ સુધીનો ઇતિહાસ ઉપરાંત સમગ્ર સાહિત્યનું વિવેચન છે. જેમાં તેમની અભ્યાસપરાયણતા, ચોકસાઈ, ખંત અને સાહિત્યપ્રેમ તરી આવે છે.

ઈ.સ. ૧૯૩૭ થી ૧૯૪૯ બાર વર્ષ સુધી તેઓએ સુરતની એમ.ટી.બી. કોલેજમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી. આ દરમિયાન તેઓ 'માનસી' નામનું સાહિત્યિક માસિક ચલાવતા. વિજયરાજ સુરતની કોલેજમાં પ્રાધ્યાપક હતા ત્યારે લોકસાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીએ 'માનસી'ના લાભાર્થે પોતાનાં ગીતો ગાઈ સંભળાવ્યાં હતાં. અનેક નવી કલમો 'કૌમુદી' અને 'માનસી' થકી પાંગરી હતી.

વિજયરાયને પત્રકારત્વનો બહોળો અનુભવ હતો. તેઓ પત્રકારત્વનો ઉપયોગ વિવેચનાર્થે કરવા માગતા હતા. સાહિત્યક્ષેત્રે સર્જાયેલી ઘટનાઓ, સાહિત્યિક પ્રવૃત્તિઓ અને નાનામાં નાના સાહિત્યિક સમાચાર વડે તેઓ સાહિત્યક્ષેત્રને જીવંત રાખતા.

ઈ.સ. ૧૯૪૯માં એમ.ટી.બી. કોલેજમાંથી નિવૃત્ત થયા પછી વિજયરાયે પોતાનું બાકીનું જીવન સંપૂર્ણપણે સાહિત્યને અર્પણ કરી દીધું હતું. તેમણે સાહિત્યના ઉત્કર્ષ માટે ઘણી યોજનાઓ ઘડી, પોતાના પુસ્તકોનું પુનઃમુદ્રણ કર્યું. 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'માં ગુજરાતી પુસ્તકોનું અવલોકન લખતા. આમ, સાહિત્યના આ ભેખધારીએ જીવનપર્યંત સાહિત્યની યથાશક્તિ સેવા કરી હતી.

તા. ૧૭મી એપ્રિલ, ૧૯૭૪ના રોજ તેમનું ૭૭ વર્ષની ઉંમરે અવસાન થયું એના પખવાડિયા અગાઉ પણ તેઓ 'અર્વાચીન ગુજરાતનું સાંસ્કૃતિક દિગ્દર્શન' નામના પુસ્તકના પ્રકાશન માટે કાર્યરત હતા. આ માટે થોડીક નાણાકીય વ્યવસ્થા થઈ ચૂકી હતી. ખૂટતાં નાણાંની વ્યવસ્થા કરવાની પોતાના પુત્ર બંકિમભાઈએ પિતાને ખાતરી આપી હતી. પુત્રે આપેલી ખાતરીથી સંતોષ પામી વિજયરાય વૈદ્યે પોતાની આંખો કાયમને માટે મીંચી દીધી હતી.

- રાજેન્દ્ર દવે ('ફૂલછાબ'માંથી)

(અનુસંધાન પૃ. ૫૨૪ ૫૨)

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર
અવંતિકા ગુણવંત



નિર્મળાબહેન દેસાઈ

[ધીર, ગંભીર, મૃદુભાષી, સંવેદનશીલ છતાં અડગ મનોબળવાળાં અને સિદ્ધાંતો તથા આદર્શોમાં લગીરેય બાંધછોડ ન કરનાર સ્વાતંત્ર્યસેનાની નિર્મળાબહેનનો જન્મ ૩૦-૯-૧૯૧૨ સુરતમાં પિતા વેણીલાલ જયકિસનદાસ વકીલવાળા અને માતા સુમતિબહેનને ત્યાં થયો. ત્રણ સંતાનોમાં સૌથી મોટાં, નાનપણથી આઝાદીની લડતમાં સક્રિય, અભ્યાસ બી.એ. ૧૯૪૫માં સ્વાતંત્ર્યસંગ્રામની યુવાપેઢીના આગલી હરોળના, કર્મશીલ પ્રખ્યાત પત્રકાર નીરુભાઈ દેસાઈ સાથે લગ્ન, એક ઋષિપત્ની જેવું પરિપૂર્ણ જીવન જીવનાર, જાહેરક્ષેત્રે સેવા માટે જ્યોતિસંઘનો એવોર્ડ પ્રાપ્ત કરનાર, ગાડાના પૈડાનો કલાત્મક નાજુક દરવાજો અને ચારેબાજુ શિલ્પોથી શોભતા સરસ બાગવાળું, ૩૦ હજારથી વધુ પુસ્તકોનો ભંડાર, સદીઓ પુરાણા ભરતકામના નમૂના અને પુરાતત્ત્વની અનેક કલાકૃતિઓથી સંગ્રહાલય સમું શોભતું અને ભારત સરકારના સાંસ્કૃતિક ખાતાએ દેશના સંગ્રહસ્થાનોની યાદીમાં જેનો સમાવેશ કર્યો છે એ ૩૮, જવાહરનગર અમદાવાદના એમના નિવાસસ્થાનમાં પતિના કાર્યો અને પ્રવૃત્તિઓને શક્ય એટલું ચિરંજીવરૂપ આપવામાં કર્મઠ નિર્મળાબહેન વ્યસ્ત છે.]

પ્ર. આપના કુટુંબ અને અભ્યાસ વિશે કંઈ કહેશો?

ઉ. પાંચ પેઢીથી અમારા કુટુંબમાં વકીલાતનો વ્યવસાય ચાલ્યો આવે. વકીલવાળા ગાડે પૈસો લાવેલા એવું કહેવાતું. સંયુક્ત કુટુંબ, નોકર, ચાકર, રસોઈયો, ઘણી જાહોજલાલી. પિતા પણ વકીલ હતા. ૧૯૦૭માં સુરતમાં કોન્ગ્રેસનું અધિવેશન ભરાયું ત્યારે એ સ્વયંસેવક હતા. મારા ફૂઆ ત્રિભોવનદાસ માળવી પણ લડતમાં ભાગ લેતા હતા.

મારાં બા નિશાળમાં જઈને ભણેલાં નહિ, પણ એમની કોઠાસૂઝ ઊંડી, હિંમત ગજબની અને મક્કમ મનનાં. દાદાએ શિક્ષક રોકીને એમને ચાર ચોપડી ભણાવેલાં. ભણતરનું એમને ઘણું મૂલ્ય. મારા ભણતરમાં એમનો મોટો ફાળો છે.

માબાપનું હું પ્રથમ સંતાન, તેઓ મને બહુ લાડ કરે, મને ભણવું ગમે નહિ. નિશાળમાં મારે એટલે નિશાળે ન જાઉં, પણ મારા ભાઈનો જન્મ થયો, મારા પરથી મારા માવતરનું ધ્યાન ભાઈ તરફ ગયું એટલે મારું ધ્યાન ભણવામાં ગયું.

હું મારા ફોઈ સાથે કસ્તુરબા કન્યાશાળામાં જવા માંડી. મારા દાદાજીએ મારા માટે શિક્ષક રોક્યા ને એ શિક્ષકે એક વરસમાં ચાર ચોપડીઓ કરાવી નાખી, ત્યારે હું સાત વરસની હતી.

પ્ર. સ્વાતંત્ર્યની ચળવળમાં ક્યારથી રસ લેતાં થયાં?

ઉ. અમારી કન્યાશાળાનાં શિક્ષિકા માલતીબહેન દીક્ષિત ગાંધીજીની વાતો કરે, એમની ચોપડીઓ વંચાવે, એક શિક્ષકની રીતે નહિ પણ ખૂબ પ્રેમથી, કુટુંબના સભ્યની જેમ મમતાથી સ્વતંત્રતાના આંદોલનની, સ્વદેશીની, ખાદીની મહત્તા સમજાવે. આ બધું મને ગમવા માંડ્યું. સાત વરસની ઉંમરથી મેં ખાદી પહેરવા માંડી. હું ખાદી પહેરું એ ઘરમાં કોઈને ગમે નહિ. સ્વાવલંબનનો પાઠ હું એવો ભણેલી કે મારાં કપડાં જાતે ધોતી.

'૨૧ની સાલમાં મ્યુનિસિપાલિટીએ કર નાખેલો એનો વિરોધ કરવા લોકો ગીતો ગાય, એ ગીતો ગાવાય હું જાઉં. માબાપ ના પાડે પણ મારામાં તો નીડરતા, સચ્ચાઈ તથા દમન ને અન્યાયનો વિરોધ કરવાના સંસ્કારો સીંચાયા હતા. હું એવા કાર્યક્રમોમાં જોડાઉં.

કસ્તુરબા કન્યાશાળામાં છ ચોપડી ભણ્યા પછી હું મહિલા વિદ્યાલયમાં ભણવા ગઈ. ત્યાં અમૃતલાલ દાણી, ભૂપતભાઈ અને ચુનીભાઈ એમ ત્રણ શિક્ષકો. તેઓ ગાંધીજીના રંગે રંગાયેલા.

હિતેન્દ્રભાઈ દેસાઈ. બહેન મારી સાથે ભણે. એમની પાસેથીય આઝાદીની લડત અને દેશનેતાઓની વાતો આવે. એ નાનામોટા કાર્યક્રમમાં ભાગ લે, મને થાય રોહિણી લડતમાં જાય, તો હું કેમ ન જાઉં? એ વખતનાં જોમ-જુસ્સો જ જુદાં હતાં.

પ્ર. એ જમાનામાં નાનપણમાં સગાઈ લગ્ન થતાં; તો આપનાં?

ઉ. હું બાર વરસની થઈ ને સગાઈ માટે કહેણ આવવા માંડ્યાં. પણ હું કહું કે મારે ભણવું છે. પરંતુ મારા બાપુજીના મિત્રનો એકનો એક દીકરો, ઘરબાર સારા. એની વાત આવી. બાપુજી કહે, ના ન કહેવાય. પણ છોકરાના બાપ અને ફોઈઓ ગાંડાં થઈ ગયેલાં તેથી મારાં બા વિરોધ કરે. તોય ત્યાં મારી સગાઈ થઈ. ચાર વરસ સગાઈ રહી. મારે ભણવું હતું તેથી લગ્ન ન કર્યાં, એમને ત્યાં પ્રસંગોપાત્ત મને જમવા તેડે, પણ એ ઘરનાં રીતરસમ મને રુચે નહિ. તેઓ ફેશન કરવામાં માને. મને કહે, દાગીના પહેરો, જ્યોર્જેટનાં કપડાં પહેરો. હું સાદાઈમાં માનું, સ્વદેશીનો આગ્રહ રાખું. વળી, નિશાળ પાડીને ત્યાં જવાનું ય

ગમે નહિ.

આમ, મનથી અણગમતો એ સંબંધ હતો ત્યાં એ છોકરાના મગજ પર અસર થઈ. સામેવાળા કહેવા માંડ્યા : લગ્ન કરો, તમારી છોકરીને અમારે ત્યાં મોકલો.

મારી બાએ મોકલવાની ના પાડી એમાં ઝઘડો થઈ ગયો. એ લોકો કહે, લગ્ન ન કરવા હોય તો વિવાહ તોડી નાખો. હવે જો અમે વિવાહ તોડીએ તો મારાં ભાઈબહેનના લગ્નને વાંધો આવે.

પણ મારાં બા મક્કમ હતાં. કહે, આ લગ્ન તો કરાય જ નહિ, ભલે મારાં ત્રણે છોકરાંઓ કુંવારા રહે.

પંચ ભરાયું. ત્યારે હું સોળ વર્ષની. મારે પંચ સમક્ષ કહેવું પડે કે હું મારી પોતાની ઇચ્છાથી વિવાહ તોડું છું. તો જ પંચ માન્ય રાખે. પંચ સમક્ષ મેં એ વાત કહી ને મારો વિવાહ તૂટ્યો. એ વરસે હું મેટ્રિકમાં હતી.

પ્ર. વર્ષ બગડ્યું હતું?

ઉ. ના રે. પાસ થઈ હતી. હું મારા ભણવામાં પૂરું ધ્યાન કેન્દ્રિત કરી શકતી હતી. મારા મનને કાબૂમાં રાખી શકતી.

પ્ર. આગળ અભ્યાસ ક્યાં કર્યો?

ઉ. અમારાં એક સંબંધી બહેન કહે, અમદાવાદ મોકલો. ત્યાં કર્વેનું ભણવાનું સારું છે. કુટુંબીજનો કહે, આટલે દૂર છોકરીને મોકલાય નહિ. મારાં બા કહે, અત્યારે વાતાવરણ બગડેલું છે. કદાચ સામાવાળા હેરાન કરે તો? છતાંય મારે મોકલવી તો છે જ, પણ અમદાવાદમાં રહેવું ક્યાં?

એ સમયે ગટુભાઈ ધ્રુવ અને શારદાબહેન પ્રીતમનગરમાં હૉસ્ટેલ ચલાવે. ત્યાં રહેવાનું નક્કી થયું ને હું અમદાવાદ આવવા ટ્રેનમાં નીકળી. ત્યારે વિવાહ તોડ્યો હતો એ ભાઈ ટ્રેનમાં ચડ્યા. મને પૂછે, તમે કોઈના દબાણને વશ થઈને વિવાહ તોડ્યો છે?

મેં કહ્યું, ના; મારી મરજીથી તોડ્યો છે. તો એ સમજાવે કે કાયમ મારું મગજ ઓછું બગડેલું રહેવાનું છે? દવા કરાવી તો જુઓ. હું નૉર્મલ છું, આમ દલીલો કરતા છેક અંકલેશ્વર સુધી એ આવ્યા.

પ્ર. તમે ગભરાયાં ન હતાં?

ઉ. જરાય નહિ. મારાં બા કહે તું ગમે ત્યાં જા, તારી આંખમાં એવું તેજ અને ચહેરા પર દૃઢતા હોવી જોઈએ કે સામો માણસ દૂર રહે. વૃત્તિઓને તાબે નહિ થવાનું, આપણાં મન અને જાતના આપણે માલિક. હું ત્રણ વર્ષ હૉસ્ટેલમાં અને એક વર્ષ મારાં ફોઈ તથા બેનપણી સાથે ઘર રાખીને રહી. ને ગ્રેજ્યુએટ થઈ.

પ્ર. ગ્રેજ્યુએશન પછી શું કર્યું?

ઉ. જ્યોતિસંઘમાં અંગ્રેજી ટાઈપ અને સાઈક્લિંગ શીખવા જવા માંડ્યું. ત્યાં મૃદુલાબહેન સારાભાઈએ પૂછ્યું, 'તમે બી.એ. થઈ ગયાં. હવે શું કરવાનાં? 'નોકરી કરીશ.' મેં કહ્યું. 'તો જ્યોતિસંઘમાં આવો.'

'શું કામ કરવાનું?'

'બહેનોનું શોષણ ન થાય, તેઓ ઊંચી આવે, પગભર થાય, સ્વમાનથી જીવે એવાં કાર્યો કરવાનાં.'

એ સમયે મને નિશાળની સર્વિસ મળતી હતી. પણ મને જ્યોતિસંઘનું કાર્ય ગમી ગયું. ને ૧૯૩૬માં પાંત્રીસ રૂપિયાના પગારથી જ્યોતિસંઘમાં જોડાઈ.

પ્ર. લગ્નની ઉંમર થઈ હતી તો માબાપે લગ્ન માટે ન કહ્યું?

ઉ. મેં વિવાહ તોડ્યો ત્યારે માબાપે વચન આપેલું કે લગ્ન માટે તને દબાણ નહિ કરીએ. મારા માટે માગાં આવતાં ત્યારે ય તેઓ કહેતાં કે નિમુને મળો.

પરંતુ એ સમયે મારી સમક્ષ આજીવન કુંવારાં રહેલાં મૃદુલાબહેન હતાં. મને એમની જેમ દેશનું કામ કરવાની આકાંક્ષા હતી.

૧૯૩૭માં હું હરિપુરા કોન્ગ્રેસના એકવીસ દિવસના અધિવેશનમાં ગઈ. ત્યાં નેતાઓને છાપાંઓ પહોંચાડવાની જવાબદારી મારી હતી.

૧૯૪૧માં અબ્રામા કેમ્પમાં ગઈ. આ કેમ્પ ત્રણ મહિના ચાલેલો. આખા દેશમાંથી ૬૦ સંસ્થાઓમાંથી બહેનો આવેલી. તાલીમમાં હું પ્રથમ આવેલી. કમળાદેવી ચટ્ટોપાધ્યાયે મૃદુલાબહેનને કહ્યું, 'ઑલ ઇન્ડિયાના કામ માટે આ છોકરી, મને આપી દો.' તો મૃદુલાબહેને કહ્યું, 'એની અહીં ગુજરાતમાં જરૂર છે.'

હું મૃદુલાબહેન સાથે દારૂના પીઠા પર પિકેટિંગ કરવા, વિદેશી કાપડનો બહિષ્કાર કરાવવા જતી. એમના હાથે મારું ઘડતર થયું.

પ્ર. દોડાદોડ અને પરિશ્રમ કરી શકે એવું આપનું શરીર નિરામય અને ખડતલ હશે?

ઉ. અરે, મારું પાચનતંત્ર તો પહેલેથી નબળું. '૩૮-'૩૯માં તો તાવ આવે. કફ-ઉધરસ અને શરીરે સોજા આવી ગયેલા. ડૉક્ટરોએ ટી.બી.નું નિદાન કર્યું. મને આયુર્વેદિક દવામાં બહુ શ્રદ્ધા. હું પ્રભાશંકર ગઢડાવાળા વૈદ્યને મળી. એમણે એક દિવસનો ઉપવાસ કરવાનું કહ્યું. મને સારું લાગ્યું તો સતત સાત દિવસ ઉપવાસ કર્યા. માત્ર ઉકાળેલું પાણી લેવાનું. સોજા ઊતરી ગયા, તાવ ગયો. એમની દવાથી હું રોગમુક્ત થઈ. એક વાર આપણા શરીરનું તંત્ર સમજી લઈએ ને ખાણીપીણી એ રીતે ગોઠવીએ તો ધાર્યું કામ થાય.

હું તો મારાં સંતાનો માંદાં થાય તો દેશી દવા જ કરું. દીકરીને જલોદર થયું ત્યારે, ૧૯૭૭માં મારા માથા પર લોખંડની છત પડી ત્યારે ઑપરેશન કરાવ્યું છતાંય ડૉક્ટરે કહેલું કાં તો આંખ જશે અથવા તો સ્મરણશક્તિનો લોપ થશે અથવા તો લકવા થશે. પણ મેં તો વૈદ્યની દવા કરી. એમણે મને મગ ને ભાત પર રાખેલી, પગનાં તળિયે અને માથામાં જ્યાં ઑપરેશનના

ટાંકા હતા ત્યાં ઘી લગાડી અને પગ ગરમ પાણીમાં ઝબોળીને બેસતી જેથી લોહી ફરતું થાય. જુઓ, મને કોઈ ખોડ-ખામી આવી નહિ. આ ઉંમરેય હું પંદર માણસની રસોઈ કરી શકું છું.

પ્ર. તો તો આપ ધાર્યું કામ કરી શક્યા હશો! જરા લડતની વાત કરશો?

ઉ. '૪૨માં લડતે વેગ પકડ્યો. 'હિંદ છોડો'નો નારો જોરશોરથી ગુંજી ઊઠ્યો. જ્યોતિસંઘ સંસ્થા લગભગ બંધ થઈ ગઈ. ૯મી ઓગસ્ટે ગુજરાત કોલેજના દરવાજે વિનોદ કિનારીવાળા શહીદ થયા ને અમારા આગેવાનોએ કાર્યક્રમ તેજ ને ઊગ્ર કર્યો. મારા ભાગે એલિસબ્રિજની ૬૦ સોસાયટીઓ આવી. પ્રભાતફેરી અને સરઘસો કાઢવાં, ભૂગર્ભમાંથી આવતા સંદેશાઓ બધે પહોંચાડવા, પત્રિકાઓ વહેંચવી, બહેનોમાં જાગૃતિ લાવવાનું કામ કરવાનું. બહેનો માટે એકવીસ રેંટિયા-ક્લાસ કાઢેલા. ત્યાં આવતી બહેનોને લડતની તાલીમ આપતી.

સરઘસ વખતે પકડીને અમને કારંજ પોલીસચોકીએ લઈ જાય ને ચેતવણી આપીને છોડી દે. કોઈવાર લાઠીચાર્જ થાય અને ટીઅરગૅસ પણ છૂટે. પરન્તુ કોઈ ડરે નહિ.

ચંદ્રકાન્ત વ્યાસ નામના ક્રાંતિકારી વીરને મેં એક રાત્રે આશ્રય આપેલો ને પોલીસોએ છાપો માર્યો ત્યારે સિફતથી એમને ભગાડી મૂકેલા.

એ સ્ત્રીપુરુષોનું એક જંગી સરઘસ કાઢ્યું, આગળ પારસી વકીલ ધ્વજ લઈને ચાલતા હતા. પોલીસે તેમના માથા પર લાકડી મારી, એ ડગમગ્યા ને એમના હાથનો રાષ્ટ્રધ્વજ મેં લઈ લીધો. પોલીસ મને પકડીને લઈ ગઈ. દંડ કર્યો. મેં દંડ ભરવાની ના પાડી તો છ મહિનાની જેલ થઈ. ત્યારે મારાં માબાપ આવ્યાં હતાં. તેઓ મારી ઇચ્છા અને આદર્શના આડે નહોતાં આવ્યાં. દંડ ભરીને મને જેલ જતી રોકી નહોતી.

પ્ર. નીરુભાઈ સાથે પરિચયમાં ક્યારે આવ્યાં?

ઉ. ૧૯૩૪માં બિહારમાં ધરતીકંપ થયો ત્યારે એના રાહતકામ દરમિયાન પરિચયની શરૂઆત થઈ. અમારી ભાવના અને ધ્યેય એક જ હતાં. માનવમાત્ર માટે પ્રેમ હતો. તેથી અમે ઝટ નજીક આવવા માંડ્યાં. '૩૯ની મારી માંદગી વખતે ટાગોર, મુનશી, શરદબાબુ, પન્નાલાલનાં પુસ્તકો આપવા તેઓ આવે, કયું પુસ્તક સારું, એની વિગતે ચર્ચા કરે. આમ, અમે અન્યોન્યને સમજતાં ગયાં.

સત્યાગ્રહ વખતે તેઓ પકડાયા તો હું નાસ્તો લઈને મળવા જેલમાં જતી, તેઓ માંદા પડવાથી પેરોલ પર છૂટીને સૂરત વૈદ્યની દવા કરાવવા રહ્યા ત્યારે હું રોજ મળવા જતી. બસ, પછી તો લગની લાગી ગઈ. મળ્યા વગર ચેન ન પડે.

પ્ર. લગ્ન ક્યારે કર્યાં?

ઉ. ૧૯૪૫માં. મારાં માતપિતાની સંમતિ લઈને એ આંતરજ્ઞાતીય લગ્ન હતું તેથી જ્ઞાતિ બહાર મુકવાના ભયે પિતાએ કહ્યું, કંકોત્રી તમારાં નામથી કાઢો. ને કંકોત્રી અમારાં નામે કાઢી. ચંપાબહેન મહેતાના ઘરમાં સાદાઈથી લગ્ન કર્યાં. એક હજાર માણસ આવેલું, પણ પાણી જ પીવડાવેલું. પહેલા સિવિલ મેરેજ કર્યા. નીરુભાઈ તરફથી દાદાસાહેબ માવળંકર અને મારા તરફથી વિજયશંકર મુનશીએ સહી કરી. રવિશંકર મહારાજે સપ્તપદી સમજાવી લગ્નવિધિ કરાવી. એમણે શીખ આપી કે એકબીજાં માટે કરી છૂટવાની, અને કશી આકાંક્ષા વિના જીવન જોડી દેવાની વાત એટલે લગ્ન.

પ્ર. લગ્ન પછી તો જીવન બદલાઈ ગયું હશે?

ઉ. હા. હું જ્યોતિસંઘમાં કામ કરતી હતી, પરંતુ અમારા પ્રથમ બાળક સ્વાતિનો જન્મ થયો ને નીરુભાઈ કહે, સંઘમાં જવાનો વાંધો નહીં પણ પછી બાળકને જોશે કોણ? કોઈ બહારનાને રાખીશું તો છોકરાંને જે સંસ્કાર આપવા છે, એ નહીં આપી શકીએ. વાત સાચી હતી, મને સંઘનું કામ ગમતું હતું – પણ નાના બાળક અને ઘરને છોડીને નહિ. જે પગલું ભર્યું છે તે સંપૂર્ણપણે પાર ઉતારવા હું ઘેર રહી. હા, હુલ્લડ સમયે, કુદરતી આફત સમયે હું કામ કરવા જતી. નીરુભાઈ ગુજરાત સમાચારમાં જોડાયા. નીરુભાઈને કોઈ કામની નાનમ ન હતી, ઘરની સફાઈ, કપડાં ધોવાં, શાક લાવવું, સમારવું, બાળકોને હીંચકા નાખવા, રમાડવા વગેરેમાં મદદ કરતા.

પ્ર. લગ્ન પછી ઘર અને સંતાનોની જવાબદારીમાં આપનો વિકાસ રુંધાઈ ગયો એવું લાગે?

ઉ. લગ્ન કરીને અમે એકબીજાંનાં પૂરક બની શક્યાં ને સમગ્ર રીતે વિચારતાં અમારો વિકાસ થયો છે. અમારાં બાળકો પણ એમને મનપસંદ ક્ષેત્રમાં જઈ શક્યાં છે.

સ્વાતિ માઉન્ટેનીઅરિંગમાં ગઈ ને સત્તર વર્ષની ઉંમરે ૨૨ હજાર ફીટ ચડીને નામ કાઢ્યું, વિશાખા એશિયા સોસાયટીની આર્ટ ગૅલરિની ડિરેક્ટર અને વાઈસ ચેરમેન છે. ચિત્રા બૅન્કાં છે ને અનુરાધા ઓક્સકામની એડવાઈઝર છે. ફાલ્ગુન અને સપ્તર્ષિ એન્જિનીઅર છે ને અભિજિત ડૉક્ટર છે.

પ્ર. સહજીવનમાં ક્યારેક તમારી ઇચ્છાઓ કે લાગણીને દબાવવી પડી છે?

ઉ. ના. નીરુભાઈ અત્યંત સંવેદનશીલ, ઉદાર અને અન્યનો ભાવ અને ભાવનાને સમજનાર હતા. મારી બહેનપણી એની બે દીકરીઓને મૂકીને ગુજરી ગઈ તો બેઉને અમારા ઘેર અમારી દીકરીઓની જેમ મેં રાખી હતી. નીલાને તો પૂરા સાત વરસ રાખી હતી. બીજી બહેનપણી ખુશવંતીબહેનના પતિ ગુજરી ગયેલા, માબાપ કે ભાઈ નહિ. તો એમને ઘરનાં ગણી લીધેલાં. નીરુભાઈથી જો ક્યારેક ભૂલ થઈ હોય તો માફી માગતા ય અચકાય નહિ. □

અતીતમાં અવગાહન

આપણો રાષ્ટ્રધ્વજ

એનો ઈતિહાસ અર્થ અને ઉપયોગ

સ્વતંત્ર ભારતના અનેક રીતે નિરાળા એવા આપણા આજના રાષ્ટ્રધ્વજનો પણ નાનકડો ઇતિહાસ છે. એના ત્રણ રંગ અને ચક્રની પાછળ આ દેશની સનાતન પ્રણાલી ને ચેતના રહેલાં છે. સમ્રાટ અશોકની ૨,૦૦૦ વર્ષથી ચાલી આવતી પ્રણાલિકા અને રાષ્ટ્રપિતા ગાંધીજીએ દેશભરમાં પ્રસરાવેલી સ્વાતંત્ર્યની ચેતનાનું એ પ્રતીક છે. અશોકના એ ધર્મચક્ર પાછળ કેવળ સાંસ્કૃતિક મહત્તા જ નહિ, પરંતુ ભારતનો જગત પ્રત્યેનો શાંતિ ને સદ્ભાવનાનો સંદેશ પણ છે. તેના ત્રણ રંગોમાં ગાંધીવાદનો વિજય અંકિત કરતાં, ત્યાગ ને નમ્રતા, સત્ય ને સાદાઈ તથા દાક્ષિણ્ય ને શ્રદ્ધાનો સંદેશ રહેલો છે.

એવો ઉલ્લેખ મળે છે કે આ યુગમાં રાષ્ટ્રધ્વજનો ખ્યાલ સૌપ્રથમ રાજા રામમોહનરાયને આવ્યો. અંગ્રેજ રાજ્યની સ્થાપના પછી રાષ્ટ્રીય પુનર્વિધાનના આદિ વિચારકોમાં અગ્રણી એ મહાનુભાવને પશ્ચિમના સ્વતંત્ર વિચારસરણીએ અનેક દિશામાં નવઉત્થાન કરવા પ્રેરેલા. એ સમયે સમસ્ત યૂરોપ પર અસર કરનારી ફ્રાંસની ક્રાંતિના, અને સમાનતા, ભ્રાતૃભાવ તથા સ્વાતંત્ર્યની ત્રિવિધ ભાવનાના પ્રતીક રૂપ તેના ત્રિરંગી ધ્વજની તેમના પર ઊંડી છાપ પડી. એમને જ પ્રથમ થયું કે આપણા નવવિધાન માટે પણ આપણાં અરમાન અને આકાંક્ષાઓના પ્રતીક રૂપ કોઈ ધ્વજ હોવો જોઈએ; અને શરૂઆતમાં એમણે તો, સમસ્ત માનવજાતની સમાનતા, સ્વતંત્રતા તથા ભ્રાતૃભાવ પ્રબોધતા ફ્રાન્સના ધ્વજને જ અપનાવી લઈ 'કલકત્તા મોન્યુમેન્ટ'ના પગથિયા આગળ, વર્ષોવર્ષ 'બેસ્ટાઈલ ડે'ના દિવસે ધ્વજવંદન શરૂ કર્યું, જે તેમના અવસાન બાદ પણ ચાલુ રહેલું.

ત્યાર પછી બંગભંગ સમયે જ્યારે આપણી રાષ્ટ્રિય ચેતનાએ પારતંત્ર્ય અને જુલમનો પ્રતિકાર કરી રાષ્ટ્રિય લડતનું રૂપ લીધું ત્યારે આપણા પોતાના ધ્વજનો અભાવ સ્પષ્ટ જણાવા લાગ્યો, અને સ્વાભાવિકરીતે જ, ફ્રાંસના ધ્વજ અનુકરણમાં થોડા ફેરફાર સાથે આપણે પણ ત્રિરંગી ધ્વજ બનાવ્યો. એનું પ્રથમ ધ્વજવંદન ઈ.સ. ૧૯૦૬ના ઑગસ્ટની ૭મી તારીખે કલકત્તામાં અપર સર્ક્યુલર રોડ પરના ફેડરેશન હૉલમાં સર સુરેન્દ્રનાથ બૅનરજીને હાથે થયું. એમાં હિંદુઓ માટે કેસરી, મુસ્લિમો માટે લીલો અને શીખો માટે કાળો, એમ ત્રણ રંગ હતા. એ કાળે અંગ્રેજોની ફૂટ નીતિથી વિભાજિત થતા જતા દેશને એક સૂત્રે બાંધવા માટે બધી કોમોને એકત્ર કરવા સારુ ફ્રેન્ચ ધ્વજમાંની ભાવનાઓને બદલે કોમોનાં પ્રતીકો યોજવામાં આવેલાં.

એક બીજી માહિતી એવી છે કે પ્રથમ ધ્વજવંદન કલકત્તામાં ગ્રીન પાર્કમાં પારસી બગાન સ્કવેરમાં થએલું અને એ ધ્વજમાં અનુક્રમે લાલ, પીળો અને લીલો એમ ત્રણ પટ્ટા હતા. જે પૈકી મથાળાના લાલ પટ્ટામાં હિંદુઓના પ્રતીક રૂપ ચંદ્રતારક તથા પારસીઓના પ્રતીક રૂપ સૂર્ય અને વચલા પીળા પટ્ટામાં ઘેરા આસમાની અક્ષરે 'વંદેમાતરમ્' અક્ષરો લખેલા હતા (જુઓ ચિત્ર ૧)

ગમે તેમ; પણ જ્યારે મિદનાપુરનો ક્રાંતિકારી હેમચન્દ્ર કાનૂનગો બોમ્બની બનાવટ શીખવા ફ્રાંસ ગયો ત્યારે તેણે હિંદનો આ પ્રથમ રાષ્ટ્રધ્વજ ત્યાં દેશપારી ભોગવતાં ક્રાંતિકારી પારસી બાઈ માદામ કામાને બતાવ્યો. એમણે તેમાં થોડો ફેરફાર કરીને હિંદના ધ્વજ તરીકે અપનાવ્યો, એટલું જ નહિ પણ બર્લિનમાં ઈ.સ. ૧૯૦૭માં ભરાએલાં 'સોશ્યાલિસ્ટ ઇન્ટરનેશનલ' (આંતરરાષ્ટ્રિય સમાજવાદીઓ)ના વાર્ષિક અધિવેશન પ્રસંગે, એમણે તથા એમના સાથી હદપાર હિંદી ક્રાંતિકારીઓના દળે હિંદના પ્રતિનિધિરૂપે એ ધ્વજ પેશ કર્યો. તેમાં ફેર એ હતો કે ઉપલા લાલ પટ્ટામાં આઠ કમળને બદલે શરૂમાં એક કમળ ને પછી 'સપ્તર્ષિ'ના સૂચક સાત તારકો હતા (ચિત્ર ૨). પરંતુ એ કાળે હિંદના નેતાઓ માત્ર સ્વદેશી અને સ્વાયત્ત વહીવટ માટે જ લડતા હોવાથી એના તરફ કોઈનું લક્ષ ન ખેંચાયું.

ત્યાર પછી ૧૯૧૬માં હોમરૂલની ચળવળ શરૂ થઈ તે વખતે ધ્વજનો વિચાર ફરી શરૂ થયો. પણ તેની રચના એ વખતના નેતાઓની સ્વરાજની કલ્પનાને અનુરૂપ થઈ. એમાં ત્રણ પહોળા પટ્ટાને બદલે પાંચ લાલ અને ચાર લીલા મળી નવ સાંકડા પટ્ટા એકબીજાને આંતરે ગોઠવેલા હતા. તેના ઉપર વચ્ચોવચ સપ્તર્ષિના સાત તારાઓ, આકાશમાં દેખાતી આકૃતિના રૂપમાં આલેખેલા હતા અને મથાળે જમણી બાજુએ મુસ્લિમોના ચન્દ્રતારકનું પ્રતીક હતું. ઉપરાંત ડાબી બાજુ મથાળે ચોથા ભાગમાં બ્રિટિશ ધ્વજ 'યૂનિયન જેક'નો સમાવેશ કર્યો હતો, જેનો અર્થ એ હતો કે બીજાં 'ડૂમીનિયનો'ની માફક હિંદુસ્તાન પણ બ્રિટિશ રાષ્ટ્રસંઘ (કૉમનવેલ્થ)માં રહીને સ્વાયત્ત શાસન (હોમરૂલ) ભોગવવાની અભિલાષા રાખે છે. ડૉ. ઍનીબેસન્ટ અને લોકમાન્ય ટિળકે ઈ.સ. ૧૯૧૭માં તે ફરકાવ્યો. પરંતુ તેમાંના 'યૂનિયન જેક'ને લીધે તે સ્વીકાર્ય ન થયો.

૧૯૨૦માં ગાંધીજીના નેતૃત્વ નીચે આપણી રાજકીય ભાવનાઓ અને આકાંક્ષાઓમાં જે જબ્બર ક્રાંતિકારી પલટો આવ્યો તેની સાથોસાથ રાષ્ટ્રધ્વજ માટેની વિચારણાએ પણ વેગ પકડ્યો. પરંતુ

પોતાની પાસે રજૂ થએલી અનેક રચનાઓમાંથી ગાંધીજીને એક્કેય પસંદ આવી નહિ. દરમ્યાન માછલીપટ્ટમના નેશનલ મ્યૂઝિઅમના ડાયરેક્ટર શ્રી પી. વ્યંકટય્યાએ પ્રકટ કરેલા પુસ્તકમાં રાષ્ટ્રધ્વજ માટેનું એક આલેખન આવેલું. પણ ગાંધીજીને તો જે પ્રજાસમસ્તના હૃદયતલને સ્પર્શી શકે એવી કંઈક વસ્તુ જોઈતી હતી. આખરે જાલંધર (પંજાબ)ના પીઢ ને વયોવૃદ્ધ નેતા રાયજાદા લાલા હંસરાજે ધ્વજ ઉપર ચરખાનું આલેખન સૂચવ્યું. ગાંધીજીને તે ગમી ગયું અને એ મુજબ બેઝવાડા (વિજયવાડા)ની મહાસમિતિની બેઠકમાં એમણે શ્રી વ્યંકટય્યાને હિંદુ-મુસ્લિમના લાલ-લીલા રંગની ભૂમિ પર રેંટિયાની આકૃતિવાળા રાષ્ટ્રધ્વજનું આલેખન તૈયાર કરવાનું કહ્યું. એમણે ત્રણ કલાકમાં તે તૈયાર કરી આપ્યું, પણ સમિતિ સમક્ષ તે મૂકી શકાયું નહિ. પાછળથી ગાંધીજીએ કહ્યું કે એ રચનામાં હિંદુ-મુસ્લિમ ઉપરાંત દેશની બીજી લઘુમતિ કોમો માટે પણ કંઈક સંજ્ઞા આવવી જોઈએ. આથી તેમણે સર્વ લઘુમતિઓને માટે સફેદ રંગ ઉમેરવાની સૂચના કરી. તે અનુસાર ઈ.સ. ૧૯૨૧માં, સફેદ લીલા અને લાલ રંગના પટ્ટાવાળા ધ્વજની રચના થઈ. તેમાં સૌથી ઓછી લઘૂમતિવાળાને પ્રથમ સ્થાન આપવાની ભાવનાથી મથાળે સફેદ પટ્ટો, તેની પછી મુસ્લિમોનો લીલો અને સૌથી નીચે મોટી બહુમતિવાળા હિંદુઓનો લાલ પટ્ટો રાખવાનું સૂચવીને ગાંધીજીએ સ્ફોટ કર્યો કે સૌથી શક્તિશાળીએ સૌથી નબળાના રક્ષણની ઢાલ બનીને રહેવું જોઈએ. વળી લઘુમતિવાળાઓ પણ આપણી સમાન જ છે એમ દર્શાવવા ત્રણ પટ્ટા સરખા રાખવા સૂચવ્યું, અને એ ત્રણેને આવરી લેતી રેંટિયાની મોટી આકૃતિ તે પર આલેખાઈ, જેનો અર્થ સમજાવતાં ગાંધીજીએ લખ્યું કે 'આ દેશના મોટા ભાગના લોકોના ઉદ્યોગનું એ ચિહ્ન મૂકીને આપણે કોન્ગ્રેસમાં લોક-સંગઠનની ભાવના મૂકીએ છીએ.'


એ જ વર્ષ-૧૯૨૨ની અમદાવાદ કોન્ગ્રેસમાં એ ધ્વજનું આરોપણ થયું, જે દેશમાં ભારતવ્યાપી ધ્વજનું સૌપ્રથમ ધ્વજવંદન હતું. પણ શીખોને એ રચના ન ગમી. તેમણે પોતાના કાળા રંગનો પણ પટો ઉમેરવાની માગણી કરી. પણ ગાંધીજીએ બીજી કોઈ પણ કોમનો રંગ દાખલ કરીને કોમવાદને ઉત્તેજવાનો ઈન્કાર કરીને હિંદુ-મુસ્લિમના પ્રતીક રંગો દાખલ કરવા માટે ખુલાસો કર્યો કે એ બે કોમની મોટી સંખ્યાને ખાતર નહિ પણ તેઓ એટલા બધા લાંબા કાળથી અલગ પડી ગયા છે કે રાષ્ટ્રિય આકાંક્ષાઓની સિદ્ધિમાં તેમનો એ પરસ્પરનો ગેરવિશ્વાસ અંતરાય રૂપ થઈ પડ્યો છે. એ ટાળી તેમનામાં એકતા લાવવા માટે તેમના રંગો લેવામાં આવ્યા છે.

પણ શીખોએ પોતાની માગણી જારી જ રાખી; અને એટલે જ કદાચ ગાંધીજીએ એ ધ્વજના રીતસરના સ્વીકાર માટે તે કોન્ગ્રેસમાં રજૂ ન કર્યો. છતાં તે એટલો તો લોકપ્રિય થઈ પડ્યો કે ૧૯૨૧ની કોન્ગ્રેસ પછીના પણ દરેક અધિવેશન વખતે ખૂબ માન ને દબદબાપૂર્વકની તેની સ્થાપના અને વંદન થતાં. એ જ ધ્વજની પ્રેરણા હેઠળ કોન્ગ્રેસ '૨૨ની અને '૩૧ની યાદગાર દેશવ્યાપી લડતો લડી. પરંતુ ૧૯૨૩માં એક એવો બનાવ બન્યો કે જેણે રાષ્ટ્રધ્વજની શાન અને શાખ કેટલાં મહત્ત્વનાં છે તે દેશસમસ્તના હૃદયમાં ઉતારી દીધું.

૧૯૨૩ના મે માસની શરૂઆતમાં નાગપુરમાં એ ત્રિરંગી ધ્વજ લઈ શહેરના એક ખાસ લત્તામાંથી નીકળેલા એક સરઘસને પોલીસે અટકાવી ધ્વજ મૂકી દેવા કહ્યું. સ્વયંસેવકોએ પોતે જ્યાંજ્યાં ફરે ત્યાં ત્યાં ધ્વજ સાથે જ રાખવાનો આગ્રહ રાખ્યો. પરિણામે ગિરફતારીઓ અને સજાઓ શરૂ થઈ. કોન્ગ્રેસની મહાસમિતિએ આ સત્યાગ્રહને ટેકો આપ્યો. પ્રાંતેપ્રાંતમાંથી સ્વયંસેવકોની ભરતી થઈ અને આગામી ગાંધી-દિન – જુલાઈની ૧૮મીને દિવસે, દરેક પ્રાંતિક સમિતિઓને રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ કાઢી અને ઘેરઘેર એ ઝંડો લહેરાવી ધ્વજદિન ઊજવવાનું ફરમાન થયું. ટૂંક સમયમાં જ એ સત્યાગ્રહે હિંદ-વ્યાપી સ્વરૂપ પકડ્યું. સરદાર વલ્લભભાઈ પટેલે તેની સરદારી લીધી અને તેમની તથા તેમના ભાઈ વિઠ્ઠલભાઈની દોરવણી નીચે આખરે એ લડતનો માનભર્યો અંત આવ્યો.


૧૯૨૪માં ગાંધીજીના પ્રમુખસ્થાને બેળગાંવમાં મળેલી અને ૧૯૨૮માં પંડિત મોતીલાલજીના પ્રમુખસ્થાને કલકત્તામાં મળેલી કોન્ગ્રેસોનાં વર્ષો પણ રાષ્ટ્રધ્વજના ઈતિહાસમાં અગત્યનાં વર્ષો છે. કલકત્તાની બેઠક વખતે તો સાઠ ફૂટ ઊંચા દંડ પર લહેરાતા એ જંગી ધ્વજને વંદન કરવા આસપાસની મિલોના લગભગ ૫૦,૦૦૦ મજૂરો 'તાલ સે કદમ' કરતા સરઘસાકારે જે આવતા એ અનન્ય દૃશ્ય તો દેશવાસીની છાતી ગર્વથી ફુલાવી દેતું. ૧૯૨૯માં એ ધ્વજને એક વધુ ખ્યાતિ મળી. '૨૯ની આખરમાં એટલે કે ડિસેમ્બરની ૩૧મીએ એ જ ધ્વજની પ્રેરણાત્મક છાયા હેઠળ લાહોરમાં રાવીને તીરે જુવાન જવાહરલાલજીના પ્રમુખપદે મળેલી કોન્ગ્રેસે પહેલી જ વખત સંપૂર્ણ સ્વરાજ્યની માગણી કરી ભારતના ઈતિહાસમાં એક નવું જ પ્રકરણ ઉમેર્યું.

૧૯૩૧માં કરાંચી કોન્ગ્રેસ વેળા શીખોએ ફરી પોતાની માગણી આગળ કરી અને મહાસમિતિએ કોન્ગ્રેસને પ્રમાણભૂત રીતે માન્ય થાય એવો ધ્વજ નિર્માણ કરવાનું ઠરાવ્યું. આ અગાઉ ૧૯૨૩માં કોન્ગ્રેસની કાર્યવાહક સમિતિએ ધ્વજની રચના વિષેના મતભેદોનો અભ્યાસ કરી સૂચનો કરવા માટે સાત સભ્યોની એક સમિતિ નીમેલી, જેમાં શીખોના પ્રતિનિધિ માસ્ટર તારાસિંગ પણ હતા. એ કમિટિએ કેવળ એક સળંગ કેસરી જ રંગના ઉપરના





ઓરિસ્સાનું કૃષ્ણ-રાધાનું એક ચિત્ર
















આપણા રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ


ડાબી બાજુથી મથાળેથી: (૧) ઈ. ૧૯૦૬ની ૭મી આગસ્ટે કલકત્તામાં રચાએલો પહેલો રાષ્ટ્રધ્વજ: જેમાં મથાળે હિંદુના લાલ પટ્ટામાં આઠ કમળ; વચ્ચે પીળા પટ્ટામાં 'વન્દેમાતરમ્' શબ્દો; ને નીચે મુસ્લિમના લીલા પટ્ટામાં સૂર્ય ને ચાંદતારા. મુદ્રણની મર્યાદાને લીધે અહીં રંગફેર કરવો પડયો છે. (૨) તેના ઉપરથી યુરોપમાં ક્રાંતિકારી માદામ કામાએ થોડો ફેર કરી 'સોશ્યાલિસ્ટ ઈન્ટરનૅશનલ'માં રજૂ કરેલો ધ્વજ, જેમાં મથાળાના લાલ પટ્ટામાં આઠ કમળને બદલે શરૂમાં એક કમળ અને તે પછી સપ્તર્ષિના સૂચક સાત તારકો. (૩) ૧૯૧૭ની હોમરૂલ ચળવળ વખતે ડૉ. ઍની બેસંટે યોજેલો ધ્વજ, જેમાં નવ લાલ-લીલા પટ્ટા વચ્ચે સપ્તર્ષિના તારક, ચાંદા-તારો, તથા બ્રિટિશ કૉમનવેલ્થમાં રહેવાના સંકેત રૂપ મથાળે યૂનિયન જૅક. (૪) ગાંધીજીએ ૧૯૨૧માં યોજાવેલો રાષ્ટ્રધ્વજ, જેમાં લઘુમતિઓનો સફેદ, મુસ્લિમોનો લીલો અને હિંદુનો લાલ એમ ત્રણ પટ્ટા: ઉપર મોટો બ્લુ રેંટિયો. (૫) શીખોએ, પોતાનો પણ કાળો રંગ ઉમેરવાનો આગ્રહ કર્યાથી, મહાસમિતિએ નીમેલી ખાસ કમિટીએ સૂચવેલો, એકલા કેસરી ધ્વજમાં ઉપલે ડાબે ખૂણે આસમાની રેંટિયો. (૬) કોમસૂચક રંગો કાઢી નાખી, શૌર્ય માટે કેસરી, શુદ્ધિ માટે સફેદ ને શ્રદ્ધા માટે લીલા રંગો રાખી, ધોળા પટ્ટામાં વચ્ચે બ્લુ રેંટિયાવાળો માન્ય થએલો રાષ્ટ્રધ્વજ, જેની નીચે લડીને કૉંગ્રેસે સ્વાતંત્ર્ય લીધું.

નીચેથી ડાબી બાજુથી: (૭) સ્વાતંત્ર્ય પછી બંધારણ-સભાએ રેંટિયાને બદલે અશોકચક્ર મૂકીને દેશસમસ્તના રાષ્ટ્રધ્વજ તરીકે નિશ્ચિત કરેલો આજનો આપણો પ્રમાણભૂત ધ્વજ.(૮) ભારતરાષ્ટ્રના સર્વાધિષ્ઠાતા રાષ્ટ્ર-પ્રમુખનો ખાસ ધ્વજ, જેમાં ધ્વજના ચાર સરખા ભાગ પાડી, ઉપલે ડાબે અને નીચલે જમણે ખૂણે બન્નુ લંબચોરસોમાં અનુક્રમે રાષ્ટ્રની સિંહમુદ્રા અને સમૃદ્ધિના પ્રતીક રૂપ પૂર્ણકળશ; તથા ઉપલે જમણે અને નીચલે ડાબે ખૂણે લાલ લંબચોરસોમાં અનુક્રમે ધૈર્ય, બળ અને ગૌરવનું પ્રતીક હાથી, તથા ન્યાય અને કરકસરનાં સૂચક ત્રાજવાં. (૯) જમણી તરફ મથાળેથી: ગવર્નરો માટેના ખાસ ધ્વજનો નમૂનો જેમાં કેસરી ધ્વજમાં સિંહમુદ્રા નીચે રાજ્યનું નામ; (૧૦) નૌકાખાતાનો ખાસ ધ્વજ: જેમાં, બ્રિટિશ કૉમનવેલ્થ સાથેના આપણા જોડાણના સૂચક સેંટ જ્યૉર્જનો લાલ ક્રૉસ સફેદ ભોંય પર કાયમ રાખી, તેમાં ઉપલે ડાબે ખૂણે ચોથા ભાગના લંબચોરસમાં યૂનિયન જૅકને બદલે રાષ્ટ્રધ્વજ મૂક્યો છે. (૧૧) આપણા ખુશ્કી લશ્કરનો ખાસ ધ્વજ: જેમાં ડાબે મથાળે ચોથા ભાગમાં રાષ્ટ્રધ્વજ અને બાકીના પોણા ભાગમાં લાલ ભોંય પર કાટખૂણે બે તલવારોને મથાળે વચ્ચે સિંહ-મુદ્રા. (૧૨) હવાઈ દળનો ખાસ ધ્વજ: જેમાં ડાબે મથાળે ચોથા ભાગમાં રાષ્ટ્રધ્વજ, ને બાકીના પોણા ભાગમાં આકાશી રંગની આછી વાદળી ભોંય ઉપર જમણી તરફના અરધા ભાગની વચ્ચોવચ્ચ રાષ્ટ્રધ્વજના જ રંગાનુક્રમે ત્રણ વર્તુલી પટ્ટાઓ.
















શર ચ્વાનનું 'સારસયુગ્મ'

ચીની શૈલીનાં ચિત્રોમાં આ વિષય ઘણો પ્રચલિત છે. વાંસનાં પાતળાં પાન, શંકુ-દ્રુમોની ઝીણી સળીઓ, અને સારસ પક્ષીઓ-એ બધાં લાંબા જીવનનાં પ્રતીક ગણાય છે. આ ચિત્રમાં સારસ-યુગ્મ પાષાણ-શિલા પર ઊભું છે. નીચે ઉછળતાં મોજાં છે. સરુનું એક ઝાડ ઝૂકી રહ્યું છે. નર-સારસ અવકાશમાં એક મોટો સાદ પાડી રહ્યું છે, ને માદા-સારસ તિર્યક્ ગ્રીવા કરી એને સાંભળી રહ્યું છે.

જાપાની ચિત્રકળાની થોડી અસર આ ચિત્ર પર થયેલી જણાય છે, તે એટલા માટે કે ચિત્રકાર શેન ચ્વાન જાપાનમાં રહી આવ્યા હતા. ચિન્ગ રાજવંશ દરમ્યાન ૧૬૧૮માં જન્મેલા કળાકારને દૃષ્ટિગત વિષયોનું નિરૂપણ કરવું વધારે ગમતું. ઝીણવટવાળી પ્રથાગત રીત અને મૌલિક સ્વૈરવિહારના સમન્વયથી એમણે એક વિશિષ્ટ શૈલી વિકસાવી. એમ કરતાં એમણે ચીની તથા પશ્ચિમી શૈલીઓથી બનતી વાસ્તવિક રીતિ સિદ્ધ કરી, જે ચીની કળાકારોમાં બહુ પ્રિય ન હતી, પણ જેને માટે જાપાની કળાકારોને ઘણું માન હતું. ૧૭૩૧માં શેન ચ્વાન ચિત્ર શિખવાડવા માટે જાપાન જવાનું આમંત્રણ પામ્યા. એ ત્યાં રહ્યા બે જ વર્ષ, પણ ત્યાંનાં કળા-કલ્પનોની અસર એમની શૈલી પર થઈ અને સામે, જાપાની ચિત્રકારો એમની શૈલી, ટૅક્નિક ને ગોઠવણી શીખવા તત્પર ને આતુર હતા. પીંછીના બારીક કામ અને રંગના કુશળ વપરાશમાં એ ગુરુસ્થાને હતા, આ કારણે જાપાનમાં એમની શૈલીના અનુયાયીઓ ઊભા થયા.

પ્રસ્તુત ચિત્ર એમણે ૭૮ વર્ષની ઉંમરે કરેલું. એ પછી પણ થોડાં વધારે વર્ષો શેન ચ્વાન જીવેલા, પણ એમની ચોક્કસ મૃત્યુ-તારીખની જાણ નથી. સ્પષ્ટ એ છે કે આખા જીવન દરમ્યાન શેન સન્માનનો પાત્ર કળાકાર રહેલા. **- પ્રીતિ શેનગુપ્તા**

ડાબા ખૂણે ચરખાના આલેખનવાળા નવા ધ્વજનું સૂચન કર્યું. કૉન્ગ્રેસ કારોબારીએ એનો તો જોકે સ્વીકાર ન કર્યો. પણ એ બધાં સૂચનો પરથી બે ફેરફાર કરાયા. લાલને બદલે કેસરી રંગ મૂકાયો અને રંગના ક્રમમાં ફેરફાર કરી મથાળેથી કેસરી સફેદ ને લીલા પટ્ટા ક્રમવાર ગોઠવી, વચલા સફેદ પટ્ટામાં નાનો આસમાની ચરખો મૂક્યો અને તેનું કદ, પહોળાઈ કરતાં લંબાઈ દોઢી એ રીતનું ઠરાવ્યું. ૧૯૩૩ની મુંબઈમાં મળેલી મહાસમિતિએ ખાસ ઠરાવ દ્વારા આ ધ્વજને માન્ય રાખી જાહેર કર્યું કે 'આ નવા રાષ્ટ્રધ્વજમાં રાખેલા કેસરી અને લીલા રંગમાં કોઈ કોમી સૂચન નથી, પણ કેસરી રંગ શૌર્ય અને સમર્પણની સફેદ રંગ શાંતિ અને સત્યની, તથા લીલો રંગ દાક્ષિણ્ય અને શ્રદ્ધાની ભાવનાનાં પ્રતિક છે.' આ પ્રમાણભૂત નવા ધ્વજને ૧૯૩૩ની ૩૦મી ઑગસ્ટે પ્રથમવાર ફરકાવી હિંદભરમાં મોટો ધ્વજદિન ઊજવાયો, અને ત્યારથી તે આપણે સ્વતંત્ર થયા ત્યાં સુધી તેને જ આપણે આપણો રાષ્ટ્રધ્વજ માન્યો. હજી આજે પણ કૉન્ગ્રેસ પક્ષનો પોતાનો ધ્વજ તો એ જ છે.

આઝાદી આવી. મૂળ ધ્વજ હવે એક સંસ્થાનો મટી સમગ્ર રાષ્ટ્રનો ધ્વજ બન્યો. એટલે તેમાં થોડો ફેરફાર કરવાની જરૂર પડી. કૉન્સ્ટીટ્યૂઅન્ટ એસેમ્બલીના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદે નીમેલી એક સમિતિની સૂચના અનુસાર ચરખાને સ્થાને સારનાથમાંના અશોકના સ્તંભ ઉપરનું ચક્ર સૂચવાયું. અશોકનો રાજ્યકાળ ભારતના આજસુધીના ઇતિહાસમાં દેશની સૌથી વધુ આંતરરાષ્ટ્રિય પ્રતિષ્ઠાનો કાળ ગણાય છે. એ રીતે જોતાં અશોકનું એ ચક્ર, વિદેશમાં એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકેની ભારતની શાનને સર્વથા ઉચિત છે.

ઈ.સ. ૧૯૪૭ના જુલાઈની ૨૨મી તારીખે કોન્સ્ટીટ્યૂઅન્ટ એસેમ્બલી (બંધારણ સભા) આગળ એ ધ્વજને નિશ્ચિત ઠરાવથી અંગીકારવા માટે રજૂ કરતાં પંડિત જવાહરલાલે હૃદયસ્પર્શી ભાષણ કરેલું. એ ઠરાવમાં ધ્વજ માટે આપેલી વિગતો આ મુજબ છે : (૧) મથાળેથી અનુક્રમે ઘાટા કેસરી, સફેદ અને ઘેરા લીલા રંગના ત્રણ સરખા પટ્ટા વાળો ત્રિરંગી આડો ધ્વજ; (૨) વચ્ચેના સફેદ પટ્ટાની મધ્યે, પટ્ટાની પહોળાઈના જ કદનું, અશોકના સારનાથ સ્તંભના સિંહ-શિખરની બેસણી (ફલક) પરના ચક્ર જેવું આબેહૂબ, ૨૪ આરાવાળું ચક્ર : એ આસમાની (નેવી બ્લૂ) રંગમાં, ધ્વજની બંને બાજુ ચીતરી, છાપી, ભરી, કે ધ્વજની જ બનાવટની જાતના કાપડમાંથી કોતરીને સીવી શકાય; (૩) ધ્વજની લંબાઈ-પહોળાઈનું પ્રમાણ ત્રણ અને બેનું.

એને રજૂ કરતાં પંડિતજીએ સમજાવ્યું કે 'જૂના ધ્વજ કરતાં આમાં ફેર માત્ર ચરખાને બદલે ચક્રનો છે. ધ્વજ માટે એક નિયમ એવો છે કે તેના પરનું લાંછન (ચિહ્ન) બંને બાજુથી એકસરખું દેખાવું જોઈએ. ચરખામાં તેમ નહોતું થતું. એક બાજુ તેની ત્રાક છેડા તરફ અને બીજી બાજુથી જોતાં દંડ તરફ રહેતી હતી. આ બરોબર નહોતું. ખૂબ વિચારને અંતે અમને લાગ્યું કે આવડા મોટા લોકસમૂહને આજ સુધી પ્રેરણા આપનારું આ ચિહ્ન તો રહેવું જોઈએ. પણ થોડા ફેરફાર સાથે. આખા ચરખાને બદલે તેનું મુખ્ય અંગ ચક્ર રહે અને એ રીતે તેની જૂની પ્રણાલી ચાલુ રહે. માત્ર દોરી અને ત્રાક ગૂંચવણ ઊભી કરે છે તે કમી થાય. હવે, એ ચક્ર કેવું રાખવું? અમારી નજર અશોકચક્ર પર ઠરી. એ ચક્ર હિંદની પ્રાચીન સંસ્કૃતિનું પ્રતીક છે, યુગો થયાં ભારત જેને માટે ખડું છે તેનું પ્રતીક છે... આ ધ્વજ કોઈ મહારાજ્યનો ધ્વજ નથી; સામ્રાજ્યવાદનો પ્રતીક પણ તે નથી; કે નથી તે કોઈ પણ રાજ્ય ઉપર આધિપત્ય ભોગવવા માટેનો : પણ એ સ્વાતંત્ર્યનો ધ્વજ છે, - આપણા, તેમ જ જે પ્રજાને માટે તે સ્વાતંત્ર્યનો બિરાદરીનો સંદેશ લઈ જશે; દુનિયાના દરેક દેશ સાથે મૈત્રી બાંધવાની, તથા મુક્તિ માટે ઝંખતી દરેક પ્રજાને મદદ કરવાની ભારતની ઇંતેજારીનો સંદેશ તે લઈ જશે.'

ડૉ. રાધાકૃષ્ણે ધ્વજની રંગ-રચનાનો અર્થ સમજાવતાં કહ્યું કે, 'કેસરી કે ભગવો રંગ એ ત્યાગ અને અનાસક્તિનો રંગ છે; આપણને અને આપણા નેતાઓને તે કોઈ પણ ઐહિક લાભની આસક્તિ રાખ્યા વિના પોતપોતાના કર્તવ્યને-ધર્મને સમર્પિત થવાનું પ્રબોધે છે. સફેદ તે પ્રકાશનો રંગ છે, આપણો કર્તવ્યપથ બતાવતા સત્યનો રંગ છે. લીલો રંગ આપણા સમગ્ર જીવનના આધાર રૂપ લીલી વનસ્પતિની ધારક આપણી ભૂમિ સાથેનું આપણું અનુસંધાન સૂચવે છે.'

મધ્યમાંનું અશોકનું ચક્ર એ મૂળ 'ધર્મચક્ર' છે. એમણે કહ્યું કે, 'આ ધ્વજની છાયા નીચે કામ કરતા પ્રત્યેકના જીવનનું ચાલક બળ 'સત્ય' અને 'ધૈર્ય' હોવાં જોઈએ. વળી ચક્ર એ 'ગતિ'નું સૂચક છે. સ્થિરતામાં - સ્થગિતતા મૃત્યુ છે. ગતિમાં જ જીવન છે. ભારતે હવે ફેરફારોથી ન ભડકતાં આગળ વધવું જોઈએ, પ્રગતિ કરવી જોઈએ. ચક્ર એ શાંતિમય પલટાનું પ્રતીક છે, એટલે રેંટિયાને બદલે આ ચક્ર આવ્યું એમાં કશું ચાતરવાનું થયું નથી.'

ધ્વજની સંજ્ઞાઓના બીજા પણ અર્થ કરવામાં આવ્યા છે : સફેદને સૂર્યકિરણો કે જે સર્વ ચેતનાનું મૂળ છે તેના સફેદ રંગની સાથે સરખાવવામાં આવ્યો છે. ચક્રના ૨૪ આરાને ૨૪ કલાકના પ્રતીક ગણીને કાળની માફક સતત ગતિમાન રહેવામાં જ જીવન રહેલું દર્શાવ્યું છે. વળી તેને ભારતીય સંસ્કૃતિની સનાતનતાનું સૂચક લેખવીને ઔદ્યોગિક ક્ષેત્રમાં વૈજ્ઞાનિક પ્રગતિની સંજ્ઞા તરીકે ગણાવ્યું છે, અને એ રીતે પ્રાચીન સંસ્કૃતિના આદર્શવાદ ને અર્વાચીન વિજ્ઞાનના વાસ્તવવાદનો તેમાં સમન્વય

કલ્પ્યો છે. ને અશોકની મહાન પ્રણાલિકા તથા મહાત્મા ગાંધીજીના ઉચ્ચાગ્રહનું પ્રતીક તો એ છે જ.

કેટલાક ઇતિહાસકારો આ ચક્રને અશોકના સમયથી એ જૂનું ગણાવે છે. બૌદ્ધ સંપ્રદાયનું તો એ જૂનું લાંછન હતું જ. કેટલાક વિદ્વાનો તેને હિંદુ ધર્મ જેટલું પ્રાચીન લેખવે છે. સિંધુ નદીની ખીણની મોહેં-જો-ડેરોની સંસ્કૃતિના અવશેષોમાં પણ ચક્રની સંજ્ઞા મળી આવે છે. ભારત, ઈરાન, પ્રાચીન ઇજિપ્ત, આસીરિયા, ગ્રીક વગેરે દેશના ધર્મોમાં સૂર્યના પ્રતીક તરીકે તે વપરાયું છે. આમ, આજે આપણા રાષ્ટ્રધ્વજ પર સ્થાપેલા ચક્રને ભારત તથા બીજા દેશો તો છેક પાંચ હજાર વર્ષથી સન્માનતા આવ્યા છે.

આવા ગંભીર અર્થપૂર્ણ અને આપણા અસ્તિત્વ ને આઝાદીના પ્રતીક રૂપ આપણા રાષ્ટ્રધ્વજ પ્રત્યે આપણને પૂર્ણ માન, ગૌરવ અને ઊંડી લાગણી હોવાં જોઈએ. જગતના બધા જ સ્વતંત્ર દેશોમાં પોતાના રાષ્ટ્રધ્વજ માટે અતિશય માને ને ગૌરવ હોવા સાથે તેને વિષયે પાળવા માટેની ઝીણીઝીણી વિધિઓ પ્રત્યે ચુસ્ત શિસ્ત હોય છે. આપણે પણ તેને માટે જે નીતિ-નિયમો ઘડાયા હોય તે દરેકનું ચોંપ રાખીને શિસ્તપૂર્વક પાલન કરવું જોઈએ. ધ્વજ ચડાવવો, ઊતારવો, સલામતી આપવી કે તેને અરધી કાઠીએ રાખવો, એમ એ ધ્વજને લગતા દરેક પ્રસંગે દરેક વ્યક્તિ અને સંસ્થાએ તેમાં માનપૂર્વક સાથ આપવો જોઈએ.

રાષ્ટ્રધ્વજના કદનું પ્રમાણ તથા તેના કાપડ અને રંગો માટે જે ધોરણ નક્કી થયા હોય તેનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. એટલે કે જેવાતેવા કાચા રંગોના કે જે તે ચીંથરિયા કાપડના ટુકડા સાંધી ફાવે તે કદનો તે ન બનાવવો જોઈએ. એમાં તેનું અપમાન છે. આપણા ધ્વજ માટે મોટરો વગેરે પર ફરકાવવાના ટચુકડા ધ્વજ સુધીનાં છ જુદાંજુદાં કદ નક્કી થયાં છે તે જાણી લેવાં જોઈએ. વળી ધ્વજના રંગ, તેના કાપડની જાત, તેને સીવવાના દોરા, તેને માટેનાં દોરી-દોરડાં તથા પિત્તળના તાર, થાંભલા વગેરે એકેએક વસ્તુની જાત, પ્રકાર, પ્રમાણ આદિ ઠરાવવાનું કામ 'ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્ઝ ઇન્સ્ટીટ્યૂશન'ને સોંપ્યું છે. તે ચુસ્ત વૈજ્ઞાનિક કસોટીએ એ બધી વસ્તુઓ ચકાસીને નક્કી કરે તે મુજબ એ વાપરવાનાં છે. ધ્વજના કેસરી અને લીલા રંગ પણ ખાસ પ્રકરનાં 'હિંદી કેસરી' અને 'હિંદી લીલો' છે, જે દુનિયા 'સ્ટાન્ડર્ડ કલર ટેબલમાં' હજી સુધી આવ્યા નથી; તે પણ નક્કી થયે તે જ ચુસ્તપણે વાપરવાના છે.

દુનિયાભરમાં રાષ્ટ્રધ્વજને માટે અમુક વિધિઓ નક્કી કરાએલા છે, જે હિંદમાં પણ પાળવામાં આવે છે. સરકાર તેના વિગતવાર નિયમો બહાર પાડવાની છે. વળી, બીજાં સ્વતંત્ર રાષ્ટ્રોની માફક આપણે ત્યાં પણ રાજ્યના ઉચ્ચ અધિષ્ઠાતાઓ માટે ખાસ વ્યક્તિગત ધ્વજો રચાયા છે. એ મુજબ રાષ્ટ્રપ્રમુખ, ગવર્નરો ને રાજપ્રમુખોના કેટલાક ધ્વજો છે, જે, તેઓ જ્યાં હાજર હોય ત્યાં ફરકાવાય છે.

હવે આપણે રાષ્ટ્રધ્વજના માનાર્થે ઘડાએલા નિમયો જોઈએ :

(૧) જો બીજા કોઈ ધ્વજ સાથે એક હારમાં લટકાવવામાં આવે તો બીજા બધા જ ધ્વજો આપણા રાષ્ટ્રધ્વજની ડાબી તરફ જ લટકાવાય. જો ઊભી હારમાં લહેરાવવામાં આવે કે છૂટાછૂટા ફરકાવવામાં આવે તો રાષ્ટ્રધ્વજથી ઊંચો બીજો કોઈ પણ ધ્વજ રાખી શકાય નહિ.

(૨) સરઘસમાં ઉપયોગ થવાનો હોય ત્યારે યોગ્ય માણસના જમણા ખભે જ, સૌથી ઊંચો, ને સૌને મોખરે તે રાખવો જોઈએ.

(૩) જો ધ્વજસ્તંભ પર બીજા કોઈ ધ્વજ સાથે લહેરાવવો હોય તો તે સૌથી પ્રથમ ઉપર જાય અને સૌથી છેલ્લે નીચે ઊતરે એવી રીતે જ ફરકાવવો જોઈએ. બીજા ધ્વજોની હાજરીમાં રાષ્ટ્રધ્વજને કદી નમાવાય જ નહિ. માત્ર લશ્કરમાં રાષ્ટ્રધ્વજ (જેને 'ફ્લેગ નેશનલ ઇંડિયા' કહેવાય છે)ને લશ્કરના પોતાના ધ્વજને એક સાથે જ ચડાવાય-ઉતારાય છે. ખુશ્કી, દરિયાઈ તેમજ હવાઈ દરેક લશ્કરના પોતપોતાના ખાસ ધ્વજ છે.

(૪) સભાઓમાં ભાષણકર્તાની પાછળ, તેના માથાથી ઊંચે, અને બીજા બધા શણગારો કરતાં સૌથી ઊંચો રાષ્ટ્રધ્વજને રાખવો જોઈએ.

(૫) ધ્વજ પર કોઈ પણ જાતનું લખાણ ન હોવું જોઈએ. વળી, જ્યારે તે ઉપયોગ માટે નકામો થઈ જાય, એટલે કે ઝળી કે ફાટી જાય કે ઝાંખો પડી જાય ત્યારે તેનો જાહેરમાં કદી નાશ ન કરવો જોઈએ; તેમજ તેનો મસોતા કે ચીંથરા તરીકે ઉપયોગ કરવો કે કચરા-પૂંજા સાથે તેને રઝળતો નાખી દેવો એ પણ તેનું અને એ દ્વારા આપણું પોતાનું અપમાન કરવા બરાબર છે.

ક્યાં ફરકાવાય? કોણ ફરકાવે? કેવી રીતે?

જ્યાં ત્યાં શોભા-શણગાર તરીકે પણ તેને ન જ વપરાય. ભાષણકર્તાના ટેબલ પર પણ તે ન જ બિછાવાય. એવી જ રીતે સાડીની કિનાર જેવા ઉપયોગમાં પણ તેની રચનાનો ઉપયોગ ન કરાય. વળી ધંધાદારી હેતુએ પણ તેનો ઉપયોગ કરાય નહિ. ટ્રેડમાર્ક ઍક્ટની ૬૯મી કલમ મુજબ ધંધાદારી દૃષ્ટિએ ક્યાંય પણ ધ્વજનો ઉપયોગ કરવાની મનાઈ છે. આની પાછળની ભાવના સમજી તેમાં પ્રજાએ સાથ આપવાની ફરજ છે. ટૂંકમાં તેના ધ્વજ તરીકેના માનપૂર્વકના ઉપયોગ સિવાય બીજે ક્યાંયે તેમજ બીજી કોઈ રીતે તે ન જ વપરાય.

વળી ધ્વજ તરીકે પણ તેને છાશવારે અને જ્યાં ત્યાં ફરકાવી સસ્તો કરી નાખવામાં પણ તેની માનહાનિ છે.

સામાન્યતઃ તેને (૧) સરકારી મકાનો અને શહેરના અગત્યના સ્થળે જ ફરકાવવો જોઈએ. જેમાં આટલાં આવી શકે : હાઈકોર્ટ, સેક્રેટેરિયેટ, કમિશ્નર અને કલેક્ટરની કચેરીઓ, જેલ, ડિસ્ટ્રિક્ટ બોર્ડ તથા મ્યુનિસિપલ ઓફિસો ઉપર ફરકાવી શકાય; અને (૨) બધી સરહદો ઉપર તે અમુક ચોક્કસ સ્થળે ફરકાવી શકાય.

આ ઉપરાંત નીચે જણાવ્યા મુજબના મોટા સરકારી હોદ્દેદારો તેને પોતાના મકાન પર લહેરાવી શકે :

(૧) મધ્યસ્થ સરકારના તથા રાજ્યોની સરકારોના પ્રધાનો તથા પાર્લામેન્ટના અને ધારાસભાઓના પ્રમુખો;

(૨) જ્યાંજ્યાં અપર ચેમ્બર હોય ત્યાંના પ્રમુખો;

(૩) મધ્યસ્થ સરકારના રાજપ્રધાનો;

(૪) રાજ્યોની રીજીઅનલ કમિશ્નરો, ચીફ કમિશ્નરો, કમિશ્નરો અને કલેક્ટરો.

(૫) દરેક રાજ્યના ગવર્નરોને તેમના પ્રાંતના નામોલ્લેખ સાથેનો વિશિષ્ટ એવો એકેક વ્યક્તિગત ધ્વજ પણ અપાયો છે, જે તેમના નિવાસસ્થાન પર તેમજ તેના રાજ્યમાં તેઓ જ્યાંજ્યાં હાજર હોય તે તે સ્થળે ફરકાવાય છે.

(૬) રાજપ્રમુખો પણ જો ઇચ્છે તો પોતાના રાજ્યના ધ્વજ સાથે રાષ્ટ્રધ્વજને પણ પોતાના નિવાસ પર ફરકાવી શકે છે.

(૭) પરદેશમાં ભારતના પ્રતિનિધિઓએ પણ પોતાના નિવાસ તેમજ કચેરી પર રાષ્ટ્રધ્વજ ફરકાવવો જ જોઈએ.

(૮) જ્યારે રાષ્ટ્રપ્રમુખ, વડાપ્રધાન કે નાયબ વડાપ્રધાન કોઈ રાજ્યોની મુલાકાત દરમિયાન ત્યાંના ગવર્નર સાથે ગવર્નમેન્ટ હાઉસમાં રહેતા હોય ત્યારે ત્યાં, રાષ્ટ્રપ્રમુખે પોતાના ખાસ ધ્વજને અને પ્રધાનોએ રાષ્ટ્રધ્વજને તે મકાનની ટોચે, અથવા તો તે મકાનના જે ભાગમાં પોતે રહેતા હોય તેના મુખ્ય આગળ પડતા ભાગ પર ફરકાવવાનો હોય છે.

(૯) ખુશ્કી, દરિયાઈ કે હવાઈ દળને માટે ધ્વજ ફરકાવવાના ખાસ અલગ નિયમો છે. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરી બાદ રાષ્ટ્રધ્વજને તેઓના ખાસ ધ્વજમાં સમાવી લીધેલો હોઈ હવે તેમને જુદો રાષ્ટ્રધ્વજ લહેરાવવાની જરૂર નથી રહી. તેનાં ચિત્રો આ સાથે આપ્યાં છે.

(૧૦) સ્વાતંત્ર્યદિન રાષ્ટ્રિય-સપ્તાહ ૨૬મી જાન્યુઆરી કે ગાંધીજીના જન્મદિવસ જેવા રાષ્ટ્રના ખાસ ઉત્સવો પ્રસંગે ધ્વજ ફરકાવવા માટે કોઈ પણ બંધન નથી. પણ તેમાંયે ધ્વજની માનહાનિ તો ન જ થવી જોઈએ.

(૧૧) વિદેશોમાં ભારતના પ્રતિનિધિઓ ને અહીં દેશમાં પ્રધાનો, સ્પીકરો, કમિશ્નરો જેવા મોટા સરકારી હોદ્દેદારો પોતાના વાહન પર પણ ધ્વજ ફરકાવી શકે છે. ગવર્નર, રાજપ્રમુખ વગેરે જેઓને વ્યક્તિગત ધ્વજો પણ આપવામાં આવ્યા છે તેઓ તે ધ્વજને અને ઇચ્છે તો તે સાથે રાષ્ટ્રધ્વજને પણ પોતાના વાહન પર રાખી શકે છે.

રાષ્ટ્રધ્વજ ચડાવવો એ એક ગંભીર અને પવિત્ર પ્રસંગ છે. એ વિધિમાં જુદાજુદા દેશો પરત્વે કેટલાક ફેરફારો હોવા છતાં સામાન્ય રીતે દરેક રાષ્ટ્રનો ધ્વજ રાષ્ટ્રગીત ગવવાની સાથે ચડે છે. માણસો તેની આસપાસ રાષ્ટ્રગીત ગવાતું રહે ત્યાં સુધી માન- સહિત મસ્તક નમાવી ઊભા રહે છે. દરમિયાન રાષ્ટ્રધ્વજ ધીરેધીરે ગંભીરતાપૂર્વક ઉપર ચડતો જાય છે. આ વખતે ખાસ તકેદારી રખાય છે કે તે અવળાં રંગથી ઉપર ન જાય. જો હાજર હોય તો બેન્ડ રાષ્ટ્રગીત વગાડે છે. ક્યાંક રાષ્ટ્રગીત ગવાય પણ છે. વળી, ધ્વજમાં ફૂલો વીંટી તેને ઉપર ચડાવાય અને પછી વંદન વખતે તે ફરકાવતાં તેમાંથી ફૂલોની વર્ષા વરસે તો ધ્વજવંદન દીપી ઊઠે.

લશ્કરોમાં તો 'ફલેગ નેશનલ ઇંડિયા' રોજ ફરકાવવાનો કાર્યક્રમ હોય છે. ધ્વજ ચડાવવો-ઉતારવો એ ત્યાં સવારસાંજનું રોજિંદુ કાર્ય હોઈ, એ વખતે દરેક જણે ધ્વજને સલામી આપવા હાજર રહેવું પડે છે. જોકે ત્રણે દળોના આ વિધિમાં થોડોઘણો તફાવત છે, પણ મોટે ભાગે એ વખતે બધા રાષ્ટ્રગીત ગાય છે કે બેન્ડમાં વગાડે છે, ને ધ્વજ ચડતો હોય કે ઊતરતો હોય એ વખતે સલામી આપે છે. જો ક્યાંય-બે ધ્વજ-એટલે કે રાષ્ટ્રધ્વજ અને દળનો પોતાનો ધ્વજ ચડતો હોય તો તે બંને એકીસાથે ચડે-ઊતરે છે.

સામાન્ય રીતે ધ્વજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ફરકે છે. હિંદી નૌકાદળમાં તે નિશ્ચિત સમયે જ - એટલે કે સવારે ૮ વાગે ચડે છે અને સૂર્યાસ્ત સમયે ઊતરે છે.

રાષ્ટ્રની કોઈ મહત્ત્વની વ્યક્તિના અવસાન સમયે કે એવા કોઈ રાષ્ટ્રવ્યાપી શોકના સમયે બધાં જ સ્થળના રાષ્ટ્રધ્વજો અને લશ્કરના ધ્વજો અરધી કાઠીએ ઉતારવામાં આવે છે. આ માટે પ્રથમ તો તે છેક ઉપર સુધી જ ચડાવાય છે અને પછી જ નીચે અરધી કાઠીએ લાવવામાં આવે છે. એવી જ રીતે ઉતારતી વખતે પણ પ્રથમ છેક ઉપર સુધી લઈ જઈ પછી જ છેક નીચે લાવવામાં આવે છે વિદેશમાંના આપણા પ્રતિનિધિઓએ અને સફર પરનાં પારકા દરિયામાંનાં આપણાં જહાજોએ પણ આ વિધિ કરવાનો હોય જ છે. આ માટે ખાસ હુકમ બહાર પાડવામાં આવે છે. કેટલીક વખત ફક્ત અરધા દિવસ સુધી જ ધ્વજને અરધી કાઠીએ રખાય છે.

આમ, આપણા રાષ્ટ્રધ્વજની મહત્તા સમજી, સ્વાતંત્ર્યની આ વર્ષગાંઠે પૂર્ણ માનસહિત તેને વંદીએ અને પ્રાર્થના કરીએ કે :

આઠ પહોર હુંકારા કરતો જાગ્રત રહે ઉમંગી!
સાવધ રહેજે, પહોરો દેજે, અમે ન રહીએ ઊંઘી :
ઝંડા સ્વરાજ્યના સંત્રી!
રહો તુજ ઝાલર રણઝણતી!

(સળંગ અંક ૩૩૨માંથી) (મેઘાણી)

સ્વરાજની અર્ધશતાબ્દીએ ભારતીય નાગરિકત્વ

યશવન્ત શુક્લ

૧૯૪૭ની ઓગસ્ટની ૧૪મી જ્યારે ૧૫મીમાં પડવાની તૈયારી કરતી હતી ત્યારે આખાયે દેશમાં તેમ ગુજરાતના પાટનગર અમદાવાદમાં પણ હર્ષોલ્લાસનો પ્રચંડ આવેગ સર્વત્ર ફરી વળ્યો હતો. નગરજનોનો એ કેવળ સ્વતંત્ર થયાની જાણકારીનો હર્ષ હતો. એનો શો અર્થ થાય એ જોવાસમજવાની કોઈને ચિંતા નહોતી. હુંયે એક શહેરી તરીકે મારા મિત્રો સાથે ઘરની બહાર નીકળી પડ્યો હતો. તળિયાની પોળમાં જ્યાં હું રહેતો હતો ત્યાંથી પોળની બહાર અમે આવ્યા ત્યારે સારંગપુરમાં માણસ માતું નહોતું. બધા ક્યાં જતાં હતાં? કોઈને કાંઈ જ ખબર નહોતી. અમે ચાલ્યા, ચાલ્યા તે ચાર રસ્તા થઈને બાલાહનુમાન આગળ આવ્યા, ત્યાંથી પાનકોર નાકા, ત્યાંથી પ્રેમાભાઈ હૉલ અને ભદ્રકાળી માતા, હા ભદ્રકાળી માતા, સ્વરાજ મળ્યું તેમાં માતાજીનો આશીર્વાદ હોય જ, એમ ગણીને ભદ્રકાળી માતાનાં ભરી ભીડમાં દર્શન કરવાનો લ્હાવો લીધો, ત્યાંથી ક્યાં જવાનું? કંઈ નહીં. અમે ફરી પાછી ઘરની વાટ પકડી. પણ માણસ તો ક્યાંય માતું જ નહોતું. ઊંઘ પણ આવતી ન હતી. અંગ્રેજો ગયા, એમનું શાસન ગયું, આપણે આઝાદ થયા, બસ એનો જ હરખ રગરગમાં વ્યાપી ગયો હતો.

આજે એ વાતને પચાસ વર્ષ થયાં છે ત્યારે એ વાતે જરૂર હરખાઈશું કે આપણું સ્વરાજ્ય અનેક વિષમતાઓની વચ્ચે પણ ટકી રહ્યું છે. ભારતીય સ્વતંત્રતાની વાત કરીએ તો એક ઉપખંડ જેવા મોટા દેશમાં અનેક સમવિષમ અનુભવોની વચ્ચે પણ આપણી લોકશાહી ટકી રહી છે. ભારતીય લોકશાહી એ દુનિયાની મોટામાં મોટી લોકશાહી કહેવાય છે. ભલે મધ્યયુગીન સામંતશાહીનો દેશને ઠીકઠીક લાંબો અહેસાસ રહ્યો હોય, પણ દેશની આમજનતાને એક પ્રકારની મર્યાદિત લોકશાહીનો અનુભવ તો રહ્યો જ હતો. એટલે સ્વરાજ મળતાંની સાથે દેશને આકર્ષણ લોકશાહીનું જ હતું. એમ કહેવાયું પણ હતું કે અંગ્રેજો જશે એટલે ભારતીયો સામંતશાહીમાં પાછાં પગલાં કરશે. હા, દેશવાસીઓનો મોટો ભાગ અભણ હતો. દેશ જાતિઓમાં વિભક્ત હતો. નાતજાતોવાળું જીવન એ ઊડીને આંખે વળગનારી સામાજિક વાસ્તવિકતા હતી. કોમી કલહો પણ હતા. પણ દેશના સદ્ભાગ્યે સ્વરાજની સાધના દરમ્યાન ગાંધી-નેહરુના નેતૃત્વના પુણ્યપ્રભાવે દેશને લોકશાહી જીવનવ્યવસ્થાનું આકર્ષણ હતું. અંગ્રેજોએ જતાં જતાં હિન્દુસ્તાન અને પાકિસ્તાન સરજ્યાં, બંને વચ્ચેનું બિયાબારું પણ સરજ્યું, પણ સ્વરાજ પૂર્વે જે નેતૃત્વમાં પ્રજાએ વિશ્વાસ મૂક્યો હતો તે નેતૃત્વે ભાગલા વખતના હિંદને બચાવી લીધું અને સ્થિર રાજશાસનનો તેને અનુભવ કરાવ્યો. આજે આપણે એનાં ફળ ચાખી રહ્યાં છીએ.

જેમના અહિંસક નેતૃત્વ હેઠળ ભારતમાં અહિંસક પ્રતિકારની વ્યાપક પરંપરા સરજાઈ તે મહાત્મા ગાંધી તો સ્વરાજ ગોઠવાયું ન ગોઠવાયું અને ગોડસે જેવા કોમવાદીની ગોળીએ વીંધાયા. પણ તેમના મૃત્યુએ દેશને કોમવાદી સંકુચિતતાની બહાર મૂકી આપ્યો. ભારત દેશમાં લોકશાહી હેઠળ કોમો સંપીને જીવે એવી વ્યાપક પરિસ્થિતિ સરજાઈ. ભારતની સ્વતંત્રતા અને લોકશાહી ઉભય સુપેરે ટકી રહ્યાં છે, ભારતે પોતે પોતાને દુનિયામાં ઉત્કૃષ્ટમાં ખપે એવું લોકશાહી બંધારણ આપ્યું છે અને આજ સુધી એને નભાવ્યું છે એ જેવીતેવી સિદ્ધિ નથી.

સ્વરાજ મળ્યું તે પૂર્વે તરતમાં બીજું વિશ્વયુદ્ધ આટોપાયું હતું. તેની આર્થિક વિટંબણાઓ બ્રિટન અનુભવતું હતું. એમ પણ કહેવાય છે કે બીજા વિશ્વયુદ્ધના આરંભ અને અંત વચ્ચેના ગાળાએ જે સંજોગો જન્માવ્યા તેણે પણ ભારતને સ્વતંત્રતા અપાવી. એ જે હો તે હો, ભારત તો ઠેઠ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી પોતાના સ્વરાજ માટે મથતું હતું. એટલે સ્વરાજ એ ભારતના સર્વતોમુખી વિકાસનું પણ બળવાન નિમિત્ત બની રહ્યું. છતાં ભારતના પોતાના પ્રશ્નો ઓછા ન હતા. કોમવાદ હતો, નાતોજાતો હતી, અભણપણું હતું. અસંગઠિત જીવનશૈલી હતી. ગરીબી હતી છતાં જે દૃષ્ટિવંત પ્રારંભિક નેતૃત્વ ભારતને પ્રાપ્ત થયું તેથી એની સ્વતંત્રતાને તો આંચ નથી જ આવી, પણ દુનિયાની મહાસત્તાઓમાં ગણના થાય એવી એની મહિમાવંતી અસ્તિત્વછટા પ્રગટી રહી છે.

છતાં ઘણું કરવાનું હજી બાકી છે - સ્વરાજની અર્ધશતાબ્દીને અંતે પણ બાકી છે. જેમ કે, જે ઉજળિયાતોનું નેતૃત્વ સ્વરાજના પ્રારંભે પ્રગટી રહ્યું હતું તે જ નેતૃત્વનો આજે પણ ડંકો બજે છે. હજી કરોડો દેશબાંધવો, અભણ, ગરીબ અને અસંગઠિત છે. હજી કરોડો બાળકો નિશાળે જતાં નથી. દેશના ધંધાધાપાઓનો રોમાંચક વિકાસ થયો છે તો પણ જો દેશ ભણેલોગણેલો અને વ્યવસ્થિત હોત તો બીજા અનેક વ્યવસાયો તે ખીલવી શક્યો હોત. પોતાની આંતરિક નિર્બળતાઓ ખંખેરવા માટે જેવો સઘન વ્યવસ્થિત અને લગાતાર પુરુષાર્થ થવો જોઈતો હતો તેવો થયો નથી તેનું એક કારણ સ્વરાજનો મર્મ સમજાવી

(અનુસંધાન પૃ. ૪૯૦ પર)

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં ગુજરાતનું પ્રદાન

— જયકુમાર ર. શુક્લ —

પ્રાચીન સમયથી ગુજરાતનું આગવું વ્યક્તિત્વ ગૌરવશાળી રહ્યું છે અને તેનું પ્રગટીકરણ ઇતિહાસમાં આલેખાયેલું છે. સ્વરાજની લડતો દ્વારા ગુજરાતની અગ્રિમતા વધુ સુરેખ રીતે પ્રગટવા લાગી હતી. ગુજરાતની પ્રજા કોમળ, સાલસ, સંસ્કારી, વ્યવહારકુશળ તથા વ્યાપારકુશળ લેખાય છે. તે સાથે એનામાં શૌર્યની ભાવના પણ જળવાયેલી રહી છે. તેનું યથાર્થ દર્શન તો સ્વરાજનાં આંદોલનોમાં થયું છે. તેના સાચા પ્રગટીકરણમાં દયાનંદ સરસ્વતી, સ્વામી સહજાનંદ, ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, સયાજીરાવ ગાયકવાડ જેવી અનેક મહાન વિભૂતિઓએ યથાર્થ કામગીરી કરી છે. ગાંધીજી તથા સરદાર પટેલે સત્યાગ્રહની વિવિધ ચળવળો દ્વારા ગુજરાતની પ્રજાની શક્તિને પ્રગટ કરવાનો પુરુષાર્થ કર્યો હતો.

ગુજરાતની અસ્મિતાને જગાડનાર પરિબળોમાં શિક્ષણ, સાહિત્ય તથા વર્તમાનપત્રોનું પ્રદાન નોંધપાત્ર ગણી શકાય. આ માધ્યમો દ્વારા રાજકીય જાગૃતિનો વિકાસ થયો હતો. કવિ નર્મદ, મહીપતરામ રૂપરામ, કરસનદાસ મૂળજી, દુર્ગારામ મહેતાજી, રણજિતરામ વાવાભાઈ મહેતા, પ્રેમચંદ રાયચંદ વગેરે આ ક્ષેત્રોના આગેવાનો હતા. આ ઉપરાંત 'માનવ ધર્મસભા', 'બુદ્ધિવર્ધકસભા', 'સ્વદેશ હિતેચ્છુ', 'પુસ્તક પ્રચારક મંડળી', 'ગુજરાત વિદ્યાસભા', 'વનિતા વિશ્રામ', 'ગુજરાત કેળવણી મંડળ' વગેરે સંસ્થાઓનો ફાળો પણ મહત્ત્વનો હતો. વળી, 'મુંબઈ સમાચાર', 'અમદાવાદ સમાચાર', 'સ્વતંત્રતા', 'સુરત સમાચાર', 'સત્યપ્રકાશ', 'રાસ્તગોફતાર' વગેરે સામયિકોએ લોકોને રાજકીય રીતે જાગૃત કરવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું હતું. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈના 'સ્વતંત્રતા' નામના વર્તમાનપત્રે દેશભક્તિનો પ્રચાર કર્યો. દાદાભાઈ નવરોજીએ મુંબઈ તથા ગુજરાતમાં લોકોને આર્થિક તથા રાજકીય બાબતોમાં જાગ્રત કરવાની પ્રવૃત્તિ શરૂ કરી. સુરત અને ભરૂચમાં ૧૮૭૧માં તથા અમદાવાદમાં તેને બીજે વર્ષે 'પ્રજા સમાજ' નામની રાજકીય સંસ્થા સ્થાપવામાં આવી. ૧૮૮૨માં હરિ હર્ષદ ધ્રુવ અને ઉકાભાઈ પ્રભુદાસના પ્રયાસોથી સુરતમાં 'પ્રજાહિતવર્ધક સભા' સ્થાપવામાં આવી. તેના પ્રયાસોથી સ્થાનિક સ્વરાજ્યના કેટલાક હકો પ્રજાને મળ્યા હતા. અમદાવાદમાં ૧૮૭૬માં અંબાલાલ સાકરલાલ દેસાઈએ 'સ્વદેશી ઉદ્યોગવર્ધક મંડળી'ની સ્થાપના કરી. રણછોડલાલ છોટાલાલ, પ્રેમાભાઈ હિમાભાઈ, હરગોવિંદ કાંટાવાળા વગેરે આ પ્રવૃત્તિના અગ્રેસરો હતા. અમદાવાદમાં ૧૮૮૪માં ગુજરાત સભાની સ્થાપના થઈ. તેના આગેવાનો રમણભાઈ નીલકંઠ, હરિલાલ દેસાઈભાઈ, ડૉ. જોસેફ બેન્જામિન તથા ગોવિંદરાવ પાટિલ વકીલ હતા. આ સભા ગુજરાતના રાજકીય પ્રશ્નોમાં રસ લઈને અરજીઓ દ્વારા લોકોના પ્રશ્નો તરફ સરકારનું ધ્યાન દોરતી હતી. મુંબઈમાં અખિલ હિંદ કોન્ગ્રેસ (ઘણાં વર્ષો સુધી તે 'મહાસભા' કહેવાતી)ની ડિસેમ્બર ૧૮૮૫માં સ્થાપના કરવામાં ગુજરાતીઓનો ફાળો વિશેષ હતો. 'ગોકળદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળા' ગુજરાતીઓની સંસ્થા હતી. તેમાં મહાસભાનું પ્રથમ અધિવેશન યોજવામાં આવ્યું હતું. આ અધિવેશનમાં સુરતના ૬, અમદાવાદના ૩, વિરમગામના ૧ તથા મુંબઈના ૧૮માંથી મોટાભાગના પ્રતિનિધિઓ ગુજરાતી હતા. કોન્ગ્રેસના અગ્રણી ગુજરાતીઓમાં દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, હરિ હર્ષદ ધ્રુવ, અંબાલાલ સાકરલાલ દેસાઈ અને દિનશા વાચ્છાનો સમાવેશ થતો હતો. કોન્ગ્રેસનું ૧૮મું અધિવેશન અમદાવાદ મુકામે ૧૯૦૨માં સુરેન્દ્રનાથ બેનરજીના પ્રમુખપદે મળ્યું. તેની સ્વાગત સમિતિના પ્રમુખ અંબાલાલ સાકરલાલ હતા તથા અધિવેશનમાં ૪૭૧ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. તે બેઠકે અમદાવાદના લોકોમાં રાષ્ટ્રિય જાગૃતિનો સંચાર કર્યો. ત્યારથી કોન્ગ્રેસના રાજકારણનો તથા રાજકીય જીવનનો આરંભ થયો. તેની સાથે ઔદ્યોગિક પ્રદર્શન તથા સુધારા પરિષદ પણ ભરવામાં આવ્યાં હતાં.

બંગાળમાં ૧૯૦૫માં સ્વદેશીની ચળવળ શરૂ થયા બાદ અમદાવાદમાં 'સ્વદેશી મિત્ર મંડળ' સ્થાપવામાં આવ્યું. તેનો હેતુ સ્વદેશપ્રેમ, રાષ્ટ્રિય ભાવના અને સ્વદેશીની ભાવના જાગૃત કરવાનો હતો. આ મંડળે 'સ્વદેશી કીર્તન સંગ્રહ' પ્રગટ કર્યો હતો. તેના કાર્યકરો સ્વદેશીના પ્રચારને લગતાં ગીતો ગાતા. આ મંડળના પ્રચારકો પૈસા ફંડની પેટીઓ બજારો, પોળો, રેલવે ટ્રેનો તથા મેળાઓમાં ફેરવીને ફાળો ઉઘરાવી, તેના વડે રાત્રિશાળાઓ અને ગ્રંથાલયો ચલાવતા. આ પ્રવૃત્તિમાંથી 'દાદાભાઈ નવરોજી પુસ્તકાલય' શરૂ કરવામાં આવ્યું. તે આજે પણ પાનકોર નાકે હંસરાજ પ્રાગજી હૉલમાં મોજૂદ છે. આ મંડળે 'ઉદ્બોધન' નામે માસિક શરૂ કર્યું. તેના સંપાદક કૃપાશંકર પંડિત હતા. તેમાં દેશભક્તિનાં ગીતો અને લેખો પ્રસિદ્ધ થતાં હોવાથી સરકારે તેના



દયાનંદ સરસ્વતી • સયાજીરાવ

ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હતો. સ્વદેશી મિત્ર મંડળે અંબાલાલ સાકરલાલના માર્ગદર્શન હેઠળ ૧૯૦૯માં અમદાવાદમાં એક સ્વદેશી સ્ટોર શરૂ કરી તેનું સંચાલન કૃપાશંકર પંડિતને સોંપ્યું હતું. ૧૯૦૬માં અમદાવાદમાં ગાંધી માર્ગ પરના દોલબરાવ ઢોલા નામના મકાનમાં સ્વદેશીની ચળવળની જયંતી ઉજવવા ભરાયેલી સભામાં, આશરે ૫૦ વિદ્યાર્થીઓમાં બંગાળીઓ પણ હતા. તેમાં 'પ્રથમવાર 'વંદેમાતરમ્' ગીતનું ગુજરાતી રૂપાંતર ગાવામાં આવ્યું. તે સભામાં બૅરિસ્ટર જીવણલાલ વ્રજરાય દેસાઈએ આ ચળવળમાં બંગાળીઓના જુસ્સાના વખાણ કર્યા હતાં. સુરત જિલ્લાના વાલોડ ગામે ૧૯૦૬માં 'સ્વદેશ ભક્ત સમાજ' સ્થપાયો તથા પરદેશી માલના બહિષ્કારની પ્રવૃત્તિમાં વેગ આવ્યો. સુરતમાં ૧૯૦૭માં કોન્ગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે મવાળવાદીઓ તથા જહાલવાદીઓના ઉગ્ર પ્રચારને કારણે પરિસ્થિતિ સ્ફોટક બની હતી. સ્વાગત સમિતિના પ્રમુખ ત્રિભોવનદાસ માળવી હતા. અંબાલાલ દેસાઈએ મવાળ અને જહાલ જૂથની એકતા માટે પ્રયાસો કર્યા. પરંતુ મવાળવાદીઓ બહુમતીમાં હોવાથી સમાધાન કરવાના મિજાજમાં નહોતા.

ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની પ્રેરણા વડોદરાની કોલેજના પ્રોફેસર અરવિંદ ઘોષ અને તેમના ભાઈ બારીન્દ્ર પાસેથી મળી. નરસિંહભાઈ પટેલ, મોહનલાલ કામેશ્વર પંડ્યા, કૃપાશંકર પંડિત, બેચરદાસ પંડિત, પૂંજાભાઈ વકીલ, મકનજી દેસાઈ વગેરે ક્રાંતિકારીઓ આ પ્રવૃત્તિમાં સક્રિય હતા. ચરોતરના નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલે બંગાળી પુસ્તક 'મુક્તિ કૌન પથેર'નો ગુજરાતીમાં અનુવાદ કરી 'વનસ્પતિની દવાઓ', 'નાહવાના સાબુ', 'યદુકુળનો ઇતિહાસ' વગેરે નામથી પ્રગટ કર્યું. તેમાં બૉમ્બ બનાવવાની રીતો વર્ણવી હતી. ૧૩ નવેમ્બર, ૧૯૦૯ના રોજ અમદાવાદમાં રાયપુર દરવાજા બહારથી પસાર થતી વાઈસરોય લૉર્ડ મિન્ટોની સવારી પર બે બૉમ્બ નાખવામાં આવ્યા. બગીમાં બેઠેલા લૉર્ડ અને લેડી મિન્ટો બચી ગયાં. પરન્તુ પાછળથી થયેલા બૉમ્બના ધડાકાથી એક સફાઈ કામદાર મરણ પામ્યો. સરકાર કોઈ ગુનેગારને પકડી શકી નહિ. પરંતુ આ બૉમ્બ ફેંકવામાં મોહનલાલ પંડ્યા, પૂંજાભાઈ અને તેમના સાથીઓ સંકળાયેલા હતા.

કચ્છ જિલ્લાના શ્યામજી કૃષ્ણ વર્માએ ૧૯૦૫માં લંડનમાં 'ધી ઇન્ડિયન સોશિયોલૉજિસ્ટ' નામનું માસિક શરૂ કર્યું, 'ધી ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' સ્થાપી અને ભારતની સ્વતંત્રતા માટે ક્રાંતિકારી પ્રવૃત્તિનો પ્રચાર કરવા માંડ્યો. સૌરાષ્ટ્રમાં લીંબડીના સરદારસિંહ રાણા અને મેડમ ભિખાઈજી કામા પેરિસમાં રહીને ક્રાંતિકારી પ્રવૃત્તિનો પ્રચાર કરતાં હતાં. જર્મનીના સ્ટટગાર્ટમાં મળેલી ઇન્ટરનેશનલ સોશિયાલિસ્ટ કોન્ગ્રેસમાં (ઑગસ્ટ ૧૯૦૭) રાણા અને મેડમ કામાએ હાજરી આપી. આ કોન્ગ્રેસમાં મેડમ કામાએ ભારતને સંપૂર્ણ સ્વતંત્રતા અપાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને ભારતનો પ્રથમ ત્રિરંગી ધ્વજ ત્યાં લહેરાવ્યો હતો.

શ્રીમતી એની બેસન્ટ અને લોકમાન્ય ટિળકે ૧૯૧૬માં હોમરૂલ આંદોલન શરૂ કર્યું. તેનો હેતુ સાંસ્થાનિક દરજ્જાનું સ્વરાજ મેળવવાનો હતો. અમદાવાદમાં થિઓસૉફિસ્ટ મગનભાઈ ચતુરભાઈ પટેલે એની બેસન્ટની હોમરૂલ લીગની શાખા સ્થાપી. સુરત, ભરૂચ, ગોધરા, નડિયાદ, ઉમરેઠ વગેરે સ્થળોએ હોમરૂલ લીગની શાખાઓ સ્થાપવામાં આવી. ખેડા જિલ્લામાં હોમરૂલ લીગની ૮૬ શાખાઓ તથા અમદાવાદની આસપાસનાં ગામોમાં પણ તેની શાખાઓ સ્થપાઈ. એની બેસન્ટે ફેબ્રુઆરી-માર્ચ ૧૯૧૮માં ભાવનગર, અમદાવાદ તથા ભરૂચમાં સભાઓ યોજી પ્રચાર કર્યો. મુંબઈમાં જમનાદાસ દ્વારકાદાસ, કનૈયાલાલ મુનશી, શંકરલાલ બૅન્કર, રતનજી શેઠ વગેરે ગુજરાતીઓ હોમરૂલ લીગના આગેવાનો હતા. તેઓ પ્રતિ સપ્તાહ ગુજરાતમાં આવી લીગનો પ્રચાર કરી લોકોમાં રાજકીય જાગૃતિ લાવતા. આ ચળવળ પ્રત્યે વેપારીઓ, વકીલો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, કારીગરો વગેરે આકર્ષાયા અને લીગની સભાઓમાં જતા થયા. પંચમહાલમાં તાલુકે તાલુકે હોમરૂલ લીગની શાખાઓ સ્થપાઈ.

રણજિતરામ વાવાભાઈ   રાવબહાદુર રણછોડલાલ



દાહોદ અને ઝાલોદના અભણ ભીલો પણ હોમરૂલ લીગના પ્રચારમાં રસ લેતા. તેના પ્રચારકોને ફૂલહારથી વધાવતા અને હોમરૂલના રૂપેરી બિલ્લા ખરીદીને ધારણ કરતા.

દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫માં ભારત પાછા ફર્યા બ ાદ ગાંધીજીએ અમદાવાદમાં કોચરબમાં સત્યાગ્રહાશ્રમની સ્થાપના કરી. વિરમગામ સ્ટેશને જકાત અંગેની તપાસમાં પ્રવાસીઓને અનેક તકલીફો વેઠવી પડતી. ગાંધીજીએ તે માટે સરકારને પત્ર લખ્યો. વાઈસરોય ચેમ્સફર્ડને પ્રજાની હાડમારી અંગે વાત કરી. તેથી સરકારે એ જકાત રદ કરી. આ દરમિયાન પ્રથમ વિશ્વયુદ્ધ ચાલુ હોવાથી અમદાવાદના મિલમાલિકોને પુષ્કળ નફો થતો હતો. વિશ્વયુદ્ધને કારણે મોંઘવારી વધી હોવાથી મિલમજૂરોએ ૩૫ ટકા પગારવધારાની માગણી કરી. માલિકોએ તેમની માગણી નહિ સ્વીકારતાં ગાંધીજીએ તેઓને લવાદ નીમવા સૂચવ્યું. પરન્તુ માલિકોએ તેનો અસ્વીકાર કરવાથી ગાંધીજીએ મજૂરોને હડતાલ પાડવાની સલાહ આપી. ગાંધીપુલ પાસે 'અમર બાવળિયા'ના ઝાડ નીચે દરરોજ હડતાળિયા મજૂરોની સભા ભરાતી. ગાંધીજી તેમાં મજૂરોને લીધેલી પ્રતિજ્ઞા પાળવા, શાંતિ જાળવવા તથા સ્વમાન સાચવવાનો બોધ આપતા. એકવીસ દિવસ ચાલેલી આ હડતાળ દરમિયાન મજૂરો ડગતા લાગવાથી ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા. આખરે આચાર્ય આનંદશંકર ધ્રુવ લવાદ નિમાયા અને હડતાળ છૂટી. ગાંધીજીને ત્રણ જ ઉપવાસ કરવા પડ્યા. લવાદના નિર્ણય અનુસાર મજૂરોને ૩૫ ટકાનો પગારવધારો આપવામાં આવ્યો. આ 'ધર્મયુદ્ધ'માંથી મજૂરો તથા માલિકોએ લવાદ મારફતે ઝઘડાનો નિકાલ લાવવાનો માર્ગ અપનાવ્યો. ત્યાર બાદ ૧૯૨૦માં અમદાવાદમાં મજૂર મહાજન સંઘની સ્થાપના થઈ.

ખેડા જિલ્લામાં ૧૯૧૭માં અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ જવા છતાં અધિકારીઓએ મનસ્વી રીતે વર્તીને ૬૦૦ ગામોમાંથી એક જ ગામનું આખું અને ૧૦૪ ગામોનું અર્ધું મહેસૂલ મુલતવી રાખ્યું. તેથી કઠલાલના મોહનલાલ કામેશ્વર પંડ્યા અને શંકરલાલ દ્વારકાદાસ પરીખે બાવીસ હજાર ખેડૂતોની સહીઓવાળી અરજીઓ સરકારને મોકલીને મહેસૂલ મુલતવી રાખવાની માગણી કરી. વિઠ્ઠલભાઈ પટેલ તથા ગોકળદાસ પારેખે વીસેક ગામોની તપાસ કરી, કલેક્ટર સમક્ષ રજૂઆત કરવા છતાં સફળ થયા નહિ. ગુજરાત સભાના મંત્રીઓ કમિશનરને મળ્યા ત્યારે તેણે ગેરવર્તાવ દાખવ્યો. ગાંધીજી ચંપારણથી આવ્યા બાદ જિલ્લાના કાર્યકરો અને ખેડૂત આગેવાનોએ તેમની સમક્ષ રજૂઆત કરી. તેમણે કાર્યકરોને તાલુકાઓના પાકની માહિતી લેવા મોકલ્યા. તેમણે અને વલ્લભભાઈએ પણ ત્રીસ-ત્રીસ ગામોની તપાસ કરી. તેના આધારે ગાંધીજીએ કલેક્ટરને પત્ર લખીને જે ગામોમાં પચીસ ટકાથી ઓછો પાક થયો હોય ત્યાં મહેસૂલ મુલતવી રાખવા માગણી કરી. પરન્તુ તે ન સ્વીકારવાથી સત્યાગ્રહ શરૂ થયો. ગાંધીજીએ નડિયાદમાં ખેડૂતોની સભામાં સત્યાગ્રહની આવશ્યકતા, તે માટે દરેકે લેવાની પ્રતિજ્ઞા, તેમાં રહેલાં જોખમો, જેલમાં જવાની તૈયારી વગેરે બાબતો સમજાવી. ગાંધીજી, વલ્લભભાઈ અને જિલ્લાના કાર્યકરોએ ખેડૂતોનો જુસ્સો જાળવી રાખ્યો. સરકારની ધમકીઓ, જપ્તીઓ તથા જુલમ સામે ખેડૂતો અણનમ રહ્યા. આખરે સુખી ખેડૂતો મહેસૂલ ભરે તો ગરીબ ખેડૂતોનું મહેસૂલ મુલતવી રાખવા સરકાર કબૂલ થઈ. આ સત્યાગ્રહથી ખેડૂતોમાં જાગૃતિ તથા નીડરતા આવ્યાં અને ગુજરાતને વલ્લભભાઈ જેવા બાહોશ અને તેજસ્વી નેતા મળ્યા.

પ્રથમ વિશ્વવિગ્રહ પૂરો થયા બાદ સરકારે માર્ચ ૧૯૧૯માં રોલેટ કાયદો પસાર કરી વોરંટ વિના ધરપકડ કરીને અટકાયતમાં રાખવાની સત્તાઓ પ્રાંતિક સરકારોને આપી. આ 'કાળા કાયદા' વિરુદ્ધ ગાંધીજીના સૂચન અનુસાર ૬ એપ્રિલના રોજ દેશમાં હડતાળ પાડવામાં આવી. અમદાવાદ અને નડિયાદમાં સંપૂર્ણ હડતાળ પડી. અમદાવાદ, સુરત, નડિયાદ તથા અમલસાડમાં સરઘસો કાઢી, સભાઓમાં ભાષણો તથા ઠરાવો કરી વિરોધ કરવામાં આવ્યો. ૧૦ એપ્રિલના રોજ ગાંધીજીની ધરપકડના સમાચાર તથા અનસૂયાબહેન સારાભાઈની ધરપકડની અફવાથી મિલ-મજૂરો ઉશ્કેરાયા. તેમણે હડતાળ પાડીને દુકાનો બંધ કરાવી. બીજે દિવસે લોકોનાં ટોળાંએ સરકારી અને નગરપાલિકાનાં મળીને ૫૧ મકાનોને તથા મૅટ્રિકની પરીક્ષાના મંડપને આગ લગાડી નાશ કર્યો. સાર્જન્ટ ફ્રેઝરને રિચિ રોડ પર મારી નાંખ્યો. શહેરમાં લશ્કર બોલાવવા છતાં આગના બનાવો ચાલુ રહ્યા. ગોળીબારથી ૨૮ માણસો મરણ પામ્યા અને ૧૨૩થી વધારે ઘવાયા. વિરમગામમાં સરકારી મકાનોને આગ લગાડતા ટોળા પર ગોળીબાર કરવાથી ૬ માણસો માર્યા ગયા. ગોળીબારનો હુકમ આપનાર હિંદી અધિકારીને સળગાવી દીધો. લોકોએ વેગનો અને સરકારી તિજોરીમાં લૂંટ કરી. મુંબઈથી ગોરા લશ્કરની ટ્રેનને અમદાવાદ જતી અટકાવવા નડિયાદના યુવાનોએ રેલના પાટા ઉખાડી નાખ્યા. આણંદમાં ૧૩ એપ્રિલે લોકોએ હડતાળ પાડી, અંગ્રેજ સ્ટેશન માસ્તર તથા વેન્ડરનાં મકાનો બાળી નાખ્યાં. ગાંધીજીએ જાતે અમદાવાદ આવી, હિંસાના પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ કરી શાંતિ સ્થાપી. તેમને લાગ્યું કે લોકોને કાયદાનો સવિનય ભંગ કરવા નોતરવામાં ઉતાવળ કરી તે 'પહાડ જેવડી ભૂલ' હતી. ત્યારબાદ તેમણે 'નવજીવન' તથા 'યંગ ઈન્ડિયા' સાપ્તાહિકો દ્વારા પ્રજાને સત્યાગ્રહની તાલીમ આપવા માંડી.

ખિલાફત, પંજાબમાં સરકારના અત્યાચારો તથા અધૂરા મોન્ટફર્ડ સુધારાને કારણે ૧ ઑગસ્ટ ૧૯૨૦થી અસહકારની



ફિરોઝશાહ મહેતા દાદાભાઈ નવરોજજી શ્યામજી કૃષ્ણ વર્મા માદામ કામા

ચળવળ શરૂ કરવામાં આવી. સપ્ટેમ્બર ૧૯૨૦માં કલકત્તામાં મળેલી કોન્ગ્રેસની બેઠકમાં અસહકારનો ઠરાવ ૧૮૮૬ વિરુદ્ધ ૮૮૪ મતે પસાર કરવામાં આવ્યો. તેમાં સરકારી નોકરીઓ, સરકારી શિક્ષણ તથા ખિતાબો અને વકીલો દ્વારા અદાલતોનો ત્યાગ, ધારાસભાઓ અને વિદેશી માલનો બહિષ્કાર, દારૂબંધી, અસ્પૃશ્યતા-નિવારણ સહિત ખાદી અને રેંટિયાને અપનાવી સ્વદેશી માલ વાપરવાનો અનુરોધ કરવામાં આવ્યો.

અમદાવાદમાં ૧૮ ઑક્ટોબર ૧૯૨૦ના રોજ ગુજરાત વિદ્યાપીઠની ગાંધીજીએ સ્થાપના કરી. અમદાવાદ, સુરત અને વડોદરાની કૉલેજોના કેટલાક અધ્યાપકોએ રાજીનામાં આપ્યાં. સુરતની હાઈ સ્કૂલોના ૮૯૦ વિદ્યાર્થીઓએ તથા અમદાવાદની ગુજરાત કૉલેજના ૩૫ વિદ્યાર્થીઓએ પોતાની સંસ્થાઓ છોડી. વડોદરા, રાજકોટ, ભાવનગર, વઢવાણ તથા ધ્રાંગધ્રા રાજ્યોમાં સરકારી શિક્ષણનો બહિષ્કાર કરવામાં આવ્યો. ગોધરાની ન્યૂ હાઈ સ્કૂલ, સુરતની સિટી હાઈ સ્કૂલ, ભરૂચની યૂનિયન હાઈ સ્કૂલ, આણંદની ડી. એન. હાઈ સ્કૂલ તથા અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈ સ્કૂલ, મૉડેલ હાઈ સ્કૂલ અને સિટી હાઈ સ્કૂલે સરકારની માન્યતા ફગાવી દીધી. અમદાવાદમાં વલ્લભભાઈ પટેલ, ગ.વા. માવળંકર, કૃષ્ણલાલ દેસાઈ સહિત સુરત, મોડાસા, ગોધરા, નડિયાદના વકીલોએ વકીલાતનો ત્યાગ કર્યો. પંચમહાલ, ખેડા, સુરત વગેરે જિલ્લાના તલાટીઓએ રાજીનામાં આપ્યાં. ગાંધીજીએ 'કૈસરે હિંદ'નો સુવર્ણચંદ્રક પરત કર્યો. વિદેશી કાપડની અને દારૂની દુકાનો પર પિકેટિંગ કરવામાં આવ્યું અને વિદેશી કપડાંની હોળી કરવામાં આવી. ગાંધીજીએ 'એક વર્ષમાં સ્વરાજ'નો નાદ દેશભરમાં ફેલાવ્યો. ડિસેમ્બર, ૧૯૨૧માં અમદાવાદમાં હાલના વા.સા. હૉસ્પિટલના સ્થળે ભરાયેલા કૉન્ગ્રેસના અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ વલ્લભભાઈ પટેલ હતા. તેમાં સવિનય કાનૂનભંગનો ઠરાવ કરવામાં આવ્યો. તે માટે બારડોલી તાલુકામાં નાકરની લડત શરૂ કરવાનું ગાંધીજીએ વિચાર્યું. આ દરમિ' ઢસાના દરબાર ગોપાળદાસ દેસાઈએ ગાદીત્યાગ કરીને દેશભક્તિનું અપ્રતિમ ઉદાહરણ પૂરું પાડ્યું. ભરૂચના ડૉ. ચંદુલાલ દેસાઈ (છોટે સરદાર) અને સુરત જિલ્લાના કલ્યાણજી મહેતા, દયાળજી તથા પરાગજીએ પોતાની સમગ્ર મિલકત દેશને અર્પણ કરી. રવિશંકર મહારાજે પોતાનું જીવન દેશને સમર્પણ કર્યું. ખાદીના પ્રચારમાં મહિલાઓ, જ્ઞાતિપંચો, સાધુસંતો તથા ધર્મગુરુઓએ ભાગ લીધો. દારૂનિષેધ માટે અનેક મહિલાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ પિકેટિંગ કર્યું. હિંદુ-મુસ્લિમ એકતા તથા અસ્પૃશ્યતા-નિવારણના ક્ષેત્રે ગુજરાતમાં નોંધપાત્ર પ્રગતિ થઈ. આ ચળવળ દરમિયાન સત્યાગ્રહ આશ્રમ સાબરમતી, સુરતના પાટીદાર અને અનાવિલ આશ્રમ તથા અમદાવાદ, સુરત, બારડોલી, આણંદ, સરભોણ અને વેડછીના સ્વરાજ આશ્રમો રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓનાં મહત્ત્વનાં કેન્દ્રો બની ગયાં હતાં. પરન્તુ મુંબઈ અને ઉત્તરપ્રદેશના ચૌરીચૌરામાં થયેલી હિંસાના કારણે આ ચળવળ બંધ રાખવામાં આવી.

નાગપુરમાં સિવિલ લાઈન્સમાં ૧૩ ઍપ્રિલ ૧૯૨૩ના રોજ કૉન્ગ્રેસના ધ્વજ સહિતના સરઘસને પ્રવેશતું અટકાવતાં, શરૂ થયેલા ધ્વજસત્યાગ્રહનું નેતૃત્વ વલ્લભભાઈ પટેલે લીધું. તેમાં કઠલાલના મોહનલાલ કામેશ્વર પંડ્યા, અમદાવાદથી પરિક્ષિતલાલ મજમુદાર, સુરતથી ડૉ. ચંપકલાલ ઘિયા તથા ભરૂચથી ડૉ. ચંદુલાલ દેસાઈના નેતૃત્વ હેઠળ ગુજરાતના સત્યાગ્રહીઓની ટુકડીઓએ ભાગ લીધો હતો અને ધરપકડ વહોરીને જેલમાં ગયા.

બોરસદ તાલુકામાં બહારવટિયાઓને પકડવામાં નિષ્ફળ ગયેલી સરકારે ત્યાં વધારાની પોલીસ મૂકીને તેના ખર્ચ પેટે રૂ. ૨,૪૦,૦૭૪નો વધારે કર નાખ્યો. તેની સામે લડત આપવા દરબાર ગોપાળદાસના પ્રમુખપદે સંગ્રામ સમિતિ રચવામાં આવી. રવિશંકર મહારાજ, મોહનલાલ પંડ્યા અને વલ્લભભાઈ પટેલે ખેડૂતોને અન્યાયી કર ન ભરવાની પ્રતિજ્ઞા લેવડાવી, લોકોને અણનમ રાખ્યા. આખરે સરકારે વધારાનો કર પાછો ખેંચી લેતાં લોકોનો વિજય થયો.

બારડોલી તાલુકામાં ૧૯૨૮માં સરકારે મહેસૂલમાં ૨૫ ટકાનો વધારો કર્યો અને ૨૩ ગામોને ઉપલા વર્ગમાં મૂકવાથી તાલુકાના મહેસૂલમાં ૩૦ ટકાનો વધારો થયો. તાલુકાના

આગેવાનો કલ્યાણજી મહેતા તથા કુંવરજીની વિનંતીથી વલ્લભભાઈ પટેલે સત્યાગ્રહનું નેતૃત્વ સંભાળ્યું. તેમણે ભરૂચ, ખેડા, વડોદરા, સૌરાષ્ટ્ર વગેરે સ્થળેથી આગેવાનોને બોલાવી છાવણીઓ સોંપી. અબ્બાસ તૈયબજી અને ઇમામ સાહેબે મુસલમાનોને માર્ગદર્શન આપ્યું. વલ્લભભાઈનાં જુસ્સાદાર ભાષણોથી લોકોમાં શૂરાતન પ્રગટ્યું. જમીનો અને મિલકતો જપ્ત થવા છતાં ખેડૂતોએ ખમીર જાળવ્યું. દેશભરમાં લોકોએ 'બારડોલી દિન' ઉજવીને ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. આખરે તપાસ સમિતિ નિમાય તે પછી મહેસૂલ ભરવું એવું સમાધાન થવાથી ખેડૂતોનો વિજય થયો. વલ્લભભાઈને લોકોએ 'સરદાર'નો ખિતાબ આપ્યો. તપાસ સમિતિએ સૂચવેલ મહેસૂલથી ખેડૂતોને લાભ થયો.

સાઈમન કમિશન ૧૨ ઓક્ટોબર, ૧૯૨૮ના દિવસે બીજી વાર મુંબઈ આવ્યું ત્યારે અમદાવાદની ગુજરાત કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓએ સત્રાંત પરીક્ષા ન આપીને હડતાળ પાડી. કૉલેજના આચાર્ય શિરાઝે તેમની સામે વેરવૃત્તિ રાખવાથી રોહિતભાઈ મહેતાની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓએ ૩૯ દિવસની હડતાળ પાડી. તે દરમિયાન ડૉ. કાનૂગા, ડૉ. હરિપ્રસાદ દેસાઈ, ગ.વા. માવળંકર વગેરેએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓની માગણીઓ સ્વીકારવાથી હડતાળનો અંત આવ્યો.

ડિસેમ્બર ૧૯૨૯માં જવાહરલાલ નેહરુના અધ્યક્ષપદે લાહોરમાં મળેલા કૉન્ગ્રેસના અધિવેશને સંપૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ કર્યો. તે પ્રમાણે ૨૬ જાન્યુઆરી ૧૯૩૦નો દિવસ દેશમાં સ્વાતંત્ર્યદિન તરીકે ઉજવવામાં આવ્યો. સ્વતંત્રતા મેળવવા માટે સવિનય કાનૂનભંગ કરવા સુરત જિલ્લાના દાંડી મુકામે મીઠાના કાયદાનો ભંગ કરવાનો ગાંધીજીએ નિર્ધાર કર્યો. ગાંધીજીએ ૧૨ માર્ચ ૧૯૩૦ની સવારે સાબરમતી આશ્રમથી પોતાના ૭૮ સાથીઓ સહિત દાંડીકૂચ કરી. આશ્રમથી એલિસબ્રિજ સુધી પાંચ કિ.મી.ના માર્ગ ઉપર ગાંધીજીને વિદાય આપવા લોકોની ભીડ જામી હતી. અઠવાડિયા અગાઉની એક પ્રાર્થનાસભામાં ગાંધીજીએ કહ્યું હતું, 'મારો જન્મ બ્રિટિશ સામ્રાજ્યનો નાશ કરવા માટે જ થયો છે. હું કાગડાને મોતે મરીશ, કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ મૂકવાનો નથી." માર્ગમાં ગાંધીજીનો પડાવ થતો ત્યાં ભરાતી સભામાં તેઓ અસ્પૃશ્યતા-નિવારણ, દારૂબંધી, ખાદી, સરકારી નોકરીનો ત્યાગ કરવાનો બોધ આપતા. તેના પરિણામે ત્રણસોથી વધુ પોલીસ પટેલોએ રાજીનામાં આપ્યાં. ગાંધીજીએ ૬ એપ્રિલે દાંડી મુકામે ચપટી મીઠું ઉપાડીને દુનિયામાં સૌથી મોટું સામ્રાજ્ય ધરાવતી બ્રિટિશ સરકારના કાયદાનો ખુલ્લેઆમ ભંગ કર્યો. હજારો લોકોએ ગગનભેદી અવાજે 'નમક કા કાયદા તોડ દિયા'ની ગર્જના કરી. તે સાથે સમગ્ર દેશને સવિનય કાનૂનભંગ કરવાની લીલી ઝંડી મળી. ગાંધીજીએ ધરાસણાના મીઠાના અગરો પર ધાડ પાડવાનો ઇરાદો જાહેર કર્યો, ત્યારે પાંચમી મે ના રોજ તેમની ધરપકડ કરી યરવડા જેલમાં પૂરવામાં આવ્યા. ધરાસણામાં ઇમામ સાહેબની આગેવાની નીચે મીઠાના અગરો પર ધાડ પાડવા ગયેલા ૨૫૦૦ સત્યાગ્રહીઓ ઉપર નિર્દયતાથી લાઠીમાર થયો. બારડોલી અને બોરસદ તાલુકામાં નાકરની લડત ચાલી. બારડોલી તાલુકાના ૪૦૦૦ ખેડૂત કુટુંબોએ તથા ચરોતરના રાસ ગામના ખેડૂતોએ મહેસૂલ ન ભર્યું અને હિજરત કરી નાકરની લડતને સફળ બનાવી. વિરમગામ તથા ધોલેરા પણ મીઠાના કાનૂનભંગનાં કેન્દ્રો બન્યાં. હજારો સ્ત્રીઓ પણ આ લડતમાં જોડાઈ. તેમણે વિદેશી કાપડની અને દારૂની દુકાનો આગળ પિકેટિંગ કર્યું.

ગાંધી-અર્વિન કરાર થયા પછી દ્વિતીય ગોળમેજી પરિષદ લંડનમાં મળી. ત્યાંથી સફળતા મેળવ્યા વિના ગાંધીજી પાછા ફર્યા બાદ કૉન્ગ્રેસના આગેવાનોની ધરપકડ થવાથી ચળવળ બમણા જુસ્સાથી શરૂ થઈ. ગુજરાતમાંથી પણ હજારો સત્યાગ્રહીઓ જેલમાં ગયા. લોકોએ લડતનો વેગ જાળવી રાખ્યો તથા સરકારના દમનનો ભોગ બન્યા. ઓગસ્ટ ૧૯૩૨માં ઇંગ્લન્ડના વડાપ્રધાને કોમી ચુકાદો જાહેર કર્યો. તેના વિરોધમાં ગાંધીજીએ ઉપવાસ કર્યા અને હરિજનોને હિંદુઓથી અલગ ગણતા અટકાવ્યા. ત્યાર બાદ અખિલ ભારત હરિજન સેવક સંઘ સ્થાપી અછૂતોદ્ધારની પ્રવૃત્તિને વેગીલી બનાવી.

સૌરાષ્ટ્ર સહિત ગુજરાતનાં દેશી રાજ્યોમાં ૧૯૩૮-૩૯માં પ્રજા મંડળો સ્થાપવામાં આવ્યાં. ઉત્તર ગુજરાતના માણસા રાજ્યમાં દરબારે ખેડૂતોના જમીન-માલિકીના અધિકારો નાબૂદ કરવાનાં પગલાં ભરી, જુલમ ગુજારવાથી ખેડૂતોએ જાન્યુઆરી ૧૯૩૮થી મહેસૂલ ન ભરી, સત્યાગ્રહ કર્યો. લોકોએ દરબારનો બહિષ્કાર કર્યો. આખરે વલ્લભભાઈ પટેલે માણસાના દીવાન સાથે ઉભય પક્ષને ન્યાય મળે એવું સમાધાન કર્યું. રાજકોટના લોકપ્રિય રાજા લાખાજીના અવસાન પછી ધર્મેન્દ્રસિંહના અમલ દરમિયાન દીવાન વીરાવાળાએ લોકો ઉપર વધારે કરવેરા નાખ્યા, ઇજારા આપ્યા અને જુલમ ગુજાર્યો. રાજ્યની મિલના મજૂરોએ ૧૪ કલાકના કામ વિરુદ્ધ લડત આપી તેમાં વિજય મેળવ્યો. ઢેબરભાઈ અને સરદાર પટેલે લોકોને લડત માટે દોરવણી આપી. સરદાર સાથે થયેલા સમાધાનનો વીરાવાળાએ ભંગ કરતાં ગાંધીજીએ ૩ માર્ચ, ૧૯૩૯થી ઉપવાસ કર્યા. છેવટે સમાધાન થયું અને લોકોમાં જાગૃતિ આવી. લીંબડીમાં ડિસેમ્બર ૧૯૩૮માં રસિકલાલ પરીખે પ્રજામંડળ સ્થાપ્યું. ત્યાંના દરબારે પ્રજામંડળના નેતાઓ સામે જુલમ કરીને ભયનું વાતાવરણ ફેલાવ્યું. એનાથી

કંટાળીને ૧૩,૦૦૦ માણસોએ હિઝરત કરી. તે દરમિયાન વૃદ્ધ રાજા તથા યુવરાજનું અવસાન થતાં અંગ્રેજ વહીવટદાર નિકલસન સાથે સમાધાન કરી લડત બંધ કરવામાં આવી. આ દરમિયાન વડોદરા રાજ્યમાં પ્રજામંડળ દ્વારા ૧૯૪૦માં જવાબદાર પ્રધાનમંડળ રચવામાં આવ્યું. સૌરાષ્ટ્રમાં કાઠિયાવાડ રાજકીય પરિષદ સ્થપાયા બાદ મોરબી, ધ્રાંગધ્રા, ખાખરેચી, વણોદ, વળા વગેરે સ્થળે સત્યાગ્રહ થવાથી પ્રજામાં રાજકીય જાગૃતિ ફેલાઈ.

ભારતના લોકોની ચૂંટેલી પ્રાંતિક સરકારોની સંમતિ વિના દ્વિતીય વિશ્વવિગ્રહમાં જોડાવાના સરકારના પગલા વિરુદ્ધ પ્રાંતોમાંથી કૉન્ગ્રેસનાં પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. રામગઢ કૉન્ગ્રેસના પ્રસ્તાવ અનુસાર યુદ્ધનો વિરોધ કરવા વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવા ગાંધીજીએ પ્રથમ સત્યાગ્રહી તરીકે વિનોબા ભાવેની પસંદગી કરી. વિનોબાએ ૧૭ ઑક્ટોબર, ૧૯૪૦ના રોજ મધ્યપ્રદેશના પવનાર ગામે યુદ્ધ વિરોધી ભાષણ કરી સત્યાગ્રહ શરૂ કર્યો. ગુજરાતમાં સરદાર પટેલ, મોરારજી દેસાઈ, ડૉ. ચંદુલાલ દેસાઈ તથા કનૈયાલાલ દેસાઈની તેઓ સત્યાગ્રહ કરે તે અગાઉ ધરપકડ કરવામાં આવી. માર્ચ ૩, ૧૯૪૧ સુધીમાં ૨૯૬ સત્યાગ્રહીઓની ધરપકડ થઈ તથા રૂ. ૬૧૫૦નો દંડ કરવામાં આવ્યો. એક વર્ષમાં ૧૮૫૦ જણે સત્યાગ્રહ કર્યો અને ૬૪૪ને જેલની સજા થઈ હતી. લોકોએ હડતાળો પાડીને તથા જાહેર સભાઓમાં હાજરી આપીને સત્યાગ્રહને ટેકો આપ્યો હતો.

મુંબઈમાં મળેલી કૉન્ગ્રેસની મહાસમિતિની બેઠકમાં ૮ ઑગસ્ટ ૧૯૪૨ની રાત્રે 'હિંદ છોડો'નો ઠરાવ કરવામાં આવ્યો. ૯ ઑગસ્ટની વહેલી સવારે દેશનેતાઓ સહિત અમદાવાદમાં ગ. વા. માવળંકર, ભોગીલાલ લાલા, નરહરિ પરીખ સહિત ૧૭, સુરતમાં ચંપકલાલ ઘિયા, છોટુભાઈ મારફતિયા સહિત ૪૦, વડોદરામાં પ્રાણલાલ મુનશી, છોટુભાઈ સુતરિયા સહિત ૨૧ તથા પંચમહાલ, ભરૂચ, ખેડા જિલ્લા અને સૌરાષ્ટ્રમાંથી વામનરાવ મુકાદમ, દિનકરરાય દેસાઈ, બળવંતરાય મહેતા, ઉછરંગરાય ઢેબર સહિત અનેક કૉન્ગ્રેસી નેતાઓની ધરપકડ કરવામાં આવી. ગુજરાતની પ્રાંતિક, જિલ્લા તથા તાલુકા કૉન્ગ્રેસ સમિતિઓ ગેરકાયદે જાહેર કરવામાં આવી.

૯ ઑગસ્ટથી અમદાવાદની મિલો, બજારો, શાળાઓ તથા કૉલેજોમાં એકાએક હડતાળો પડી. અમદાવાદનાં બધાં બજારો તથા અમદાવાદ અને સુરતની કાપડની મિલોમાં સાડા ત્રણ મહિનાની હડતાળ પડી, જે સમગ્ર દેશમાં અદ્વિતીય ઘટના હતી. ગુજરાતમાં અનેક શહેરો તથા ગામોમાં હડતાળો પડી. અમદાવાદમાં ખાડિયા પોસ્ટ ઑફિસ પાસે ૯મીએ થયેલા ગોળીબારમાં ઉમાકાંત કડિયા મરણ પામ્યો. લૉ-કૉલેજથી નીકળેલું ૨૦૦૦ વિદ્યાર્થીઓનું સરઘસ ગુજરાત કૉલેજમાં પ્રવેશતાં વિનોદ કિનારીવાલા સામી છાતીએ ગોળીબારથી શહીદ થયો. આ લડતમાં વિદ્યાર્થીઓ રસ્તામાં અંતરાયો મૂકતા, તાર-ટેલિફોનનાં દોરડાં કાપતા, પત્રિકાઓ વહેંચતા, સભા-સરઘસોમાં જોડાતા તથા પોલીસો પર પથ્થરમારો કરતા. વડોદરાથી ૩૪ વિદ્યાર્થીઓ આણંદની આસપાસના ગામોમાં લડતનો પ્રચાર કરીને પાછા ફરતા હતા ત્યારે, ૧૮ ઑગસ્ટની સાંજે અડાસ સ્ટેશન પાસે પોલીસે તેમના ઉપર ગોળીબાર કરવાથી, ત્રણ જણા ત્યાં જ અને બે જણા પાછળથી અવસાન પામ્યા તથા કેટલાકને ગંભીર ઇજાઓ થઈ. વડોદરા, ભાવનગર, સુરત, અમદાવાદ, ગોધરા સહિત અનેક સ્થળે સરઘસોમાંથી સત્યાગ્રહીઓની ધરપકડો કરવામાં આવી. અનેક ગામોમાંથી પ્રસિદ્ધ થતી ગુપ્ત પત્રિકાઓમાં લડતનો કાર્યક્રમ તથા સમાચાર આપવામાં આવતા. ગાંધીજીએ "આજે છુપાઈને કશું કરવું નથી. આ 'ખુલ્લો બળવો' છે..." એમ કહ્યું હોવા છતાં અમદાવાદમાં બી. કે. મજમુદાર, જયંતી ઠાકોર, કાંતિલાલ ઘિયાએ, ભરૂચ જિલ્લામાં છોટુભાઈ પુરાણીએ તથા સૌરાષ્ટ્રમાં રતુભાઈ અદાણીએ ગુપ્ત સંગઠન સાધી ભાંગફોડની યોજના ઘડી. અમદાવાદમાં આઝાદ સરકારની રચના કરી જયંતી ઠાકોરને 'જયાનંદ' નામથી શહેરસૂબા બનાવવામાં આવ્યા.

'હરિજન' સાપ્તાહિકના ૨૩ ઑગસ્ટના અંકમાં કિશોરલાલ મશરૂવાળાએ ભાંગફોડની પરવાનગી આપી. તેની લાખો નકલો દેશમાં વહેંચવામાં આવી. તે મુજબ ગુજરાતમાં અનેક સ્થળે તાર-ટેલિફોનનાં દોરડાં કાપવામાં આવ્યાં, પોલીસચોકીઓ, પોલીસવાન, પોસ્ટ ઑફિસો પર પથ્થરમારો કરવામાં આવ્યો. પોળોમાં ઘૂસીને મારતા પોલીસો પર ઍસિડ ભરેલા બલ્બ નાખી, તેમને પોળોમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા. અમદાવાદમાં પોલીસચોકીઓ, સરકારી કચેરીઓ, સુધરાઈની શાળાઓને વિદ્યાર્થીઓએ આગ લગાડી. સુરત-વલસાડ જિલ્લાનાં ગામોના ચોરા, જલાલપુર તાલુકાની પોસ્ટ ઑફિસો, ગોધરામાં સ્કૂલ બોર્ડની કચેરી તથા આસપાસના ગામોના ચોરાને આગ લગાડી સરકારી દફતર બાળવામાં આવ્યું. ખેડા જિલ્લાનાં ગામોમાં યુવકોએ ટપાલના થેલા લૂંટ્યા, તાર-ટેલિફોનનાં દોરડાં કાપ્યાં તથા કેટલાંક ગામોના ચોરાને આગ લગાડી. નડિયાદમાં યુવકોએ આવકવેરા કચેરીનું દફતર બાળી નાખ્યું.

અમદાવાદમાં વિવિધ જૂથોએ બૉમ્બ બનાવી અરાજકતા ફેલાવવા પોલીસચોકીઓ, પોસ્ટ-ઑફિસો તથા સરકારી કચેરીઓ પર બૉમ્બ નાખ્યા. પોલીસ ચોકી ઉપર બૉમ્બ નાખવા લઈને જતાં, બૉમ્બ ફૂટવાથી નારણભાઈ પટેલ અને નાનજી પટેલ

(અનુસંધાન પૃ. ૪૬૬ પર)

સ્વાતંત્ર્યોત્તર વિજ્ઞાનસિદ્ધિઓ

પ્રહ્‌લાદ છ. પટેલ

આઝાદી વેળાએ ભારતનું કૃષિ, ઉદ્યોગ, વિજ્ઞાન અને ટેક્નોલૉજિ ક્ષેત્રે ચિત્ર કંઈક અંશે નિરાશાજનક હતું. આઝાદી પહેલાં અને પછી થોડાંક વર્ષ ભારત દેશ અન્નક્ષેત્રે પરાવલંબી હતો. અનાજના વિતરણ ઉપર અંકુશ રાખવો પડતો. અનાજની માગને પહોંચી વળવા માટે પી.એલ. ૪૮૦ના ઉપક્રમે મેળવેલ લાલ જુવાર અને બરછટ અનાજ લોકોને ખાવું પડતું હતું. તે સમયે ભારતને આકાશિયા ખેતી ઉપર આધાર રાખવો પડતો હતો. કારણ કે સિંચાઈની અન્ય મોટી યોજના ન હતી. ઔદ્યોગિક ક્ષેત્રે કોલસા ઉપર આધારિત એકમાત્ર કાપડ ઉદ્યોગ ખિલ્યો હતો. વિદ્યુત અને અન્ય ઊર્જાના અભાવે બીજા ઉદ્યોગો નોંધપાત્ર ન હતા. આથી રોજગારીની સમસ્યા પણ હતી. વૈશ્વિક સ્તરે ૧૯૫૦ની આગળ-પાછળના બે દસકાનો સમયગાળો વિજ્ઞાન-ક્ષેત્રે સુવર્ણયુગ હતો. આઝાદી પહેલાં કલકત્તા, બૅંગલોર અને અલ્હાબાદ વિજ્ઞાનનાં કંઈક અંશે સજ્જ કેન્દ્રો હતાં. જગદીશચંદ્ર બોઝ, સત્યેન્દ્રનાથ બોઝ, ચંદ્રશેખર રામન, મેઘનાદ સહા, પ્રફુલ્લચંદ્ર રોય, મહેન્દ્રનાથ સરકાર, પી. મહેશ્વરી અને સાહની-દંપતી વગેરે વિજ્ઞાનક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરી રહ્યા હતા. તેમાંય કલકત્તા તો છેલ્લા ત્રણસો વર્ષથી વિજ્ઞાનના કાશીનું સ્થાન શોભાવે છે. કલકત્તાના ઇન્ડિયન એસોસિએશન ફૉર કલ્ટિવેશન ઑવ સાયન્સ (I.A.C.S.), બૅંગલોરમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સ (I.I.Sc.), બનારસ હિંદુ યુનિવર્સિટી, અલ્હાબાદ યુનિવર્સિટી અને દિલ્હી યુનિવર્સિટી જેવાં જૂજ કેન્દ્રો ઉપર વિજ્ઞાનક્ષેત્રનું સંશોધન ચાલતું હતું. આમ, વિજ્ઞાનક્ષેત્રે અધિકાંશ સંશોધન ચાલતું હતું આથી વિકાસની તકો શરૂ થઈ હતી, પણ ટેક્નોલૉજિનો ખાસ વિકાસ થયો ન હતો. એટલે કે વિજ્ઞાન, ટેક્નોલૉજિ અને ઉદ્યોગોની ધરી તૈયાર થઈ ન હતી. આથી આઝાદી પહેલાં નિરક્ષરતા અને ગરબી વ્યાપક પ્રમાણમાં હતાં; ઔષધોના અભાવે આરોગ્ય નબળું હતું; શિક્ષણના અભાવે અંધશ્રદ્ધા અને રૂઢિચુસ્તતાને કારણે પ્રજાજીવન પાંગળું હતું. વિદ્યુત અને પાણી પૂરતાં ન હતાં, પરિવહનની સુવિધા ન હતી.

આઝાદી બાદ ભારતે સૌપ્રથમ કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે આત્મનિર્ભર થવાની આવશ્યકતા હતી.

ભારત કૃષિપ્રધાન દેશ છે તે છતાં આઝાદી બાદ થોડાક સમય માટે કૃષિવિજ્ઞાન ઉપેક્ષિત રહ્યું તેમાં નેહરુની ઔદ્યોગિક વિકાસની પ્રાથમિકતા અને ઘેલછા કારણભૂત હતી. ચાલુ સદીના ૬૦ અને ૭૦ના દાયકાઓમાં કૃષિક્ષેત્રે શિક્ષણ અને સંશોધનની દિશામાં સારું એવું કાર્ય થયું, પણ તે શિક્ષણ-સંશોધન પૂરતું મર્યાદિત રહ્યું. તેને ખેડૂતો સુધી પહોંચાડવા માટે કોઈ આયોજન ન કરવાની જરૂરતમંદો સુધી કૃષિ વિષેનું જ્ઞાન પહોંચતાં વાર લાગી. અલબત્ત, પ્રસાર-માધ્યમોની સુવિધા થતાં કૃષિ-જ્ઞાન ઉપલબ્ધ કરવામાં ખાસ મુશ્કેલી પડતી નથી. પરિમાણે અન્ન-ઉત્પાદનની વિવિધ પદ્ધતિઓ, પાકના રોગો અને તેમના ઇલાજો, પાકને ખાઈ જનાર કીટકો તથા પરજીવીઓની ઉત્પત્તિ અને નિયંત્રણ, યાંત્રિક ઓજારો, બાગબાની, પાક અને પશુ-સંવર્ધનની પદ્ધતિઓનો છેલ્લાં પચ્ચીસ વર્ષમાં સારો એવો વિકાસ થયો છે.

વધુ અન્ન-ઉત્પાદન માટે આ બધાની સાથે પાણી અને ખાતર અનિવાર્ય ઘટકો છે. આઝાદી પછી ઇજનેરી ક્ષેત્રે થયેલી પ્રગતિને કારણે ભાખરા-નાંગલ, દામોદર-વેલિ યોજના, હિરાકુડબંધ, કૃષ્ણરાજ સાગર બંધ અને નર્મદા સરોવર જેવાં મોટાં અને અન્ય કેટલાંય નાનાં જળાશયોની યોજનાઓ સાકાર થઈ છે. પાતાળકૂવા અને ખેત-તળાવડીઓ સિંચાઈની નાની નાની

એમ. જે. ભાભા



ડૉ. ચંદ્રશેખર



રામનુજન



ડૉ. સહા



પૂરક વ્યવસ્થાઓ થઈ છે. જી.એસ.એફ.સી., ઇફ્કો જેવાં કારખાનાં રાસાયણિક ખાતરો પૂરાં પાડે છે. આથી કૃષિવિજ્ઞાનના વિકાસ, સિંચાઈ અને ખાતરોની સુવિધાને કારણે ભારત આજે અન્નક્ષેત્રે સ્વાવલંબી છે. ૨૦૦૦ની સાલ સુધીમાં દુનિયા પાસે અનાજના ભંડાર ભરેલા હશે, અને ભારતના પણ. વ્યવસ્થિત આયોજનના અભાવે કે સ્થાપિત હિતોને કારણે એક બાજુ ધાનના ઢગલા હશે અને બીજી બાજુ ધાન ખરીદવા માટે લોકો પાસે પૈસા નહીં હોય! રાજકર્તાઓની એ બલિહારી છે કે ઉંદરોને અન્ન ભરપેટ ખાવા મળશે પણ માણસોએ તો ટૅન્ટેલસની જેમ તરસે નહીં પણ ભૂખે મરવાની વેળા આવશે. પછી વિજ્ઞાન અને ટેક્નોલૉજિની સિદ્ધિઓ શું કરે?


આઝાદી બાદ 'નવો' અથવા 'વિજ્ઞાન' યુગ શરૂ થયો. વિજ્ઞાનની સહાયથી સામાજિક, આર્થિક અને ઔદ્યોગિક સમસ્યાઓ હલ થશે તેવો આશાવાદ સ્વાભાવિક છે. પ્રથમ સોપાન તરીકે ડૉ. ભાભાએ મુંબઈમાં તાતા ઇન્સ્ટિટ્યૂટ ઓવ ફંડામેન્ટલ રિસર્ચ (TIFR)ની સ્થાપના કરી. અહીં વિજ્ઞાનને લગતું મૂળભૂત સંશોધન કરીને ઊર્જાની તંગી દૂર કરવાનો આશય નિહિત હતો. બરાબર તે જ સમયે પરમાણુ-ઊર્જા પ્રતિષ્ઠાન (AEE) (જે અત્યારે ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર-B.A.R.C. તરીકે ઓળખાય છે)ની પણ સ્થાપના થઈ TIFR અને AEEના નેજા હેઠળ ડૉ. ભાભાએ બ્રહ્માંડ કિરણો, મૂળભૂત કણો, ન્યૂક્લિઅર ભૌતિકવિજ્ઞાન, ઘન-અવસ્થા ભૌતિકવિજ્ઞાન, હવામાનશાસ્ત્ર, ભૂ-ભૌતિક વિજ્ઞાન, પ્લાઝમા અને ખગોળ- ભૌતિક વિજ્ઞાનને લગતાં બધાં જ ક્ષેત્રોને સંશોધન માટે આવરી લેવામાં આવ્યાં છે. જીવ-સૃષ્ટિની ઉત્પત્તિની ખોજ તથા વિશ્વમાં દ્રવ્ય અને ઊર્જાના ઉદ્ભવસ્થાનને સમજવા રેડિયો ખગોળવિજ્ઞાનનું મહત્ત્વ ભાભાને સમયસર સમજાતાં આ વિભાગો પણ ચાલુ કર્યા.

તે સમયે નાગરિક સુવિધાઓ અને રાષ્ટ્રિય સુરક્ષાની દૃષ્ટિએ ઉપગ્રહની મદદથી અવકાશ સંશોધન અનિવાર્ય લાગ્યું. આથી ડૉ. વિક્રમ સારાભાઈએ રાષ્ટ્રના ભાવિ અને સર્વાંગી વિકાસ માટે ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (PRL) સાથે ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનિઝેશન (ISRO)ની સ્થાપના કરી. આ રીતે TIFR પરમાણુ ઊર્જાનું અને ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (PRL) એ અવકાશ સંશોધનનાં પારણાં ગણાય. આજે પરમાણુ-યુગ અને અવકાશ-યુગની સિદ્ધિઓ અને સુવિધાઓ પ્રત્યેકના સ્વાનુભવની બાબત બની છે. આથી ડૉ. ભાભા પરમાણુ-યુગના પિતા અને ડૉ. વિક્રમભાઈ અવકાશ-યુગના પિતા ગણાયા.


આઝાદી પછી શાંતિસ્વરૂપ ભટનાગરે વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રે રાષ્ટ્રિય પ્રયોગશાળાઓની સ્થાપના માટે આયોજન કર્યું. આવી રાષ્ટ્રિય પ્રયોગશાળાઓની સ્થાપનાનો હેતુ દેશમાં વૈજ્ઞાનિક સંશોધનનાં ફળ ઔદ્યોગિક વિકાસ દ્વારા દેશવાસીઓ સુધી પહોંચાડવાનો હતો. તે માટે વૈજ્ઞાનિક-ઔદ્યોગિક સંશોધન પરિષદ (C.S.I.R.) અને દિલ્હી ખાતે રાષ્ટ્રિય ભૌતિકવિજ્ઞાન પ્રયોગશાળા (NPL)ની સ્થાપના કરી. NPLનું નેતૃત્વ ખ્યાતનામ ભૌતિકવિજ્ઞાની કે. એસ. ક્રિશ્નને પૂરું પાડ્યું. પૂના ખાતે રાષ્ટ્રિય રાસાયણિક પ્રયોગશાળા (NCL), હૈદરાબાદ ખાતે ભૂ-ભૌતિક, ગોવા ખાતે સમુદ્રવિજ્ઞાન, બૅંગલોરમાં વૈમાનિકી, જમશેદપુર ખાતે ધાતુવિદ્યા, પિલાણી ખાતે ઇલેક્ટ્રૉનિક્સની પ્રયોગશાળાઓ સ્થાપી.


૧૯૫૦ પછીના બે દાયકા ભૌતિકવિજ્ઞાન-ક્ષેત્રે અત્યંત પ્રોત્સાહક રહ્યા છે. ભારતમાં સંશોધનથી ન્યૂક્લિઅર ઊર્જા, સૂક્ષ્મતરંગો, ઘન અવસ્થા ઇલેક્ટ્રૉનિક્સ અને કમ્પ્યૂટર ક્ષેત્રે ઉત્તેજનાપૂર્ણ સંશોધન અને વિનિયોગ થયો છે. આ સાથે

ઇન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાઝમા રિસર્ચ, ગાંધીનગર



પ્લાઝમા રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (ગાંધીનગર)માં 'આદિત્ય'






ધ સહા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ન્યૂક્લિઅર ફિઝિક્સ

ઇલેક્ટ્રૉનિક કૉર્પોરેશન ઑવ ઇન્ડિયા લિમિટેડ (ECIL) અને કમ્પ્યૂટર સંવર્ધન (મેઈન્ટેનન્સ) કૉર્પોરેશન (CMS) જેવી જાહેર વિભાગીય સંસ્થાઓ ઊભી કરવામાં આવી. ડૉ. ભાભાના અકાળ અવસાન બાદ ECILની કામગીરી અને જવાબદારી પ્રો. એમ. જી. કે. મેનનને સોંપવામાં આવી અને પરમાણુ ઊર્જા પંચની જવાબદારી ડૉ. વિક્રમભાઈને સોંપવામાં આવી.

રાષ્ટ્રિય પ્રયોગશાળાઓએ સંશોધનનું કાર્ય અને યુનિવર્સિટીઓએ મહદંશે શિક્ષણ-પરીક્ષણનું કાર્ય સંભાળ્યું. પણ ભારત સરકારના શિક્ષણ વિભાગે ખરગપુર, મુંબઈ, દિલ્હી, કાનપુર અને ચેન્નઈમાં શિક્ષણ અને સંશોધનનો સમન્વય કરતી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નોલૉજિ (ITI)ની સ્થાપના કરી. આ સંસ્થાઓએ વિજ્ઞાનની વિવિધ શાખાઓ તથા ઇજનેરી ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને ઊર્ધ્વગામી બનાવી ONGC, ISRO જેવી સંસથાઓને જરૂરી તજ્જ્ઞો પૂરા પાડ્યા છે.

ઊર્જા, અન્ન, સ્વાસ્થ્ય, શિક્ષણ અને સલામતી સાથે સંકળાયેલ સમસ્યાઓને ઉકેલવા માટે આઝાદી પછીની ટેક્નોલૉજિ અને વિજ્ઞાન સક્ષમ બન્યાં છે. સંશોધન અને વિકાસ (R&D)ની સહાયથી રાષ્ટ્રના સંરક્ષણ માટે ઠેર ઠેર પ્રયોગશાળાઓ ઊભી કરી છે. લેસર, અર્ધવાહક ઇલેક્ટ્રૉનિક્સ, ફોટોનિક્સ, રડાર, સંચારણ માહિતી પ્રક્રિયા, મિસાઈલ (ત્રિશૂળ, અગ્નિ, નાગ, પૃથ્વી વગેરે), કમ્પ્યૂટર જેવી વ્યૂહાત્મક ટેક્નોલૉજિનો વિકાસ ભારતના વિજ્ઞાનીઓ, ઇજનેરો અને ટેક્નોલૉજિસ્ટો વડે થયો છે.

શિક્ષણ અને અન્ય સંસ્થાઓમાં R & D વિભાગને ઊંચે લાવવા માટે ભારત સરકારે વિજ્ઞાન અને ટેક્નોલૉજિ વિભાગ



ટ્રૉમ્બેનું રિ-ઍક્ટર

(Dept. of Science & Technology - DST) ૧૯૭૧માં શરૂ કર્યો છે. DSTના નેજા હેઠળ ગાંધીનગર પાસે અલગ સ્વાયત્ત સંસ્થા - ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝમા રિસર્ચ (IPR)ની સ્થાપના કરી છે. અંકુશિત થર્મોન્યૂક્લિઅર રિઍક્ટર વડે મોટા પાયે ઊર્જા ઉપલબ્ધ કરવાનો આ સંસ્થાનો ઇરાદો છે. અહીં **'આદિત્ય'** રિઍક્ટરની રચના કરવામાં આવી છે.

ખગોળ અને ખગોળ-ભૌતિક વિજ્ઞાનના અદ્યતન અભ્યાસ માટે ઊટી ખાતે ૫૫૦ મીટર લાંબો પરવલયાકાર પરાવર્તક રેડિયો ટેલિસ્કોપ, પૂના પાસે નારાયણગાંવ ખાતે જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ (GMRT) પી.આર.એલ.ના ઉપક્રમે થલતેજ ખાતે રેડિયો-એરે, રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે મોરેશ્યસમાં મોરેશ્યસ રેડિયો ટેલિસ્કોપ, ઉદયપુર ખાતે સૌર વેધશાળા વગેરે નોંધપાત્ર છે.

ઊર્જાની ઉત્પત્તિ અને વપરાશની માત્રા કોઈ પણ દેશની પ્રગતિનો સૂચિતાંક છે. ઊર્જા જ કોઈ પણ દેશની તાસીર બદલી શકે છે. ભારત જળવિદ્યુત, ઉષ્મીય વિદ્યુત અને પરમાણુ-ઊર્જાનો ઉપયોગ કરે છે. આઝાદી બાદ પરમાણુ-ઊર્જાની ઉપલબ્ધિ એ ભારતની મહાસિદ્ધિ છે. પોકરણમાં ભૂગર્ભ પરમાણુ પ્રાયોગિક વિસ્ફોટ સાથે ભારત તો હવે પરમાણુ-સત્તા બની છે. ભારતનો પરમાણુ-ઉર્જા કાર્યક્રમ યુદ્ધલક્ષી નથી, તે તો આવી ઊર્જાનો શાંતિમય હેતુઓ માટે જ ઉપયોગ કરવા માગે છે.

ડૉ. ભાભાની રાહબરી અને માર્ગદર્શન નીચે ભારતીય વિજ્ઞાનીઓ અને ઇજનેરોએ ભારતનું પ્રથમ પરમાણુ રિઍક્ટર 'અપ્સરા' ઑગસ્ટ ૪, ૧૯૫૬ના રોજ ટ્રૉમ્બેમાં કાર્યાન્વિત કર્યું. તે સંશોધનના હેતુ માટે છે. તેમાં ૧ મેગાવૉટ પાવર ઉપલબ્ધ છે. અપ્સરા સ્વદેશી, સાદુ, સરળ, સસ્તું, સલામત રિઍક્ટર છે.

બીજું રિઍક્ટર 'કૅનેડા-ઇન્ડિયા રિઍક્ટર' (CIRUS) કોલંબો યોજના હેઠળ જુલાઈ ૧૦, ૧૯૬૦ના રોજ કાર્યાન્વિત થયું. તેમાં ૪૦ મેગાવૉટ પાવર ઉપલબ્ધ છે. ભૌતિક, રસાયણ, જૈવ વિજ્ઞાન, ધાતુવિદ્યા અને રિઍક્ટર ટેક્નોલૉજિના સંશોધન

માટે છે.

ત્રીજું રિઍક્ટર 'ઝર્લિના' (Zero energy lattice investigation nuclear assembly - Zerlina) જૂન ૧૪, ૧૯૬૧ના રોજ ૧૦૦ મેગાવોટ પાવર સાથે કાર્ય કરતું થયું.

ચોથું રિઍક્ટર 'પૂર્ણિમા' ૧૦૦ મેગાવોટ પાવર સાથે મે ૨૨, ૧૯૭૨ના રોજ કાર્ય કરતું થયું. તે પ્લુટોનિઅમ વડે ચાલતા ઝડપી રિઍક્ટરના માણસોને પ્રશિક્ષણ આપવા માટે છે. વળી પાંચમું રિઍક્ટર છે ધ્રુવ.

આ બધા રિઍક્ટરનો મુખ્ય હેતુ સંશોધન છે. એટલા માટે આ બધાનો સંશોધન રિઍક્ટરના વર્ગમાં સમાવેશ થાય છે. પરમાણુ-ઊર્જાનો આ પાયો તૈયાર કર્યા પછી ડૉ. ભાભાએ પાવર-રિઍક્ટર તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત કર્યું, કારણ કે ભારતના સર્વાંગી વિકાસ માટે વિદ્યુત-ઊર્જા અનિવાર્ય પરિબળ હતું.

૨૦૦૦ની સાલ સુધી ન્યૂક્લિઅર રિઍક્ટર વડે ૧૦,૦૦૦ મેગાવોટ વિદ્યુત-ઊર્જા ઉત્પન્ન કરવાંનો અંદાજ બાંધવામાં આવ્યો, જેમાં ૨૩૫ અને ૫૦૦ મેગાવૉટના એકમોનો સમાવેશ થાય છે.

વિદ્યુત ઉત્પાદનના હેતુવાળું પ્રથમ ન્યૂક્લિઅર પાવર રિઍક્ટર ૧૯૬૯માંજ્ઞા તારાપુર ખાતે તૈયાર કરવામાં આવ્યું. પ્રત્યેક ૨૧૦ મેગાવૉટના એવા બે એકમો છે. ત્યારબાદ રાજસ્થાનમાં રાણા પ્રતાપ સાગર ખાતે પ્રત્યેક ૨૨૦ મેગાવૉટનાં બે એકમો ૧૯૭૨ અને ૧૯૮૦માં તૈયાર કરવામાં આવ્યાં. મદ્રાસ પાસે કલપક્કમ ખાતે પ્રત્યેક ૨૩૫ મેગાવૉટનાં એમ બે એકમો ૧૯૮૩ અને ૧૯૮૫માં કામ કરતાં થયાં. અહીં પરમાણુ-ઊર્જા વિભાગ તરફથી ન્યૂક્લિઅર વિખંડન રિઍક્ટર અને દ્રવ્ય-વિજ્ઞાનના સંશોધનાર્થે ઇન્દિરા ગાંધી સેન્ટર ફૉર ઍટમિક રિસર્ચ (IGCAR) સંસ્થા આપવામાં આવી છે. લેસર-પ્રણાલી અને તેના વડે સંચાલિત ન્યૂક્લિઅર સંલયન પ્રયુક્તિઓના વિકાસ માટે ઇન્દોર ખાતે સેન્ટર ફૉર એડવાન્સ્ડ ટેક્નોલૉજિ (CAT) સંસ્થા પણ સ્થાપવામાં આવી છે. નરોરા (ઉ.પ્ર.) ખાતે પ્રત્યેક ૨૩૫ મેગાવૉટનાં એમ બે એકમો ૧૯૮૭ અને ૧૯૮૮માં તૈયાર કરવામાં આવ્યાં. તે જ રીતે કાકરાપાર (ગુજરાત) ખાતે પ્રત્યેક ૨૩૫ મેગાવૉટનાં એમ બે એકમો ૧૯૯૦ અને ૧૯૯૧માં તૈયાર કર્યાં.

આ ઉપરાંત મદ્રાસ, નરોરા અને કાકરાપાર પરમાણુ-ઊર્જા યોજનાના ઉપક્રમે દરેક સ્થળે વધુ ૫૦૦ મેગાવૉટ વિદ્યુત પેદા કરવાની યોજના છે જ - રાજસ્થાન પરમાણુ ઊર્જા યોજનાનું વિસ્તરણ કરીને કુલ ૩૨૧૦ મેગાવૉટ વિદ્યુતનું ઉત્પાદન અંદાજવામાં આવ્યું છે. કૈગા ખાતે ૨૭૪૦ મેગાવૉટનું પાવર-મથક સૂચિત કરવામાં આવ્યું છે.

સૌર-ઊર્જા, પવન-ઊર્જા અને ભરતીમાંથી મળતી ઊર્જાનું વિદ્યુતમાં પરિવર્તન કરવા માટે ભારતે આઝાદી પછી નોંધપાત્ર પ્રગતિ કરી છે.

આઝાદીનાં છેલ્લાં ૫૦ વર્ષમાં પરમાણુ ઊર્જાક્ષેત્રે અને ઇન્સેટ શ્રેણીઓ દ્વારા અવકાશ સંશોધન અને ઉપયોગ પ્રત્યેની પ્રગતિ આંખે ઊડીને વળગે તેવી છે.

આઝાદી પહેલાં પૂર, દુકાળ, ભૂકંપ જેવી કુદરતી દુર્ઘટનાઓને કારણે પરિસ્થિતિ વધુ દારુણ હતી, આઝાદી બાદ કુદરતી આપત્તિઓનો 'કંઈક અંશે' સામનો કરવા માટે સુવિધાઓ થઈ છે. ઉપગ્રહ, ઇલેક્ટ્રોનિક અને કમ્પ્યૂટર જેવાં વૈજ્ઞાનિક ઉપકરણોનું નિર્માણ થતાં કુદરતી આપત્તિઓ સામે અગમચેતીનાં પગલાં ભરી શકાય તેવી તકો છે. સુપર કમ્પ્યૂટરની સ્થાપના પછી તો હવામાનની લગભગ સચોટ જાણકારી મળી રહે છે, પણ સુપેરે 'આગાહી' કરવાની બાબતે ક્યાંક કંઈક લોચો છે. એવું તો નહીં હોય કે વહેલે-પહેલે હવામાનની આગાહી કરવાથી ખેડૂતોનો મનોવૈજ્ઞાનિક રીતે ભાંગી પડવાનો અને કીભાંડી તત્ત્વોના ચડી વાગવાનો ભય સતાવતો હોય?

આઝાદી બાદ લખનૌ, લોનાવલા અને ચિત્તરંજન ખાતે રેલવેના રસ્તા, ડબ્બા, એન્જિનોની રચના, કાર્યક્ષમતા અને ગુણવત્તાને લગતું તથા પરિવહન માટે બાંધકામ ઉપયોગી માલ-સામાન, પુલો, માર્ગ-ઇજનેરી, બંદર અને ડક્કા વગેરેનું સંશોધન ચાલે છે.

હિમાચલ સંશોધનનો ખજાનો છે. દિલ્હીની 'વાડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑન જિયોલૉજિ ઑવ હિમાલયાઝ' વિવિધ યુનિવર્સિટીઓના સહયોગથી આ વિસ્તારનાં ખનિજો, નદીઓ, હિમનદીઓ ઉપર સંશોધન કરે છે.

બૅંગલોરના રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અને એસ. ચંદ્રશેખર જેના પ્રણેતા છે તેવા પ્રવાહી સ્ફટિક ઉપર છેલ્લા ત્રણ દાયકાનું સંશોધન આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવે છે.

આઝાદી બાદ સ્વાસ્થ્ય-સુવિધાઓ ઉપલબ્ધ થતાં ભારતના નાગરિકનું સરેરાશ આયુષ્ય આશરે ૬૫ વર્ષ થયું છે. તબીબી ક્ષેત્રે લેસર, ક્ષ-કિરણો, રેડિયો સમસ્થાનિકો, ન્યૂક્લિઅર પદ્ધતિઓ તથા કમ્પ્યૂટરથી રોગોના નિદાન અને ઇલાજના માર્ગો મોકળા થયા છે. ભારતમાં રોગોનું નિદાન કમ્પ્યૂટરથી તો થાય છે અને રોબોટ વડે શસ્ત્રક્રિયાના દિવસો દૂર નથી. આઝાદી પછી ભારતે તબીબી ક્ષેત્રે સારું એવું ગજુ કાઢ્યું છે, જેથી હવે દર્દીઓની સારવાર માટે સંભવતઃ પરદેશ જવું નહીં પડે. આમ, વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં આઝાદી પછી ભારતે પ્રમાણમાં ઠીક કહી શકાય તેવી પ્રગતિ કરી છે. ◻

સ્વાતંત્ર્યોત્તર કાળમાં અંતરીક્ષ-ક્ષેત્રે ભારતની ઉપલબ્ધિઓ

ડૉ. પરંતપ પાઠક

૧૯૬૩માં કેરાળામાં માછીમારોના નાનકડા ગામ થુમ્બા ખાતેથી ઉચ્ચ વાતાવરણના અભ્યાસ માટે પહેલું રોકેટ છોડવામાં આવ્યું ત્યારે ભારતના અંતરીક્ષ કાર્યક્રમની નમ્ર શરૂઆત થઈ હતી. ભારતના અંતરીક્ષ કાર્યક્રમના પ્રણેતા (સ્વ.) ડૉ. વિક્રમ સારાભાઈની અદ્વિતીય દીર્ઘદૃષ્ટિ અને નિષ્ણાત આયોજન-પદ્ધતિના ફળસ્વરૂપે લગભગ સાડા ત્રણ દાયકા દરમિયાન આપણે અંતરીક્ષ-ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી શક્યા છીએ. આજે સમગ્ર દુનિયામાં ભારતીય અંતરીક્ષ કાર્યક્રમને એક અત્યંત સફળ અને આદર્શ અંતરીક્ષ કાર્યક્રમ ગણવામાં આવે છે. આ સફળતા પાછળનું મુખ્ય કારણ એ છે કે તેનો પ્રમુખ ઉદ્દેશ સર્વગ્રાહી વિકાસ દ્વારા સ્વાવલંબન પ્રાપ્ત કરવાનો છે. આ ઉપરાંત તેનો અભિગમ હંમેશાં ઉપયોગલક્ષી રહ્યો છે, જેથી રાષ્ટ્રના વિકાસમાં તે મદદરૂપ થાય અને દેશના છેલ્લામાં છેલ્લા જણને તેનો લાભ મળે.

ભારતના અંતરીક્ષ કાર્યક્રમ અંગે ડૉ. વિક્રમ સારાભાઈએ તેમના વિચારો નીચેના શબ્દોમાં રજૂ કર્યા હતા : 'ભારત જેવા વિકસતા દેશો માટે અંતરીક્ષ પ્રવૃત્તિની ઉપયોગિતા અંગે કેટલાકને પ્રશ્ન થતો હશે. પરંતુ, અમારા મનમાં એ અંગે કોઈ સંદિગ્ધતા નથી. આર્થિક રીતે વિકસિત દેશો સાથે સ્પર્ધામાં ઊતરીને અમારે ચંદ્ર અને ગ્રહોનું અન્વેષણ નથી કરવું તેમ જ સ-માનવ અંતરીક્ષ ઉડ્ડયનો પણ નથી કરવાં. પરંતુ, અમને શ્રદ્ધા છે કે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે જો આપણે અર્થપૂર્ણ ભૂમિકા ભજવવી હોય તો આપણા દેશની પ્રજા અને સમાજની વાસ્તવિક સમસ્યાઓ હલ કરવા માટે અદ્યતન ટેક્નોલૉજિનો ઉપયોગ કરવામાં આપણે પાછા પડવું ન જોઈએ.'

તેમના મૃત્યુ પહેલાં ડૉ. વિક્રમ સારાભાઈએ ભારતીય અંતરીક્ષ કાર્યક્રમ માટે દશ-વર્ષીય (૧૯૭૦-'૮૦) રૂપરેખા તૈયાર કરી હતી, જેમાં અંતરીક્ષ ટેક્નોલૉજિના ઉપયોગને ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. એ રૂપરેખામાં ઉપગ્રહો દ્વારા (૧) શૈક્ષણિક ટેલિવિઝન કાર્યક્રમોનું વ્યાપક પ્રસારણ (૨) ખેતી માટે ઉપયોગી બને તે રીતે હવામાન અંગેની માહિતી તથા (૩) દૂર-સંવેદન પદ્ધતિ દ્વારા દેશની ભૂ-સંપત્તિનું સર્વેક્ષણ જેવાં ઉપયોગી ક્ષેત્રો અંગેની પ્રવૃત્તિઓને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

ડૉ. વિક્રમ સારાભાઈ માનતા હતા કે આંતરરાષ્ટ્રિય સહકાર દ્વારા અંતરીક્ષ ટેક્નોલૉજિમાં વિકાસ કરીશું તો જ આપણે ઝડપથી પ્રગતિ કરી શકીશું. આપણા અંતરીક્ષ કાર્યક્રમની શરૂઆતમાં અમેરિકા, સોવિયેટ રશિયા, ફ્રાંસ વગેરે દેશો તરફથી ટેક્નિકલ મદદ મળી હતી. થુમ્બાનું રોકેટ પ્રક્ષેપન મથક આ રીતે જ સ્થાપવામાં આવ્યું હતું અને ૧૯૬૮માં તેને સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફથી આંતરરાષ્ટ્રિય સુવિધા તરીકે માન્યતા મળી હતી. ૧૯૬૭માં 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' અને તેની ટેક્નિકલ સંસ્થા 'આંતરરાષ્ટ્રિય દૂર-સંદેશા વ્યવહાર સંઘ'ની મદદ દ્વારા અમદાવાદની પશ્ચિમે જોધપુર ટેકરા ઉપર 'પ્રાયોગિક ઉપગ્રહ સંદેશા-વ્યવહાર ભૂમિ-મથક'ની સ્થાપના કરવામાં આવી હતી. ભારતનો પહેલો ઉપગ્રહ 'આર્યભટ્ટ' સોવિયેટ રશિયાની ટેક્નિકલ મદદ દ્વારા જ ભારતમાં બનાવવામાં આવ્યો હતો અને સોવિયેટ રશિયાના રોકેટ દ્વારા અંતરીક્ષમાં પ્રક્ષેપિત કરવામાં આવ્યો હતો. અલબત્ત, ઉપગ્રહ પ્રક્ષેપક રોકેટ બનાવવાની ટેક્નોલૉજિ માટે કોઈ દેશ તરફથી મદદ મેળવવી શક્ય ન હોવાથી આપણે જાતે જ એ ટેક્નોલૉજિ શીખીને હસ્તગત કરી છે અને તેથી એ માટે લાંબો સમય લાગ્યો છે.

આપણા અંતરીક્ષ કાર્યક્રમનો ઉત્તરોત્તર વિકાસ સંક્ષિપ્તમાં સમજવા માટે તેના મુખ્ય મુદ્દાઓ દસ વર્ષના ચાર સમયગાળામાં નીચે આપ્યા છે. તદ્ઉપરાંત, તેના મહત્ત્વના સીમાસ્તંભો (Milestones) લેખને અંતે આપ્યા છે.

૧૯૬૦-૧૯૭૦

- અંતરીક્ષ કાર્યક્રમ શરૂ કરવા માટે ભારત સરકારની મંજૂરી અને વ્યવસ્થાતંત્રની સ્થાપના.
- અંતરીક્ષ ટેક્નોલૉજિના વિકાસ માટે પાયાની ટેક્નિકલ સંસ્થાઓ તથા પ્રાયોગિક સુવિધાની સ્થાપના.
- ઈજનેરો તથા વિજ્ઞાનીઓની તાલીમ.
- ઉપયોગલક્ષી યોજનાઓ તથા ટેકનોલૉજિના વિકાસ અંગેના કાર્યક્રમોને આખરી રૂપ તથા તે અંગેનું સમયપત્રક–(૧૯૭૦-'૮૦)ના સમયગાળા માટે રૂપરેખા.

૧૯૭૦-૧૯૮૦

- 'રોહિણી' શ્રેણીના સાઉન્ડિંગ રોકેટનો વિકાસ, ઉચ્ચ વાતાવરણના અભ્યાસ માટે રોકેટ-પ્રયોગો.
- ઉપગ્રહ પ્રક્ષેપક રોકેટ (SLV-3)નો વિકાસ.
- પ્રાયોગિક કક્ષાના ઉપગ્રહો - આર્યભટ, ભાસ્કર-૧ની

રચના, નિર્માણ અને પ્રક્ષેપન.

- પ્રાયોગિક કક્ષાના પહેલા સંદેશા-વ્યવહાર ઉપગ્રહ 'એપલ'ની રચના.
- ઉપયોગલક્ષી કાર્યક્રમોમાં ભારતના ગ્રામપ્રદેશો માટે ઉપગ્રહ દ્વારા શૈક્ષણિક ટેલિવિઝન પ્રસારણની યોજના 'સાઈટ' તથા ઉપગ્રહ દ્વારા સંદેશા-વ્યવહાર અંગેના પ્રયોગ 'સ્ટેપ'નું સફળ સંચાલન.
- દૂર-સંવેદન ક્ષેત્રે વૈમાનિક ભૂ-સર્વેક્ષણના પ્રયોગો, અમેરિકાના 'લૅન્ડસેટ' ઉપગ્રહ તથા ભારતના ભાસ્કર-૧ ઉપગ્રહની મદદથી ભૂ-સંપત્તિનો અભ્યાસ.

૧૯૮૦-૧૯૯૦

- ૧૯૮૦ના દાયકામાં મેળવેલા અનુભવને આધારે આપણો અંતરીક્ષ કાર્યક્રમ આ સમય દરમિયાન પ્રાયોગિક કક્ષામાંથી કાર્યાન્વિત સ્તરે પહોંચ્યો હતો. એ વખતે સંકુલ પ્રકારના બહુઉદ્દેશીય ઉપગ્રહની રચના તથા નિર્માણ અંગેનો અનુભવ આપણી પાસે હતો નહીં એટલે ઈનસેટ-૧ શ્રેણીના ચાર ઉપગ્રહો ઇન્સેટ-૧ એ, બી, સી, ડી પરદેશની ખાનગી કંપની પાસે તૈયાર કરાવીને દેશને તેની સેવા ઉપલબ્ધ કરાઈ હતી. દેશમાં જ બનાવેલો 'ભારતીય દૂર-સંવેદન ઉપગ્રહ-૧ એ' (IRS-1A)) અત્યંત સફળ થયો હતો, એટલે એ ઉપગ્રહને પણ કાર્યાન્વિત કક્ષામાં મૂકવામાં આવ્યો હતો.
- પ્રક્ષેપક રોકેટ SLV-3નાં ઉડ્ડયનો ચાલુ રાખવામાં આવ્યાં હતાં, તથા વધુ ક્ષમતા ધરાવતા સંવર્ધિત પ્રકારનાં ASLV રોકેટનાં પ્રાયોગિક ઉડ્ડયનો કરવામાં આવ્યાં હતાં. SLV-3 રોકેટની મદદથી ઓછા વજનના ઉપગ્રહોનું પ્રક્ષેપન કરવામાં આવ્યું હતું.

૧૯૯૦થી આગળ

- બીજી પેઢીના ઈનસેટ-૨ શ્રેણીના ચાર બહુઉદ્દેશીય ઉપગ્રહો ભારતમાં જ બનાવવામાં આવ્યા હતા અને અન્ય દેશના રોકેટ વડે પ્રક્ષેપિત કરવામાં આવ્યા હતા. આ બધા ઉપગ્રહો અત્યંત સફળ સાબિત થયા છે.
- દૂર-સંવેદન ક્ષેત્રે IRS-1 શ્રેણીના બીજા બે ઉપગ્રહો દેશમાં તૈયાર કરવામાં આવ્યા હતા અને અન્ય દેશના રોકેટ દ્વારા કક્ષામાં પ્રક્ષેપિત થયા હતા. આ બંને ઉપગ્રહો સફળતાપૂર્વક કાર્ય કરે છે.
- ભારતના દૂર-સંવેદન ઉપગ્રહને ૯૦૦ કિ.મી. ઊંચાઈએ ધ્રુવીય કક્ષામાં પ્રક્ષેપિત કરી શકે એ પ્રકારની ક્ષમતા ધરાવતા 'ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપક વાહન' (PSLV)નું વિકાસકાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું અને તેની મદદથી બે ઉપગ્રહો સફળતાપૂર્વક કક્ષામાં પ્રક્ષેપિત કરવામાં આવ્યા હતા.
- આપણા સંદેશા-વ્યવહાર ઉપગ્રહને ભૂ-સમક્રમિક ટ્રાંસફર કક્ષામાં પ્રક્ષેપિત કરવા માટે 'ભૂ-સમક્રમિક ઉપગ્રહ પ્રક્ષેપક વાહન' (GSLV) અત્યારે વિકાસના અગ્રિમ તબક્કામાં છે અને તેનું પ્રાયોગિક પરીક્ષણ ઉડ્ડયન આવતા વર્ષે (૧૯૯૮) કરવામાં આવશે. આ રૉકેટ માટે નિમ્નતાપી (cryogenic) એન્જિન અંગેની જરૂરી ટેકનોલૉજિ રશિયા તરફથી મળવાની હતી. પરંતુ, અમેરિકાના રાજકીય દબાણને વશ થઈને હવે રશિયા એ ટેક્નોલૉજિને બદલે તૈયાર એન્જિન જ આપશે. આ બદલાયેલા સંજોગોમાં આપણા ઇજનેરોએ આ જટિલ અને મુશ્કેલ ટેક્નોલૉજિ જાતે જ વિકસાવવાનો પડકાર ઝીલી લીધો છે અને એ દિશામાં કાર્ય શરૂ કરી દીધું છે. આ પ્રયાસ જો સફળ થશે તો ભવિષ્યમાં આપણા સંદેશા-વ્યવહાર ઉપગ્રહો આપણે જાતે જ પ્રક્ષેપિત કરી શકીશું અને અન્ય દેશો ઉપર આધાર નહીં રાખવો પડે. આમ, ઈ.સ. ૨૦૦૦ સુધીમાં અંતરીક્ષ ક્ષેત્રે આપણે સંપૂર્ણતઃ સ્વાવલંબી બની શકીશું તથા અન્ય દેશોના ઉપગ્રહોને પ્રક્ષેપિત કરીને અંતરીક્ષના વૈશ્વિક બજારમાં પણ પ્રવેશ કરી શકીશું.

ભવિષ્યના કાર્યક્રમો

૧. ઉપગ્રહ પ્રક્ષેપક રૉકેટ : દૂર-સંવેદન ઉપગ્રહને ધ્રુવીય કક્ષામાં પ્રક્ષેપિત કરવાની ક્ષમતા ધરાવતા પી.એસ.એલ.વી.નાં પ્રક્ષેપન ઉડ્ડયનો ચાલુ રાખવામાં આવશે તથા તેની રચનાને ટેક્નિકલ દૃષ્ટિબિંદુથી પ્રમાણિત કરીને તેનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, અન્ય દેશોના ઉપગ્રહોને પ્રક્ષેપિત કરવા માટે વ્યાપારી ધોરણે તેનો ઉપયોગ શરૂ કરવામાં આવશે.

જી.એસ.એલ.વી. રૉકેટનું પહેલું પરીક્ષણ ઉડ્ડયન ૧૯૯૮માં થઈ શકશે એવી ધારણા છે. એ પરીક્ષણના પરિણામ ઉપર આગળની કાર્યવાહી આધાર રાખે છે.

ઉપગ્રહો

ઈનસેટ-૨ શ્રેણીનો ચોથો ઉપગ્રહ ઈનસેટ-૨ ડી ૪ જૂન ૧૯૯૭ના રોજ પ્રક્ષેપિત થયો હતો અને ટૂંક સમયમાં અન્ય ચાર કાર્યરત ઉપગ્રહો (ઈનસેટ-૧ ડી, ઈનસેટ-૨ એ, બી, સી) સાથે તેને સામેલ કરવામાં આવશે. આ પાંચ ઉપગ્રહોના કુલ ટ્રાંસપોન્ડર(સંદેશા-વ્યવહાર તથા ટેલિવિઝન પ્રસારણ માટે ઉપયોગમાં લેવાતું ઉપગ્રહસ્થિત મુખ્ય ઉપકરણ)ની સંખ્યા ૧૦૦ જેટલી છે. દેશના આંતરિક ઉપયોગ માટે આટલી મોટી સંખ્યામાં

ટ્રાંસપોન્ડર્સ હોવાથી હવે પછી ૧૯૯૮માં પ્રક્ષેપિત થનારા **ઇનસેટ-૨ ઈ** ઉપગ્રહના કુલ ૧૭ ટ્રાંસપોન્ડર્સમાંના ૧૧ ટ્રાંસપોન્ડર્સ**'આંતરરાષ્ટ્રિય ઉપગ્રહ દૂર-સંદેશાવ્યવહાર સંગઠન'** (ઇન્ટેલસેટ)ને ભાડે આપવામાં આવશે. આ માટે **ઇનસેટ-૨ ઇ** ના એન્ટીના મધ્ય એશિયા, ચીન અને દક્ષિણમાં ઓસ્ટ્રેલિયા સહિતના વિશાળ વિસ્તારને આવરી લઈ શકે તેવી રીતે બનાવવામાં આવશે. આ સેવા માટે ઇન્ટેલસેટ સંસ્થા ભાડા પેટે દશ વર્ષમાં કુલ ૧૦ કરોડ અમેરિકન ડૉલર ભારત સરકારને ચૂકવશે.

ઇનસેટ-૨ ઈ ઉપગ્રહમાં હવામાનની આગાહીમાં વિશેષ રીતે ઉપયોગી થાય તેવાં વાદળ-ચિત્રો મેળવવા માટે એક ઉપકરણ રાખવામાં આવશે તથા કૃષિક્ષેત્રમાં ઉપયોગી બને તેવી તસવીરો મેળવવા માટે વીજાણુ કૅમેરા મૂકવામાં આવશે.

ભૂ-સંપત્તિ સર્વેક્ષણ માટે હવે પછી પ્રક્ષેપિત થનારા આઈ.આર.એસ. શ્રેણીના ઉપગ્રહોમાં ભૂમિની નૈસર્ગિક સંપત્તિ ઉપરાંત સમુદ્ર, વાતાવરણ તથા આબોહવાના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે અવલોકનો લેવા માટે જરૂરી ઉપકરણો મૂકવાની યોજના છે. આ ઉપરાંત અંતરીક્ષ વિજ્ઞાનના જુદાં જુદાં ક્ષેત્રોના અભ્યાસ માટે પણ કેટલાક ઉપગ્રહો તૈયાર કરવામાં આવશે.

ભારતીય અંતરીક્ષ કાર્યક્રમના મુખ્ય સીમાસ્તંભો

૧૯૬૧ • ભારત સરકાર તરફથી બાહ્ય અંતરીક્ષ વિષેનું સંશોધન તથા તેના શાંતિમય ઉપયોગો અંગેનું કાર્ય 'અણુ-શક્તિ વિભાગ'ને સોંપવામાં આવ્યું.

૧૯૬૨ • અણુ-શક્તિ વિભાગ દ્વારા ભારતના અંતરીક્ષ કાર્યક્રમને વ્યવસ્થિત કરવા અને તે અંગે સલાહ આપવા માટે 'ભારતીય રાષ્ટ્રિય અંતરીક્ષ સંશોધન સમિતિ' (ઇન્ડિયન નેશનલ કમિટી ફૉર સ્પેસ રિસર્ચ - ઇનકોસ્પાર)ની સ્થાપના.

• 'થુમ્બા વિષુવવૃત્તીય રૉકેટ પ્રક્ષેપન મથક'ની સ્થાપના.

૧૯૬૩ • થુમ્બાના રૉકેટ પ્રક્ષેપન મથક પરથી પહેલા સાઉન્ડિંગ રૉકેટનું પ્રક્ષેપન (૨૧ નવેમ્બર, ૧૯૬૩)

૧૯૬૫ • તિરુવનંતપુરમ ખાતે 'અંતરીક્ષ વિજ્ઞાન અને ટેક્નોલૉજિ કેન્દ્ર'ની સ્થાપના (ડૉ. વિક્રમ સારાભાઈની સ્મૃતિમાં તેનું નામ **'વિક્રમ સારાભાઈ અંતરીક્ષ કેન્દ્ર'** રાખવામાં આવ્યું છે)

૧૯૬૭ • અમદાવાદમાં 'પ્રાયોગિક ઉપગ્રહ સંદેશા-વ્યવહાર ભૂમિ-મથક'ની સ્થાપના.

૧૯૬૮ • સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા થુમ્બાના રૉકેટ પ્રક્ષેપન મથકને આંતરરાષ્ટ્રિય સુવિધા તરીકે માન્યતા.

૧૯૬૯ • અણુ-શક્તિ વિભાગ નીચે 'ભારતીય અંતરીક્ષ સંશોધન સંગઠન' (ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑરગેનાઈઝેશન-**ઇસરો**)ની સ્થાપના.

૧૯૭૨ • ભારત સરકાર તરફથી **'અંતરીક્ષ આયોગ'** અને **'અંતરીક્ષ વિભાગ'**ની સ્થાપના. અંતરીક્ષ વિભાગના આશ્રય નીચે **ઇસરો** તરફથી અંતરીક્ષ કાર્યક્રમનું સંચાલન થાય છે.

૧૯૭૨-'૭૬ • વૈમાનિક દૂર-સંવેદન પ્રયોગોનું સંચાલન.

૧૯૭૫ • સ્વાયત્ત સંસ્થામાંથી સરકારી સંસ્થામાં 'ઇસરો'નું રૂપાંતર (૧ એપ્રિલ, ૧૯૭૫)

• પહેલા ભારતીય ઉપગ્રહ (આર્યભટ)નું પ્રક્ષેપન (૧૯ એપ્રિલ, ૧૯૭૫)

૧૯૭૫-'૭૬ • 'ઉપગ્રહ ટેલિવિઝન પ્રશિક્ષણ પ્રયોગ' - **'સાઈટ'**નું સફળ સંચાલન.

૧૯૭૭ • 'ઉપગ્રહ દૂર-સંદેશા વ્યવહાર પ્રાયોગિક યોજના - **'સ્ટેપ'**નું સફળ સંચાલન.

૧૯૭૯ • પ્રાયોગિક ભૂ-અવલોકન ઉપગ્રહ **'ભાસ્કર-૧'**નું કક્ષામાં પ્રક્ષેપન (૭ જૂન, ૧૯૭૯)

• એસ.એલ.વી.-૩ ઉપગ્રહ પ્રક્ષેપક રૉકેટનું પહેલું પ્રાયોગિક પ્રક્ષેપન, અંશતઃ નિષ્ફળ (૧૦ ઑગસ્ટ, ૧૯૭૯)

૧૯૮૦ • એસ.એલ.વી.-૩ના બીજા પ્રાયોગિક પ્રક્ષેપન દ્વારા **'રોહિણી'** ઉપગ્રહનું કક્ષામાં સફળ પ્રક્ષેપન (૧૮ જુલાઈ, ૧૯૮૦)

૧૯૮૧ • એસ.એલ.વી.-૩નું પહેલું વિકાસાત્મક પ્રક્ષેપન, **'આર.એસ.ડી.-૧'** ઉપગ્રહનું કક્ષામાં સફળ પ્રક્ષેપન.

• પ્રાયોગિક ભૂ-સ્થિર સંદેશા-વ્યવહાર ઉપગ્રહ **'એપલ'**નું યૂરપના એરીયાન રૉકેટ દ્વારા સફળ પ્રક્ષેપન (૧૯ જૂન, ૧૯૮૧)

• બીજા પ્રાયોગિક ભૂ-અવલોકન ઉપગ્રહ **'ભાસ્કર-૨'**નું રશિયન રૉકેટ દ્વારા સફળ પ્રક્ષેપન (૨૦ નવેમ્બર, ૧૯૮૧)

૧૯૮૨ • **'ઇનસેટ-૧ એ'** ઉપગ્રહનું પ્રક્ષેપન (૧૦ એપ્રિલ, ૧૯૮૨). ૬ સપ્ટેમ્બર, ૧૯૮૨થી ઉપગ્રહનું કાર્ય સ્થગિત.

૧૯૮૩ ● એસ.એલ.વી.-૩ના બીજા વિકાસાત્મક પ્રક્ષેપન દ્વારા **'આર.એસ.ડી.-૨'** ઉપગ્રહનું કક્ષામાં સફળ પ્રક્ષેપન (૧૭ એપ્રિલ, ૧૯૮૩)

● **'ઈનસેટ-૧ બી'** ઉપગ્રહનું પ્રક્ષેપન (૩૦ ઓગસ્ટ, ૧૯૮૩)

૧૯૮૪ ● ભારત-રૂસી સંયુક્ત સ-માનવ અંતરીક્ષ ઉડ્ડયન (એપ્રિલ ૧૯૮૪)

૧૯૮૭ ● એ.એસ.એલ.વી. પ્રક્ષેપક રૉકેટનું પ્રથમ વિકાસાત્મક પ્રક્ષેપન નિષ્ફળ (૨૪ માર્ચ, ૧૯૮૭)

૧૯૮૮ ● કાર્યાન્વિત કક્ષાના પ્રથમ દૂર-સંવેદન ઉપગ્રહ **'આઈ.આર.એસ.-૧ એ'**નું પ્રક્ષેપન (૧૭ માર્ચ, ૧૯૮૮)

● **'ઈનસેટ-૧ સી'** ઉપગ્રહનું પ્રક્ષેપન (૨૧ જુલાઈ, ૧૯૮૮) નવેમ્બર ૧૯૮૯માં કાર્ય સ્થગિત.

● એ.એસ.એલ.વી. પ્રક્ષેપક રૉકેટનું બીજું વિકાસાત્મક પ્રક્ષેપન નિષ્ફળ (૧૩ જુલાઈ, ૧૯૮૮)

૧૯૯૦ ● **'ઈનસેટ-૧ ડી'** ઉપગ્રહનું પ્રક્ષેપન (૧૦ જૂન, ૧૯૯૦)

૧૯૯૧ ● કાર્યાન્વિત કક્ષાના બીજા દૂર-સંવેદન ઉપગ્રહ **'આઈ.આર.એસ.-૧ બી'**નું પ્રક્ષેપન (૨૯ ઑગસ્ટ, ૧૯૯૧)

૧૯૯૨ ● એ.એસ.એલ.વી. પ્રક્ષેપક રૉકેટનું ત્રીજું વિકાસાત્મક પ્રક્ષેપન (૨૦ મે, ૧૯૯૨) **'સ્રોસ-સી'** ઉપગ્રહનું કક્ષામાં સફળ પ્રક્ષેપન.

● બીજી પેઢીના ભારતમાં બનાવેલા ઈનસેટ-૨ શ્રેણીના પહેલા ઉપગ્રહ **'ઈનસેટ-૨ એ'**નું પ્રક્ષેપન (૧૦ જુલાઈ, ૧૯૯૨)

૧૯૯૩ ● ઈનસેટ-૨ શ્રેણીના બીજા ઉપગ્રહ **'ઈનસેટ-૨ બી'**નું પ્રક્ષેપન (૨૩ જુલાઈ, ૧૯૯૩)

● પી.એસ.એલ.વી. પ્રક્ષેપક રોકેટનું પ્રથમ વિકાસાત્મક પ્રક્ષેપન - નિષ્ફળ (૨૦ સપ્ટેમ્બર, ૧૯૯૩)

૧૯૯૪ ● એ.એસ.એલ.વી. પ્રક્ષેપક રૉકેટનું ચોથું વિકાસાત્મક પ્રક્ષેપન. **'સ્રોસ-સી ૨'** ઉપગ્રહનું કક્ષામાં સફળ પ્રક્ષેપન (૪ મે, ૧૯૯૪)

● પી.એસ.એલ.વી. પ્રક્ષેપક રૉકેટનું બીજું વિકાસાત્મક પ્રક્ષેપન **'આઈ.આર.એસ.-પી-૨'** ઉપગ્રહનું કક્ષામાં સફળ પ્રક્ષેપન (૧૫ ઑક્ટોબર, ૧૯૯૪)

૧૯૯૫ ● ઈનસેટ-૨ શ્રેણીના ત્રીજા ઉપગ્રહ **'ઈનસેટ-૨ સી'**નું પ્રક્ષેપન (૭ ડિસેમ્બર, ૧૯૯૫)

● કાર્યાન્વિત કક્ષાના ત્રીજા દૂર-સંવેદન ઉપગ્રહ **'આઈ.આર.એસ.-૧ સી'**નું પ્રક્ષેપન (૨૮ ડિસેમ્બર, ૧૯૯૫)


૧૯૯૬ ● પી.એસ.એલ.વી. પ્રક્ષેપક રૉકેટનું ત્રીજું વિકાસાત્મક પ્રક્ષેપન **'આઈ.આર.એસ.-પી.-૩'** ઉપગ્રહનું કક્ષામાં સફળ પ્રક્ષેપન (૨૧ માર્ચ, ૧૯૯૬)

૧૯૯૭ ● ઈનસેટ-૨ શ્રેણીના ચોથા ઉપગ્રહ **'ઈનસેટ-૨ ડી'**નું પ્રક્ષેપન (૪ જૂન, ૧૯૯૭)


અનુસંધાન] સ્વરાજની અર્ધશતાબ્દીએ ભારતીય નાગરિકત્વ[૪૭૬થી

લોકનું વિકાસાત્મક સંગઠન સિદ્ધ કરનારું નેતૃત્વ પૂરા અને ખરા દિલથી હજી કામે લાગ્યું નથી. જેમના હાથમાં જે આવ્યું તે લઈને બેસી જનારાઓ આજે દેશને મોખરે છે. જે લાખો અને કરોડોમાં મસમોટી શક્તિ ભંડારાયેલી છે તેને પ્રગટાવવાની વ્યવસ્થિત કોશિષ હજી લગી થઈ નથી. છતાં જેટલું થયું છે તેટલાથી પણ ભારતની સિકલ બદલાઈ તો ગઈ જ છે.

આ સંદર્ભમાં જે નાગરિકત્વ પ્રગટી રહ્યું છે તેમાં અનેક સ્તરો છે. ટોચ પર જે અતિશ્રીમંતો બિરાજે છે તેમનો દેશના રાજકારણ સાથે જેટલો સંબંધ છે તેટલો પ્રજાકારણ સાથે નથી. જેઓ તે પછીના સ્તરે બિરાજમાન છે તેઓ તો એક વ્યાપક સત્તા બની રહ્યા છે. પછી જે મધ્યમ વર્ગ આવે છે તે સ્વયં ઘણો સક્રિય છે, પણ તેણે તેનું મોઢું ઉપલા બે વર્ગ તરફ ફેરવ્યું છે તેટલું, નીચલા વર્ગ તરફ ફેરવ્યું નથી. જો ફેરવે તો લાખ્ખો અને કરોડોનો મનખો ફેરવાઈ જાય. પણ તેમને જેવા છે તેવા રાખીને જ બધા વ્યવહારો ગોઠવાતા હોવાથી પ્રચંડ પરિવર્તનની શક્યતા ધરાવતો ઉપખંડ ધીમા ડગલાં ભરી રહ્યો છે. પણ વિકસતું સ્વરાજ્ય, વિકસતું વિજ્ઞાન અને વિકસતું લોકજીવન નવાં પરિમાણોની જે પ્રતીતિ કરાવે છે તે દેશની મોટી આશા છે.



ઇનસેટ-૨-એ, ૨-બી



ઇનસેટ-૨-સી, ૨-ડી

ઇનસેટ ઉપગ્રહ તંત્રના ઉપયોગો

ભૂ-સ્થિર કક્ષામાં ૩૬,૦૦૦ કિ.મી. ઊંચાઈ પર 'સ્થિર' રહેતા ઇનસેટ તંત્રના મુખ્ય ત્રણ ઉપયોગો છે :

(૧) દેશના દૂરસંદેશા-વ્યવહાર તંત્રમાં પૂરક સેવા, (૨) રાષ્ટ્રવ્યાપી ટેલિવિઝન/રેડિયો પ્રસારણ અને (૩) હવામાન અંગે વાદળ-ચિત્ર દ્વારા માહિતી. આ ત્રણ ઉપયોગો વિષે વિગતવાર માહિતી નીચે આપી છે :

દૂરસંદેશા-વ્યવહાર


- દૂરનાં સ્થળો વચ્ચે ટેલિફોન, ટેલેક્સ, ફેક્સ વગેરે માટે પૂરક સેવા. • વાહનવ્યવહાર-ક્ષેત્ર માટે દ્વિમાર્ગી ચલિત (Mobile) સંદેશા-વ્યવહાર સેવા. • દૂરનાં ક્ષેત્રો માટે કામચલાઉ/સંકટકાલીન સંદેશા-વ્યવહાર સેવા. • વ્યાપારી ક્ષેત્ર, બૅન્ક વગેરે માટે ધ્વનિ, આંકડા તથા કમ્પ્યૂટર જોડાણ દ્વારા સંદેશા-વ્યવહાર.

ટેલિવિઝન/રેડિયો પ્રસારણ

- દૂરદર્શનની રાષ્ટ્રિય તથા પ્રાદેશિક ચૅનલોનું રાષ્ટ્રવ્યાપી પ્રસારણ તથા



ઇનસેટ ઉપગ્રહ દ્વારા મળતું પૃથ્વીના લગભગ ૧/૩ જેટલા વિશાળ વિસ્તાર પરનું વાદળ-ચિત્ર (Full Disk Picture). દૂરદર્શનના સમાચાર દરમિયાન આવા ચિત્રનો ભારત ઉપરનો મર્યાદિત ભાગ જ બતાવવામાં આવે છે. (નોંધ : આવા ચિત્રમાં કમ્પ્યૂટરની મદદથી અક્ષાંસ, રેખાંશ તથા અન્ય માહિતી ઉમેરવામાં આવે છે.)



આઈ.આર.એસ. - ૧-સી ઉપગ્રહ

આંતરક્રિયાત્મક (Interactive) કાર્યક્રમો. • શૈક્ષણિક કાર્યક્રમોનું રાષ્ટ્રવ્યાપી પ્રસારણ • રેડિયો-પ્રસારણ તથા રેડિયોકેન્દ્રના જોડાણ દ્વારા આંતરક્રિયાત્મક કાર્યક્રમો.

હવામાન


- રાત-દિવસ દર અડધા કલાકે ભારત તથા આજુબાજુના સમગ્ર ભૂમિપ્રદેશ અને વિશાળ સમુદ્રવિસ્તાર પરનાં વાદળ-ચિત્રો, જેનો અમુક ભાગ દૂરદર્શનના સમાચાર દરમિયાન બતાવવામાં આવે છે.
- ભૂમિ/સમુદ્ર સ્થિત અવલોકન મથકોના હવામાન, સમુદ્રશાસ્ત્રીય આંકડાનું ઉપગ્રહ દ્વારા પુનઃપ્રસારણ.
- દેશના પૂર્વ અને પશ્ચિમ કિનારે વાવાઝોડા અંગે સમયસર ચેતવણી આપવા માટે ખાસ તંત્ર (Disaster Warning System)

ભૂ-સંપત્તિ સર્વેક્ષણમાં આઈ.આર.એસ. ઉપગ્રહોના વિવિધ ઉપયોગો

કૃષિ
- વિશાળ વિસ્તારમાં જ્યાં એક કે બે પાકનાં જ વાવેતર થતાં હોય તેવા વિસ્તારો માટે એકર દીઠ વાવેતર તથા પાકના ઉતાર અંગે અંદાજ.
- કૃષિ ઉપર અનાવૃષ્ટિની અસર અંગે અંદાજ.

વન
- દેશના વન-વિસ્તારનું દર બે વર્ષે સર્વેક્ષણ.
- વનીકરણ, વૃક્ષ-છેદન, જંગલ ઉપર થતા દબાણ (Encroachment) વિષે માહિતી.

જમીન
- કૃષિ અને આબોહવાની દૃષ્ટિએ જમીનનું વર્ગીકરણ (Agro-climatic Classification).
- જમીનના ઉપયોગ અંગેના નકશા.
- ખરાબાની જમીનનું સર્વેક્ષણ (Wasteland Survey)



આઈ.આર.એસ. -૧-એ, બી ઉપગ્રહ

જળ
- જળાશયોમાં પાણીના જથ્થાનું સર્વેક્ષણ.
- બરફ-આચ્છાદનના સર્વેક્ષણ દ્વારા જળાશયોમાં પાણીની આવક અંગે આગાહી. (દા.ત. ભાખરા જળ-વિદ્યુત મથક)
- ભૂ-ગર્ભીય જળભંડાર વિષે માહિતી, કૂવા ખોદવા માટે સ્થળની પસંદગી.
- પૂરથી થતા નુકસાન વિષે અંદાજ.

ભૂ-સ્તરશાસ્ત્ર • સર્વેક્ષણ દ્વારા ખનીજ ઉત્ખનન માટે સ્થળની પસંદગી.

અન્ય ઉપયોગો : સાગરકિનારાના પરિસર અંગે માહિતી, શહેરી-આયોજન, ઉદ્યોગો દ્વારા જમીન ઉપર થતી અસરો.

નોંધ : આઈ.આર.એસ.-૧ સીની તસવીરોનો ઉપયોગ ભારત ઉપરાંત અમેરિકા અને યૂરોપના દેશો પણ કરે છે. આ તસવીરોની ઉચ્ચ ગુણવત્તાને કારણે આઈ.આર.એસ.-૧ સી ઉપગ્રહને Jewel in the Crown કહેવામાં આવે છે.

—— સ્વાતંત્ર્યોત્તર રાજકારણનાં પલટાતાં પોત ——

પ્રો. દેવવ્રત પાઠક

માનવ ઇતિહાસમાં પચાસ વર્ષનો ગાળો બહુ લાંબો તો ન જ ગણાય; પરંતુ આજના ઝડપી પરિવર્તનના યુગમાં પચાસ વર્ષ દરમિયાન સારી એવી પ્રગતિ સાધી શકાય છે. સાચે જ છેલ્લાં પચાસ વર્ષમાં ભારતે જેટલો વિકાસ સાધ્યો છે તેટલો આ પહેલાંના કોઈ સમયગાળામાં સાધ્યો નથી.

સૌપ્રથમ તો અન્ય દેશોની સરખામણીમાં ભારત એક નવતર પ્રયોગ છે. પશ્ચિમના વિકસિત દેશોનો ઇતિહાસ જોઈએ તો તે દેશોને વિકાસ માટે લાંબો એવો સમયગાળો મળ્યો હતો અને તેમનો વિકાસદર પણ એટલો પ્રભાવક ન હતો. તે સાથે તેમને બે દૃષ્ટિએ અનુકૂળતા સાંપડી હતી. એક, ત્રીજી દુનિયાના નામે ઓળખાતા દક્ષિણ અમેરિકા, આફ્રિકા અને એશિયાના ઘણા દેશો તેમના આધિપત્ય નીચે હતા. આ દેશોમાંથી તેઓ કાચો માલ સહેલાઈથી અને નીચા ભાવે મેળવી શકતા. ઉપરાંત તે બધા દેશોનાં બજાર પણ તેમને હસ્તક હતાં. વધુમાં તેમની વધતી જતી વસતિમાંથી થોડાં લોકોને તેઓ પરદેશની વસાહતોમાં પણ મોકલી શકતા.

આમાંની કોઈ 'અનુકૂળતા' આપણા માટે સુલભ નથી. આપણે મોડા પડ્યા છીએ અને તેથી જ થોડા વખતમાં લાંબો પંથ કાપવાની મહેચ્છા આપણે સેવતા રહ્યા છીએ.

બીજી એક દૃષ્ટિએ પણ આપણી પરિસ્થિતિ જુદી પડે છે. પશ્ચિમના વિકસિત દેશોએ આર્થિક વિકાસ સાધ્યો પછી રાજકીય લોકશાહી હાંસલ કરી અને ઉત્તરોત્તર એ રીતે આગળ વધતા રહ્યા. આપણે રાજકીય સ્વાતંત્ર્યની સાથે લોકશાહી રાહ અપનાવ્યો અને તે દ્વારા આર્થિક વિકાસ સાધવાનો પુરુષાર્થ આરંભ્યો. લોકશાહી રાજ્યપદ્ધતિની સહાયથી આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક તથા બીજાં વિવિધ ક્ષેત્રોમાં વિકાસ સાધવાનો આ એક વિશાળ અને અદ્વિતીય પ્રયોગ હતો.

છેલ્લાં પચાસ વર્ષમાં આપણે મેળવેલી સિદ્ધિઓમાં સૌપ્રથમ આપણી લોકશાહી રાજ્યપદ્ધતિ છે. ૧૯૪૫ પછી સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરેલા ઘણા દેશોમાં લોકશાહી રાજ્યબંધારણ સ્થાપી શકાયું નથી અગર સ્થપાયા પછી લાંબું ટક્યું નથી. સ્વાતંત્ર્યપ્રાપ્તિના સમયે દેશના ભાગલા પડ્યા અને વિસ્થાપિતોને પારાવાર યાતનાઓમાંથી પસાર થવું પડ્યું. આમ છતાં આપણી બંધારણ-સભાએ ટૂંક સમયમાં લોકશાહી રાજ્યબંધારણ ઘડ્યું અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે દેશને અર્પણ કર્યું. આ બંધારણમાં ઇંગ્લૅન્ડ, અમેરિકા, સ્વિટ્ઝરલૅન્ડ વગેરે દેશોના બંધારણમાંથી સારાં તત્ત્વોનો સ્વીકાર કરવામાં આવ્યો. આ બંધારણ દ્વારા દેશે પુખ્તવયમતાધિકાર સ્વીકાર્યો અને ૧૯૫૨થી માંડીને ૧૯૯૬ સુધીનાં વર્ષોમાં સમસ્ત દેશની અગિયાર જેટલી સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવી. આજે દેશમાં ૫૦ કરોડ જેટલા મતદારો છે. આટલી વિશાળ લોકશાહી દુનિયાના ઇતિહાસમાં ક્યાંય જોવી મળતી નથી! આ ચૂંટણીઓ માત્ર ત્રણ દિવસોમાં થોડા અપવાદો બાદ કરતાં શાન્તિથી આટોપી લેવામાં આવે છે. વળી, આ ચૂંટણીઓ દ્વારા સરકારો બદલાઈ છે, પક્ષો સત્તા પર આવ્યા છે, અગર તેમણે સત્તા ખોઈ છે. ભારતના અભણ મતદારોએ પણ એકંદરે શાણપણ, સમજણ અને હૈયાઉકલતથી ઊલટભેર અને વ્યાપક રીતે તેમાં ભાગ લીધો છે.

લોકશાહી રાજકારણ સંખ્યાનું, મતોનું રાજકારણ હોઈ તેની દ્વારા સામાજિક પરિવર્તન થવા પામ્યું છે. ઉદાહરણ તરીકે દક્ષિણ ભારતમાં અલ્પસંખ્યક બ્રાહ્મણો લાંબા સમય સુધી સત્તા ઉપર રહેલા તેમની સામેનો બહુસંખ્યક લોકોનો વિરોધ ચૂંટણીઓ દ્વારા વ્યક્ત થયો અને બ્રાહ્મણેતર જાતિઓ સત્તાસ્થાને આવી શકી. દ્રવિડ મુનેત્ર કડગમ (DMK), તેલુગુદેશમ્, કર્ણાટકમાં વોક્કાલિંગા - લિંગાયતો તથા મહારાષ્ટ્રમાં મરાઠાઓ આજે સત્તા






ઉપર છે તે લોકશાહી રાજકારણના પ્રતાપે. ગુજરાતમાં શરૂઆતમાં આપણા મુખ્યમંત્રીઓ વાણિયા-બ્રાહ્મણ હતા. ત્યારબાદ પટેલ અને ક્ષત્રિય આવ્યા અને અમરસિંહ જેવા આદિવાસી પણ આવ્યા. ઉત્તરપ્રદેશમાં આજે માયાવતી દલિતોનાં પ્રતિનિધિ તરીકે પંતપ્રધાનપદે છે તે જ પ્રમાણે બિહાર તથા ઉત્તરપ્રદેશમાં વચગાળાની જ્ઞાતિઓ આગળ આવી છે.

આપણા બંધારણે નાગરિકને મૂળભૂત અધિકારો બક્ષીને નાગરિક-સ્વાતંત્ર્યનો પાયો નાખ્યો છે તેની સાથે આપણા અખબારોએ મુક્ત રહીને તેમના લેખન-સ્વાતંત્ર્યનો છૂટથી ઉપયોગ કર્યો છે અને તેની સાથે આપણી અદાલતોએ પણ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. આ સર્વ લોકશાહી રાજ્યપદ્ધતિના મૂળ સ્થંભો છે અને એકંદરે તે સૌ ટકી રહ્યા છે તે દેશની મોટી સિદ્ધિ ગણાવી શકાય.

વડાપ્રધાનોની સ્મૃતિમાં બહાર પાડેલી ટપાલ ટિકિટો



એક વિશાળકાય દેશ તરીકે આપણે સમવાયતંત્ર અપનાવ્યું છે, જેમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની વહેંચણી કરવામાં આવી છે. કેન્દ્ર-રાજ્યો વચ્ચેના સંબંધોએ અનેક તડકી-છાંયડીઓ જોઈ છે અને તેને અંગે અસંતોષ રહેવા પામ્યો છે. કેન્દ્રની વધારે પડતી દરમિયાનગીરી રાજ્યો બરદાસ કરતાં નથી તે હકીકત છે. રાજ્યપાલો અને તેમની કામગીરી વિશે પણ મતભેદ રહેવા પામ્યા છે. આમ છતાં સમવાય ટક્યું છે અને વિવિધ કટોકટીમાંથી પસાર થયું છે. ૧૯૫૬ પછી ભાષાકીય ધોરણે રાજ્યોની રચના, સ્વાતંત્ર્યસંગ્રામના દિવસો દરમિયાન વ્યાપક સ્વરૂપે સ્વીકારાયેલી ભૂમિકાના આધારે, કરવામાં આવી ને તે થોડા ફેરફારો સાથે આજે અસ્તિત્વમાં છે.

કોઈ પણ રાષ્ટ્રનું અસ્તિત્વ તેના ભૌગોલિક પ્રદેશો કે સાધનસંપત્તિ ઉપરાંત તેની પોતાની પિછાન કે સ્વઓળખ ઉપર અવલંબે છે. દેશના ભાગલા પછી સ્વતંત્ર રાષ્ટ્રની માનસિક અને વૈચારિક ભૂમિકા ઊભી કરવાનું કાર્ય પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુના હસ્તે થયું. તેમણે સાધેલી સર્વસંમતિ પાયાના ચાર સિદ્ધાંતો ઉપર રચવામાં આવી : રાષ્ટ્રવાદ, લોકશાહી, સમાજવાદ અને બિનસાંપ્રદાયિકતા. આ ચારેય એકમેક ઉપર આધારિત હતાં. ધર્મની ભૂમિકા ઉપર રચાયેલું પાકિસ્તાન દ્વિરાષ્ટ્રના સિદ્ધાન્ત ઉપર અવલંબિત હતું. ભારતે બિનસાંપ્રદાયિકતા સ્વીકારીને તેનો છેદ ઉડાડ્યો અને દેશની પ્રગતિ તથા વિકાસ માટેનાં દ્વારા ખોલ્યાં. આ ચાર સિદ્ધાન્તોના આધારે દેશ સુગ્રથિત અને એકસૂત્ર બન્યો. તેનાં ધ્યેય નિયત થયાં અને તેમાંથી લોકશક્તિનું નિર્માણ થયું. ભારતની વિકસતી લોકશાહી જોઈને અંગ્રેજ રાજ્યશાસ્ત્રી મોરિસ જોન્સે તેને એશિયાનું એથેન્સ કહીને બિરદાવ્યું હતું. નેહરુ દ્વારા સધાયેલી આ સર્વસંમતિના આધારે દેશનો વિકાસ કરવાનો હતો. આયોજિત વિકાસ, આયોજન કમિશનની નિમણૂક, મિશ્ર અર્થતંત્ર, સંસદીય લોકશાહી, વિવિધ રાજકીય પક્ષો, મુક્ત ચૂંટણીઓ, વ્યક્તિસ્વાતંત્ર્ય - આ બધા એકમેકની સાથે સંકલન સાધી દેશની કાયાપલટ કરે અને તેમાં રાજ્ય નિર્ણાયક બળ તરીકે ભાગ ભજવે તેવી નીતિ અપનાવાઈ. થોડા સમયમાં લોકશાહી નીતિરીતિ દ્વારા દેશ વિકાસ સાધે તે તેનું મુખ્ય ધ્યેય રહ્યું. આ ધ્યેયને પુરસ્કૃત કરે તેવી વિદેશનીતિ પણ નેહરુ દ્વારા ઘડાઈ. બિનજોડાણ સ્વતંત્ર રાષ્ટ્રનો અવાજ હતું તે સાથે રાષ્ટ્રિય વિકાસ માટે અનુકૂળ ભૂમિકા ઊભી કરવા માટે ઉપકારક હતું. આ વિદેશનીતિના આધારે એશિયા-આફ્રિકાના નવોદિત રાષ્ટ્રોનું એક મોટું જૂથ અસ્તિત્વમાં આવ્યું, જે અમેરિકા અને રશિયા વચ્ચેના ધ્રુવીકરણમાં ત્રીજા પરિબળ તરીકે ઊપસી રહ્યું. યુગોસ્લાવિયાના ટીટો અને ઈજિપ્તના નાસેર સાથે મળીને બિનજોડાણવાદી દેશોનું નેતૃત્વ ભારતના હસ્તક આવ્યું અને વર્ષોવર્ષ તેની પરિષદો ભરાવા લાગી. વિદેશનીતિના એક ભાગ

તરીકે ભારતે રંગદ્વેષની નીતિ સામે જેહાદ જગાવી. પરિણામે દક્ષિણ આફ્રિકાને કૉમન વેલ્થમાંથી જાકારો આપવામાં આવ્યો. દક્ષિણ આફ્રિકામાં આજે હબસી નેતા નેલ્સન મંડેલા પ્રમુખસ્થાને હોય તે ભારતની આ નીતિના ફલસ્વરૂપે ઘટાવી શકાય.

ભારતની વિદેશનીતિનો મુખ્ય સૂર શાન્તિનો રહ્યો. ત્રીજી દુનિયાના દેશો માટે તે જીવનમરણનો સવાલ હતો. આંતરરાષ્ટ્રિય રાજકારણમાં તેમ જ અર્થકારણમાં સમાનતા આણવા માટે પણ ભારતે મથામણ આદરી. પરમાણુશસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી એ તેની વિદેશનીતિનો ગુરુમંત્ર રહ્યો.

નેહરુની સૌથી મોટી સિદ્ધિ એ હતી કે તેમની પાસે ભારતની આવતી કાલનું ચિત્ર હતું, જેમાં ભારતની સુષુપ્ત શક્તિઓ, તેની સાધનસંપત્તિ, તેનું એશિયામાં તેમ જ દુનિયામાં વ્યૂહાત્મક સ્થાન વગેરેનો સમાવેશ થતો હતો. લોકશાહી રાજ્ય દ્વારા દેશની કાયાપલટ કરવાની સમગ્ર યોજના આ ભૂમિકાના આધારે ઘડાઈ. વિજ્ઞાનના ક્ષેત્રમાં છેલ્લામાં છેલ્લી શોધખોળો સાથે તાલ મિલાવવાની મહત્ત્વાકાંક્ષા પણ નેહરુએ સેવી અને પરમાણુવિજ્ઞાન તેમજ અંતરીક્ષ વિજ્ઞાનનો પાયો નખાયો. જાહેર સાહસોની શરૂઆત કરવામાં પણ આ જ દૃષ્ટિ હતી. આજે ભારત સંરક્ષણ ક્ષેત્રે થોડું સ્વાવલંબી બન્યું હોય, ઉપગ્રહો તરતા મૂકી શકતું હોય અને પ્રક્ષેપાસ્ત્રો (અગ્નિ, પૃથ્વી વગેરે) છોડી શકતું હોય તો તેનો યશ નેહરુને ફાળે જવો જોઈએ.

એકંદરે જોતાં લોકશાહી અને તેની અંગભૂત સંસ્થાઓનું સંગોપન કરી નેહરુએ આધુનિક ભારતનો પાયો નાખ્યો, ભારતના રાષ્ટ્રદેહનું નિર્માણ કર્યું અને તેના ભવિષ્યનો માર્ગ કંડારી આપ્યો. આજના ભારતના ઘડતરમાં નેહરુનું પ્રતિભાસંપન્ન પ્રદાન વીસરી શકાય તેમ નથી.

પરંતુ આજે આઝાદીનાં પચાસ વર્ષના સંદર્ભમાં નેહરુકાળની સમીક્ષા કરતાં તેમની નીતિ અને અભિગમની મર્યાદાઓ પણ ઊપસી આવે છે. કાશ્મીરના પ્રશ્નને અન્ય રાજ્યોની માફક સરદાર પટેલને સોંપવાને બદલે તેમણે તે પોતાના હસ્તક રાખ્યો અને આપણે ફરિયાદી હોવા છતાં યુનોને સોંપવાની ગંભીર ભૂલ કરી. યુનોમાં બેસતી મહાસત્તાઓએ આ પ્રશ્નને ચકડોળે ચડાવ્યો, ભારત-પાકિસ્તાનને સમકક્ષ અને સમતોલ કરવાની નીતિ અપનાવી અને કાશ્મીરને સત્તાના રાજકારણનું પ્યાદું બનાવ્યું. ચીન સાથેના વ્યવહારમાં પણ તે વધુ પડતા વિશ્વાસમાં રહ્યા. ૧૯૬૨નું ચીનનું આક્રમણ તેમને માટે મોટો આઘાત પુરવાર થયો.

અંગ્રેજ હકૂમતના સમયની નોકરશાહીમાં પરિવર્તન કરવા નેહરુ પહેલેથી આગ્રહી હતા, પરંતુ તેમ કરવામાં તેઓ સફળ થયા નહિ. કહેવાતી 'બાબુશાહી' ચાલુ રહી. આ જ બાબુશાહી દ્વારા યોજનાબદ્ધ વિકાસ સાધવાની તેમની મુરાદ બર આવી નહિ. સમાજવાદી અભિગમના આધારે રાજ્યનો વ્યાપ અને જવાબદારીઓ વધતાં રહ્યાં. રાજ્યે ઘણાં ક્ષેત્રોમાં પ્રવેશ કર્યો પણ તેમાં કેન્દ્રસ્થાને તો જૂની ઘરેડ સાથેની નોકરશાહી જ રહી. નોકરશાહી સત્તા વધી, પરંતુ વિકાસના કાર્યો માટેની જરૂરી લોકાભિમુખતા તેમનામાં પ્રગટી નહિ. ઊલટું, ભ્રષ્ટાચારે પગપેસારો કર્યો. 'લાઈસન્સ-પરમીટ' રાજ્યનો અવતાર થયો અને સમ્યક્ વિકાસનો માર્ગ રુંધાયો. તેની કાર્યક્ષમતાના ભોગે ભારતનું રાજ્ય મસમોટા સમૂહને રોજગારી આપતું આશ્રયસ્થાન બન્યું. ભારતના અર્થકારણનો ૩૦ ટકા જેટલો હિસ્સો રાજ્ય પાસે રહ્યો.

વળી, નેહરુએ તેમની પુત્રી ઇન્દિરાને રાજકારણમાં પ્રવેશ કરાવવા કોન્ગ્રેસ પક્ષનાં પ્રમુખ તરીકે તેમની વરણી કરાવી. કોન્ગ્રેસના પ્રમુખ તરીકેનું તેમનું સૌથી જાણીતું કાર્ય તે કેરળની ચૂંટાયેલી સામ્યવાદી સરકારને ૧૯૫૯માં બરતરફ કરવાનું હતું. ભારતના સમવાયતંત્ર માટે આ બનાવ એક કાળી ટીલી બની રહ્યો. આવા બિનલોકશાહી પગલામાં નેહરુ સંમત થયા તે પણ તેમના માટે લાંછનરૂપ હતું. હવે પછીના દેશના રાજકારણના ભાવિના સંકેતો પણ તેમાં છતા થતા હતા.

આઝાદીનાં પચાસ વર્ષ દરમિયાન ભારતના સમાજમાં કેટલાક નોંધપાત્ર ફેરફારો થયા છે. સૌથી મોટી હકીકત તે વસતિવધારો. ૧૯૯૧ની વસતિગણતરી પ્રમાણે ભારતની વસિત આશરે ૮૫ કરોડની હતી જે આજે ૯૬ કરોડ પહોંચી છે. સ્વતંત્ર થયા તે સમયે આપણી વસતિ લગભગ ૩૪ કરોડ હતી. એક ગણતરી પ્રમાણે ૨૦૫૦ સુધીમાં ભારત તેની વસતિમાં ચીનને વસતિને ઓળંગી જશે. આયુષ્યમર્યાદાની દૃષ્ટિએ સ્ત્રીઓની ૫૮ વર્ષ અને પુરુષોની ૫૭ વર્ષની છે. ૧૯૫૧ની સરખામણીમાં એકંદરે આયુષ્યમર્યાદા બમણી થઈ છે. મરણના પ્રમાણમાં $\frac{૨}{૩}$ ઘટાડો નોંધાયો છે, જ્યારે પ્રજનન-શક્તિમાં $\frac{૨}{૫}$ ઘટાડો થયો છે. કુટુંબનિયોજનના કાર્યક્રમ દ્વારા આપણે ૧૩ કરોડ જન્મ અટકાવી શક્યા છીએ. સ્ત્રીઓમાં શિક્ષણની ટકાવારી ૩૯.૪૨ જણાઈ હતી તો પુરુષોની ૬૩.૮૦ ટકા હતી. ગુજરાતમાં સ્ત્રીઓના શિક્ષણની ટકાવારી ૪૮.૫૦ તથા પુરુષોની ૭૨.૫૪ ટકા હતી. કેરળમાં આ ટકાવારી સૌથી ઊંચી જણાઈ હતી. ત્યાં સ્ત્રીઓના ભણતરની ટકાવારી (૧૯૯૧માં) ૮૬.૯૩ તથા પુરુષોની ૯૪.૪૫ હતી.

બીજી એક નોંધપાત્ર અને શોચનીય હકીકત એ છે કે ૧૯૦૧ની વસતિગણતરી પ્રમાણે પુરુષ-સ્ત્રીનું પ્રમાણ દર ૧૦૦૦ પુરુષોએ ૯૭૨ સ્ત્રીઓનું હતું. જે ૧૯૯૧માં સ્ત્રીઓનું પ્રમાણ ઘટીને ૯૨૭ થયું. આઝાદીનાં પચાસ વર્ષમાં આપણા પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓની ઉન્નતિ થઈ કે અવનતિ? સાડાચારથી પાંચ કરોડ સ્ત્રીઓ ઓછી જન્મી તેને માટે જવાબદાર કોણ? અહીં એકમાત્ર અપવાદ હોય તો કેરળનો, જ્યાં ૧૦૦૦ પુરુષોના પ્રમાણમાં ૧૦૦૪ સ્ત્રીઓનું પ્રમાણ જણાયું હતું. નીચેનો કોઠો ચીનની સરખામણીમાં આપણે કેટલા ઊણા ઊતરીએ છીએ તે

સ્પષ્ટ કરે છે :

	ભારત	ચીન
બાળમરણ (૧૦,૦૦૦)	૧.૯ ટકા	૧.૧ ટકા
સ્ત્રીશિક્ષણ	૩૪ ટકા	૯૫ ટકા
માતાનું મરણ પ્રમાણ (૧,૦૦,૦૦૦)	૪૨૦	૯૫

આપણા બંધારણના માર્ગદર્શક સિદ્ધાન્તોની કલમ ૪૫ પ્રમાણે પાંચથી ચૌદ વર્ષ સુધીનાં બાળકોને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાનો પ્રબંધ કરવાનો હતો તેમાં આપણે સરિયામ નિષ્ફળ રહ્યા છીએ. દુનિયાના કુલ નિરક્ષરોમાંથી અડધોઅડધ આપણા દેશમાં છે! વળી, સ્ત્રીશિક્ષણમાં તો આથી પણ વધુ બેપરવાઈ બતાવવામાં આવી છે. અભ્યાસ અને નિરીક્ષણ દ્વારા સમજાયું છે કે સ્ત્રીઓને અપાતા શિક્ષણનું દરેક વર્ષ જન્મદરને ૧૦ ટકા ઘટાડે છે. આ પહેલાના એક અભ્યાસ પ્રમાણે જ્યારે સમાજમાં ૮૦ ટકા લોકો શિક્ષિત હોય છે ત્યારે તે સમાજમાં કુટુંબનિયોજન વિશે કંઈ કહેવાની જરૂર રહેતી જ નથી. તે આપમેળે થાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટક અને આન્ધ્રપ્રદેશમાં કુટુંબો નાનાં બનતાં જાય છે. કેરળ અને ગોવામાં બે બાળકોવાળાં કુટુંબો મોટે ભાગે જોવા મળે છે. ગાંધીજીના કહેવા પ્રમાણે જ્યારે પુરુષને ભણાવીએ છીએ ત્યારે એક વ્યક્તિ શિક્ષિત બને છે, પરંતુ જ્યારે સ્ત્રીને શિક્ષણ આપીએ છીએ ત્યારે આખું કુટુંબ શિસ્ત બને છે.

જેમ શિક્ષણમાં તેમ આરોગ્યમાં પણ આપણે જરૂરી પગલાં લેવામાં નિષ્ફળ નીવડ્યા છીએ. દેશમાં આજે દોઢ કરોડ ક્ષયના દરદીઓ છે, જે દુનિયાના આ પ્રકારના દરદીઓનો ત્રીજો ભાગ છે! દર વર્ષે ચાર લાખ દરદીઓ ક્ષયની બિમારીથી મૃત્યુ પામે છે. છેલ્લા ત્રણ દાયકામાં ક્ષયના ફેલાવામાં ૩૬૦ ટકાનો વધારો નોંધાયો છે. ક્ષય થવાનું મુખ્ય કારણ ગરીબી અને અપોષણ છે. ૬૩ ટકા જેટલાં બાળકો અપોષણથી પીડાય છે.

ગરીબ કુટુંબમાં જન્મેલાં બાળકો શાળામાં જવાને બદલે મજૂરી કરે છે. દેશમાં સાડાચાર કરોડ જેટલાં બાળકો આ અવદશામાં જણાયાં છે. આવાં બાળકોમાં છોકરીઓની સંખ્યા વિશેષ છે. દુનિયાભરનાં બાળમજૂરીના ૨૫ ટકા આપણા દેશમાં છે. બાળમજૂરી અટકાવતો ધારો (૧૯૮૬) હોવા છતાં આ પરિસ્થિતિનું મુખ્ય કારણ ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપણે સૌને માટે સુલભ બનાવી શક્યા નથી તેમાં રહેલું છે. મજૂરી કરતાં બાળકો લાંબો સમય કામ કરે છે અને તેમને પૂરતું વેતન અપાતું નથી.

આઝાદી પછી દેશે સાધેલા વિકાસનો સૌથી વધુ લાભ સંપત્તિવાન વર્ગને મળતો રહ્યો છે. તદુપરાંત દેશમાં આશરે ૧૦ કરોડની સંખ્યા ધરાવતો અને અસરકારક બનતો મધ્યમ વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે. તેમની વધતી જતી આબાદી અને માગને કારણે એક મોટું બજાર ઊભું થયું છે. પશ્ચિમના વિકસિત દેશો માટે તે મોટું આકર્ષણ છે.

આયુષ્યમર્યાદામાં થયેલા વધારાના કારણે વૃદ્ધજનોની સંખ્યા વધતી રહી છે. હાલ તે પાંચ કરોડની આસપાસ છે, પણ ૨૧ સદી આવતા તેમની સંખ્યા ૬ કરોડની થવા જશે. અમેરિકા, યૂરોપ કે જાપાનની સરખામણીમાં તેમની ટકાવારી નીચી છે. આપણી વસિતનો અડધોઅડધ ભાગ ૨૨ વર્ષથી નીચી ઉંમર ધરાવે છે. પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો આપણો દેશ એક યુવાન રાષ્ટ્ર છે!

ભારતવાસીઓના વિદેશગમનમાં પણ એકધારો વધારો નોંધાયો છે. અમેરિકામાં વસતા ભારતીઓની સંખ્યા ૧૦ લાખ જેટલી છે. તેમનું આર્થિક ધોરણ ઊંચું હોવાની સાથે તેઓ રાજકીય ક્ષેત્રે પણ પ્રભાવક સ્થાન ધરાવે છે. ઇંગ્લંડ, કેનેડા વગેરે દેશોમાં પણ આપણો વસવાટ રહ્યો છે. માત્ર ગુજરાતીઓની વાત કરીએ તો લગભગ ૧૨૮ દેશોમાં તેઓ પથરાયેલા છે.

આજે દેશની સામે જે ગંભીર પ્રશ્નો અને સમયસ્યાઓ ઊભી થઈ છે તેની શરૂઆત ઇન્દિરા ગાંધીના શાસનકાળ દરમિયાન સ્પષ્ટ સ્વરૂપે જોઈ શકાય છે અને તેનાં કેટલાંક ચોક્કસ કારણો છે. ૧૯૬૬માં તેઓ સત્તારૂઢ થયાં ત્યાર પછીનાં ત્રણ વર્ષ સુધી લાગલાગટ દુકાળ રહ્યો. ભાવો ઊંચકાયા, તંગી વધી અને તેની સાથે અસંતોષ વધ્યો. પંચવર્ષીય યોજના પડી ભાંગી અને તેની જગાએ વાર્ષિક યોજનાઓ શરૂ થઈ. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણીમાં પહેલી વાર કૉન્ગ્રેસના એકચક્રી શાસનનો અંત આવ્યો. ઘણાં રાજ્યોમાં સંયુક્ત વિધાયક દળો સત્તા ઉપર આવ્યાં. ૧૯૬૯માં કૉન્ગ્રેસના ભાગલા પછી તેઓએ આક્રમક નીતિ અપનાવી અને 'પ્રગતિશીલ' વલણ બતાવ્યું. ૧૯૭૧માં માત્ર સંસદની ચૂંટણી સાથે 'ગરીબી હઠાવો'નું સૂત્ર અપનાવ્યું. રાજવીઓનાં સાલિયાણાં નાબૂદ કર્યાં અને ચૌદ જેટલી બૅન્કોનું રાષ્ટ્રિયકરણ કર્યું. ૧૯૭૧ની બંગલાદેશ માટેના યુદ્ધમાં પાકિસ્તાનની પૂર્વની પાંખ કપાઈ ગઈ તે તેમના માટે ભવ્ય વિજય હતો અને તેના આધારે ૧૯૭૧માં ફરીને કૉન્ગ્રેસ ઘણાં રાજ્યોમાં વિજયી બની.

પરંતુ રાજકારણના સંચાલનમાં તેમણે અપનાવેલી નીતિ અને તે દ્વારા વ્યક્ત થતાં વલણોને પરિણામે જાહેર જીવનમાં દૂષણો પ્રવેશ્યાં, જે આજે વિકટ સમસ્યાઓના રૂપે જોવા મળે છે. દેશે અપનાવેલી સંસદીય રાજ્યપદ્ધતિમાં લોકો, પક્ષો, સંસદ અને મંત્રીમંડળ એ ક્રમ સ્વીકારાયો હતો. ઇન્દિરા ગાંધીએ લોકો સાથેનો સીધો સંપર્ક અને લોકસંમોહક (populist) અભિગમ સ્વીકાર્યો. રાજકીય પક્ષમાં તે સર્વેસર્વા બન્યાં અને સંસદ તથા મંત્રીમંડળ ગૌણ બન્યાં. તેમની સરકારને આથી 'વડાપ્રધાનની સરકાર' તરીકે ઓળખવામાં આવે છે. આ પરિસ્થિતિના ફલસ્વરૂપે 'ઇન્દિરા એટલે ઇન્ડિયા'નું સૂત્ર પ્રસરતું રહ્યું. ભારતની

લોકશાહી એક પાંગરતો છોડ હતો. તેને ઉછેરવાની અને તેનું સંવર્ધન કરવાની ફરજ મુખ્યત્વે સત્તાધારી પક્ષ અને વડાંપ્રધાન ઉપર હતી. લોકશાહીની મુખ્ય સંસ્થાઓ જેવી કે સંસદ અને મંત્રીમંડળના સંચાલનમાં ચોક્કસ પ્રણાલિકાઓ અને આચારસંહિતા ઘડવાની અને દૃઢ બનાવવાની જરૂર હતી. પરંતુ વડાંપ્રધાને કેન્દ્રીકરણની નીતિ અપનાવી અને સર્વસત્તાધીશ બન્યાં. ૧૯૭૫માં કટોકટી લાદવામાં આવી તે આ અભિગમની પરાકાષ્ઠા હતી. લોકશાહી સંસ્થાઓને આ નીતિના કારણે પારાવાર નુકસાન થયું.

રાજકીય પક્ષ લોકશાહી રાજકારણનું મુખ્ય ચાલક બળ છે. 'Party is the king' (પક્ષ રાજ્યના સ્થાને છે) એમ કહેવાય છે. ચૂંટણીઓ પક્ષીય ધોરણે લડાય છે. બહુમતી પક્ષનો નેતા વડાપ્રધાન બને છે અને મંત્રીમંડળની રચના કરે છે. સરકાર અને પ્રજા વચ્ચેનો સંબંધ પણ પક્ષ મારફત થતો હોય છે. આથી લોકશાહીનો આધાર પક્ષરચના ઉપર અવલંબે છે અને તેમાં વિચારસરણીની ભૂમિકા રહે છે. ઇન્દિરા ગાંધીએ વિચારસરણીને માત્ર પ્રચારનું માધ્યમ બનાવ્યું. પરંતુ પોતાને વફાદાર લોકોને પક્ષમાં પ્રાધાન્ય આપ્યું. પરિણામે પક્ષનું પોત નબળું પડ્યું, વિચારસરણી ગૌણ બની અને પક્ષના સભ્યો એક જ વ્યક્તિની આસપાસ ગોઠવાતા રહ્યા. પક્ષમાં ભરતી કરવાની આ નીતિ લોકશાહી અને તેના ભવિષ્ય માટે જોખમકારક હતી.

સત્તાનો ગેરઉપયોગ થવા લાગ્યો. ચૂંટણીઓના સંચાલનમાં તેની અસર પડી અને સંસદ, મંત્રીમંડળ, સનદી નોકરશાહી, વહીવટ વગેરે સર્વની ઉપર માઠી અસર થઈ. લોકશાહી સંસ્થાઓ ભ્રષ્ટ અને નબળી બની. ટૂંકમાં રાષ્ટ્રઘડતર, પક્ષઘડતર અને રાજ્યઘડતરની પ્રક્રિયામાં બાધા ઊભી થઈ. સંકુચિત ખ્યાલ અને ટૂંકી નજરનો મહિમા વધ્યો. શબ્દો અને વચનો દ્વારા લોકોને આકર્ષવાનું વધ્યું અને ભ્રષ્ટાચારનો દોર ચારેય તરફ ફેલાયો.

૧૯૭૨ પછી કોંગ્રેસ પક્ષમાંની ચૂંટણીઓ બંધ થઈ. આથી પક્ષ અમુક લોકોના હાથમાં સરી પડ્યો. તેઓનો એકમાત્ર ખ્યાલ નેતાને વફાદાર રહેવાનો હતો. સત્તાપરસ્તી અને કેન્દ્રીકરણ કેટલું બધું નુકસાન કરી શકે છે તેનો આ પુરાવો હતો. વડાપ્રધાન સર્વસત્તાધીશ બનતાં તેની અસર કેન્દ્ર-રાજ્ય સંબંધો ઉપર પડી. સમવાયની ભાવના નિર્બળ બની અને રાજ્યપાલો કેન્દ્ર સરકારના હાથા બન્યા.

જ્ઞાતિ, પ્રદેશ અને વિવિધ ભાષાકીય જૂથો અને રાજકારણીઓને એકમેકની સામે રમાડીને પોતાનું સ્થાન ટકાવી રાખવાની નીતિ હવે જોરશોરથી આગળ વધી. વહીવટમાં લાંચરુશવત, લાગવગશાહી અને ભ્રષ્ટાચાર વધ્યાં અને તેનાથી અસામાજિક તત્ત્વોને મોકળું મેદાન મળ્યું. રાજકારણ સિદ્ધાન્તવિહીન અને મૂલ્યવિહીન બન્યું. કોઈ પણ ભોગે સત્તા ઉપર રહેવાની વૃત્તિ પ્રબળ બની. જેમ આર્થિક ક્ષેત્રે કાળાં નાણાંનો પ્રસાર અને પ્રભાવ વધ્યો તેમ રાજકારણમાં પણ લોકશાહી સંસ્થાઓની અવગણના ચાલુ રહેતાં ધ્યેય વગરનું, ખોખલું, સમાંતર રાજકારણ અસ્તિત્વમાં આવ્યું. કાયદો અને વ્યવસ્થા કથળ્યાં અને ટોચની કક્ષાથી નિમ્નસ્તર સુધીનો વહીવટ બિનસામાજિક તત્ત્વોની અસર નીચે આવી પડ્યો. રાજકારણનું અપરાધીકરણ આ રીતે આગળ વધ્યું.

પરિણામે કેટલાંક અત્યંત વિધાયક પરિબળોનો જન્મ થયો. લોકશાહી રાજકારણનો મુખ્ય ઉદ્દેશ લોકોના પ્રશ્નો, અરમાનો અને મહેચ્છાઓને રાજકીય એરણ ઉપર લઈ જઈ તેને હલ કરવાનો હોય છે. આ સમગ્ર પ્રક્રિયા ઉપર પડદો પડી ગયો અને રાજકારણ થોડાં અપરાધી તત્ત્વોનો અખાડો બની ગયું. લોકોના પ્રશ્નો ખોરંભે પડતા અને વહીવટની બેપરવાઈ વધતાં સમાજમાં આતંકવાદનો જન્મ થયો. પંજાબના રાજકારણમાં ભીંદરાનવાલેને જાણીબૂઝીને લાવવામાં આવ્યા. ત્યારબાદ તે એટલા મજબૂત બન્યા કે તેમને દૂર કરવા લશ્કરનો ઉપયોગ કરવો પડ્યો! કાશ્મીરમાં પોતે નિયત કરેલી નીતિ અમલી ન બનતાં રાજ્યપાલ બી. કે. નેહરુને દૂર કરીને ગુજરાતમાં મોકલવામાં આવ્યા. ફારૂક અબ્દુલ્લાને સત્તા સ્થાનેથી દૂર કરી કાશ્મીરના વહીવટમાં દરમિયાન થવાને કારણે તેમ જ ચૂંટણીના સંચાલનમાં ભ્રષ્ટાચાર આચરવાના કારણે લોકોમાં અસંતોષ વધ્યો. પરિણામે આતંકવાદને બળ મળ્યું. ભ્રષ્ટ રાજકારણ આતંકવાદના મૂળમાં રહેલું છે. આતંકવાદની સાથે કેફી દ્રવ્યોની હેરાફેરી, ઘૂસણખોરી તથા વિદેશી ચલણોનો ગેરકાયદેસર પ્રવેશનાં દ્વાર ખુલ્લાં થયાં.

જેમ નેહરુ પછી ઇન્દિરા તેમ ઇન્દિરા પછી રાજીવ ગાંધી આવતાં સત્તાનાં સૂત્રો એક જ કુટુંબમાં ચાલુ રહ્યાં. રાજીવની પાસે નહોતી ભારત વિશેની કોઈ સમજ કે નહોતી રાજકીય પરિપક્વતા. ભારતના ભાવિ વિશેનું કોઈ દર્શન ન હોવાથી તેમણે ઉતાવળા નિર્ણયો લીધા. જેવા કે શાહબાનો કેસમાં વડી અદાલતના ભરણપોષણ આપવાના ચુકાદાની ઉપરવટ જઈ રૂઢિચુસ્ત મુસલમાનોના અભિપ્રાય પ્રમાણે નવો કાયદો ઘડ્યો; પંજાબમાં સંધિ કરી પણ અમલમાં મૂકી શક્યા નહિ; લંકામાં સૈન્ય મોકલીને તેમણે બિનજરૂરી ઘર્ષણ ઊભાં કર્યાં. ૧૯૮૫માં મોટી બહુમતીથી ચૂંટાયેલા રાજીવ ત્યાર પછીની લગભગ બધી જ ચૂંટણીઓ કોંગ્રેસને જિતાડી શક્યા નહિ. બોફોર્સ અંગેનો ભ્રષ્ટાચાર ખુલ્લો થતાં ચોખ્ખા નેતા તરીકેની તેમની છાપ ભૂંસાઈ ગઈ.

શાહબાનો કેસમાં તેમણે મુસલમાનોને ખુશ રાખવાની નીતિ અપનાવી તો બાબરી મસ્જિદને ખુલ્લી મૂકીને તેમણે હિન્દુઓનો પક્ષ લીધો. તેમની બેવડી અને નિર્બળ નીતિના કારણે ભારતીય જનતા પક્ષને હિન્દુ કોમવાદને પ્રબળ બનાવવાની તક સાંપડી, જેનો તેમણે પૂરો ઉપયોગ કર્યો. આ રીતે અપરાધીકરણ

તથા આતંકવાદની સાથે કોમી ઝનૂન ઉમેરાયું. અયોધ્યાકાંડ તેની પરાકાષ્ઠા હતી. ધર્મના નામે કોમી લાગણીઓ ઉશ્કેરીને રાજકીય લાભ મેળવવાનો સિલસિલો ભારતીય રાજકારણને પજવતો રહ્યો.

આટલાં દૂષણો પૂરતાં ન હોય તેમ ભ્રષ્ટાચાર તેની ચરમસીમાએ પહોંચ્યો છે. જીવનનું કોઈ ક્ષેત્ર તેમાંથી બાકાત નથી. રાષ્ટ્રજીવન અને તેના ભાવિ માટે તે મોટો ખતરો ઊભો કરે છે. વળી, આ બધાં દૂષણો એકમેકને પોષતાં રહ્યાં છે. આઝાદીનાં પચાસ વર્ષ બાદ અને તેની સુવર્ણજયન્તીના વર્ષે ભારતનો નાગરિક પોતાની સરકાર વિશે અભિમાન કે ગૌરવ અનુભવી શકે નહિ તેથી મોટી નાલેશી બીજી કઈ હોઈ શકે? સ્વતંત્ર ભારતનું રાજ્ય તેની પ્રાથમિક જવાબદારીઓ, જેવી કે કાયદો અને વ્યવસ્થા, અદા કરવામાં નિષ્ફળ નીવડ્યું છે. આપણા લોકશાહી રાજ્યમાં લોકોની સ્થિતિ કેવી છે? આપણો વહીવટ લોકાભિમુખ છે? દલિતો, સ્ત્રીઓ અને ગરીબો પ્રત્યેનો આપણો અભિગમ કેવો છે? વિકાસની પ્રક્રિયામાં આપણો અગ્રતાક્રમ શો છે? પ્રત્યેક નાગરિકની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં આપણે સફળ થયા છીએ? આ બધા પ્રશ્નોમાં રાજ્યની નિષ્ફળતા વરતાય છે.

છેલ્લાં પચાસ વર્ષનાં મૂલ્યોકનમાં માત્ર ભૂતકાળ સાથે સરખામણી કરીએ તે પૂરતું નથી. આપણી આજુબાજુના દેશો જેઓ આપણાથી નાના અને આપણી પછી સ્વતંત્ર થયેલા છે તેમની સાથેની સરખામણીમાં પણ આપણે ઊણા ઊતરીએ છીએ. કોરિયા, તાઈવાન, મલેશિયા, ઇન્ડોનેશિયા, થાઈલેન્ડ, શ્રીલંકા – આ બધા દેશોમાં શિક્ષણનું પ્રમાણ ઊંચું છે. તેમની આયુષ્યમર્યાદા પણ આપણાથી ઊંચી છે. આ બધા દેશો શિક્ષણ પાછળ આપણાથી વધારે ખર્ચ કરે છે. પરિણામે તેઓ કુટુંબનિયોજન કરવામાં પણ વધારે સફળ થયા છે. તેમનો આર્થિક વૃદ્ધિનો દર અને માથાદીઠ આવક આપણાથી ઊંચી છે. સામાજિક પ્રગતિ, આર્થિક વિકાસ અને રાજકીય સ્થિરતા - આ ત્રણે એકમેક પર આધારિત છે. પૂર્વ એશિયાનાં આ નાનાં રાજ્યોએ સર્વાંગી વિકાસ સાધવામાં નવો વિક્રમ સર્જ્યો છે અને તે સર્વનાં મૂળમાં શિક્ષણનો ફેલાવો મુખ્ય રહ્યો છે.

ઉદાહરણ તરીકે ૧૯૯૧માં ભારત સરકારી ખર્ચના માત્ર ૨.૫ ટકા શિક્ષણ પાછળ ખર્ચતું હતું. જ્યારે દક્ષિણ કોરિયા ૧૬ ટકા અને સીંગાપોર ૨૦ ટકા જેટલો ખર્ચ કરતાં હતાં. માનવ-વિકાસ અહેવાલ મુજબ આફ્રિકામાં સહરાની દક્ષિણે આવેલા અને પછાત ગણાતા દેશો શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરતા જણાયા હતા. દુનિયાના માત્ર છ દેશો સામાજિક વિકાસની સરખામણીમાં સંરક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે. ભારત તેમાંનો એક છે (અલબત્ત, અહીં નોંધવું જોઈએ કે આપણો સંરક્ષણખર્ચ હાલ આપણી કુલ રાષ્ટ્રિય આવકનો માત્ર ૩ ટકા જ છે. ઘણા દેશો - જેમ કે પાકિસ્તાન - સંરક્ષણ પાછળ ૬થી ૭ ટકા જેટલો ખર્ચ કરે છે.

શિક્ષણના ખર્ચની વિગતો જોઈએ તો ભારત ઉચ્ચ શિક્ષણને વધારે મહત્ત્વ આપી તેને માટે વધારે ખર્ચ કરે છે. ૧૯૮૯માં દક્ષિણ કોરિયા તેના શિક્ષણના કુલ ખર્ચમાંથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પાછળ ૭૮ ટકા ખર્ચતું હતું અને ઉચ્ચ શિક્ષણ માટે માત્ર ૮ ટકા કરતું હતું. ૧૯૮૭માં ભારત ઉચ્ચ શિક્ષણમાં ૨૦ ટકાનો ખર્ચ કરતું હતું. કેન્દ્ર સરકાર ૮૦ ટકા ઉચ્ચ તથા ૨૦ ટકા પ્રાથમિક-માધ્યમિક પાછળ ખર્ચતી હતી. વિકાસનાં વિવિધ પાસાંના અભ્યાસ પરથી જણાયું છે કે પ્રાથમિક શિક્ષણ સૌથી નિર્ણાયક ભાગ ભજવે છે.

જેમ શિક્ષણમાં તેમ આરોગ્યમાં પણ આપણે બેકાળજી બતાવી છે. ૧૯૯૧માં ભારત ૧.૬ ટકા ખર્ચ કરતું હતું તો સીંગાપોર ૫ ટકા ખર્ચ આરોગ્યમાં કરતું હતું. આ અંગેની ૧૯૮૦માં જે ટકાવારી હતી તે જ ૧૯૯૧માં ચાલુ રહી હતી.

યુનો તરફથી પ્રગટ થતા માનવવિકાસ અહેવાલમાં દક્ષિણ એશિયા (મુખ્યત્વે પાકિસ્તાન, ભારત અને બંગ્લાદેશ) સૌથી વધુ ગરીબ, સૌથી વધુ પછાત અને સૌથી વધુ નિરક્ષર પ્રદેશ તરીકે ગણાયો છે. અનાજના ઉત્પાદનમાં ચાર ગણા વધારા સાથે પણ આપણે લોકોની મૂળભૂત આવશ્યકતાઓ સંતોષી શક્યા નથી. પૂરતો ખોરાક, પાણી, આરોગ્યવિષયક દેખભાળ, ચોખ્ખી હવા, આવાસ અને શિક્ષણ જેવા વિષયોમાં આપણે પછાત રહ્યા છીએ. ૧૭૫ દેશોમાં આપણો ક્રમ ૧૩૮મો આવે છે તે આપણી પરિસ્થિતિ દર્શાવે છે. આમાંના કેટલાક તો આર્થિક વૃદ્ધિનો દર નીચો હોય તો પણ સફળતાપૂર્વક હાથ ધરી શકાય તેમ છે. તેને માટે જરૂરી છે પૂરતા રાજકીય સંકલ્પબળની જે બતાવવામાં આપણે નિર્બળ પુરવાર થયા છીએ. પૂર્વ એશિયાના નાના દેશોએ બતાવ્યું છે કે ઝડપી અને સફળ આર્થિક વિકાસ માનવસંપત્તિની સર્વાંગી પ્રગતિ ઉપર નિર્ભર છે. માનવકેન્દ્રી વિકાસ એ જ ગુરુમંત્ર હોવો જોઈએ અને તેમ કરવામાં રાજ્યે નિર્ણાયક ભાગ ભજવવો જોઈએ.

૧૫ ઑગસ્ટ, ૧૯૯૭ના રોજ આપણે આઝાદીનાં પચાસ પૂરાં કરી એકાવનમા વર્ષમાં પ્રવેશ કરીશું. સિંહાવલોકન કરતાં આપણી ભૂલો, અશક્તિઓ અને મર્યાદાઓનો સાચો ખ્યાલ મેળવ્યાં પછી આપણી સામેના સમયના તકાદાને આપણે પિછાનવો રહ્યો. ઠંડા યુદ્ધ પછીના વૈશ્વિકીકરણના માહોલમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. પરંતુ તેને માટેની જરૂરી પશ્ચાદ્ભૂમિકા કે તૈયારીઓ કરવામાં આપણી નિષ્ફળતાઓ આપણને આડે આવે છે. સ્વસ્થ, શિક્ષિત, જાગ્રત સમાજ; સ્ત્રી-પુરુષ સમાનતા; કુશળ, કાર્યક્ષમ અને પારદર્શક વહીવટ; ભ્રષ્ટાચારની નાબૂદી તથા અન્ય દૂષણો સામેની સખત કામગીરી; રાજ્યની લોકાભિમુખતા અને ઉત્તરદાયિત્વ – આ સર્વ વૈશ્વિકીકરણમાં ભાગીદાર બનવાની પૂર્વશરતો ગણી શકાય. આ સર્વ ક્ષેત્રમાં આપણે મોડા પડ્યા છીએ. કારણ કે આજે આકાર

લઈ રહેલી નવી દુનિયામાં આપણા દેશના ભાવિનો નકશો કે તેનું ચિત્ર આપણી પાસે નથી. આપણા આંતરિક વિવાદો, સંકુચિત ખ્યાલો અને વડાબંધીઓ, આચારસંહિતાના અભાવ સાથેની આપણી ગેરશિસ્ત અને પરંપરાગ્રસ્ત કુટેવો આપણી સુષુપ્ત શક્તિઓને બહાર આવતાં રોકે છે.

છેલ્લાં પચાસ વર્ષના સરવૈયામાં જમા પાસું હોવા છતાં આપણી નિષ્ફળતાઓનો સરવાળો ઘણો મોટો થવા જાય છે. આપણી સમસ્યાઓ માનવસર્જિત છે અને તેને આપણે જ હલ કરવી રહી. નિરાશાનાં કાળાં વાદળો છતાં આશાનાં કિરણો પણ દેખાય છે. એક તો એ કે આપણા સમાજમાં આજે અગણિત બિનસરકારી સ્વૈચ્છિક મંડળો ઊભાં થયાં છે, જે વિવિધ ક્ષેત્રે સેવા, જાગ્રતિ, મદદ કરવા તત્પર રહે છે. નિમ્નસ્તરથી માંડીને વિશ્વની કક્ષાએ તેઓ પહોંચે છે અને તેમનો અવાજ ઠેરઠેર સંભળાય છે. ઘણી વાર રાજ્યની વિરુદ્ધ અને કોઈક વાર રાજ્યની સહાય કરવામાં તેઓ સક્રિય છે. આ મંડળો દ્વારા લોકોનો, સમાજનો આક્રોશ વ્યક્ત થાય છે. તેમની શક્તિ અને વિશ્વસનીયતા વધતાં રહ્યાં છે અને કંઈક અંશે રાજ્યની ઉપરવટ સંબંધો બાંધીને પણ તેઓ પ્રવૃત્તિમય રહે છે. ભાવિ દુનિયાના સંકેતોનો ઇશારો પણ તેઓ આપે છે. સ્ત્રીઓ અને બાળકોની પરિસ્થિતિ, માનવઅધિકારો, લઘુમતીઓના પ્રશ્નો, પર્યાવરણની સમસ્યાઓ જેવા અનેક પ્રશ્નોને તેઓ વાચા આપે છે અને લોકશાહી સમાજને જીવંત રાખે છે.

બીજું મોટું પરિબળ તે આપણાં અખબારો છે. વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્યના અધિકારોનો ઉપયોગ કરી અખબારો રાજ્ય અને રાજકારણીઓનાં વિવિધ કાર્યોની સમીક્ષા કરે છે, તેમને ઉઘાડાં પાડે છે અને તેમના દુરાચારોને ખુલ્લા કરે છે. લોકશિક્ષણ અને લોકજાગ્રતિનું તેઓ મોટું વાહન છે. જાહેર જીવનનાં મૂલ્યો વિશે તેઓ ચોકી-પહેરાનું કાર્ય કરે છે.

ત્રીજું પરિબળ તે આપણી અદાલતો - હાઈ કોર્ટ તથા વડીઅદાલતે રાજ્યની, વિશેષ તો સંસદ અને મંત્રીમંડળની નિષ્ક્રિયતાઓને ઉઘાડી પાડી છે એટલું જ નહિ પણ, તેમનાં કાર્યો અંગે તેમને જાગ્રત કર્યા છે. અદાલતોની સક્રિયતાને સ્વૈચ્છિક મંડળોએ મજબૂત બનાવી છે. જાહેર હિત સંબંધી અરજીઓ દ્વારા રાજ્યની કારવાઈઓ, વિષમતાઓ અને નિષ્ફળતાઓ ખુલ્લી થતી રહી છે, જે લોકશાહી સમાજ માટે જરૂરી છે.

આ ઉપરાંત નવી આર્થિક નીતિના કારણે આપણા સમગ્ર જીવનને તપાસવાની, અન્ય દેશોની સાથે સરખામણી દ્વારા આપણી ત્રૂટિઓ દૂર કરવાની અને દેશને ૨૧મી સદી માટે તૈયાર કરવાની જરૂર રાજ્યને અને નાગરિકોને સમજાતી જાય છે.

પચાસ વર્ષના રાજકારણ ઉપર નજર નાખતાં કેટલાંક લાંબા ગાળાનાં વલણો સહેલાઈથી જોઈ શકાય છે. ૧૯૫૨ની પહેલી ચૂંટણીમાં એક પક્ષ પ્રભાવ પ્રથાની ભૂમિકાના કારણે કૉન્ગ્રેસે ૪૫ ટકા મતો તથા સંસદમાં ૩૬૪ બેઠકો મેળવી હતી, પરંતુ ૧૯૯૬ની અગિયારમી ચૂંટણીમાં તે ટકાવારી ઘટીને ૨૮.૧ ટકા થઈ હતી અને તેને ૧૪૦ બેઠકો મળી હતી. કૉન્ગ્રેસના ધોવાણનું કારણ શોધવું મુશ્કેલ નથી. કૌભાંડોમાં વ્યક્ત થતો ભ્રષ્ટાચાર, સિદ્ધાન્તવિહીન, નિર્બળ નેતાગીરી, સ્પષ્ટ વિચારસરણીનો અભાવ વગેરે તેમાં કારણભૂત છે.

૧૯૯૬ની ચૂંટણીમાં કોઈ પક્ષને પૂરતી બહુમતી મળી નથી. કંઈક અંશે પ્રજા કોઈ પક્ષમાં વિશ્વાસ મૂકવા તૈયાર નથી. રાજકારણનું આ ઉધાર પાસું છે. કોઈ પક્ષ રાષ્ટ્રવ્યાપી કાઠું કાઢી શક્યો નથી. પ્રાદેશિક પક્ષો અને પક્ષોની પ્રાદેશિકતા સ્પષ્ટ સ્વરૂપે જોઈ શકાય છે. મિશ્ર સરકારો હવે અનિવાર્ય બનતાં ૧૩ પ્રાદેશિક પક્ષોનું બનેલું મંત્રીમંડળ સત્તા ઉપર આવ્યું. તેની ભૂમિકામાં બિનસાંપ્રદાયિકતા, ભાજપ તથા કૉન્ગ્રેસ ઉપરાંત ત્રીજા બળ તરીકેનો તેનો ઉદય તથા લઘુતમ કાર્યક્રમને કાર્યાન્વિત કરવાની તેની પ્રતિબદ્ધતા - આ સર્વ જોવા મળે છે. બધા પક્ષોની બનેલી સંચાલક સમિતિ તેની ઉપર દેખરેખ રાખે છે. આ સરકાર દેખીતી રીતે નિર્બળ હોવા છતાં ચોક્કસ દિશામાં પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે. ભ્રષ્ટાચારનો વિરોધ, પક્ષાંતરને જાકારો, વહીવટમાં પારદર્શકતા, લોકો પ્રત્યેનું ઉત્તરદાયિત્વ અને રાજકીય જવાબદારીનો માહોલ ઊભો કરવાનો પ્રયત્ન દેખાય છે. વિદેશનીતિમાં પાડોશી દેશો સાથે ઉદાર વલણ અપનાવી તે સૌની સાથે ઘનિષ્ઠ સંબંધો બાંધવાનો પ્રયત્ન પણ પ્રશસ્ય છે.

૧૯૯૧ પછી પહેલી વાર આપણી વિદેશનીતિમાં રાષ્ટ્રહિતને દૃઢતાથી વાચા આપવાની શરૂઆત થઈ. અમેરિકા તરફથી દોરદમામ સાથે રજૂ કરાયેલી પરમાણુ-અખતરાબંધીની નીતિનો આપણે વિરોધ કર્યો છે અને પરમાણુશસ્ત્રોની સંપૂર્ણ નાબૂદીની આપણી નીતિને આપણે જોરશોરથી વ્યક્ત કરી છે.

વળી, ૧૯૯૧માં શરૂ કરવામાં આવેલી ઉદારીકરણની નીતિ અંગે સૌ પક્ષો સંમત છે અને હાલની સરકાર તેમાં આગળ વધવા કટિબદ્ધ છે. સમવાયતંત્રને અને રાજ્યોની સ્વાયત્તાને આપમેળે અગત્ય મળી છે.

દેશ સામેના પ્રશ્નો એટલા વિશાળ અને જટિલ છે કે તેમનો ઉકેલ સાધવા જે શક્તિશાળી પક્ષપદ્ધતિ અને સબળ નેતાગીરી હોવી જોઈએ તેનો અભાવ વરતાય છે. તે સાથે પચાસ વર્ષની લોકશાહીના અનુભવે લોકોની સમજદારી વધી છે અને પોતાનાં સ્થાન અને શક્તિનો ખ્યાલ વ્યાપક બન્યો છે. વિકેન્દ્રીકરણના ખ્યાલને પણ સર્વસ્વીકૃતિ સાંપડી છે. રાજકારણીઓ માટે પણ લોકોની જાગ્રતિ ચેતવણીરૂપ બનતી જાય છે. અલબત્ત, જે કાંઈ પ્રગતિ થતી દેખાય છે તે ઘણી ધીમી છે પણ લોકશાહી માટે તે લગભગ અનિવાર્ય જણાય છે. □

સ્વતંત્રતાના પાંચ દસકાનો આર્થિક વિકાસ

રમેશ બી. શાહ

આર્થિક નીતિઓની ભૂમિકા

ભારતમાં આઝાદી માટેની લડત ચાલતી હતી ત્યારે રાજકીય આઝાદી મેળવવા પાછળના પાયાના ઉદેશો વિશે દેશમાં વૈચારિક સ્પષ્ટતા પ્રવર્તતી હતી. આર્થિક બાબતોમાં ઉદેશ સ્પષ્ટ હતો : દેશમાંથી ગરીબી અને બેકારી નાબૂદ કરવી અને એક ન્યાયી સમાજની રચના કરવી.

દેશમાં પ્રવર્તતી ગરીબી-બેકારીના કારણ અંગે દેશમાં વ્યાપક સંમતિ પ્રવર્તતી હતી. અંગ્રેજોના શાસનને દેશની ગરીબી માટે જવાબદાર ગણવામાં આવ્યું હતું. અંગ્રેજોએ વિવિધ રીતે આપણું શોષણ કર્યું અને એવી વેપારનીતિ અપનાવી જેથી દેશના ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા, એ બે મુદ્દાઓ આગળ ધરવામાં આવ્યા હતા. એની સાથે જ, વિદેશી શાસકોએ દેશના આર્થિક ઉત્કર્ષ માટે કોઈ સક્રિય ભૂમિકા ન ભજવી એ હકીકતને પણ ગરીબીના એક કારણ તરીકે આગળ ધરવામાં આવી હતી. અલબત્ત, ભારતના અભ્યાસી કેટલાક અંગ્રેજ અર્થશાસ્ત્રીઓએ ઉપર્યુક્ત મત સ્વીકાર્યો ન હતો. તેમના મત પ્રમાણે ભારતની વધુ અને ઝડપથી વધતી જતી વસ્તી તથા સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાઓ ભારતની ગરીબી માટે જવાબદાર હતાં. આઝાદીની લડત દરમિયાન સહજ રીતે ભારતની ગરીબી અંગેનો 'રાષ્ટ્રવાદી' દૃષ્ટિકોણ લોકપ્રિય બન્યો હતો.

ભારત જેવા ગરીબ દેશમાં આર્થિક વિકાસ દ્વારા ગરીબીનાબૂદી કયા માર્ગે થઈ શકે એ વિશે વ્યાપક સંમતિ પ્રવર્તતી હતી. તેમાં સમાજવાદી વિચારધારા અને સોવિયેટ રશિયાની સરળતાથી સ્વીકારી લેવામાં આવેલી સિદ્ધિઓનો મોટો પ્રભાવ હતો. મૂડીવાદી વ્યવસ્થા શ્રમિકો અને ગરીબોના અહિતમાં જ કામ કરે એ તેનું ગૃહીત હતું. મૂડીવાદી પ્રથામાં આર્થિક અસમાનતા અને આર્થિક અસ્થિરતા અનિવાર્ય છે, એટલું જ નહિ, બજારતંત્ર દ્વારા ઝડપી વિકાસ ન થઈ શકે એ પણ સ્વીકારી લેવામાં આવ્યું હતું. રશિયાએ બહારની દુનિયામાં જે સફળ પ્રચાર કર્યો હતો તે પ્રમાણે તેણે મૂડીવાદી પ્રથાને નાબૂદ કરીને તથા આયોજનના માર્ગે ચાલીને ખૂબ ઝડપી વિકાસ સાધ્યો હતો. આ અનુભવ અને સમાજવાદી વિચારોના પ્રવર્તમાન પ્રભાવ નીચે ભારતે તેના આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે આયોજનનો માર્ગ અપનાવવો પડશે એ વિશે ભાગ્યે જ કોઈને કશો મતભેદ હતો. આયોજનમાં લોકોની આસ્થા કેટલી દઢ અને વ્યાપક હતી તેનો ખ્યાલ એ હકીકત પરથી આવે છે કે કેવળ કોન્ગ્રેસ પક્ષે જ નહિ, ગાંધીજનોએ અને ઉદ્યોગપતિઓએ પણ યોજનાઓ વિચારી હતી.

આર્થિક રીતે સમૃદ્ધ બધા જ દેશોમાં ઉદ્યોગો સુવિકસિત હોય છે અને રશિયાએ પોતાનો ઝડપી વિકાસ ઔદ્યોગિક વિકાસ દ્વારા સાધ્યો હતો. તેથી ભારતે તેની આર્થિક ઉન્નતિ માટે ઝડપી ઔદ્યોગિકીકરણ કરવું પડશે એ વિશે કોઈને મતભેદ ન હતો.

દેશ આયોજિત માર્ગે વિકાસ સાધવા માગતો હતો તેનો એક ફલિતાર્થ સ્પષ્ટ હતો : વિકાસની પ્રક્રિયામાં રાજ્યે મહત્ત્વની ભૂમિકા ભજવવાની હતી. રાજ્યે રસ્તાઓ, બંદરો, વીજળી વગેરે પાયાની સેવાઓ પૂરી પાડવાની હતી, ઉદ્યોગોના વિકાસની જવાબદારી ઉપાડવાની હતી, ખેતીના વિકાસ માટેના વિવિધ કાર્યક્રમો હાથ ધરવાના હતા, શિક્ષણનો વિસ્તાર કરવાનો હતો, આરોગ્ય-સેવાઓનો પ્રસાર કરવાનો હતો – એમ રાજ્યની બહુ મોટી ભૂમિકા આયોજિત વિકાસમાં અભિપ્રેત હતી.

આયોજનમાં શ્રદ્ધા અને ખાનગી સાહસ પ્રત્યેની અશ્રદ્ધામાંથી રાજ્યની એક બીજી ભૂમિકા પણ ઊપસી આવી હતી. ખાનગી ક્ષેત્રે ચાલતી આર્થિક પ્રવૃત્તિઓ આયોજનના માળખામાં રહીને વિસ્તરે એ માટે ખાનગી ક્ષેત્રનું નિયંત્રણ રાજ્યે કરવાનું હતું. એ જ રીતે ખાનગી હાથોમાં આર્થિક સત્તાની જમાવટ ન થાય એ પણ રાજ્યે જોવાનું હતું.

રાજ્યને જે મોટી આર્થિક ભૂમિકા ભજવવાની કામગીરી સોંપવામા આવી તેમાં બે પાયાની ધારણાઓ અનુસ્યૂત હતી. એક, રાજ્યની સત્તાનો ઉપયોગ કરનારા રાજકારણીઓ અને વહીવટી કર્મચારીઓ તેમને મળેલી સત્તાનો ઉપયોગ અંગત લાભ માટે કરવાને બદલે લોકહિતાર્થે કરશે. ઓછામાં ઓછું, લોકશાહી પ્રક્રિયા દ્વારા શાસકોને તેમને મળેલી સત્તાનો ઉપયોગ લોકહિતાર્થે કરવાની ફરજ પાડી શકાશે. ટૂંકમાં, રાજ્યને એક કલ્યાણકારી સંસ્થા તરીકે જોવામાં આવ્યું હતું.

બીજું, મોટી આર્થિક જવાબદારી કાર્યક્ષમતાપૂર્વક ઉપાડવાની વહીવટી દક્ષતા અને નાણાકીય ગુંજાશ રાજ્ય ધરાવે છે એમ સહજ રીતે સ્વીકારી લેવામાં આવ્યું હતું. નિયમો અને વિધિઓના માળખામાં ચીલાચાલુ વહીવટી કાર્યો કરવા ટેવાયેલું વહીવટીતંત્ર વિકાસનાં અસંખ્ય કાર્યો હાથ ધરવાની ક્ષમતા ધરાવે છે કે કેમ એવો પ્રશ્ન જ ઊભો કરવામાં આવ્યો ન હતો.

તાત્કાલીન આર્થિક વિચારધારાનો પ્રભાવ પણ આપણી નીતિઓ પર પડ્યો હતો. દેશના ઔદ્યોગિક અને આર્થિક વિકાસ માટે આંતરરાષ્ટ્રિય વેપાર પર આધાર રાખી શકાય તેમ નથી એ

વિચાર એ વર્ષોમાં દઢ થયો હતો. તેમાં ૧૯૨૯ની મંદીનો અનુભવ તો કારણભૂત હતો જ, પરંતુ તેની સાથે વિચારસરણી (આઈડિયોલૉજિ)નો રંગ પણ ભળેલો હતો. આંતરરાષ્ટ્રિય વેપાર અને મૂડીરોકાણોને ગરીબ દેશોનાં શોષણ માટેનાં સાધનો તરીકે જોવામાં આવતાં હતાં. તેથી આપણે 'સ્વનિર્ભર' થવાનું લક્ષ્ય રાખ્યું. અલબત્ત, કોઈ દેશ તેની તમામ જરૂરિયાતોની બાબતમાં સ્વાવલંબી બની શકે નહિ એ મુદ્દાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો, પરંતુ દેશના આર્થિક અને ઔદ્યોગિક વિકાસ માટે ચાવીરૂપ બાબતોને સ્વનિર્ભરતાને આવશ્યક ગણવામાં આવી હતી.

દેશે અપનાવેલી આર્થિક નીતિઓને, આર્થિક વિકાસ અંગેની પ્રવર્તમાન, અર્થશાસ્ત્રીય ચર્ચામાંથી સમર્થન સાંપડતું હતું. દેશના ઔદ્યોગિક વિકાસ માટે અંતર્મુખ અને બહિર્મુખ વ્યૂહરચનાના નામે પ્રસિદ્ધ વિવાદમાં આંતરરાષ્ટ્રિય બજારોનો લાભ લેવા માટે નિકાસ કરવાની ક્ષમતા ધરાવતા ઉદ્યોગોના વિકાસને પ્રાધાન્ય આપવાની નીતિને બહિર્મુખ વિકાસની નીતિ તરીકે ઓળખવામાં આવે છે. દેશમાં આયાત થતી ઔદ્યોગિક ચીજોનું દેશમાં જ ઉત્પાદન કરવામાં આવે અને તે માટે આયાતો પર ઊંચા દરે જકાત નાખીને કે આયાતો પર પ્રતિબંધ મૂકીને દેશના ઉત્પાદકોને વિદેશોના વધુ કાર્યક્ષમ ઉત્પાદકોની સ્પર્ધા સામે રક્ષણ આપવામાં આવે તેને અંતર્મુખ વિકાસની નીતિ કહેવામાં આવે છે. ૧૯૫૦-'૭૦ના ગાળામાં અંતર્મુખ વિકાસનીતિ દુનિયામાં ચલણી બની હતી, તેની પાછળનાં તાર્કિક કારણોની સાથે પ્રવર્તમાન સંજોગો પણ અમુક અંશે જવાબદાર હતા. અન્ય વિકાસશીલ દેશોની જેમ ભારત પણ વિદેશી ચલણની કારમી તંગી ભોગવી રહ્યું હતું. તેના એક ઉકેલરૂપે વપરાશની ઔદ્યોગિક ચીજોની આયાતો પર પ્રતિબંધ મૂકવાનો માર્ગ સહજ રીતે અપનાવી લેવામાં આવ્યો હતો. તેથી દેશમાં સ્થપાતા ઉદ્યોગોને આપમેળે વિદેશી ઉદ્યોગોની સ્પર્ધા સામે રક્ષણ મળી જતું હતું.

આર્થિક વિકાસની જવાબદારી વહન કરવાના એક સાધન તરીકે જાહેર સાહસોના વિવિધ લાભો દેખાતા હતા. વિપુલ મૂડીરોકાણ માંગી લેતા ઉદ્યોગો જાહેર ક્ષેત્રને હસ્તક રાખવામાં આવે તો ખાનગી હાથોમાં આર્થિક સત્તાના કેન્દ્રીકરણને અટકાવી શકાય, ઔદ્યોગિક રીતે પછાત રહેલા પ્રદેશોમાં જાહેર સાહસો ઔદ્યોગિક એકમો સ્થાપીને પ્રાદેશિક રીતે સમતોલ ઔદ્યોગિક વિકાસ હાંસલ કરી શકે, જેમાં લાંબે ગાળે કે ઓછો નફો મળવાની સંભાવના હોય એવા ઉદ્યોગો ખાનગી સાહસ શરૂ ન કરે, પરંતુ જાહેર સાહસો એવા ઉદ્યોગો સ્થાપી શકે કેમ કે તેઓ નફાની ગણતરીથી ચાલતાં નથી; તેથી ઔદ્યોગિક વિકાસ ઝડપી બને. જાહેર સાહસો નફાની ગણતરીથી ચાલતાં ન હોવાથી તેઓ આદર્શ માલિકો બની શકે : કામદારોને તેઓ ઊંચા વેતનદરો અને નોકરીની વધુ સારી શરતો પૂરી પાડી શકે. આ વિચારણા નીચે જાહેર સાહસોને સમાજવાદનો પર્યાય ગણવામાં આવ્યાં.

જે વિચારધારા પર દેશની આર્થિક નીતિઓ ઘડવામાં આવી હતી તેનુ સંક્ષેપમાં ઉપર વર્ણન કરવામાં આવ્યું છે. આ નીતિઓ અનુભવોમાંથી ફલિત થયેલી અને તાર્કિક રીતે પ્રતીતિકર જણાતી હતી. પરંતુ આ નીતિઓનાં પરિણામો અપેક્ષાથી ઘણાં જુદાં આવ્યાં.

આપણી સિદ્ધિઓ

આયોજનના સાડાચાર દસકા દરમિયાન દેશે અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે એ વિશે કોઈ મતભેદ નથી. દેશે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ પૈકીની કેટલીકને સંક્ષેપમાં નોંધીએ.

આર્થિક વિકાસનો એક સર્વગ્રાહી માપદંડ રાષ્ટ્રિય આવક છે. ૧૯૫૦-૫૧થી ૧૯૯૪-૯૫ વચ્ચે રાષ્ટ્રિય આવક લગભગ છ ગણી થઈ છે અને દેશની વસ્તી એ સમયગાળા દરમિયાન ૩૬ કરોડથી વધીને ૯૨ કરોડ થઈ હોવા છતાં માથાદીઠ આવક બમણાથી અધિક થઈ છે. રાષ્ટ્રિય આવકનો આ વધારો બહુ પ્રભાવશાળી જણાતો નથી, પરંતુ આપણે એ યાદ રાખવાનું છે કે આ સદીના પૂર્વાર્ધમાં દેશમાં વસ્તીવૃદ્ધિનો દર, આઝાદી પછીનાં વર્ષોના વસ્તીવૃદ્ધિના દરની તુલનામાં, લગભગ અડધો હોવા છતાં, દેશમાં માથાદીઠ આવકમાં કોઈ વધારો થઈ શક્યો ન હતો. આ સદીના પૂર્વાર્ધમાં દેશનું અર્થતંત્ર મહદંશે સ્થગિત રહ્યું હતું. તેની તુલનામાં ૧૯૫૦ પછીની રાષ્ટ્રિય આવકની વૃદ્ધિ નિરાશાજનક નથી.

અનાજનું ઉત્પાદન પાંચ કરોડ ટનથી વધીને ૧૯ કરોડ ટન પર પહોંચ્યું. લગભગ ૧૯૭૦ સુધી અનાજની આયાતો પર અવલંબતો દેશ અનાજના મોરચે સ્વાવલંબી બન્યો છે. ૧૯૭૦થી '૭૫ના ગાળામાં અમેરિકાના કેટલાક અભ્યાસીઓએ એવી આગાહી કરી હતી કે ભારતને ભૂખમરાથી બચાવી શકાશે નહિ. તેથી ભારતને માંડીવાળીને અમેરિકાએ તેની અન્ન સહાય બીજા દેશો તરફ વાળવી જોઈએ. વાસ્તવમાં ભારત ભૂખમરાથી નીપજતાં મૃત્યુને ટાળી શક્યું છે, એટલું જ નહિ, માથાદીઠ અનાજની પ્રાપ્યતામાં ૧૬ ટકા જેટલો વધારો કરી શક્યું છે.

દેશનું મુખ્ય લક્ષ્ય ઝડપી ઔદ્યોગિકીકરણનું હતું. દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન લગભગ ૧૪ ગણું થયું છે. તેમાં તૈયાર પોલાદનું ઉત્પાદન ૧૦ લાખ ટનથી વધીને ૧૭૮ લાખ ટન, સિમેન્ટનું ઉત્પાદન ૨૭ લાખ ટનથી વધીને ૬૨૪ લાખ ટન, ખનીજ કોલસાનું ઉત્પાદન ૩૨૩ લાખ ટનથી વધીને ૨૭૩૧ લાખ ટન થયું. દેશમાં ખનીજ તેલનું ઉત્પાદન નહિવત્ થતું હતું તે ૩૨૦ લાખ ટન પર પહોંચ્યું અને વીજળીનું ઉત્પાદન ૭૦ ગણાથી અધિક

થયું.

ઉદ્યોગોની બાબતમાં પરિમાણાત્મક સિદ્ધિઓ જ નોંધપાત્ર નથી, બીજી બે સિદ્ધિઓની પણ નોંધ લેવા જેવી છે. દેશ આઝાદ થયો ત્યારે તેનો ઔદ્યોગિક વિકાસ શણ અને સુતરાઉ કાપડ જેવા થોડા ઉદ્યોગો પૂરતો સીમિત રહ્યો હતો. મોટા ભાગની ઔદ્યોગિક ચીજો માટે દેશ આયાતો પર આધાર રાખતો હતો. આજે હવે એ ચિત્ર સાવ બદલાઈ ગયું છે. એક અંગ્રેજ સમીક્ષકે ૧૯૮૦માં નોંધ્યું હતું તેમ, 'ભારતમાં અનેકવિધ આધુનિક ઉદ્યોગો વિકસ્યા છે : ન્યૂક્લીઅર રિઍક્ટરથી માંડીને કાપડ માટેની યંત્રસામગ્રી અને મશીન ટૂલ્સથી માંડીને પેટ્રોકેમિકલ પ્લાન્ટ સુધીની ઔદ્યોગિક ચીજોનું ઉત્પાદન ભારત કરી શકે છે.''

વીસમી સદીના પૂર્વાર્ધમાં દેશમાં જે ગણતરીના ઉદ્યોગો વિકસ્યા હતા તે મુંબઈ, કલકત્તા, મદ્રાસ, અમદાવાદ જેવાં થોડાં શહેરોમાં કેન્દ્રિત થયેલા હતા.૧૯૫૦ પછીના વર્ષોમાં દેશમાં ઉદ્યોગોનો નોંધપાત્ર રીતે પ્રાદેશિક વિસ્તાર થયો છે. પંજાબ, હરિયાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક જેવાં રાજ્યોમાં ઉદ્યોગો ઝડપથી વિકસ્યા છે અને મહારાષ્ટ્ર તથા ગુજરાત જેવાં રાજ્યોમાં ઉદ્યોગો નાનાં નગરો અને ગ્રામીણ વિસ્તારો તરફ જઈ રહ્યા છે.

આજે હવે ચલણી બનેલા માનવવિકાસના ખ્યાલ પ્રમાણે ભારતના વિકાસને તપાસીએ. દેશ આઝાદ થયો ત્યારે દેશમાં સાક્ષર વ્યક્તિઓનું પ્રમાણ માંડ ૧૮ ટકા હતું અને તેમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ નવ ટકાથીયે ઓછું હતું. આજે સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ લગભગ ૪૦ ટકા છે અને પુરુષોમાં તે ૫૨ ટકાથી અધિક છે. દેશમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર વધુ પડતો થયો છે એવી ટીકા વારંવાર કરવામાં આવે છે. એ ટીકામાં તથ્ય છે, પરંતુ તેની સાથે આપણે એ મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે કે અનેક ક્ષેત્રોમાં સધાયેલા વિકાસને જરૂરી માનવશક્તિ દેશમાં વિસ્તરેલી શિક્ષણપ્રથાએ પૂરી પાડી છે. વિજ્ઞાનીઓ, ટૅક્નિશિયનો, ઇજનેરો, તબીબો વગેરે માટે દેશને વિદેશી નિષ્ણાતો પર આધાર રાખવો પડ્યો નથી.

દેશની વસ્તીના આરોગ્યનું માપ લોકોના સરેરાશ આયુષ્ય અને બાળમૃત્યુદરના આધારે કાઢવામાં આવે છે. આ બંને માપના આધારે તપાસતાં દેશમાં લોકોના આરોગ્યમાં નોંધપાત્ર સુધારો થયો છે. દેશમાં લોકોનું સેરારશ આયુષ્ય ૩૨ વર્ષથી વધીને ૬૧ વર્ષનું થયું છે અને બાળમૃત્યુદર ૧૩૪થી ઘટીને ૭૪ થયો છે. ચાર દસકાના ટૂંકા સમયગાળામાં લોકોનું સેરારશ આયુષ્ય બમણું થયું હોય એવો દાખલો આજના વિકસિત દેશોના ઇતિહાસમાં મળતો નથી, એ હકીકત આ ક્ષેત્રની ભારતની નોંધપાત્ર સિદ્ધિનો ખ્યાલ આપનારી છે.

દેશમાં અન્ય ક્ષેત્રોમાં જે વિકાસ સધાયો છે તેનાં કેવળ બેત્રણ ઉદાહરણો જ નોંધીશું. દેશમાં આજે ૮૫ ટકાથી અધિક ગામો વીજળી મેળવતાં થઈ ગયાં છે, દેશનાં મોટા ભાગનાં ગામડાંઓ કાચાપાકા રસ્તા દ્વારા નજીકનાં નગરો સાથે જોડાઈ ગયાં છે, બસસેવાનો લાભ નાનાંમોટાં લગભગ બધાં જ ગામોને આજે મળ્યો છે, ટપાલ-ટેલિફોનની સેવાઓ તથા બૅન્કોની સેવાઓ આજે મોટા પ્રમાણમાં ગ્રામવિસ્તારોમાં પ્રસરી છે. આ બધાંની અસર દેશના આર્થિક જીવન પર જ પડી છે એવું નથી, સામાજિક જીવન પર પણ પડી છે. છેલ્લા પાંચેક દસકા દરમિયાન દેશમાં જે મોટાં સામાજિક પરિવર્તનો આવ્યાં છે તેમાં દેશમાં વિવિધ સ્વરૂપે સધાયેલા આર્થિક વિકાસનો ફાળો ગણનાપાત્ર છે.

ગરીબી કેટલી ઘટી?

દેશમાં સધાયેલા વિકાસનું મૂલ્યાંકન આખરે તો ગરીબીનાબૂદીના પાયાના ઉદ્દેશને નજર સમક્ષ રાખીને કરવાનું છે. છેલ્લા અઢી દસકા દરમિયાન દેશમાં ગરીબીને માપતા સંખ્યાબંધ અભ્યાસો થયા છે અને છતાં દેશમાં ગરીબીનું પ્રમાણ જુદાં જુદાં વર્ષોમાં કેટલું હતું તેનું કોઈ નિર્વિવાદ માપ આપણે કાઢી શક્યા નથી. આમ છતાં એક મુદ્દો સ્પષ્ટ છે : દેશમાં ગરીબોની સંખ્યામાં ગણનાપાત્ર વધારો થયો છે અને ગરીબીના પ્રમાણમાં ટકાવારીની રીતે ઘટાડો થયો હોવા છતાં દેશમાં આજે ત્રીજા ભાગની વસ્તી ગરીબી ભોગવી રહી છે. ભારતમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોના પ્રમાણ વિશેનું એક ચિત્ર 'હ્યુમન ડિવેલપ્મેન્ટ રિપોર્ટ ૧૯૯૭'માં નીચે પ્રમાણે આલેખવામાં આવ્યું છે :

૧૯૫૧માં દેશમાં ગ્રામીણ વિસ્તારોમાં ૪૭ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવતા હતા. એ પછીનાં વર્ષોમાં એ પ્રમાણમાં વધઘટ થતી રહી, પરંતુ ૧૯૮૯-૯૦ સુધીમાં ગરીબીનું પ્રમાણ ઘટીને ૩૪ ટકા થયું હતું. શહેરી વિસ્તારોમાં ગરીબીનું પ્રમાણ ૧૯૭૭-૭૮થી ૧૯૮૯-૯૦ દરમિયાન ૪૦ ટકાથી ઘટીને ૩૩ ટકા થયું. ૧૯૯૧ પછીનાં વર્ષોમાં ગરીબી વધેલી માલૂમ પડી હતી. ૧૯૯૨માં ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી વધીને ૪૩ ટકા થઈ, પરંતુ ૧૯૯૩-૯૪માં તે ઘટીને ૩૯ ટકા થઈ. શહેરી વિસ્તારોમાં ગરીબી વધીને ૩૪ ટકા પર પહોંચ્યા પછી ઘટીને ૩૦ ટકા થઈ.

દેશમાં પ્રવર્તતી ગરીબીની બાબતમાં નોંધપાત્ર મુદ્દો એ છે કે દેશનાં જુદાં જુદાં રાજ્યોમાં પ્રવર્તતી ગરીબીના પ્રમાણમાં આજે ગણનાપાત્ર તફાવત છે, કારણ કે વિભિન્ન રાજ્યોમાં ગરીબીમાં એકસરખો ઘટાડો થયો નથી. આંધ્રપ્રદેશ, હરિયાણા, કેરળ તથા પંજાબમાં ગરીબોનું પ્રમાણ અડધાથીયે ઓછું થયું છે. બીજી બાજુ, બિહાર, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં ગરીબીના પ્રમાણમાં મોટો ઘટાડો થયો નથી. દેશના ગ્રામીણ વિસ્તારોમાં રહેતા ગરીબોના ૫૦ ટકા એ ત્રણ રાજ્યોમાં છે.

કેવળ ગરીબીની રીતે જ નહિ, વિકાસના કેટલાક અન્ય

નિર્દેશકોના આધારે તપાસતાંય દેશનાં વિવિધ રાજ્યોમાં સધાયેલા વિકાસની બાબતમાં મોટો તફાવત માલૂમ પડે છે. જેને હવે માનવવિકાસના નામે ઓળખવામાં આવે છે તેના આવકેતર ત્રણ નિર્દેશકોના આધારે તપાસીએ તો એક છેડે કેરળ જેવું રાજ્ય છે અને બીજે છેડે ઓરિસ્સા, બિહાર અને રાજસ્થાન જેવાં રાજ્યો છે.

કેરળમાં સરેરાશ આયુષ્ય ૭૨ વર્ષનું છે, ત્યારે ઓરિસ્સામાં તે ૫૫ વર્ષનું અને ઉત્તરપ્રદેશમાં ૫૬ વર્ષનું છે. બાળમૃત્યુદર કેરળમાં ૧૬ છે, જ્યારે ઓરિસ્સામાં ૧૦૩, મધ્યપ્રદેશમાં ૯૯ અને રાજસ્થાનમાં ૮૫ છે. સાક્ષરતાનું પ્રમાણ કેરળમાં ૯૦ ટકા છે, જ્યારે બિહારમાં તે ૩૯ ટકા છે; સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ કેરળમાં ૮૬ ટકા છે ત્યારે રાજસ્થાનમાં ૨૦ ટકા છે.

શિક્ષણ અને આરોગ્યના રૂપમાં માનવવિકાસની બાબતમાં દેશનાં વિવિધ રાજ્યો વચ્ચે અસમાનતા પ્રવર્તતી હોવા છતાં એક નોંધપાત્ર મુદ્દો એ છે કે આઝાદી પછી દેશના પ્રત્યેક રાજ્યમાં વત્તાઓછા પ્રમાણમાં વિકાસ સધાયો છે. દેશમાં એવું કોઈ રાજ્ય નથી જેમાં લોકોના સરેરાશ આયુષ્યમાં વધરો ન થયો હોય, બાળમૃત્યુદરમાં ઘટાડો ન થયો હોય અને સાક્ષરતાના પ્રમાણમાં વધારો ન થયો હોય.

આપણે જ્યારે સમગ્ર દેશના સંદર્ભમાં વિચારતા હોઈએ છીએ ત્યારે એક મહત્ત્વનો મુદ્દો ભૂલી જઈએ છીએ. વસ્તીની દૃષ્ટિએ ભારત સંખ્યાબંધ દેશોને સમાવતો એક ઉપખંડ છે. ઉત્તરપ્રદેશની વસ્તી જાપાન કરતાં વધારે છે, ગુજરાત દેશનું એક મધ્યમ કક્ષાનું રાજ્ય છે, છતાં વસ્તીની દૃષ્ટિએ તે સ્પેઈન, કૅનેડા કે ઑસ્ટ્રેલિયા કરતાં મોટું છે અને હરિયાણા દેશનું એક નાનું રાજ્ય હોવા છતાં નેધરલૅન્ડ્ઝ, પોર્ચ્યુગલ કે બેલ્જિઅમ કરતાં મોટું છે. દુનિયાના આ બધા દેશોમાં જો તેમની વિભિન્ન પરિસ્થિતિ અને પરંપરાઓને કારણે વિકાસના દરમાં મોટા તફાવતો જોવા મળતા હોય તો ભારતનાં વિવિધ રાજ્યોના વિકાસદરમાં તફાવત પડે તે એક અપેક્ષિત ઘટના ગણાય. આવાં મોટાં અને આટલું વૈવિધ્ય ધરાવતાં રાજ્યોને પાંચ દસકા દરમિયાન સાથે રાખી શકાયાં છે એ દેશની નગણ્ય સિદ્ધિ નથી. વીતેલાં ૫૦ વર્ષના ગાળામાં જ દુનિયાના સંખ્યાબંધ દેશોનું વિભાજન થયું છે તે હકીકતને નજર સમક્ષ રાખીએ તો ભારતની આ રાજકીય તેમજ આર્થિક સિદ્ધિનું મહત્ત્વ સરળતાથી સમજાય.

આંતરરાષ્ટ્રિય તુલના

ભારતની જેમ વીતેલા ચારપાંચ દસકા દરમિયાન દુનિયાના સંખ્યાબંધ દેશોએ વિકાસયાત્રા આરંભી છે. તેથી સહજ રીતે જ દુનિયાના અન્ય દેશોની સાથે ભારતની વિકાસયાત્રાની તુલના થઈ જાય. આવી તુલના કરવા માટેની આધારસામગ્રી બે પ્રસિદ્ધ હેવાલો પૂરી પાડે છે. તેમાંનો એક હેવાલ વિશ્વબૅન્ક દ્વારા પ્રગટ થતો 'વર્લ્ડ ડિવેલપ્મેન્ટ રિપોર્ટ' છે અને બીજો હેવાલ સંયુક્ત રાષ્ટ્રસંઘના વિકાસ કાર્યક્રમ (UNDP) તરફથી પ્રગટ થતાં 'હ્યુમન ડિવેલપ્મેન્ટ રિપોર્ટ' છે. આ બીજા હેવાલમાં માનવવિકાસ માટેનો એક સૂચક આંક તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં વધુ વૈજ્ઞાનિક ઢબે ગણવામાં આવતી માથાદીઠ આવકની સાથે શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે સધાયેલા વિકાસનો પણ સમન્વય કરી લેવામાં આવ્યો છે. માથાદીઠ આવકની તુલનામાં આ આંક વધુ વ્યાપક હોવાથી તેના આધારે આપણે ભારતના વિકાસની તુલના અન્ય દેશો સાથે કરીશું.

માનવવિકાસ - આંકનું વધુમાં વધુ મૂલ્ય ૧૦૦૦ હોઈ શકે. ૧૯૯૪ના વર્ષમાં સહુથી મોટો આંક કૅનેડાનો ૯૬૦ હતો. ભારતનનો આંક ૪૪૬ હતો. તેની સરખામણીમાં શ્રીલંકાનો ૭૧૧, ચીનનો ૬૨૬, ઇજિપ્તનો ૬૧૪ તથા કેન્યાનો ૪૬૩ હતો. વિકાસશીલ દેશોના જૂથમાં ભારત કરતાં ઘણાં આગળ નીકળી ગયેલા બીજા પણ સંખ્યાબંધ દેશો છે. તેમાંથી કેટલાક દેશોના આંક ઉદાહરણરૂપે નોંધીએ. દક્ષિણ કોરિયા ૮૯૦, થાઈલૅન્ડ ૮૩૩, મલયેશિયા ૮૩૨ અને ઇન્ડોનેશિયા ૬૬૮. માનવવિકાસ - સૂચક આંકની વિગતો દુનિયાના ૧૭૫ દેશો માટે આપવામાં આવી છે. તેમાં ભારત છેક ૧૩૮મા ક્રમે આવે છે.

૧૯૯૭ના વર્ષ માટેના 'હ્યુમન ડિવેલપમેન્ટ રિપોર્ટ'માં બે દૃષ્ટિએ ગરીબીની વ્યાખ્યા કરીને વિવિધ દેશોમાં પ્રવર્તતી ગરીબીનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. આમાં એક ધોરણ આવકનું અપનાવવામાં આવ્યું છે. વ્યક્તિદીઠ રોજની એક ડૉલર કરતાં ઓછી કમાણી મેળવતી વ્યક્તિને ગરીબ ગણવામાં આવી છે. ગરીબીના આ માપદંડ પ્રમાણે ભારતમાં ગરીબોનું પ્રમાણ ૫૩ ટકા હતું. તેની સરખામણીમાં ચીનમાં ૨૮ ટકા, બાંગ્લાદેશમાં ૨૯ ટકા, પાકિસ્તાનમાં ૧૨ ટકા, મલયેશિયામાં છ ટકા અને શ્રીલંકામાં ચાર ટકા લોકો ગરીબ હતા.

ગરીબીની બીજી વ્યાખ્યા કેટલીક વંચિતતાઓના સંદર્ભમાં આપવામાં આવી છે. ચાલીસથી ઓછી વયે મૃત્યુ પામતી વ્યક્તિઓનું પ્રમાણ, નિરક્ષર પ્રૌઢો, પીવા માટેના સલામત પાણીથી વંચિત લોકો, સ્વાસ્થ્ય સેવાઓથી વંચિત વસ્તી, કમીવજન ધરાવતાં પાંચ વર્ષથી ઓછી વયનાં બાળકો - આ બધાના આધારે 'માનવગરીબો'ની ગણતરી કરવામાં આવી છે. તે પ્રમાણે વિવિધ દેશોમાં ગરીબીનું પ્રમાણ આ પ્રમાણે છે : ભારત ૩૬.૭ ટકા, ચીન ૧૭.૫ ટકા, શ્રીલંકા ૨૦.૭ ટકા, ઇન્ડોનેશિયા, ૨૦.૮ ટકા. અલબત્ત, આ માપદંડ પ્રમાણે પાકિસ્તાન (૪૬.૮ ટકા) અને બાંગ્લાદેશ (૪૮.૭ ટકા)માં ગરીબોનું પ્રમાણ ભારત કરતાં વધારે હતું.

નીતિઓ વિશે પુનર્વિચારણા

આઝાદી પછીનાં વર્ષોમાં ભારતે, તેના પોતાના ભૂતકાળની

તુલનામાં ગણનાપાત્ર વિકાસ સાધ્યો છે, પરંતુ દુનિયાના અન્ય સંખ્યાબંધ દેશોની તુલનામાં ભારતનો વિકાસ મંદ જણાય છે. લગભગ ૧૯૮૦ સુધી દેશની રાષ્ટ્રિય આવકમાં વાર્ષિક સરેરાશ સાડાત્રણ ટકાના દરે વધારો થતો રહ્યો હતો. પંચવર્ષીય યોજનાઓના વિસ્તરતા જતા કદ સાથે લગભગ અચળ રહેલા એ વૃદ્ધિદરને 'હિંદુ વૃદ્ધિદરને' નામે અર્થશાસ્ત્રીઓ ઓળખતા થયા હતા. અલબત્ત, ૧૯૮૦ પછીનાં વર્ષોમાં રાષ્ટ્રિય આવકનો વૃદ્ધિદર વધવા પામ્યો છે, પરંતુ આ અનુભવમાંથી એક પ્રશ્ન ઊભો થાય છે : આઝાદી પહેલાં કેટલાક અંગ્રેજ અર્થશાસ્ત્રીઓએ સૂચવ્યું હતું તેમ શું આપણી એક પ્રજા તરીકેની ખાસિયતો આપણા ધીમા વિકાસ માટે જવાબદાર છે કે આપણે અપનાવેલી આર્થિક નીતિઓ તેના માટે જવાબદાર છે? વિભિન્ન રાજકીય-સામાજિક માળખામાં રહેલા દેશોએ પણ યોગ્ય નીતિઓ અપનાવીને ઝડપી વિકાસ સાધ્યો છે તે ઘટનાના બે ફલિતાર્થો છે. એક, આજે વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ ટેક્નોલૉજિ કોઈ પણ દેશમાં ઝડપી આર્થિક વિકાસ નિપજાવવાની ક્ષમતા ધરાવે છે અને બીજું, આર્થિક વિકાસની પ્રક્રિયામાં જે તે પ્રજાની સામાજિક-સાંસ્કૃતિક ખાસિયતો કોઈ નિર્ણાયક અવરોધ સર્જતી નથી. ઉત્તર ભારતના નિરક્ષર ખેડૂતોએ પણ જે ઝડપથી સંકર બીજ પર આધારિત નવી ટેક્નોલૉજિ અપનાવી લીધી છે તે હકીકતને એના સમર્થનમાં ટાંકી શકાય. આમ, ગરીબીનિવારણના દૃષ્ટિબિંદુથી આપણા ધીમા વિકાસ માટે આપણી નીતિઓ જવાબદાર જણાય છે.

ભારતે અપનાવેલી બધી જ આર્થિક નીતિઓની સમીક્ષા કરવાનો અહીં અવકાશ નથી, પરંતુ ૧૯૯૧માં અપનાવવામાં આવેલી નવી આર્થિક નીતિના સંદર્ભમાં એક-બે પાયાના મુદ્દાઓ નોંધીશું.

પ્રથમ મુદ્દો રાજ્યની ભૂમિકાને સ્પર્શે છે. દેશમાં સામાજિક ન્યાય સાથે વિકાસ સાધવાના કાર્યમાં રાજ્યની ઉત્પાદક અને નિયંત્રક તરીકેની જે મોટી ભૂમિકા સોંપવામાં આવી તે ઉત્પાદક રોજગારીના સર્જન દ્વારા ગરીબીનાબૂદીના પાયાના ઉદ્દેશ માટે ઉપકારક નીવડી નથી. ઉદ્યોગો અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં રાજ્ય જાહેર સાહસોના માધ્યમ દ્વારા ગરીબો સુધી પહોંચી શકે નહિ એમ અનુભવે સમજાયું છે. દેશમાં જાહેર ક્ષેત્રે જે ઉત્પાદન-પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે તેમાં બહુ ઓછી રોજગારીની તકો સર્જાઈ છે અને જે સર્જાઈ છે તેનો લાભ પણ મુખ્યત્વે સમાજના ઉપલા વર્ગોના લોકોને જ મળ્યો છે. અશિક્ષિત કે અલ્પશિક્ષિત ગરીબો નાના પાયા પર ચાલતી આર્થિક પ્રવૃત્તિઓમાં જ રોજગારી મેળવી શકે. આવી નાના પાયા પર ચાલતી આર્થિક પ્રવૃત્તિઓનું સંચાલન કરવાની ક્ષમતા રાજ્ય ધરાવતું નથી. ચીનનો અનુભવ આ બાબતમાં સૂચક છે. ૧૯૭૮માં ચીનમાં આર્થિક સુધારા દ્વારા બજારપ્રથાને દાખલ કરવામાં આવી અને નાના પાયા પર ચાલતા આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું, તેની ગરીબી પર ઘણી મોટી અસર પડી હતી. ચીનમાં ૧૯૭૮માં ગરીબોનું પ્રમાણ ૩૩ ટકા હતું, ૧૯૮૫ સુધીમાં તે ઘટીને નવ ટકા થયું.

સસ્તા અનાજની વહેંચણી જેવાં પગલાં દ્વારા ગરીબો સુધી પહોંચવાની રાજ્યની શક્તિ ઘણી સીમિત માલૂમ પડી છે. એ માર્ગે અપાતી સબસિડીનો લાભ મહદંશે બિનગરીબો લઈ જાય છે. દા.ત. ગરીબોને બજાર કરતાં નીચા ભાવોએ અપાતા અનાજ માટે ખર્ચાતા પ્રત્યેક રૂપિયામાંથી ગરીબોને ભાગે ૨૫થી ઓછા પૈસા જ જાય છે. બાકીના પૈસા બિનગરીબો વચ્ચે વહેંચાઈ જાય છે. હકીકતમાં તો દેશમાં રાજ્યના વિસ્તારેલા કાર્યક્ષેત્રનો લાભ લઈ દેશનો મધ્યમ અને ઉપલો વર્ગ પુષ્ટ થયો છે. રાજ્ય દ્વારા વિવિધ સ્વરૂપે અપાતી સબસિડીઓનો લાભ મહદંશે મધ્યમ વર્ગને જ મળે છે.

ખાનગી ક્ષેત્રના નિયંત્રક તરીકે રાજ્યે વિવેકપૂર્વક પ્રયોજવાની (discretionary) જે વ્યાપક સત્તાઓ હાથ ધરી તેનાં અપેક્ષિત પરિણામો આવ્યાં નથી. ખાનગી હાથોમાં આર્થિક સત્તાના કેન્દ્રીકરણને અટકાવી શકાયું નથી અને ખાનગી ક્ષેત્રમાં ચાલતી આર્થિક પ્રવૃત્તિઓને આયોજિત કરી શકાઈ નથી.

રાજ્ય પાસે વિશાળ આર્થિક સત્તા કેન્દ્રિત થઈ તેનાં આર્થિક દૃષ્ટિએ સારાં પરિણામો નથી જ આવ્યાં એવું નથી, પરંતુ રાજકીય રીતે તેની મોટી કિંમત ચુકવવી પડી છે. દેશનું રાજકારણ તળિયાથી ટોચ સુધી ભ્રષ્ટાચારથી ખદબદે છે. સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ ૧૯૪૮માં તેમના પુસ્તક 'સમૂળી ક્રાંતિ'માં નોંધ્યું હતું : 'જે રાજ્યપ્રણાલિકામાં શાસક વર્ગ કેવળ દંડશક્તિ જ મેળવતો નથી, પણ સાથે ધન અને પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરે છે, તેમાં શાસક વર્ગનું ચારિત્ર પ્રજાના એકંદર ચારિત્ર કરતાં વધારે હીન બને એવી બધી અનુકૂળતાઓ હોય છે... અને છેવટે શાસક વર્ગ પેદા થાય છે શાસિતોમાંથી જ, એટલે શાસિત પ્રજાના હીનતર ભાગના હાથમાં શાસન રહે એવું ધીમે ધીમે પરિણામ આવે.'

આજે આપણે રાજકારણીઓના ભ્રષ્ટાચાર અને રાજકારણ પર 'અસામાજિક તત્ત્વો'ની પકડની ફરિયાદ કરીએ છીએ તેમાં રાજ્ય પાસે કેન્દ્રિત થયેલી આર્થિક સત્તાનો ફાળો મોટો છે. રાજ્યની આ આર્થિક સત્તાને ઘટાડ્યા વિના રાજ્ય અને લોકશાહી પ્રથાને સ્વાસ્થ્યપૂર્ણ રાખવાનું મુશ્કેલ છે.

ચર્ચાનો સાર નોંધીએ : ગરીબીનાબૂદીના પાયાના ઉદ્દેશના સંદર્ભમાં રાજ્યની ભૂમિકા અને કાર્યપદ્ધતિની આપણા ચાર દસકાના અનુભવોના સંદર્ભમાં પુનર્વિચારણા કરવી જરૂરી છે. રાજ્ય સર્વશક્તિમાન છે અને રાજ્યની સત્તાનો ઉપયોગ

(અનુસંધાન પૃ. ૫૧૬ પર)

આપણા માધ્યમિક શિક્ષણની ઝાંખી

આઝાદીની અડદી સદીને અંતે

રમેશ. અં. દવે

કોઈ પણ રાષ્ટ્રના ઇતિહાસમાં અડધી સદી જેટલો સમય શી વિશાતનો? પણ ગુલામીની રાત વીતી ગઈ હોય અને આઝાદી પ્રગટી હોય ત્યારે પચાસ જેટલાં વર્ષોનો પણ મહિમા હોય. સેંકડો વર્ષની ગુલામીનો પંથ કાપ્યો હોય ત્યારે પાછા વળીને જોવા કરતાં આગળ, ક્ષિતિજની પેલી પાર જોવાનું મન થાય અને તેની શરત છે વર્તમાનનું નિકટદર્શન. ટી.એસ. એલિયટ કહે છે તેમ 'સમય તો શાશ્વત વર્તમાન છે.' ભૂતકાળ સ્મૃતિ છે, ભવિષ્ય સ્વપ્ન કે આશા છે, ક્યારેક ઓથાર પણ. વર્તમાનનો એક્સ-રે જોઈએ તો સહેજ હતાશા અનુભવીએ છીએ. રાષ્ટ્ર, સમાજ અને સંસ્થાઓ માંદા પડ્યાં છે ત્યારે ધર્મ કે શિક્ષણ શી રીતે ઉગરે? કશાંયે ધારાધોરણો કે મૂલ્યો જાણે રહ્યાં નથી. આપણા માપદંડો જથ્થાલક્ષી છે, ગુણલક્ષી નહિ.

સપાટી ઉપર તો બધું સલામત લાગે. પ્રગતિ અને વિકાસનો આલેખ આંજી નાખે. સંખ્યા જુઓ : ૧૯૮૮ના અધૂરા આંકડા પણ કેવા પ્રભાવિત કરે છે, જથ્થાની દૃષ્ટિએ! ૨૪૫૭.૪૬ લાખ વિદ્યાર્થીઓ શાળાના અત્યારે કદાચ આવ્યો બમણી હશે. પહેલાં શાળાઓ હતી એટલી આજે કોલેજો એ કોલેજો હતી તેટલી યુનિવર્સિટીઓ! કોલેજ પહોંચતા પહોંચતા ૬૪ ટકા ક્યાંકને ક્યાંક ખોવાઈ જાય તે વાત જુદી. જથ્થાની દૃષ્ટિએ નિરંતર વિકાસ. ભવ્ય ઇમારતો, કીમતી પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓ, રમતનાં વિશાળ મેદાનો, નવા નવા કાર્યક્રમોના રાફડા. પહેલાંના કરતાં આજના વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવિજ્ઞાનની વધુ વિસ્તરતી ક્ષિતિજો અને તકો છે. શિક્ષકોને પણ આર્થિક અને શૈક્ષણિક વધુ સવલતો છે અને છતાં આરંભથી અંત સુધી કેટલો બધો વ્યાપક અસંતોષ !

આ સંદર્ભમાં માધ્યમિક શિક્ષણનો વિચાર કરતા એના બે છેડા સ્પષ્ટ રીતે જણાય છે : નીચે પ્રાથમિક બાળકેળવણી અને ઉપર યુનિવર્સિટીઓ અને કોલેજા. આમ તો થોડાક અપવાદોને બાદ કરતાં શિક્ષણ-જગતનાં દશા અને દિશા અકળાવે તેવાં છે. કેળવણીના ઉદ્દેશની વાત કરીએ તો વ્હાઈટહેડ યાદ આવે : 'વિદ્યાર્થીઓ જાગૃત અને જીવન્ત છે અને કેળવણીનો ઉદ્દેશ તેમના આત્મવિકાસનો છે. ...માહિતીની ચબરખીઓ સાથે એને કસી લેવા દેવી નથી... ઉત્કૃષ્ટતાની આરાધના એનો પરમ ઉદ્દેશ.' યુનિવર્સિટીની વ્યાખ્યા કરતાં ન્યૂમન પણ ચેતવે છે : 'યુનિવર્સિટી એટલે કોલેજ કે કોલેજોનો સમૂહ નહિ; એ તો છે આબોહવા.' આવી શૈક્ષણિક આબોહવા કેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં હશે?

સર્વત્ર કટોકટી, સાર્વત્રિક મૂલ્યહ્રાસ, રાજકારણના મેલા પડછાયા સમગ્ર સમાજ ઉપર એવા ફરી વળ્યા છે કે સમાજના એકે અંગને એણે છોડ્યું નથી, ધર્મ કે શિક્ષણને પણ નહિ. સમગ્ર સમાજ માંદો પડે તો કેળવણી કેવી રીતે નિરામય રહે?

પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજયિતા અને માધ્યમિક શિક્ષણ પણ નિઃશુલ્ક. તેમાંયે મફત મધ્યાહ્ન ભોજન, નિઃશુલ્ક કે નજીવી કિંમતે રાજ્યના ઇજારાવાળાં જેવાંતેવાં પાઠ્યપુસ્તકો અને લોભામણા કાર્યક્રમો, જેવા કે ફાજલ શિક્ષકને કશાયે કામ વગર બેઠાં બેઠાં પગાર, ભથ્થાં વગેરે વગેરે. નોકરીની અફર સહીસલામતી, વિકાસ કરો કે ન કરો, ભણોભણાવો કે નહિ છતાંપણ. આ પરિસ્થિતિ માટે અનેક પરિબળો જવાબદાર છે અને તેનો અછડતો ઉલ્લેખ કરવા માટે પણ પુસ્તકો લખવા પડે. વિહંગાવલોકન કરીએ તોયે શોધનિબંધ થઈ જાય. કેળવણી એક ઉદ્યોગ બની ગઈ છે તે કરુણ હકીકત છે.

અતીતને વળગી રહેવાની અત્યંત પ્રબળ વૃત્તિ નવસર્જન માટે મોટો અંતરાય બની જાય છે. 'આમ હતું'નું વલણ 'આવું હોવું જોઈએ'ની આડે આવીને ઊભું રહે છે.

માધ્યમિક શિક્ષણમાં સ્વાતંત્ર્ય પહેલાં એક જ જાહેર પરીક્ષા હતી, 'મેટ્રિક્યુલેશન'ની. કોણ જાણે કેમ કેળવણીનો પરમ ઉદ્દેશ પરીક્ષા જ લેખાતી થઈ ગઈ છે. શિક્ષણની સમગ્ર સંરચના, એનું વિપુલ 'ઇન્ફ્રાસ્ટ્રક્ચર' એના અભ્યાસક્રમો બધું જ જાણે પરીક્ષામાત્ર માટે કેમ ન હોય! જેવું શિક્ષણ પરીક્ષાલક્ષી થયું કે કેળવણીના પરમ ઉદ્દેશો ઓસરતા ગયા. વર્ગશિક્ષણનું મહત્ત્વ ઘટતું ગયું. કેન્દ્રમાં પરીક્ષા આવતી ગઈ તેમ ભણવા-ભણાવવાની પરિસ્થિતિ બદલાતી ગઈ, અને તેની આસપાસ કરોળિયાનાં જાળાં સમાં અનેક અનિચ્છનીય અનુબંધો અને ભ્રષ્ટાચાર જામતાં ગયાં. પુસ્તકોના સ્થાને ગાઈડો, અધ્યાપનની જગ્યાએ ટ્યૂશનો અને વર્ગખંડોને બદલે ખાનગી બજારુ શિક્ષણવર્ગો! વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ વર્ગને બદલે વર્ગ બહારના પુરુષાર્થમાં પ્રવૃત્ત થવા લાગ્યા અને વર્ગખંડ એવો નિસ્તેજ અને હૃદયશૂન્ય બની ગયો કે શાળાની પ્રસ્તુતતા ઓસરવા માંડી. શિક્ષણનો પરમ ઉદ્દેશ પરીક્ષાનાં પરિણામો, નહિ કે અધ્યયન કે અધ્યાપન કે તે દ્વારા આત્મશિલ્પ. ટ્યૂશનનો મહિમા તો એટલો મોટો કે દસમા ધોરણને અંતે એસ.એસ.સી.ની પરીક્ષાનું પરિણામ આવે ન આવે ત્યાં તો ઉચ્ચતર માધ્યમિકના ધોરણ બારમાની પરીક્ષા માટે આગોતરા ગ્રાહકો સમા વાલીઓ શાળા તરફ પીઠ ફેરવી 'ટ્યૂશન ગુરુઓ'ની શોધમાં નીકળી પડે અને લોકપ્રિય વ્યાવસાયિક ગુરુ મળે તો ધન્યતા અનુભવી નિરાંતે જંપે, નહિ તો દોડધામ ચાલુ. અગિયારમું ધોરણ તો ઓરમાયું. એસ.એસ.સી.ના ભગીરથ પ્રયાસો પછી જાણે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે હળવાશનું વર્ષ.

કેટલીક શાળાઓ તો પોતે જ અવળી દિશામાં વળી જાય છે; અગિયારમા ધોરણના પહેલા સત્રમાં અગિયારમું પૂરું અને બારમું શરૂ. અગિયારમાના નવેમ્બરથી બારમાના નવેમ્બર સુધી બારના વર્ગો ચાલે અને પછી બધું બંધ, તાળાં વાગે. દસમા અને બારમા વચ્ચે મહામુશ્કેલીથી પુરાય તેવી ખાઈ છતાં શાળાના બારમા ધોરણની અધવચ્ચે આવતી આ ઓટ સમગ્ર સાળાકીય શિક્ષણની ક્રૂર મશ્કરી સમી ભાસે છે.

આવી તો અનેક વિડંબણાઓ છે. ઉદાહરણ તરીકે વિનયનના વિષયો અને ખાસ કરીને તો ભાષાનું અધ્યાપન અને અધ્યયન. આ પહેલાં ભૂતકાળમાં ક્યારેય ન બન્યું હોય તેવું આપણા દેશમાં બન્યું છે : સત્તા અને ખાસ તો સંપત્તિ પાછળની આવી અને આટલી દોડ આ દેશે ક્યારેય દીઠી નથી. શિક્ષણ અને ધર્મના ક્ષેત્રમાં તો એનાં એવાં વિપરિત પરિણામો આવ્યાં છે કે તેનો સડો મૂળિયાંને લાગ્યો છે. એન્જિનિઅરિંગ અને મેડિકલ એ જ ખરી કેળવણી; કારણ કે એવું મનાય છે કે એ વાટો છે પૈસા કમાવવાની. આ ક્ષેત્રમાં પ્રવેશ માટે વિજ્ઞાન અને ગણિતના ગુણો જ લેખામાં લેવાય : આશ્ચર્ય એ છે કે આ બંને ક્ષેત્રોમાં અધ્યાપનનું માધ્યમ બહુધા અંગ્રેજી છે. એક મૂળભૂત સત્ય છે : ભાષા અધ્યાપનનું માધ્યમ છે તે તો શેરીનો સામાન્ય જન પણ જાણે છે. પણ વિચારશક્તિ પણ ભાષા ઉપર અવલંબે છે. આપણે ભાષા દ્વારા વિચાર કરીએ છીએ, શબ્દોમાં વિચાર કરીએ છીએ, શૂન્યમાં નહિ. વિચારસમૃદ્ધિનુ અને ભાષાસમૃદ્ધિનુ અન્યોન્યના આધારે છે. પણ વિચિત્ર ઓરમાયું વલણ ભાષાઓ પ્રત્યે રાખવામાં આવ્યું છે તેથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ આપણા પ્રતિભાશાળી શિક્ષણકારોને પગલે પગલે ભાષાની ઉપેક્ષા કરે છે. આનાં વિપરીત દૂરગામી સૂક્ષ્મ પરિણામો આવે છે. ભાષાનું પછાતપણું બૌદ્ધિક પછાતપણું લાવે છે. આપણા માધ્યમિક શિક્ષણના એક જ પાસાને - પરીક્ષાને - અહીં ઉપરછલ્લું તપાસ્યું છે. કેટલાંક અકથ્ય કથનોનું અંતર રાખ્યું છે. પણ પરીક્ષાનાં અનિષ્ઠો અપાર છે. ત્યાંયે ચીલાચાલુ તરાહ બદલવી મુશ્કેલ છે. યાદ હશે કે આપણી એસ.એસ.સી. અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાઓ દિવસની બબ્બે લેવાતી. છ છ કલાક, બબ્બે વિષયની પરીક્ષા આપીને પરીક્ષાર્થી ઘરે જાય થાકીને; ત્યાં તો બીજા દિવસના બે વિષયો ડોકિયા કરતા. એસ.એસ.સી. બોર્ડમાં અમે હતા ત્યારે આટલો સુધારો કરવામાં કેટલાં વિઘ્નો નડતાં તે યાદ-કરતાં અકળાઈ જવાય છે. પણ એ સુધારો આવ્યો, વેદના, તનાવ અને શ્રમને ઘટાડતો.

આવો જ એક બીજો સુધારો બારમા ધોરણની પરીક્ષા માટે અનિવાર્ય છે. બારમાની પરીક્ષાના અસહ્ય બોજાને સહેજ હળવો કરવો હોય તો બે પગલાં તો ત્વરિત લેવાં પડે. દસમા અને બારમા ધોરણોના અભ્યાસક્રમો વચ્ચે અપાર અંતર છે તે ઓછું કરવું ઘટે અને બીજું, ધોરણ બારની પરીક્ષા જાહેર પરીક્ષા બે વર્ષને અંતે બારમામાં લેવાને બદલે અગિયાર અને બારમાના બે વિભાગમાં વહેંચી દેવી પડે. આ તો એટલું સરળ છે કે બોર્ડ આગળ કેટલીયેવાર આ વાત રજૂ કરી પણ એક તસુયે ફેર પડતો નથી. આમ કેમ?

કોઠારી કમિશનથી નવી કેળવણી સુધી અનેક રિપોર્ટો તૈયાર થયા. પણ એ પુરુષાર્થોના પર્વત ખોદી ખોદીને જાણે ઉંદરો જ નીકળ્યા. મૂંઝવણો અને ગૂંચવણો ઘટવાને બદલે વધતી જ ચાલી છે. ૧૦ + ૨ નું માળખું જ્યારે ઘડાયું ત્યારે એક નેમ એવી હતી કે વ્યાવસાયિક કેળવણીના પ્રવાહો દ્વારા યુનિવર્સિટીઓ ઉપરનો ભાર સહેજ હળવો કરવો. પણ શું ધાર્યું હતું અને શું થયું?

કેળવણીના પ્રશ્નોનો જ વિચાર કરો કે તરત જ પ્રશ્નોનું જંગલ ઘેરી વળે છે. આદર્શ શિક્ષણ, કેળવણીના ઉદ્દેશો, પ્રતિભા અને પ્રખરતાનો વિકાસ, જીવન અને શિક્ષણ – આવા અનેક પ્રશ્નો સામે આંખો બંધ કરીને જ જાણે બેસી જવાય છે. તેમાં શિક્ષણના પરિઘ ઉપર અટવાતો વહીવટ; સક્ષમ અને સ્વચ્છ વહીવટની વાત તો થાય જ એવી નથી. લાખો અને કરોડોની આપલે, જેના માટે શબ્દ પ્રયોગ છે 'ડોનેશન.' નોકરી કે પ્રવેશનાં 'ડોનેશનો' દ્વારા વિદ્યાર્થીઓની નીતિમત્તાનો પણ ભોગ લેવાય છે, એમને ભ્રષ્ટાચારની દિક્ષા મળે છે. કેમ કે નોકરી લેવામાં વેડફેલી રકમ ભ્રષ્ટાચાર વગર સહેલાઈથી મેળવી ન શકાય. સરકારી હસ્તક્ષેપનાયે પ્રશ્નો. અનેક નિવૃત્તિ કે અન્ય કારણોને લીધે શિક્ષકોની જગા ખાલી પડે ત્યારે અઠવાડિયાં કે મહિનાઓ તો શું વર્ષો નીકળી જાય, 'એન.ઓ.સી.' લેતાં અને ત્યારેય પાંજરાપોળ સમી ફાજલ પડેલી શાળાઓના આરામ કરતા શિક્ષકોનું સૈન્ય - શેક્સ્પિયરના ફોલ્સ્ટાફના સૈનિકો સમું - તરાપ મારવા ઊભું જ હોય. સારી સ્કૂલો પણ આવા શિક્ષકોથી ઉભરાતી જાય છે. આજના તેજસ્વી વિદ્યાર્થીઓ અત્યંત તેજસ્વી છે. એકવીસમી સદી એ માત્ર કેલેન્ડરનો પ્રશ્ન નથી. પ્રશ્ન છે સજ્જતાનો. પણ આપણી લબ્ધપ્રતિષ્ઠ શાળાઓમાં યે નબળા શિક્ષકોની ખોટ નથી. કેળવણીનો વિચાર કરતાં જ ચારેબાજુથી કલેશની ભરતી ચઢે છે. તો એક નિઃશ્વાસ સાથે અટકીને બેસી રહેવું?

ના. ફરી એકવાર વ્હાઈટહેડ અને એલિયટને યાદ કરીએ. વ્હાઈટહેડને મન પારમિતા કે ઉત્કૃષ્ટતા એ શિક્ષણનો પરમ ઉદ્દેશ છે. અને એલિયટ કહે છે તેમ 'ઉત્કૃષ્ટતા તો ઊંચા, કઠોર અને દુર્ગમ ખડકોની વચ્ચે વસનારી છે. તેને પામવા તો જીવન ઘસી નાખવું પડે.' સફળતા વાદળમાંથી વરસતી નથી, પુરુષાર્થ કરવો પડે. ક્યાં છે પુરુષાર્થ? કોને ખરેખર પડી છે? છોને ક્લાસરૂમ મરતો જાય? છોને શાળાઓ કરમાતી જાય? છોને તેજસ્વી શિષ્યોના નિઃશ્વાસોથી સમાજ ગુંગળાતો જાય? દરમ્યાન સત્તા અને સંપત્તિનાં મોકળાં મેદાનો સમા આપણા શિક્ષણજગતને અમાસનાં અંધારાં ઘેરી વળ્યાં છે ત્યારે પ્રાર્થના કરીએ : तमसो मा ज्योतिर्गमय। □

——આઝાદી પછીનું ઉચ્ચ-શિક્ષણ——

વિકાસોન્મુખ-સમાજને અનુકૂળ રસ્તે?

——— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય ———

પૂર્વભૂમિકા

શિક્ષણ-જગતમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની ખાસ વ્યાખ્યાઓ છે પણ આપણે તેમાં જવું નથી. સામાન્ય માનવી યુનિવર્સિટી કે કૉલેજમાં અપાતાં શિક્ષણને ઉચ્ચ શિક્ષણ કહે છે અને આપણે આ જ સમજણથી શરૂઆત કરીશું. આઝાદી પહેલાં સિંધ, ગુજરાત, પશ્ચિમ મહારાષ્ટ્ર અને ઉત્તર કર્ણાટક સુધીના પ્રદેશો મુંબઈ પ્રાન્તમાં આવતા હતા અને આ પ્રદેશોની સઘળી કૉલેજો મુંબઈ યુનિવર્સિટી સાથે જોડાયેલ હતી. આ કૉલેજોમાંથી ૧૫ જેટલી કૉલેજો ગુજરાત-સૌરાષ્ટ્રમાં આવેલી હતી. આમ, પચાસ વર્ષ પહેલાં આપણા રાજ્યમાં ૧૫ જેટલી કૉલેજો હતી. આઝાદી પછી સિંધ તો પાકિસ્તાનનો ભાગ બન્યું અને ઉચ્ચ શિક્ષણ-ક્ષેત્રે પહેલું કામ, મુંબઈ યુનિવર્સિટીમાંથી ત્રણ નવી પ્રાદેશિક યુનિવર્સિટીઓ - ગુજરાત, પૂના અને કર્ણાટક તથા બે શહેરી યુનિવર્સિટીઓ – વડોદરા અને મુંબઈ એમ પાંચ યુનિવર્સિટીઓ સ્થાપવાનું થયું. ૧૫ કૉલેજોથી શરૂ કરીને અત્યારે ગુજરાતમાં ગુજરાત યુનિવર્સિટી ઉપરાંત બીજી સાત યુનિવર્સિટીઓ છે અને તેમાંની એકલી ગુજરાત યુનિવર્સિટી સાથે ૧૫૦ ઉપરાંત કૉલેજો જોડાયેલી છે. આ રીતે જોતાં આઝાદી પછીનાં પચાસ વર્ષમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ ખૂબ જ વધ્યો છે.

આ તો ઉચ્ચ શિક્ષણના ભૌગોલિક વ્યાપની વાત થઈ. અંગ્રેજીમાં આ વ્યાપને ક્ષૈતિજ વ્યાપ (Horizontal Expansion) કહે છે. પણ ક્ષૈતિજની સાથે સાથે લંબક (Vertical) દિશામાં પણ વ્યાપ વધ્યો છે. પહેલાં કૉલેજો સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ આપતી. આજે કૉલેજો અને યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક કક્ષા ઉપરાંત સંશોધન કક્ષાનું શિક્ષણ પણ મળે છે. આ લંબક દિશાના વ્યાપનો એક સ્વાનુભવનો દાખલો હું ઘણીવાર આપું છું. આઝાદી પહેલાં, ૧૯૪૨માં, ગણિતમાં સંશોધન કેમ કરવું શીખવાનું મેં નક્કી કર્યું. પણ આ શીખવું ક્યાં? મુંબઈ યુનિવર્સિટીમાં તો તેની કોઈ વ્યવસ્થા ન હતી. સંશોધન-સ્કૉલરશિપની તો વાત જ નહિ. બે વરસની બચત રૂ. ૬૦૦ લઈ હું આ સંશોધનની તાલીમ માટે બનારસ ગયો. બનારસ યુનિવર્સિટીમાં પણ સંશોધન-શિષ્યવૃત્તિની ત્યારે કોઈ જોગવાઈ ન હતી. એ તો આઝાદી પહેલાંની વાત. પણ હવે? આજના વિદ્યાર્થી તો સંશોધન માટે જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે અને તે માટે તેમને સ્કૉલરશિપ પણ (રૂ. ૪૦૦ કે ૮૦૦ કે ૧૬૦૦ સુધીની) મળી રહે છે.

આમ, આઝાદી પછીનાં પચાસ વર્ષોમાં ઉચ્ચ શિક્ષણનો ક્ષૈતિજ અને લંબક બન્ને દિશામાં ખૂબ વ્યાપ વધ્યો છે. પણ શિક્ષણ-પ્રણાલિમાં (શું શીખવવું, કેમ શીખવવું, શા માટે શીખવવું વગેરેમાં) ફેરફાર થયો છે? આઝાદી પછી આપણા સમાજમાં ઘણું પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનની અસર શિક્ષણ-વ્યવસ્થામાં કે શિક્ષણ-પ્રણાલિમાં પડી છે? આવા મુદ્દાઓનો હવે આપણે વિચાર કરવો છે.

મૅકૉલે શિક્ષણ પ્રણાલિ

આપણે ત્યાં અત્યારે પ્રચલિત શિક્ષણ-વ્યવસ્થા લૉર્ડ મૅકૉલેએ શરૂ કરી હતી તેથી તેને આપણે મૅકૉલે-પ્રણાલિ નામ આપ્યું છે. અંગ્રેજ શાસકોએ શરૂ કરેલી આ શિક્ષણ-પ્રણાલિમાં આઝાદી પછીનાં પચાસ વર્ષોમાં કોઈ પાયાના ફેરફાર થયા નથી. આ શિક્ષણ-વ્યવસ્થા શરૂ કરવા પાછળ શાસકોનો હેતુ સ્પષ્ટ હતો અને તે હેતુ એટલો જ સ્પષ્ટ શબ્દોમાં મૅકૉલેએ પોતે વ્યક્ત કર્યો છે. તેના શબ્દો ટાંકીએ : 'We must at present do our best to form a class who may be interpretters between us and the millions we govern; a class of persons, Indian in blood and colour, but English in taste, in opinion, in morals and in intellect.'

આનું મુક્ત ભાષાન્તર કરીએ તો, 'જે કરોડો લોકો ઉપર આપણે રાજ કરીએ છીએ તેમની અને આપણી વચ્ચે દુભાષીઆની ગરજ સારી શકે તેવો એક વર્ગ ઊભો કરવાનો આપણે ભરચક પ્રયત્ન કરવો જોઈએ. આ વર્ગની વ્યક્તિઓ રૂપે-રંગે તો ભારતીય હશે પણ જરૂરતો, અભિપ્રાયો, આદર્શો અને બુદ્ધિ-ઉપયોગમાં અંગ્રેજ હશે.' શિક્ષણ-વ્યવસ્થા ઊભી કરવા પાછળના હેતુઓ, કોઈની પણ શેહ-શરમ રાખ્યા વગર, કેવા બેધડક દિલથી વ્યક્ત કર્યા છે!

પણ ખૂબી તો એ છે કે મૅકૉલેની આ પ્રણાલિ આપણી વર્ણાશ્રમ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર) આધારિત પ્રણાલિ સાથે ઘણું સામ્ય ધરાવે છે અને તેથી લોકોએ તે સરળતાથી સ્વીકારી લીધી છે. એથી જ કદાચ, સમાજના સંયોગો બદલાયા છતાં આ પ્રણાલિમાં ઝાઝા ફેરફાર કરવાનું હજુ સુધી શક્ય બન્યું નથી. આ મુદ્દો જરા વિગતે વિચારીએ અને તે માટે મૅકૉલે-પ્રણાલિની કેટલીક વિશેષતાઓ નોંધીએ :

(૧) મૅકૉલે, વ્યવસ્થામાં પ્રાથમિક અને માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ સર્વ લોકો માટે સમાન શિક્ષણ છે. એટલે કે એક જ પ્રવાહ છે. ત્યાર પછીનું ઉચ્ચ શિક્ષણ પણ મુખ્યત્વે આ સમાન શિક્ષણ પ્રવાહનો વિસ્તાર માત્ર છે.

(૨) જાહેર પરીક્ષાઓ આ વ્યવસ્થાનો અંગભૂત ભાગ છે.

(૩) સામાન્ય બોલચાલ પ્રમાણે કહીએ તો આ પ્રણાલિ પ્રમાણેનું શિક્ષણ 'બ્રાહ્મણીઆ' શિક્ષણ છે - રાજકર્તા વર્ગ અને કરોડો આમજનો વચ્ચેના દુભાષીઆ 'બ્રાહ્મણો' તૈયાર કરતું આ શિક્ષણ છે.

(૪) મેકોલે-પ્રણાલિમાં વ્યવસાયી શિક્ષણને સ્થાન નથી. હા, દુભાષીઆ તરીકે જરૂર પડે તેવા વ્યાવસાયિકોને તૈયાર કરવાનું તેમાં ધીરે ધીરે દાખલ થયું છે. આ પ્રણાલિમાં સંસ્થાગત શિક્ષણ મેળવી દાક્તર થવાય કે ઇજનેર થવાય. પણ મેકોલેના શબ્દોમાં 'જે કરોડો ઉપર આપણે રાજ કરીએ છીએ' તે કરોડોની કક્ષામાં આવતા સુથાર કે લુહાર, કડીઓ કે સોની, ખેડૂત કે રસોઈયો જેવા લોકોને વ્યવસાયની તાલીમ આ પ્રણાલિમાં મૂળભૂત રીતે અપ્રાપ્ય છે.

(૫) આ પ્રણાલિનો ઉદ્‌ભવ જે સંયોગોમાં થયો છે તે જોતાં સમાજની બદલતી જતી સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક જરૂરતો સાથે તેનો સીધો સંબંધ નથી અને તેથી તેની સમાજ પ્રત્યે કોઈ જવાબદારી પણ ઊભી થતી દેખાતી નથી.

૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે અંગ્રેજોની હકૂમત ભારતમાંથી ખતમ થઈ અને તે સાથે દેશમાં આર્થિક અને સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને વેગ મળવાની તકો ઊભી થઈ. પરંતુ આપણે ઉપર જોયું તેમ સમાજ પ્રત્યે કશી જવાબદારી ન ધરાવતી મેકોલે શિક્ષણ પ્રણાલિ ચાલુ રહેતાં આપણા શિક્ષણ-જગતમાં કેટલાક વિરોધાભાસો ઊભા થયાનો આપણને રોજ રોજ અનુભવ થતો રહે છે. સમાજને જવાબદાર અને સામાજિક પરિવર્તન સાથે તાલમેલમાં રહે તેવા શિક્ષણની દિશામાં આઝાદીનાં પચાસ વર્ષ પછી કેટલી પ્રગતિ કરી છે તે હવે જોઈએ.

સમાજ અને શિક્ષણ વચ્ચે તાલમેલનો પ્રશ્ન

સમાજને જેવી શિક્ષણ પ્રણાલિની જરૂર છે તેવી શિક્ષણ પ્રણાલિ સમાજમાંથી આપોઆપ ઉદ્‌ભવે છે. પશ્ચિમના દેશોમાં જે ઔદ્યોગિક તથા સામાજિક ક્રાન્તિઓ થઈ તેમાંથી ત્યાં પ્રચલિત શિક્ષણ-વ્યવસ્થાઓ વિકસી છે. જેમ જેમ સમાજનો વિકાસ થતો આવે તેમ તેમ સમાજની સાંસ્કૃતિક, આર્થિક અને વૈજ્ઞાનિક જરૂરતો વધતી આવે અને આ જરૂરતો પૂરી કરવા માટે અનુકૂળ ઉચ્ચ શિક્ષણનો વિકાસ થતો આવે. પરિણામે લાંબે ગાળે સમાજની જરૂરતો અને ઉચ્ચશિક્ષણમાંથી પ્રાપ્ત થતાં ફળો વચ્ચે એક પ્રકારની સમતુલા ઊભી થાય. અથવા તો એમ કહો કે સામાજિક પરિવર્તનના ભાગ રૂપે ઉચ્ચ શિક્ષણ સામાજિક જરૂરતોને પૂરી કરે છે અને એથી ઊલટું સમાજ ઉચ્ચ-શિક્ષણની જરૂરતો સંતોષે છે. આવી પરિસ્થિતિમાં શિક્ષણની સામાજિક જવાબદારીનો કોઈ ખાસ પ્રશ્ન ઊઠતો નથી.

હવે ઉપર કહી તેવી શિક્ષણ અને સમાજવિકાસ વચ્ચેની સમતુલા કુદરતી રીતે જન્મે અને જામે તે એક ધીમી પ્રક્રિયા છે. યૂરોપના દેશોમાં દેખાતી આ સમતુલા ગોઠવાતાં ખાસ્સાં સો-દોઢસો વર્ષ થયાં હતાં. પણ આઝાદી પછીના આપણા વિકાસોન્મુખ દેશમાં આ ધીમી કુદરતી પ્રક્રિયા ગોઠવાય ત્યાં સુધી હાથ જોડીને બેસી ન રહેવાય. એટલે જ તો એક તરફ સામાજિક વિકાસમાં વેગ લાવવા પંચવર્ષીય યોજનાઓ જેવા ખાસ પ્રયત્નો આરંભાયા તો સાથોસાથ ઉચ્ચ શિક્ષણમાં વેગીલો વિકાસ સાધવાના પ્રયત્નો થયા. પણ આ વિકાસમાં વેગ લાવવાની બન્ને ક્રિયા કુદરતી નહિ પણ ખાસ પ્રયત્ન કરીને ઊભી કરી હતી. તેથી તે બે વચ્ચે જે નૈસર્ગિક સમતુલા અનાયાસે ઊભી થવી જોઈએ તે થઈ નહિ તે તો સમજાય તેવું છે. પરિણામ એ આવ્યું છે કે પચાસ વર્ષોમાં સામાજિક વિકાસ એક દિશામાં થયો છે, ઉચ્ચ શિક્ષણનો ઝડપભેર વિકાસ બીજી દિશામાં થયો છે અને બે વચ્ચે સંબંધ અને સમતુલાનો નવો પ્રશ્ન - સામાજિક વિકાસ માટેની શિક્ષણની જવાબદારીનો પ્રશ્ન – ઊભો થયો છે.

વળી, અંગ્રેજો જે મેકોલે-પ્રણાલિ મૂકતા ગયા છે તે તો આપણા સમાજમાં ઉપરથી લાદવામાં આવેલી વ્યવસ્થા છે અને તેથી તેની સામાજિક જવાબદારી નહિવત્ છે. આ ઉપરથી લદાયેલી વ્યવસ્થામાં આઝાદી પછી ફેરફાર કરવાના પ્રયત્નો તો ઘણા થયા છે. પણ ઉચ્ચ શિક્ષણની વાત કરીએ તો આ ફેરફારો મુખ્યત્વે શિક્ષણનો વ્યાપ વધારવાના થયા છે. ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓની સંખ્યા વધી છે, તેમાં અપાતું શિક્ષણ બહુ બદલાયું નથી. આથી સમાજવિકાસ અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે તાલમેલનો પ્રશ્ન એમનો એમ રહ્યો છે. આ પ્રશ્નનો ઉકેલ શું ?

ઉત્તરદાયિત્વની સમસ્યાનો ઉકેલ

ઉચ્ચ શિક્ષણની જે તરાહ મેકોલે-પ્રણાલિમાંથી ઉદ્‌ભવી છે તે મહદંશે કોલેજોને જોડાણ આપનારી યુનિવર્સિટી છે. શિક્ષણકાર્ય કોલેજોમાં થાય છે અને વિદ્યાર્થીને ડિગ્રી યુનિવર્સિટીમાંથી મળે છે. કોલેજોની સંખ્યામાં વધારો થતાં યુનિવર્સિટીનો કૉલેજો ઉપરનો જોડાણ અંકુશ લગભગ નહિવત્ થઈ ગયો છે. હવે વિદ્યાર્થીને છેવટનો સિક્કો તો યુનિવર્સિટીનો મળે છે તેથી સમાજ તો શિક્ષણનાં ધોરણો માટે યુનિવર્સિટીને જવાબદાર માને છે. પરંતુ વાસ્તવિક શિક્ષણ તો કોલેજોમાં થાય છે. હવે કૉલેજને સમાજ પ્રત્યે પોતાનું કાંઈ ઉત્તરદાયિત્વ છે તેવો ખ્યાલ હોય તો સારું પણ ન હોય તોયે વાંધો નહિ કારણ કે સમાજ તો કૉલેજને નહિ પણ યુનિવર્સિટીને ઉત્તરદાયી ગણે છે! સમાજ પ્રત્યેની ઉત્તરદાયિત્વની ભાવના કોઈ પણ સંસ્થાને પોતાની કાર્યપદ્ધતિમાં સતત સુધારો કરવા પ્રેરે છે અને આવી ભાવના

આપણી કૉલેજમાં ઘટતી આવે છે એ શિક્ષણનાં ઊતરતાં ધોરણનું એક કારણ છે.

આનો તરત સૂઝે તેવો એક ઉપાય એ છે કે ઉચ્ચ શિક્ષણમાં એવી પરિસ્થિતિનું સર્જન કરવું જેમાં શિક્ષણને અન્તે વિદ્યાર્થી અમુક યુનિવર્સિટીમાંથી આવેલા તરીકે જ નહિ પણ મુખ્યત્વે તો અમુક કૉલેજના વિદ્યાર્થી તરીકે સમાજ સમક્ષ રજૂ થાય. આનો અર્થ તો કૉલેજોને સ્વાયત્તતા આપવાનો થાય. આમ કૉલેજમાં અપાતાં શિક્ષણ માટે કૉલેજને ઉત્તરદાયી ગણવાનો એક રસ્તો એ ચે કે અત્યારની જોડાણ આપનારી યુનિવર્સિટી સ્વાયત્ત કૉલેજોની સમવાયી યુનિવર્સિટી બની રહે.

આજથી દોઢસો વર્ષ પૂર્વે મૅકૉલે-પ્રણાલિ નીચે ભારતમાં ત્રણ યુનિવર્સિટીઓની સ્થાપના થઈ. આ ત્રણે યુનિવર્સિટીઓ તે સમયની લંડન યુનિવર્સિટીના નમૂના ઉપર રચાઈ છે. હવે ઇંગ્લંડમાં તો સામાજિક પરિવર્તન અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે તાલમેલ હોવાને કારણે આ ૧૫૦ વર્ષોમાં લંડન યુનિવર્સિટીમાં ઘણું પરિવર્તન થયું છે. એક ઉદાહરણ તરીકે બી.એ. પરીક્ષાનો ગણિતનો પ્રશ્નપત્ર લઈએ. આવા એક પેપર ઉપર નીચે પ્રમાણે મથાળું છે :

યુનિવર્સિટી ઑફ લંડન
કિંગ્સ કૉલેજ
બી.એ. પરીક્ષા
ગણિત પેપર-૧

બીજા ઉપર મથાળું છે :

યુનિવર્સિટી ઑફ લંડન
ક્વિન ઇલિઝાબેથ કૉલેજ
બી.એ. પરીક્ષા
ગણિત પેપર-૧

અને બન્ને પેપરના પ્રશ્નો તદ્દન જુદા છે. બન્ને કૉલેજો લંડન યુનિવર્સિટીની છે, પણ બન્નેએ પોતપોતાના જુદા અભ્યાસક્રમો ઘડ્યા છે, જુદી પરીક્ષાઓ લે છે અને સમાજમાં વિદ્યાર્થી લંડન યુનિવર્સિટીની ફલાણી કૉલેજના વિદ્યાર્થી તરીકે જાય છે! આમ, સમય જતાં લંડન યુનિવર્સિટીએ પોતાનું સ્વરૂપ બદલી સમાજને અનુકૂળ સ્વરૂપ લઈ લીધું છે. આપણી યુનિવર્સિટીઓએ પણ કૉલેજોને સ્વાયત્તતા બક્ષી સમયાનુકૂળ પરિવર્તન કરવું જોઈએ.

પણ કૉલેજોને સ્વાયત્તતા બક્ષવા માત્રથી પરિસ્થિતિ સુધરી જશે તેવું નથી. એમ જુઓ તો આપણી યુનિવર્સિટીઓ પણ સ્વાયત્ત જ છે અને છતાં સમાજ પ્રત્યેના યુનિવર્સિટીના ઉત્તરદાયિત્વનો પ્રશ્ન તો ઊભો જ છે. ઉપરથી લદાયેલી આપણી ઉચ્ચ શિક્ષણ-વ્યવસ્થાનું બીજું લક્ષણ છે રૂઢિચુસ્તતા. આપણે ત્યાં શિક્ષણમાં અવનવા પ્રયોગો પ્રાથમિક શિક્ષણમાં ઘણા થયા છે; માધ્યમિક શિક્ષણમાં પણ થોડા પ્રયોગો થયા છે; પણ ઉચ્ચ શિક્ષણમાં આવા 'કાંઈક નવું કરવાના' પ્રયોગો કદાચ થયા જ નથી. આજે દેશમાં ૧૩૦થી વધુ યુનિવર્સિટીઓ હશે, પણ તેમાંની ઘણીખરી તો ૧૫૦ વર્ષ પહેલાં પેલી ત્રણ યુનિવર્સિટીના પુનરાવર્તિત મૉડેલ સમી જ છે.

સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ સિદ્ધ કરવા માટે જરૂરી છે કે કૉલેજો તેમની સ્વાયત્તતાનો ઉપયોગ સમાજની નવી નવી જરૂરતોને સંતોષવા માટે અવનવા વિષયોનું શિક્ષણ પ્રયોજે કે શિક્ષણની અવનવી પદ્ધતિઓ વિકસાવે. યુનિવર્સિટી કે કૉલેજના શિક્ષકોએ અને શિક્ષણવિદોએ તેમની વ્યાખ્યાન-શિક્ષણ પદ્ધતિના મોહમાંથી છૂટા થઈ, ઉચ્ચ શિક્ષણને એક સામાજિક સેવા તરીકે ગણી તે માટે અવનવા શિક્ષણ-પ્રયોગો વિકસાવવા જોઈએ. ઉચ્ચ શિક્ષણના હેતુ અને પ્રાથમિકતાઓને આધુનિક સમાજની નવી ઊભી થયેલી જરૂરતો પૂરી કરવાના ધ્યેયથી પુનઃનિશ્ચિત કરવા જોઈએ.

ઉપસંહાર

આપણે ત્યાં ઉચ્ચ શિક્ષણમાં, આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજોનું બાહુલ્ય છે તેથી ઉપરની ચર્ચા દરમિયાન આ ત્રણ વિદ્યાશાખાઓનું શિક્ષણ નજર સમક્ષ હતું. આથી પહેલું તો એ નોંધી લઈએ કે આઝાદી પછી આપણી ખેતીવાડી કૉલેજોએ સામાજિક જવાબદારી ઘણી ચુસ્તતાથી નિભાવી છે અને સમાજ-પરિવર્તન અને કૃષિ-યુનિવર્સિટીઓના શિક્ષણ-સંશોધન વચ્ચે સરસ તાલ-મેલ જોવા મળ્યો છે. વિજ્ઞાન, ટેક્નોલૉજિ અને વ્યવસ્થાપન ક્ષેત્રે, સામાજિક જરૂરતો પ્રમાણે નવા અભ્યાસક્રમો અને તેને અનુરૂપ શિક્ષણ ગોઠવવાની પ્રવૃત્તિ ધીમે ધીમે શરૂ થઈ રહી છે તેવાં ચિહ્નો છેલ્લાં પાંચક વર્ષથી દેખાઈ રહ્યાં છે તે આનંદની વાત છે. આશા રાખીએ કે આ પ્રવૃત્તિ વિકસે અને દસેક વર્ષમાં સમગ્ર ઉચ્ચ શિક્ષણને આવરી લે. □

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતનો કલાપ્રવાહ

— નટુ પરીખ —

૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે ભારત આઝાદ થયું તે પૂર્વે ચિત્ર-શિલ્પ કળાનું સ્થાન, માન, કે પ્રચાર કેટલાં હતાં તે પર એક દૃષ્ટિપાત કરવો જરૂરી છે. ૧૮૮૦માં ગ્રેટ બ્રિટનમાં જે ફેરફારો થયા તેની અસરમાં ત્યાં અને અહીં કલાશાળાઓ સ્થપાઈ. અંગ્રેજ શાસકોએ કલકત્તા, મદ્રાસ, મુંબઈ, લખનઊ જેવાં ચારેક શહેરમાં કલાશાળાઓ સ્થાપી. તેમાં શિખવનાર શિક્ષકો પણ પરદેશીઓ હતા. તેનો અભિગમ વાસ્તવવાદી હતો. ભારતના લોકોને આ અભિગમ સદી ગયો હતો. ભારત પાસે ભવ્ય કલાવારસો છે એ વાત જાણે ભુલાઈ ગઈ. તેનો આ વારસો દેખાય એવાં તેની પાસે કોઈ જાહેર સંગ્રહાલયો નહોતાં.

૧૮૯૦માં 'બૉમ્બે આર્ટ સોસાયટી' સ્થપાઈ. બરાબર તે જ સમયે ગુજરાતમાં વડોદરામાં ગાયકવાડ સરકાર તરફથી 'કલાભવન' સ્થપાયું, જ્યાં પાછળથી મુંબઈથી પાછા ફરેલા સોમાલાલ શાહ પ્રમોદકુમાર ચેટર્જી પાસે ભારતીય કલારીતિ પ્રમાણે તૈયાર થયા. તેમના કહેવા પ્રમાણે વિદ્યાર્થીઓને ભારતીય રીતિ નહોતી ગમતી અને બાદ તેમણે તેમની કલ્પનાભૂમિ બંગાળમાં 'ઓરિએન્ટલ આર્ટ સોસાયટી'માં પક્વતા મેળવી. પછીથી તેમની કર્મભૂમિ ભાવનગર રહી. તેમના સમકાલીન જગુભાઈ શાહ હતા, જે શરૂમાં ભાવનગર રહ્યા ને પછી દિલ્હી તેમની કર્મભૂમિ થઈ. તે મૉડર્નિસ્ટ હતા.

ગુજરાતમાં ત્યારે રાજારજવાડાં પોર્ટ્રેટ્સ કરાવતાં. તેવો એક સંગ્રહ રાજકોટના જ્યુબિલી હૉલમાં સચવાયો છે ને પૂરી ગુણવત્તાવાળો છે.

સયાજીરાવ મહારાજ અને જામ રણજિત (જામનગર) કલાને પોષતા. આજેય બંનેનો સંગ્રહ ઊંચી કોટિનો છે ને હયાત છે. જામસાહેબને મદદમાં કોઈ કલાકાર જોઈતો હતો. રાજા રવિ વર્માએ કેશવલાલ કારખાનીસને મદદમાં આપેલ, જે બીજાઓ માટે પણ તસ્વીરો બનાવતા. પાછળના કાળમાં નારાયણ ખરેને પોરબંદરના મહારાણાએ પૅરિસ મોકલેલા. આ સમયના આ કલાકારો કસબને ગોપિત રાખતા.

ગુજરાત સાથે સંકળાયેલા બીજા ચિત્રકારોમાં મુંબઈના ચિત્રકાર ઓડ. રાજકોટના છોટાલાલ તેજપાળ. વઢવાણના છો નાનાલાલ જાની અને ત્રિભુવન પટેલ હતા. આ સૌ તસ્વીરો બનાવવામાં પાવરધા હતા. પરદેશી કલાકારો વ્યક્તિને સામે બેસાડીને ચિત્રો કરતા. જ્યારે આપણા ચિત્રકારો ફોટોગ્રાફ વાપરતા. તેવા જ મુંબઈમાં તૈયાર થયેલ અમૃત વહાણ હતા. પાલનપુરના નવાબ તેમને લાવેલા. મુંબઈના તે ડિપ્લોમાધારક હતા. એ. એલ. સૈયદના મોટાભાઈ કે. એલ. સૈયદ હતા. તે ફોટોકલામાં નિષ્ણાત હતા.

આ સૌના પુરોગામી તે રાજા રવિ વર્મા. તે ચિત્રો કરવા વડોદરાના સયાજીરાવ મહારાજ પાસે રહેલા. ત્યાં વીસ જેટલાં પૌરાણિક ચિત્રો કર્યાં. તેઓ ભાવનગર અને અમદાવાદમાં પણ રહેલા. અમદાવાદમાં સર ચિનુભાઈ બેરોનેટે તેમને રોકેલા. તેમની પાસે કુટુંબનાં તૈલચિત્રો કરાવેલાં. ૧૮૯૨થી રાજા રવિ વર્માની પૌરાણિક છબીઓ પ્રસિદ્ધ થવા લાગેલી. આ ચિત્રો છાપવા મુંબઈના ખટાઉ શેઠીઆએ જર્મન કારીગરો બોલાવી લોનાવાલામાં

રસિકલાલ પરીખ



સોમાલાલ શાહ



છગનલાલ જાદવ



દેવજીભાઈ વાજા



રવિ વર્મા – ચિત્ર છાપખાનું નાખેલું. એમના ચિત્રોની મોટા કદનાં સર્વત્ર પહોંચી ગયેલી. ત્યારેની ધુરંધર અને પંકાયેલા ચિત્રકાર હતા.

૧૯૧૦પછી એક મોટું પરિવર્તન આવ્યું. ડૉ. આનંદ-કુમાર સ્વામીએ ગુજરાતના જૈન ભંડારો અને ભીંતચિત્રોને વખાણ્યાં અને કહ્યું કે, 'ગુજરાત પાસે જો કાંઈ ઉત્તમ હોય તો તે આ જૈન પોથીચિત્રો છે.'

૧૯૨૫માં સ્વ. રણજિતરામ વાવાભાઈ મહેતાના પ્રયાસથી સુરતમાં સાહિત્ય પરિષદ યોજાયેલી. તે સાથે કલાપ્રદર્શન પણ થયેલું. તેમાં રવિશંકર રાવળની કૃતિઓ મુકાઈ અને તેમને રૌપ્ય ચંદ્રક મળ્યો. ત્યાર પછી સોમાલાલ શાહને અને રસિકલાલ પરીખને પણ આ ચંદ્રકો મળ્યા. ૧૯૩૪માં યજ્ઞેશ્વર શુક્લ, જે મુંબઈમાં હતા તેમને મેયો મેડલ મળ્યો. તે મુંબઈમાં જ સર જે. જે.માં જ પ્રાધ્યાપક રહેલા ને જીવનના ઉત્તરાર્ધમાં અમદાવાદ આવી વસેલા. તેમના પિતા કલ્યાણભાઈ પણ ચિત્રકાર હતા. યજ્ઞેશઅવર શુક્લ ચિત્ર ઉપરાંત એચિંગના જાણકાર હતા. ૧૮૯૮માં અજંતાના કલામંડપો ગ્રિફિથ્સ દ્વારા બહાર પડી ચૂક્યા હતા. હવે ભારતીય કલા લોકોની નજરમાં દેખાવા માંડી હતી. છતાં જ્યારે ૧૯૩૪ આસપાસ અમૃતા શેરગીલને બોમ્બે સોસાયટીનો એવૉર્ડ મળ્યો ત્યારે પાશ્ચાત્ય ઢબે ચિત્રો કરનાચ તેની ટીકા કરતા હતા.

૧૯૧૯માં રવિશંકર રાવળે ગુજરાતમાં અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી. વિનાશુલ્ક, પોતાને ત્યાં 'ગુજરાત કલાસંઘ' જેવી સંસ્થા ઊભી કરી યુવા પેઢીને ચિત્રતાલીમ આપી. તેમાં કનુ દેસાઈ, રસિકલાલ પરીખ, છગનલાલ જાદવ, યજ્ઞેશ્વર શુક્લ, બંસી વર્મા, ચંદ્ર, કૃષ્ણલાલ ભટ્ટ, ત્રિગુણાત્મક પંચોલી, ધીરુ ગાંધી, વ્રજલાલ ત્રિવેદી, કુમાર મંગલસિંહજી, દેવજીભાઈ વાજા, રશ્મિ ખત્રી, દશરથ પટેલ, શાંતિ શાહ અને માધવલાલ રાવળ મુખ્ય હતા.

રવિશંકર રાવળ



રાજા રવિ વર્મા



કૃષ્ણલાલ ભટ્ટ



સરિતા નાણાવટી અને અન્ય બહેનો પણ હતાં. કુલ ૫૦ જેટલા કલાર્થીઓને પોતાના અંતેવાસી બનાવી આગળ મૂક્યા. વડોદરામાં ભણતા જ્યોતિ ભટ્ટ અને ગુલામ શેખને પણ તેમની પાસેથી સથવારો ને સ્નેહ મળ્યા હતા. પ્રદ્યુમ્ન તન્ના (હાલ ઇટાલીમાં) એ પણ પોતાની કલાકૃતિઓ દ્વારા ધ્યાન ખેંચ્યું.

ગુજરાતમાં આઝાદી પછી કલા વિકસે તેવી ભૂમિકા તો મુ. રવિભાઈએ તૈયાર કરી જ હતી. આજે એ કલાનું વટવૃક્ષ બની અનેક શાખા પ્રશાખાઓમાં વિસ્તર્યું છે. તેમણે સ્થાપેલા 'કુમાર' માસિક દ્વારા પણ કલાનો ને સાહિત્યનો પ્રસાર થયો. ચિનુભાઈ બૅરોનેટે કલાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપેલી. તેમણે પોતાને ત્યાં પણ શિક્ષણ આપવા ઉત્તમ કોટિના કલાકારોને રોકેલા. રવિભાઈના શિષ્ય નહિ એવા સ્વબળે વિકસેલા પૉર્ટ્રેટના કલાકાર હીરાલાલ ખત્રી હતા. તસ્વીર-કલામાં રવિભાઈના જ શિષ્યો જગન મહેતા અને પ્રાણલાલ પટેલ હતા. મફતલાલ દૂધિયા શ્રીદામ ભટ્ટની જોડી પણ જાણીતી હતી.

આ સમયની એક ઘટના નોંધપાત્ર છે. શ્રીમતિ હઠિસીંગને કારણે કલાઆચાર્ય અવનીન્દ્રનાથ ટાગોરનો મુગલ તેમજ રાજપૂત અને બંગાળી કલાસંગ્રહ ગુજરાતમાં ઊતર્યો, જે કસ્તુરભાઈ લાલભાઈના સંગ્રહમાં છે.

ર. મ. રાવળ કહે છે, 'અમદાવાદમાં ૧૯૨૭માં ભારત કલામંડળની સ્થાપના થઈ. ૧૯૨૭ની ૨જી તારીખે ગુજરાતની કલાનો ખરો ઇતિહાસ અહીંથી શરૂ થયો.' તેનું મંગલ પ્રવચન ઓ. સી. ગાંગુલીએ કરેલું.

૧૯૧૮માં મગનલાલ ત્રિવેદી કરાચીથી આવેલા. તેઓરાજકોટમાં રહ્યા. સનત ઠાકર તેમની પાસે તૈયાર થયા અને સાથીદાર બન્યા. જેથી એક કલાપ્રવાહ સૌરાષ્ટ્રમાં વહ્યો : ભૂપત લાડવા, એમ. નકુળ, વનરાજ માળી, મનહર મકવાણા પ્રતાપસિંહ જાડેજા વગેરે. ભાવનગરમાં કુમાર મંગલસિંહજી લાઠી અને ખોડીદાસ પરમાર હતા.

૧૯૩૬નું વર્ષ અગત્યનું. બોમ્બે આર્ટ સોસાયટીના પ્રદર્શનમાં રસિકલાલ પરીખને સુવર્ણ ચંદ્રક મળ્યો. રવિશંકર રાવળ પછી ૨૦ વર્ષે બીજા ગુજરાતની ચિત્રકારને આ માન મળ્યું હતું. આ મેડલ ત્યારે શુદ્ધ સુવર્ણનો સાત તોલાનો રહેતો. અહીં કલા વિકાસના પાયાનો એક

તબક્કો પૂરો થાય છે.

૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે ભારત આઝાદ થયું. આઝાદીની લડત, તેના ગગનભેદી નારા, પ્રભાતફેરીઓ, સભાઓ ને સરઘસો આપણી જૂની પેઢીએ જોયેલાં છે. આ યુગ એટલે ગાંધીયુગ. રવિભાઈ પછીની પેઢીના કામમાં ગાંધીયુગી અસર છે જ. ૧૯૫૦ના અરસામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કુલપતિ પદે હંસા મહેતા હતાં. તેમના પરિશ્રમ અને ઉત્સાહથી ફાઈન આર્ટ ફેકલ્ટિની સ્થાપના થઈ. મુ. રવિભાઈ તેના મુખ્ય સલાહકાર હતા. તે સમગ્ર ભારતની કલાના સંપર્કમાં હતા. આ નવી ફેકલ્ટિના આચાર્ય માર્કન્ડ ભટ્ટ હતા અને ચિત્રશિલ્પમાં નારાયણ શ્રીધર બેન્દ્રે, શંખો ચૌધરી અને મની સાહેબ હતા. આ કલાશાળા દ્વારા ગુજરાતની કલામાં ભરતી આવી. ભારતીય તથા અદ્યતન બન્ને કલા સૂઝસમજ સાથે અહીં શીખવાતી. તેનો મુખ્ય ઝોક અદ્યતન પ્રવાહો સાથે રહ્યો. પ્રાયોગિક સાથે થીઅરિ શીખવાતી.

વી. આર. આંબેરકર અભ્યાસક્રમ ઘડવામાં સાથે હતા. થીઅરિમાં વિષ્ણુભાઈ ભટ્ટ અને પાછળથી ડૉ. પારિમુએ શાખાને ખૂબ વિકસાવી. ગ્યાસીલાલ વર્મા દ્વારા, ભારતીય મ્યૂરલ ટેક્નિક શીખવાતી. સિરેમિકમાં કુમુદ પટેલ હતાં. ગ્રાફિક્સમાં હસમુખ પટેલે પાયાનું કામ કર્યું.

ચિત્ર, શિલ્પ, મ્યૂરલ, ગ્રાફિક્સ, પૉટરી, વ્યવહારુ કલા, પ્રિન્ટિંગ, ફોટોગ્રાફી અને મ્યુઝિઓલૉજિ વગેરેને આવરી લેવાયાં. ગુજરાતમાં તે સાથે એક કલાની લાઇબ્રેરી ઊભી થઈ અને વડા ગુરુઓને હાથ એક જૂથ તૈયાર થયું જેમાંથી પ્રાધ્યાપકપદે પણ પહોંચ્યા. ને વળી નવી પેઢી ઊભી કરી.

એ જ રીતે અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાં પણ કલાશાળા સ્થપાઈ. ઇન્દુમતી શેઠ, ઝીણાભાઈ દેસાઈ-'સ્નેહરશ્મિ', હરિકૃષ્ણ આણંદજીવાલાએ ઘણો શ્રમ લીધો. સરકાર સાથે વાટાઘાટો કરી. પૂરા સમયનો અભ્યાસક્રમ મૂક્યો. જોકે તેમાં ચિત્રશિક્ષકની તાલીમ મુખ્ય હતી. તેના આચાર્ય રસિકલાલ પરીખ હતા, ને સહકાર્યકરોમાં કાલીદાસ શાહ, કનુ શાહ ને છેલશંકર વ્યાસ હતા. ગુજરાતમાં તે બાદ ૧૬ જેટલાં કલાકેન્દ્રો ખુલ્યાં જે દ્વારા ગુજરાતની શાળાઓ માટે સારા શિક્ષકો મળ્યા. વડોદરામાં પણ કલાશિક્ષક માટે સંસ્થા ખૂલી. પ્રદ્યુમ્ન દવે તેમાં મુખ્ય હતા. બાદ શેઠ સી. એન. કલાવિદ્યાલય ચિત્ર, શિલ્પ, વ્યાવહારિક કલા અને ચિત્રશિક્ષક તાલીમ સાથે પૂર્ણ કલાશાળા પૂર્ણરૂપે વિકસી. તેના કલાવિભાગમાં રસિકભાઈ સાથે નટુ ભાવસાર, શકરાભાઈ પટેલ, નાગજીભાઈ ચૌહાણ તથા નટુભાઈ પરીખ રહ્યા. તેમને હાથે અનેક કલાર્થીઓ તૈયાર થયા. શિલ્પમાં ઍસ્થર ડૅવિડ અને થીઅરિમાં ડૉ. સુરેશ શેઠ હતા. ચિત્રકલા સાથે વ્યવહારુ કલા વિકસી. અરવિંદ દેસાઈ તેમાં મુખ્ય હતા. તે શાખાને તેમણે પૂરી વિકસાવી.

તે જ રીતે વલ્લભવિદ્યાનગર અને અમલસાડ વિકસ્યાં. વિદ્યાનગરમાં શિલ્પક્ષેત્રે રજની પટેલ, મમતા પટેલ તથા ગ્રાફિક્સમાં અજિત પટેલ, ભરત વટાલિયા ઉલ્લેખનીય ગણાય. દક્ષિણ ગુજરાતનો કલાવિકાસ અમલસાડને આભારી છે. તેના આદ્ય સ્થાપક જસુભાઈ નાયક હતા. તાજેતરમાં ભાવનગર યુનિવર્સિટીએ પણ એક કલાકેન્દ્ર ઊભું કર્યું છે, જેનું સંચાલન વિનાયક પંડ્યા અને ભરત પંડ્યાએ સંભાળ્યું. ભાવનગરનું કેન્દ્ર ઊભું કરવામાં ખોડીદાસ પરમારે સક્રિય રસ લીધો છે.

૧૯૬૧માં ગુજરાત રાજ્યે ગુ. રા. લલિતકલા અકાદમી સ્થાપી. કલાને ખૂબ વેગ મળ્યો. હવે કલાકારોને રાજકક્ષાએ સન્માન અને શાલ-સરપાવ મળતાં થયાં. વિદ્યાર્થી તથા કલાકારને રોકડ ઇનામો મળવા લાગ્યાં. પ્રતિવર્ષ રાજ્યકક્ષાએ પ્રદર્શનો યોજાય છે, જેમાં સમગ્ર ગુજરાતના કલાકારો ભાગ લે છે. ચિત્રકલાનો વ્યાપ હવે બાળચિત્રકળા સુધી વધ્યો. યુવા પેઢી માટે પ્રતિવર્ષ જુદી જુદી કલાશિબિરો થાય છે. અમદાવાદના રવિશંકર રાવળ કલાભવન અને બીજી ગૅલરિઓમાં નિયમિત પ્રદર્શનો થાય

ભૂપેન ખખ્ખર



રણજિતરામ વાવાભાઈ



સયાજીરાવ ગાયકવાડ





જગુભાઈ શાહ　　　શ્રી બેન્દ્રે　　　શ્રી ચૌધરી



હીરાલાલ ખત્રી



ગુલામ શેખ

છે. વડોદરા અને બીજાં શહેરોમાં પણ પ્રદર્શનો થાય છે. પીઢ કલાકારો તો ગુજરાત બહાર પણ પ્રદર્શનો યોજે છે. સરકાર તરફી સંચાલનમાં તેના નિષ્ઠાવાન કાર્યકરોમાં પ્રથમ સચિવ ભગવતી શાહ હતા. બાદ રમેશ પરમાર અને ગૅલરિ સંચાલનમાં નિરંજન ત્રિવેદી રહ્યા.

વડોદરાની કલાશાળામાં મુંબઈથી તૈયાર થયેલા ગુજરાતી ચિત્રકાર જયરામ પટેલ આવ્યા. તેમણે પોતાની આગવી છાપ ઊભી કરી. તે લલિતકલા સ્વાયત્ત થતાં તેના અધ્યક્ષ થયા અને ગુજરાતના કલાક્ષેત્રે વધુ સક્રિય થયા. આ નવી સ્વાયત્ત અકાદમીનું બંધારણ ઍસ્થર ડેવિડ અને સહકાર્યકરોએ કર્યું.

અમદાવાદની કલાના પ્રોત્સાહકોમાં ઊર્મિલાબહેન કનોરિયા મોખરે છે. અનિલ રેલીઆએ ૧૦૫ કલાકારોનાં ચિત્રોનું સુંદર પ્રદર્શન યોજ્યું. ગુજરાતને અમદાવાદના ચિત્રકારોની એક સુંદર પુસ્તિકા આપી. વડોદરા આઈ.પી.સી.એલ. અને સુરેન્દ્ર પટેલ પણ કલાપ્રોત્સાહકો છે.

(આંબેરકર અને તેમનું શિષ્યવૃન્દ)



બેન્દ્રેના પ્રથમ જૂથના કેટલાક કલાકારોએ હવે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. ગુજરાતની સુવાસ દેશ-પરદેશમાં ફેલાઈ છે. બીજી બાજુ રસિકલાલ પરીખની પ્રેરણાથી પણ એક સારું જૂથ ઊભું થયું તે પણ કલાની સુવાસ ફેલાવી રહ્યું છે. કલાવિષયક લેખનકાર્યમાં ખોડીદાસ પરમાર ડૉ. પારિમુ, વાસુદેવ સ્માર્ત, ગુલામ શેખ, પરીખ, ડૉ. સુરેશ શેઠ, પ્રતાપસિંહ જાડેજા, ઍસ્થર ડેવિડ, બંસીલાલ દલાલ, માધવ રામાનુજે મહત્ત્વનું કાર્ય કર્યું છે.

ગ્રાફિક્સ ક્ષેત્રે જયંત પરીખ, ધુમાલ, શ્રીમતી રીની ધુમાલ અને ડ્રૉઈંગ્સ બાબતે વૃંદાવન સોલંકીએ ફાળો આપ્યો છે.

ગુજરાતમાં પહેલાં શિલ્પ ખૂબ સામાન્ય સ્તરે હતું. તેને સ્થાને કાંતિભાઈ કાપડિયા, મહેન્દ્ર પંડ્યા, ગિરિશ ભટ્ટ, પંચાલ રજનિકાંત, રાઘવ કનેરિયા, નરેન્દ્ર પટેલ, નાગજી પટેલ, પિરાજી સાગરા, કૃષ્ણ છાતપર, નાગજીભાઈ ચૌહાણ અને રાજેશ સાગરા અગ્રીમ સ્થાને રહ્યા ને સારાં સર્જનો કર્યાં.

વ્યક્તિશિલ્પમાં કાંતિ પટેલે ખૂબ ઊંચી કોટીનું કામ કર્યું. કોલ્હાટકર અને કેળકર પણ જૂની પેઢીના શિલ્પીઓ હતા. તેમને હાથે અનેક સ્મારક-શિલ્પો થયાં.

સ્રી કલાકારોમાં શ્રીમતી પ્રભા ડાંગરે, નયના દલાલ, ઍસ્થર ડેવિડ, ઊર્મિ પરીખ, જ્યોતિબહેન પંડ્યા, નીલીમા શેખ અને નંદા ગજરાવાલા, શ્રીમતિ રંજનબહેન પટેલ, કોકિલા દવે, સંતોકબહેન દૂધાત, પ્રભા ડોંગરે વગેરેનું કાર્ય પણ નોંધપાત્ર છે.

વડોદરાના કલાકારોમાં શાંતિ દવે, જ્યોતિ ભટ્ટ, વિનોદ શાહ, વિનોદરાય પટેલ, જયંત પરીખ, વિનય ત્રિવેદી, ગુલામ શેખ, ભુપેન

(અનુસંધાન પાન ૪૫૯ ઉપર)

—— રમતગમત : પચાસ વર્ષેય ——

‘પછાત’


—————— કુમારપાળ દેસાઈ ——————

ઈ.સ. ૨૦૦૦માં સિડનીમાં ખેલાનારી ઑલિમ્પિકમાં ભારતને સર્વપ્રથમ વ્યક્તિગત સુવર્ણચંદ્રક કે રૌપ્યચંદ્રક કોણ હાંસલ કરાવી આપશે, એની આઝાદીની અર્ધશતાબ્દીએ આતુરતાથી રાહ જોવાય છે! આ અંગે સૌથી વધુ શક્યતા ભારત્તોલન સ્પર્ધામાં કરનામ મલ્લેશ્વરી ધરાવે છે. ૧૯૯૪માં અર્જુન ઍવૉર્ડ અને એ પછી રાજીવ ગાંધી ખેલ-રત્ન ઍવૉર્ડ મેળવનારી કરનામ મલ્લેશ્વરીએ દક્ષિણ કોરિયાના પુસાનમાં યોજાયેલી એશિયાઈ સ્પર્ધામાં ૫૪ કિલોના વિભાગમાં ત્રણ સુવર્ણચંદ્રક મેળવ્યા હતા. ક્રિકેટર સચિન તેંડુલકર જેવી ખ્યાતિ કે વિશ્વનાથન આનંદ જેવી સંપત્તિ મલ્લેશ્વરીએ મેળવી નથી, પરંતુ અત્યારે ઈ.સ. ૨૦૦૦ની સિડની ઑલિમ્પિકમાં ભારતની રેલવે પોલીસ હેડકૉન્સ્ટેબલની સુદૃઢ ‘મસલ્સ’ ધરાવતી પુત્રી મલ્લેશ્વરી માટે ઑલિમ્પિક સુવર્ણચંદ્રકની આશા રાખવામાં આવે છે. ભારતની ઑલિમ્પિક સુવર્ણચંદ્રક માટેની બીજી આશા શૂટિંગમાં જસપાલ રાણાની છે. જસપાલ રાણા ૨૫ એમસ. સેન્ટરફાયર પિસ્તોલ સ્પર્ધામાં ૧૯૯૪માં હિરોશિમામાં યોજાયેલી એશિયાઈ સ્પર્ધામાં નવો એશિયાઈ વિક્રમ સ્થાપી ચૂક્યા છે. એ જ રીતે ૧૯૯૫ના નવેમ્બરમાં દિલ્હીમાં યોજાયેલી સર્વપ્રથમ કૉમનવેલ્થ શૂટિંગ ચૅમ્પિયનશિપમાં ભારતે મેળવેલા ૧૨ સુવર્ણચંદ્રકમાંથી ૮ સુવર્ણચંદ્રક એકલા જસપાલ રાણાએ મેળવ્યા હતા. હવે ઑલિમ્પિકમાં એના દેખાવ પર સહુની નજર ઠરેલી છે.

આજે વિશ્વના હૉન્ગકૉન્ગ, કેન્યા, સૂરીનામ, ઇથિયોપિયા, મોરક્કો જેવા નાના દેશો ઑલિમ્પિક સુવર્ણચંદ્રક હાંસલ કરનારા ખેલાડીઓ ધરાવે છે, જ્યારે દુનિયાની વસ્તીમાં બીજા ક્રમે આવતું ભારત હજી રમતગમત ક્ષેત્રે ‘પછાત’ જ ગણાય. એનાં ઘણા ઉદાહરણ મળી રહે. જેમ કે લૉન ટેનિસના પ્રથમ એકસો ખેલાડીમાં આજે કોઈ ભારતીય ખેલાડી સ્થાન ધરાવતો નથી. તાજેતરમાં કલકત્તામાં એક લાખ અને ત્રીસ હજાર દર્શકો ફૂટબોલની મૅચ જોવા ઊમટ્યા, પરંતુ આમાં સુંદર દેખાવ કરનાર ખેલાડીઓ ભારતીય નહિ, પણ વિદેશથી આયાત થયેલા છે. સિક્કીમનો ભૂતિયા કે નાઈજિરિયાનો ચીમા ઓરકે જેવા ખેલાડી કલકત્તાના ફૂટબોલ પર પ્રભુત્વ ધરાવે છે. આ પરિસ્થિતિ દેશના રમતદારિદ્ર્યને સૂચવે છે.

હૉકીમાં આઠ વખત ઑલિમ્પિક સુવર્ણચંદ્રક મેળવવાનો વિશ્વવિક્રમ ભારત ધરાવે છે. ૧૯૨૮થી ૧૯૫૬ સુધી ભારતે સતત છ વખત ઑલિમ્પિક સુવર્ણચંદ્રક હાંસલ કર્યા અને ત્યારબાદ ૧૯૬૪ની ટોકિયો ઑલિમ્પિક અને ૧૯૮૦ની મૉસ્કો ઑલિમ્પિકમાં ભારતે સુવર્ણચંદ્રક મેળવ્યો. એ પછી ભારત હૉકીની રમતમાં ક્રમશઃ પીછેહઠ કરે છે! ૧૯૮૪ની ઑલિમ્પિકમાં પાંચમા, ૧૯૮૮ની ઑલિમ્પિકમાં છઠ્ઠા,

લીંબા રાવ



સચીન તેંડુલકર



કપીલ દેવ



પી. ટી. ઉષા



૧૯૯૨ની ઓલિમ્પિકમાં સાતમા અને ૧૯૯૬ની ઓલિમ્પિકમાં ભારત આઠમા સ્થાને આવ્યું! એક સમયે હૉકીવિશ્વમાં એકચક્રી આણ ધરાવનાર ભારતને આજે સ્પર્ધામાં ખેલવાની 'યોગ્યતા' મેળવવા મરણિયો પ્રયાસ કરવો પડે છે.

સવાલ એ છે કે આઝાદી પછી ભારત રમતક્ષેત્રે કેમ એકધારી પ્રગતિ કરી શક્યું નહીં? ભારતીય રાજકારણે જેમ રાષ્ટ્રજીવનનાં બધાં ક્ષેત્રોમાં પગપેસારો કર્યો, એ રીતે રમતક્ષેત્રને પણ રાજકારણનો હાથો બનાવવામાં આવ્યું છે. ભારતીય ઓલિમ્પિક મંડળ હોય કે પછી ભારતીય હૉકી ફેડરેશન હોય - બધે જ જૂથવાદ, સગાવાદ, રાજ્યવાદ કે ઝોનવાદ જામેલો છે. હવે તો રાજકીય પક્ષો પણ રમતમંડળો પર પોતાનો પગદંડો જમાવવા લાગ્યા. રમતમંડળોના નિકૃષ્ટ રાજકારણે હૉકીમાં પૃથિપાલસિંહ અને અશોકકુમાર, ટેનિસમાં વિજય અમૃતરાજ અને રમેશ ક્રિશ્નન અને ક્રિકેટમાં વિનુ માંકડ, પોલી ઉમરીગર, મોહિન્દર અમરનાથ કે નયન મોંગિયા જેવા ખેલાડીઓને ઘોર અન્યાય કર્યો. બીજા દેશોમાં ખેલાડીઓ રમતમંડળમાં ઉચ્ચ હોદ્દાઓ પર સક્રિય હોય, જ્યારે આપણે ત્યાં રમતમંડળો પર સત્તાધારીઓ સત્તાની ખુરશી જમાવીને બેસી જાય છે. આજે ક્રિકેટમાં ભારતની ટેસ્ટ-ટીમ પસંદ કરનારી સમિતિમાં પાંચમાંથી ત્રણ સભ્યો ક્યારેય ટેસ્ટક્રિકેટ રમ્યા નથી. આથી તાજેતરમાં ભારતના શ્રેષ્ઠ બેડમિંગ્ટન ખેલાડી પ્રકાશ પડુકોણે રાષ્ટ્રિય બેડમિંગ્ટન ફેડરેશન સામે બળવો કર્યો અને પોતાનું નવું મંડળ રચ્યું.

રમતના વ્યાપક પ્રચાર માટે સઘન પ્રયત્નો થયા નહિ. હૉન્ગકૉન્ગ, સિંગાપોર જેવાં નાના દેશોએ પણ રમતગમતના પ્રસાર માટે વિશાળ પાયા પર મેદાનો, સાધનો, શિષ્યવૃત્તિ વગેરે સગવડો ઊભી કરી. ભારતમાં આવું બન્યું નહિ અને ટેનિસ, બિલિયર્ડ, સ્કવેશ, ગૉલ્ફ જેવી ઘણી રમતો તો માત્ર થોડા પૈસાપાત્ર વર્ગ સુધી જ સીમિત રહી. દેશની અડધી વસ્તી એટલી ગરીબ છે કે એ ટેનિસનાં સાધનો ખરીદી શકતી નથી કે કલબમાં જઈને બિલિયર્ડ જેવી રમત ખેલી શકતી નથી. વળી, રમતનો નિશાળો-કૉલેજમાં પ્રચાર થતો નથી. ઘણી નિશાળો પાસે સમ ખાવા માટે પણ રમતનું મેદાન હોતું નથી!

ક્રિકેટની રમત એની લોકપ્રિયતાને કારણે વધુ ધ્યાનાકર્ષક બની અને લોકચાહના પામી, પરંતુ એના પ્રમાણમાં બીજી રમતો ઉપેક્ષા પામી છે. પશ્ચિમ ભારતમાં મારો અનુભવ છે કે હૉકીની વાત કરો તો દસ ટકા શ્રોતાઓને પણ એમાં રસ નહિ પડે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે નિશાળ, કુટુંબ અને સમાજ ખેલકૂદને પ્રોત્સાહક વાતાવરણ ધરાવતું નથી. વિદેશમાં પાંચ-છ વર્ષે બાળક તરતા શીખે કે જિમ્નેસ્ટિક્સમાં ભાગ લેવા માંડે. જ્યારે આપણે ત્યાં ચૌદ-પંદર વર્ષે તરવાનું કે જિમ્નેશિઅમમાં જવાનું શરૂ કરતાં હોય છે. વાસ્તવિકતા એ છે કે આજે જિમ્નાસ્ટિક્સ કે સ્વિમિંગમાં ચૌદ-પંદર વર્ષનો છોકરો કે છોકરી વિશ્વવિજેતા બનતા હોય છે. ભારતે એશિયાઈ રમતોત્સવનું નવી દિલ્હીમાં આયોજન કરીને એશિયાઈ રાષ્ટ્રો માટે નવી સ્પર્ધાને જન્મ આપ્યો, પણ આજે એ એશિયાઈ રમતોત્સવ પર ચીન અને જાપાનનું પ્રભુત્વ છે.

ક્રિકેટમાં ભારતે સી. કે. નાયડુ, લાલા અમરનાથ, વિનુ માંકડ, વિજય હઝારે, પોલી ઉમરીગર, મનસૂર અલીખાન પટૌડી અને અજિત વાડેકર આપ્યા. ભારતના ઓપનર સુનિલ મનોહર ગાવસ્કરે તો ૧૯૭૧થી ૧૯૮૭ દરમ્યાન ૧૨૫ ટેસ્ટમાં ૧૦,૧૨૨ રન કરીને વિશ્વના અત્યંત સંગીન ઓપનર તરીકે માનભર્યું સ્થાન મેળવ્યું. ઓલરાઉન્ડર તરીકે કપિલદેવે સિદ્ધિનો નવો માનદંડ રચ્યો. ૧૯૯૪ની આઠમી ફેબ્રુઆરીએ સવારે સાડા દસ વાગે અમદાવાદના ગુજરાત સ્ટેડિઅમ પર શ્રીલંકાના તિલકરત્નેની વિકેટ લઈને કપિલદેવે ૪૩૨મી વિકેટ લીધી. પોતાની કારકિર્દીમાં

આનંદ



પારગેટ



ગીત સેઠી



લેન્ડર પીસ



૨૯.૬૪ની સરેરાશથી ૧૩૧ ટેસ્ટમાં ૨૭,૭૪૦ દડામાં ૧૨,૮૬૭ રન આપીને ૪૩૪ વિકેટ ઝડપીને કપિલદેવે સૌથી વધુ વિકેટ ઝડપવાનો નવો કીર્તિમાન રચ્યો છે. સચિન તેંડુલકરની બૅટિંગની નૈસર્ગિક શક્તિ જોઈને વિશ્વના મહાન બૅટ્સમેન ડોન બ્રેડમેન ખુશ થઈ ગયા. આમ છતાં ભારતીય ક્રિકેટના જમા પાસામાં ૧૯૭૧માં વેસ્ટ ઇન્ડીઝ અને ઇંગ્લન્ડ સામેનો વિજય અને ૧૯૮૩નો વર્લ્ડકપ – આ બે મુખ્ય ઘટનાઓ ગણી શકાય.

બિલિયર્ડમાં ભારત પાસે વિલ્સન જોન્સથી માંડીને ગીત સેઠી સુધીની ભવ્ય પરંપરા છે. વિલ્સન જોન્સ, માઈકલ ફરેરા, ગીત સેઠી અને મનોજ કોઠારી બિલિયર્ડમાં વિશ્વવ્યાપી નામના મેળવી ચૂક્યા છે. ૧૯૮૫માં ચોવીસ વર્ષની વયે વિશ્વવિજેતા બનેલો અમદાવાદનો ગીત સેઠી બિલિયર્ડની દુનિયામાં સૌથી નાની વયે વિશ્વવિજેતા બનનાર રમતવીર છે. દોડની સ્પર્ધામાં પી. ટી. ઉષાએ સામાન્ય સ્થિતિમાંથી અપાર મહેનત કરીને મહત્ત્વની સિદ્ધિ મેળવી. એણે એશિયાઈ સ્પર્ધામાં એશિયન ટ્રેક ઍન્ડ ફિલ્ડ સ્પર્ધામાં ૧૭ ચંદ્રક અને એશિયાઈ રમતોત્સવમાં અગિયાર ચંદ્રક મેળવ્યા. ૧૯૮૪ની ઑલિમ્પિકમાં પી. ટી. ઉષા ૪૦૦ મિટરની વિઘ્નદોડમાં ૫૫.૪૨ સેકન્ડના સમયથી ચોથા ક્રમે આવી હતી. માત્ર સેકન્ડના એક સોમા ભાગથીએ કાંસ્યચંદ્રક ચૂકી ગઈ હતી. એ જ રીતે દોડમાં મિલ્ખાસિંગનું નામ આજેય આદરપૂર્વક લેવાય છે. છેક ૧૯૬૦ની ૩૦ જાન્યુઆરીએ ૨૦૦ મીટર દોડનો ૨૦.૭ સેકન્ડનો 'ઊડતા શીખ' તરીકે જાણીતા મિલ્ખાસિંગનો વિક્રમ આજેય અતૂટ છે. ૧૯૬૦ની રોમ ઑલિમ્પિકની ૪૦૦ મિટરની અંતિમ સ્પર્ધામાં છઠ્ઠી સપ્ટેમ્બરે ૪૫.૬ સેકન્ડનો મિલ્ખાસિંગનો સમય ભારતમાં હજી કોઈ આંબી શક્યું નથી. ભારતમાં કેટલાંક આશાસ્પદ પુરુષ અને મહિલા દોડવીરો થયા, પરંતુ કોઈ દોડવીર ઑલિમ્પિક મેડલ મેળવી શક્યા નથી એ દુઃખદ હકીકત છે.

ચેસની રમતમાં ભારતનો વિશ્વનાથન આનંદ ગેરી કાસ્પારોવ જેવા ચેસના વિશ્વવિજેતાને ભીંસમાં લે છે. ૧૯૬૯ની ૧૧મી ડિસેમ્બરે જન્મેલો વિશ્વનાથન આનંદ ૧૯૮૫માં પંદર વર્ષની વયે આનંદ ઇન્ટરનેશનલ માસ્ટર બન્યો. ૧૯૮૭ની ૨૮મી ડિસેમ્બરે ૧૮ વર્ષ અને ૧૭ દિવસની ઉંમરે ભારતનો સર્વપ્રથમ ગ્રાન્ડમાસ્ટર બન્યો. ૧૭ વર્ષ અને ૨૨૫મા દિવસે વિશ્વનાથન આનંદે ૧૯૮૭ની બીજી ઑગસ્ટે વર્લ્ડ જૂનિઅર ટાઈટલ મેળવ્યું. ૧૯૯૫ની ૧૩મી સપ્ટેમ્બરથી ૧૦ ઑક્ટોબર સુધી ન્યૂ યૉર્કના પ્રસિદ્ધ વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં યોજાયેલી વિશ્વસ્પર્ધામાં વિશ્વવિજેતા ગેરી કાસ્પારોવ અને વિશ્વનાથન આનંદ વિશ્વ-ચેસની ફાઈનલ ખેલનારો પહેલો બિન-ગોરો ખેલાડી બન્યો. ૧૯૯૧માં વિશ્વનાથન આનંદે સુપર ગ્રાન્ડ માસ્ટર ટૂર્નમેન્ટમાં ગેરી કાસ્પારોવને હરાવ્યો હતો. આ ખેલાડી આવતીકાલે ચેસમાં વિશ્વવિજેતા બને તો નવાઈ નહિ; જ્યારે વસંતી, જયશ્રી અને રોહિણી એમ ત્રણ ખાડિલકર બહેનોએ ચેસમાં એક દાયકા સુધી પોતાનું અણનમ પ્રભુત્વ રાખ્યું. આવી જ રીતે તીરંદાજીમાં ભારતના લિંબારામે મોટી આશા ઊભી કરી હતી. તરણસ્પર્ધામાં મિહિર સેન અને આરતી સહાને આપણે યાદ કરીએ, પરંતુ એની સાથોસાથ હમણાં મિહિર સેનનું જે દયનીય હાલતમાં અવસાન થયું તે બાબત રમતવીરો પ્રત્યેની રાષ્ટ્રની ઘોર ઉપેક્ષા દર્શાવે છે. કબડ્ડી અને ખો-ખો એ ભારતની પોતીકી રમત ગણાય. કબડ્ડીની આંતરરાષ્ટ્રિય સ્પર્ધામાં ભારતે ઊજળો દેખાવ કર્યો છે, પરંતુ આ બંને રમત હજી એશિયાઈ સીમાડાઓની બહાર લેશમાત્ર લોકપ્રિય બની નથી. આમ, આઝાદીની અર્ધી સદીએ રમતગમતના વિકાસનો વિચાર કરીએ તો ભારત, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, જર્મની જેવા દેશોથી તો પાછળ છે જ, પરંતુ આફ્રિકન દેશો કરતાં પણ પાછળ છે. એશિયામાં પણ એનું પ્રભુત્વ નથી. આને માટે રમત પ્રત્યેની જાગૃતિ અને તેના વિકાસનાં ભગીરથ પ્રયત્નો એ જ એક ઉપાય છે. □

અનુસંધાન] સ્વતંત્રતાના પાંચ દસકાનો આર્થિક વિકાસ [૫૦૪થી

નિઃસ્વાર્થભાવે લોકહિતાર્થે કરવાની શક્તિવૃત્તિ ધરાવતા માણસોના હાથમાં રાજ્યની ધૂરા આવે છે એવા ગૃહીત પર આપણે ચાલી શકીએ તેમ નથી.

આંતરરાષ્ટ્રિય વેપાર અંગેની આપણી માન્યતા સાચી સાબિત થઈ નથી. અંતર્મુખ નીતિ અપનાવીને આપણે દેશમાં મોટી સંખ્યામાં બિનકાર્યક્ષમ ઉદ્યોગોને સ્થપાવાની તક આપી છે અને ઝડપથી વિસ્તરતા દુનિયાના બજારનો લાભ નિકાસો દ્વારા નહિ ઉઠાવીને દેશમાં આવક તથા રોજગારીની વૃદ્ધિને સીમિત રાખી છે. ભારતની તુલના દક્ષિણ કોરિયા કે ઇન્ડોનેશિયા જેવા નાના દેશો સાથે ન કરીએ, પણ ચીન જેવા મોટા દેશ સાથે કરીએ. ૧૯૯૪ના વર્ષમાં ચીનની નિકાસો તેની રાષ્ટ્રિય આવકના ૨૫ ટકા હતી, ત્યારે ભારતની નિકાસો તેની રાષ્ટ્રિય આવકના ૧૨ ટકાથી ઓછી હતી. ભારતનો જે ગરીબતમ ૪૫ વિકાસશીલ દેશોના જૂથમાં સમાવેશ થાય છે તેમની નિકાસો, એક જૂથ તરીકે, તેમની રાષ્ટ્રિય આવકના ૨૨ ટકા હતી. નિકાસો મર્યાદિત રહે એવી નીતિઓ અપનાવીને દેશે આંતરરાષ્ટ્રિય શ્રમવિભાજનના લાભો મોટા પ્રમાણમાં જતા કર્યા છે. તેના વિશે પુનર્વિચારણા કરવી જરૂરી છે.

આઝાદીની સુવર્ણજયંતી નિમિત્તે આપણે વીતેલા પાંચ દસકાઓના અનુભવોનું વસ્તુલક્ષી વિશ્લેષણ કરીને આગામી દસકાઓ માટે વધુ સારી નીતિઓ ઘડી કાઢવા માટે મનોમંથન કરીએ તો એ ઉજવણી ફળદાયી નીવડે. આ કામ રાજકીય પક્ષો કરી શકે તેમ નથી. તેઓ ભાવિ ચૂંટણીથી દૂર જોવાની દૃષ્ટિ ધરાવતા નથી! □

સ્વાતંત્ર્યના પચાસમા વર્ષે ગુજરાતી કાવ્યસાહિત્ય : એક ઝલકઝાંખી

ચંદ્રકાન્ત શેઠ

પંદરમી ઑગસ્ટ, ૧૯૯૭ના રોજ ભારતને સ્વાતંત્ર્ય મળ્યાને પચાસ વર્ષ થશે ને તે સાથે જ સ્વાતંત્ર્યોત્તર ભારતીય સાહિત્યને - ગુજરાતી સાહિત્યને પચાસ વર્ષ પૂરાં થશે. આવે તબક્કે સહેજેય આપણા સાહિત્યનું જરા આઘે રહીને દર્શન કરવાની - સિંહાવલોકન કરવાની વૃત્તિ થાય. ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે ધ્વજવંદન કરતાં આપણે જે હતા, આપણો દેશ જે હતો તેમાં બદલાવ આવ્યો છે ખરો? આવ્યો છે તો તે કેવો છે, કેટલો છે એ જાણવાનીયે આજે જિજ્ઞાસા જાગે તો સ્વાભાવિક છે.

જ્યારે આઝાદી આવી ત્યારે એકબાજુ ઉલ્લાસ હતો અને બીજી બાજુ હતી વેદના. ભારતને આઝાદી મળ્યાનો ઉલ્લાસ હતો તો ભારતના ભાગલા થયાની વેદના હતી. દિલ્હીમાં દિવાળી હતી ત્યારે નોઆખલીમાં હોળી! અનેક રાષ્ટ્રસેવકો જ્યારે સ્વાતંત્ર્યની રોશનીમાં રોકાયેલા હતા ત્યારે ગાંધીજી જેવા ભાગલાએ ભડકાવેલી આગને હોલવવામાં રોકાયેલા હતા. સૌને ગાંધીજીમાં પારાવાર શ્રદ્ધા હતી, તો જવાહરલાલ, સરદાર પટેલ, મૌલાના અબુલકલામ આઝાદ વગેરેમાં ઊંડો વિશ્વાસ હતો. સૌ જાણતા હતા કે આઝાદીના આ બધા નેતાઓ પદપ્રતિષ્ઠાના લાલચુ કે સત્તાના ભુખાવળા ગીધવરુઓ નહોતા, તેઓ કંઈ દુઃશાસનોના પ્રતિનિધિઓ નહોતા, તેઓ તો હતા ધર્મરાજ્યના-રામરાજ્યના નિર્માણ માટે મથનારા રામ કે કૃષ્ણના સંસ્કાર-વારસો. જવાહરલાલ કેવળ રાજપુરુષ જ નહીં ઇતિહાસપુરુષ-સાહિત્યપુરુષ પણ હતા. ચાણક્યની નીતિ-રીતિનું અનુસંધાન-સાતત્ય સરદાર પટેલમાં જોવું મુશ્કેલ નહોતું. રાજદ્વારી તેમ જ જાહેરજીવનમાં ખાસ ગાંધી પ્રેરિત રચનાત્મક કાર્યક્રમમાં જોડાયેલા વિનોબા, કાકાસાહેબ, કિશોરલાલ મશરૂવાળા, સ્વામી આનંદ, રવિશંકર મહારાજ જેવા અનેક એવા મહાનુભાવો હતા, જેમણે સ્વાતંત્ર્યનો સાચો મર્મ લોકજીવનમાં ખીલે-વિસ્તરે તે માટે, લોકોનાં શીલ અને શબ્દનું સાત્ત્વિકતાની ભૂમિકાએ ઘડતર થાય તે માટે મનસા, વાચા, કર્મણા સેવાયજ્ઞ ચલાવ્યો. મેવાની વાત તેમને અભડાવી શકી નહોતી. તેઓ પોતાનું શુદ્ધિતેજ જાળવીને વ્યવહારજીવનમાં ને ભાવનામય જીવનમાં અડોલ-અડગ રહ્યા; જેના કારણે તેમનામાંથી અને તેમના પ્રભાવ હેઠળ આવીને સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે કલમ ચલાવનારા અનેકોએ કેટલુંક પ્રચારાત્મક પણ પથ્ય, કેટલુંક ભાવનાત્મક-ચિંતનાત્મક ને જીવનપ્રબોધક સાહિત્ય આપ્યું. ગાંધીસાહિત્યની એક મજબૂત સરવાણી જે સ્વાતંત્ર્ય પૂર્વેથી વહી આવતી હતી તે આઝાદી પછીયે નોંધપાત્ર પ્રમાણમાં અસ્ખલિત ચાલતી રહી અને તેને જનસમુદાયને શ્રેયોમાર્ગે પ્રેરવા-પોષવાનું કર્તવ્ય વિપરીત હવામાંયે ટકાવી રાખ્યું. ગાંધીજી તો ૧૯૪૮માં વિદાય થયા, પરંતુ એમના જીવનભરના પુરુષાર્થે જે પ્રભાવ-આંદોલનો જગાવેલાં તેના ચમકારા તેમની પછી પણ ગુજરાતી સાહિત્યમાં યત્કિંચિત્ વરતાતા રહ્યા. સ્વામી આનંદ જેવાએ તો એમની કલમનો ખરો ફાલ જ આઝાદી પછી આપવાનું આરંભ્યું. ગાંધીમૂલ્યોએ રંગાયેલા ઉમાશંકર જેવા અનેકોએ આઝાદી પછીના સાહિત્યમાં-સાહિત્યિક પત્રકારત્વમાં ચિંતન-મનન-સર્જન-નિવેદન દ્વારા લોકશાહીના ધરુને જતનપૂર્વક જનમાનસમાં વિકસાવવાની-સંવર્ધવાની ભાવનાથી કામ કર્યું. 'પ્રસ્થાન', 'સંસ્કૃતિ', 'વિશ્વમાનવ'થી આરંભી આજેય ચાલતા 'નિરીક્ષક', 'ભૂમિપુત્ર' જેવાં સામયિકો અને તેમાં કલમસેવા કરનારા સાહિત્યકારોને ધ્યાનમાં લેતાં લોકકલ્યાણ માટેની હજી સુધી ટકેલી-બચેલી આ ઇષ્ટ સાહિત્યિક ભૂમિકાની તુરત પ્રતીતિ થાય છે.

આપણા અનેક અગ્રણી સાહિત્યકારો-કવિઓએ ભારત અને ગુજરાત પ્રત્યેની જે ભક્તિનિષ્ઠા ને કર્તવ્યબુદ્ધિ હતી તેની ગવાહી વિવિધ પ્રકારે આપી છે. શ્રી માધવ ચૌધરી સંપાદિત 'હું ગુર્જર ભારતવાસી' જેવા કાવ્યગ્રંથમાં જે કાવ્યસામગ્રી પીરસાઈ છે તે જોતાંયે આપણા નર્મદ, નવલરામ, મલબારી, ભીમરાવ ભોળાનાથ, કેશવ હ. ધ્રુવ, ન્હાનાલાલ, ખબરદાર, બ. ક. ઠાકોર વગેરેથી આટોપીને આજદિન સુધીના અનેક કવિઓ-સાહિત્યકારો દ્વારા રાષ્ટ્રનિષ્ઠા, વતનપ્રેમ, જન્મભૂમિ-ગૌરવ વગેરેનું દર્શન પ્રગટ થયું છે તે આશ્વાસક ને આહ્લાદક છે જ છે. શું સુધારાયુગ કે શું સાક્ષરયુગ સૌએ રાષ્ટ્રગૌરવને આગળ કર્યું જ છે. જે પ્રેમશૌર્યની ભાવના આપણા સિદ્ધહૈમ વ્યાકરણમાંના અપભ્રંશ દુહાઓમાં પ્રગટ થયેલી તે કોઈક રીતે ગરવી ગુજરાતમાં ને ગુજરાતીમાં એક સ્પષ્ટ સતતવાહી ધારારૂપે અસ્ખલિત પ્રગટતી રહી છે. ગાંધીજીના આગમને, એમના કાર્યક્રમોએ એ ધારા પ્રસંગોપાત્ત પ્રબળ ધોધમાં જાણે પરિવર્તિત થઈ, જેનું ઝલક-દર્શન કલ્યાણજીભાઈ મહેતા સંપાદિત 'સ્વરાજ્યનાં ગીતો' જેવા ગ્રંથોમાં કે મેઘાણીના 'સિંધુડો' જેવા સાહિત્યમાં કરી શકાય છે. ગુજરાતના સંસ્કાર-સંસ્કૃતિને વળગેલો પ્રેમશૌર્યનો કસુંબી રંગ જાહેરજીવનની અને રાષ્ટ્રજીવનની બદલાતી પરિસ્થિતિમાંયે હજુ ઝંખવાવ્યો નથી એ મોટો સધિયારો આપનારી બાબત છે.

આપણા અનેક કવિઓએ આઝાદીની ઉષાનું ઉમળકાથી સ્વાગત કર્યું, પરંતુ એ સ્વાગત સાથે જ ચેતવણીના એમના સૂર પણ શરૂ થઈ ગયા, નિબંધોમાં તેમ કવિતામાં. ૧૯૩૧માં

'વિશ્વશાંતિ'ની વાત માંડીને પોતાની ઉજ્જવલ સર્જન-કારકિર્દીનો સમારંભ કરનારા ઉમાશંકર એકબાજુ 'ભારત' કાવ્યમાં ભારતનું સાચું આત્મગૌરવ શેમાં એની વાત કરે છે તો બીજી બાજુ એ ગૌરવ કેમ જાળવવું એનાં ચિંતા-ચિંતનમાંયે તે સરી પડે છે. ઉમાશંકરે આઝાદીના દિવસનું સ્વાગત તો કર્યું પણ પછી તુરત જ પ્રશ્ન પણ કર્યો :

'દેશ તો આઝાદ થાતાં થઈ ગયો,
તે શું કર્યું ?'

અને એ પ્રશ્ન સાથે જ. 'સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળે' એ પણ કેવું જરૂરી છે તેમણે ચીંધી બતાવ્યું. એક તબક્કે 'રેંટિયો કાંતતાં કાંતતાં' પર કાવ્ય લખનાર કવિ નિરંજને આઝાદી મલ્યાના બીજા જ વર્ષે રચેલા 'સંસ્મૃતિ' કાવ્યમાં મુક્તિદિનને 'ભગ્નસ્વપ્નબીન' જોઈ લેવાનું જણાવે છે. શ્વેત બગોની શ્યામ છાયા વર્તવામાં એમણે વાર લગાડી નથી. 'નિવેદન, ઓગસ્ટ, ૧૯૫૬' કાવ્યમાં તો રાષ્ટ્રની પ્રવર્તમાન પરિસ્થિતિની વેદનાકર બાજુએ તેમને કેવા તીખા ને કટુ બનાવ્યા છે તે જોઈ શકાય છે. તેની તીખાશ-કટુતા વસ્તુતઃ તો જે સ્વાતંત્ર્યોત્તર રાષ્ટ્રિય જીવનમાં મૂલ્યહ્રાસ થયો છે તે સામેના પુણ્યપ્રકોપનો જ પર્યાય છે. કૃષ્ણલાલ શ્રીધરાણીએ પણ ૧૯-૫-'૫૬ના રોજ લખેલા 'આઠમું દિલ્હી' કાવ્યમાં વર્તમાન પરિસ્થિતિનો વેધક અણસાર આપતાં લખ્યું કે ભવિષ્યની કોદાળી જ્યારે આઠમા દિલ્હીનું ઉત્ખન્ન કરશે ત્યારે રૂપિયા, પૈસા નીકળશે; ભાતભાતની મ્હોરો મળશે, અનેક ચંદ્રક પણ જડશે પરંતુ નહીં જડશે શુદ્ધ વિવેક! અને આપણને સૌને ગોવર્ધનરામ જેવા મહામનીષીએ સમજાવ્યું જ છે કે વિવેકભ્રષ્ટનું એક જ ભવિષ્ય હોય છે - વિનિપાતનું. 'મહાત્મા ગાંધીજીની જય' કે 'જયહિન્દ' કે 'જય જગત'નાં સૂત્રો ઉચ્ચાર્યાથી વાત બનતી નથી, જેમનો પોતાનો સાચો આત્મોદય થયો નથી એવાઓના મુખે સર્વોદયના જાપ જપાયા કરે તેથીયે કશું ફલદાયી પરિણામ આવતું નથી. એ તો આવે આત્મત્યાગે, આત્મસમર્પણે. આઝાદી પછી બાહ્ય ઝાકઝમાળ ઘણી થઈ પણ સરવાળે શું? કવિ શ્રી કરસનદાસ માણેકે તો વેદનાપૂર્વક એનો નિર્દેશ કર્યો છે. તેઓ લખે છે :

મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે?
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે!

આઝાદીનાં પચાસ વર્ષ પછીયે ગરીબોની ઝૂંપડીઓમાં અને એમની આંખોમાં અંધારું છે! બાર ભૈયા ને તેર ચોકાની સ્થિતિ છે. એક કવિ કહે છે તેમ દેશમાં સત્તાને માટેની સંગીતખુરશીની રમત ચાલે છે. 'પેટ ભરવા તણા પ્રપંચો' સામે લોકો ક્યાં, લોકકલ્યાણ કેવાં? દેશ આખામાં લાક્ષાગૃહના પ્રપંચો ને યાદવાસ્થળીનાં દશ્યોનો ઉભાર છે. રાષ્ટ્રની લગામ જેમના હાથમાં તેઓ ધૃતરાષ્ટ્ર-શા અંધ ને લાચાર છે ને દુર્યોધનો-દુઃશાસનો જોરમાં છે. પ્રજાની હાલત પાંચાલી જેવી છે. પાંચાલીના મુખમાંથી કર્ણભેદક-મર્મભેદક ચીસો ઊઠે છે પણ એ સાંભળી શકે એવા વિકર્ણ ક્યાં છે? એ ચીસો સાંભળીને વહારે ધાય એવા કૃષ્ણ ક્યાં છે. આપણે ત્યાં નિબંધોમાં આ વાતો રજૂ થઈ જ છે. કટોકટીના કાળે આપણા કેટલાક સાહિત્યકારો-પત્રકારોએ પ્રશસ્ય હિંમત અને ખમીર દાખવી વિચાર-વાણીની સ્વતંત્રતાની જિકર કરી હતી. ઉમાશંકરે માર્મિક રીતે '૨૬, જૂન, ૧૯૭૫' નામના કાવ્યમાં પૃચ્છા કરેલી : 'કાલે હતો, તે તડકો ક્યાં છે?' અને ત્યારબાદ 'વસંત છે' કાવ્યમાં કટોકટીની વિડંબનાત્મક પરિસ્થિતિનો પર્દાફાશ કરતાં લખેલું :

તમે કહો છો વસંત છે
પણ પંખીને કહો છો : ચૂપ!
અમને સૌને દર્પણ સમજીને
જોયાં કરો છો પોતાનું રૂપ.

આખા દેશમાં, આપણા એક કવિ જ્યોતિષ જાનીએ એક કાવ્યમાં જે શબ્દો પ્રયોજેલા તે પ્રયોજીને કહેવું હોય તો કહેવાય કે રાવણ રાવણ રમવાનું ચાલે છે. કદાચ આ રમત નથી; ઘણી ગંભીર, મૂળિયાંને ખાઈ જનારી બાબત છે. રાવજીને આખો દેશ અડાયા પર બેઠેલો અમસ્તો લાગ્યો નહીં હોય. આપણે આઝાદ થયા, પરંતુ આઝાદીનો પ્રકાશ ગરીબોનાં ઝૂંપડાં લગી પહોંચ્યો ખરો? રાજકીય આઝાદી તો મળી પરંતુ જે આર્થિક-સામાજિક-માનસિક આઝાદી મળવી જોઈએ તે મળી છે ખરી? આપણી કેળવણી, આપણી વિદ્યા આપણને ખરેખરી વિમુક્તિનો સ્વાદ આપવામાં કેમ નિષ્ફળ ગઈ છે? 'સર્વવ્યાપી સરકાર બિરાજે, કવિને કરતી ભાટ' - એ સ્થિતિ શા માટે બેફામ બનતી જાય છે? કદાચ જે ષડ્‌રિપુઓ વ્યક્તિને પછાડે છે તે હવે રાષ્ટ્રને પછાડવા જાણે મેદાને પડ્યા છે. આઝાદીનો આ યુગ જાણે 'ધર્મગ્લાનિ'નો યુગ ન હોય! બધું તળેઉપર થતું, ખદબદતું બહાર આવે છે. જે ભાવનાના વરખ નીચે છુપાયેલું, દબાયેલું હતું તે હવે તેનું કુબ્જત્વ દાખવે છે. એની સાથે સાચા સાહિત્યકારનો - કવિનો કઈ રીતે મેળ પડે? રાજેન્દ્ર શાહ જેવા આપણા પ્રમુખ કવિનેય એકવાર કટાક્ષમાં આવું કહેવાનું મન થયું કે ગાંધીજીના મરણ બાદ એમની સજ્જામાં આપણે એમની પ્રિય વસ્તુઓ - સત્ય અને અહિંસા જ મૂકી દીધાં! ગાંધીજીની હત્યાએ આખા દેશના - દેશના અનેક સાહિત્યકારો - કવિઓને હચમચાવ્યા. કવિઓએ કહ્યું : ગોડસેએ તો ગાંધીજીના શરીરને હણેલું; આપણે તો રોજબરોજ ગાંધીજીનો આત્મા કોચવાય એવાં કરપીણ કામો કરતા ફરીએ છીએ! શેખાદમ આબુવાલાએ 'ખુરશી' કાવ્યસંગ્રહમાં સાંપ્રત પરિસ્થિતિનું નિદાન કરતાં લખ્યું :

કેવો તું કીમતી હતો સસ્તો બની ગયો
બનવું હતું નહીં ને શિરસ્તો બની ગયો
ગાંધી તને ખબર છે કે તારું થયું છે શું
ખુરશી સુધી જવાનો તું રસ્તો બની ગયો

ભારતનો આ સ્વાતંત્ર્યોત્તર યુગ કરપ્શનનો યુગ હોવાનુંયે આ કવિ બેધડક કહે છે.

આમ, આઝાદીનું જેટલા ઉમળકાથી સ્વાગત થયું તેથીયે વધારે વેદનાથી પછી આઝાદીના ફલસ્વરૂપે આપણા જીવનમાં જે કરુણતા પેદા થઈ તેની વાત થઈ છે.

આમ તો હવે આ વીસમી સદી પૂરી થવામાં છે; પચાસ પચાસ વર્ષ આપણને આપણું ઘર સરખું ગોઠવવા માટે મળ્યાં; પણ આપણે તે નહીં કરી શક્યાં. ઘર બાળીને તીરથ કરે એવા માણસો જાણે બધા વિદાય થયા ને તીરથ બાળીનેય ઘર કરે ને ઘર ભરે એવા માણસો નફ્ફટાઈથી આગળ આવ્યા. પ્રજા અવળી ગંગાની એક લાચાર મૂક પ્રેક્ષક જાણે બની રહી. કવિઓને આની જાણ હતી જ તેથી જ એક રચનામાં આવી વાત આત્મચિકિત્સા ને આત્મનિર્ભર્ત્સના સાથે થઈ :

ક્યાં છે મારો દેશ? અહીં માટીમાં ક્યાં છે?
ક્યાં છે મારો દેશ? અહીં મારામાં ક્યાં છે?

*

દંભોના દરબાર, છળોનાં છત્ર, ભવાઈ ભૂખની,
નિર્લજ્જ નર્તન સત્તામદનાં, જાળ રૂપાળી જૂઠની,
એ સૌ કલબલ વચ્ચે એનો ઝીણો અવાજ ક્યાં છે?
ક્યાં કેસરિયા આત્મવીરતા? ક્યાં શીલની શ્વેતલતા?
ક્યાં જીવતરની લીલાશ ને ક્યાં ધર્મ-ચક્ર-ગતિમયતા?
યંત્રતંત્ર ને ચરણ ચલે સૌ; દેશ ચાલતો ક્યાં છે?

ખરેખર તો આજની વિષમ આબોહવામાં 'સાચનો દેશ' ખોવાયાની ઘટના ઘટી છે. આવી હવામાં ભાષાને ભ્રષ્ટ થતી કેમ બચાવવી તેય યક્ષપ્રશ્ન છે. લાભશંકર કહે છે :

'હું શોધું છું એક સ્વચ્છ સાફ સાદો
સીધો જો મળી જાય તો...
શબ્દ'

આજે તો ભ્રષ્ટ રાજકારણની પ્રદૂષિત હવા જીવનનાં અનેક ક્ષેત્રોને વિષમય કરી રહી છે. એ સંજોગોમાં શબ્દને ચોખ્ખો રાખવો એ પણ એક મસમોટું જવાબદારીભર્યું કામ છે, કર્તવ્ય છે. સિતાંશુએ 'સિંહવાહિની સ્તોત્ર'માં માર્મિક રીતે કહ્યું છે :

મયૂર પરથી ઊતર, શારદા સિંહ ઉપર ચઢ,
દેવ તે જ દાનવ છે જો, તો તું આગે બઢ.
આમ કહેવાનાં કારણો અનેક છે :
શાસક કુટિલ, શાસિતો સ્વાર્થ-નિમગ્ન, સચિવગણ યંત્ર,
ગોઠણભર દર્પણજલ ડૂબ્યા ઋષિ, ન દેખે મંત્ર.
અતંત્રસ ઉદ્ધત, નિયમઊફરો, લોલુપ શારુકવર્ગ,
નરકાસુરને નમન કરીઆ દેવો પામ્યા સ્વર્ગ.
કુબેરનો ધનકોષ હવાલે છે દશમુખભક્ષકને,
પંપાળી રાખ્યો ઇન્દ્રે આસન હેઠે તક્ષકને.
મોરપિચ્છ પાછળ સંતાયા કવિજન કરતા નાહક બડબડ,
સિંહ ઉપર ચઢ.

'તન વેચીને વસ્ત્ર ખરીદે' ને 'મન વેચીને મોજ' – એવી અફાટ હાટડીની પરિસ્થિતિ હવે ઝાઝો સમય વેઠવી મુશ્કેલ છે અને તેથી જ કવિ માણસ માટેનું જુદ્ધ લડવા સરસ્વતીને વિનંતી કરે છે, આહ્વાન કરે છે.

આઝાદી આવી ત્યારે અનેકના હૃદયમાં અનેક ઊજળી ઊજળી આશાઓ-અપેક્ષાઓ હતી; પરંતુ તે બહુ લાંબો સમય ન ટકી. એક પ્રકારની છિન્નભિન્નતાનો અનુભવ બાહ્ય તેમ જ આંતરિક બંનેય સ્તરે થતો ગયો. સુરેશ જોશી કહે છે તેમ 'નશ્વર! નશ્વર!'ના પડઘા કવિને સંભળાય છે. શોક ને શ્લોક જોડવાની આશા કવિની બચી નથી. સીતાની અગ્નિપરીક્ષા ને સેતુભંગના અનુભવો હવે ઘરઆંગણાના થઈ ગયા છે. આવી વિષમ આબોહવામાં, દેશને સંભાળવાની વાત તો પછી આવે છે, પંડને જ સંભાળવાનો મામલો ઘણો પેચીદો બન્યો છે. આ પરિસ્થિતિમાં આઝાદીની લડતથીયે કદાચ મોટી લડત હવે લડવાની આવી છે ને તેય અંદરના દુશ્મનો સામે; જે જાતને ને તે સાથે આસપાસની જનતાને નષ્ટભ્રષ્ટ કરવા ભુરાયા બન્યા છે. આ લડત અત્યારે અત્યંત તાકીદની છે ને નિર્ણાયક પણ થવાની છે. જાતને ખરા અર્થમાં બચાવાશે તો જ દેશ બચવાનો છે. હવાડાની શુદ્ધિની ચિંતા કરનારે કૂવાની શુદ્ધિની ચિંતા કરવી જોઈએ. કિશોરલાલ મશરૂવાળાએ તે માર્મિક રીતે નિર્દેશેલું. જો કૂવો સુધરશે તો હવાડો સુધરવાનો છે. મન સુધરશે તો જ મનુષ્ય અને મનુષ્ય સુધરશે તો તેનું રાષ્ટ્ર સુધરશે. તેથી મનોજ ખંડેરિયાના પેલા શાહમૃગોની ચાલચલગત છોડી, ભાષા અને સાહિત્યને ભીતરી રામાયણો ને મહાભારતોનો મર્માળો-સાચુકલો પરિચય કરાવવાના પડકારમાં પ્રયોજવાં જોઈશે. દૈન્ય કે પલાયનનો આ સમય નથી ને સાચો સર્જક દૈન્ય ને પલાયનવૃત્તિ દ્વારા પોતાની સર્જકતાને બચાવી શકતો નથી. જેનું શૂદ્રત્વ કે ક્ષાત્રત્વ બ્રાહ્મણત્વ સુધી ઉત્ક્રાન્ત થયું હોય એવા વાલ્મીકિ વ્યાસનો-વિશ્વામિત્રનો આપણે સર્જકમાં જ સાક્ષાત્કાર કરવા માગીએ છીએ. આપણી કવિતા ગાંધીયુગની અપેક્ષાએ સ્વાતંત્ર્યોત્તર યુગમાં સવિશેષ અંતર્મુખી બની એ સાચું, પરંતુ એ અંતર્મુખતા સત્ત્વનિષ્ઠ ને સત્યનિષ્ઠ બની સૌંદર્યના ઉઘાડમાં નિમિત્તભૂત થાય એમ આપણે વાંછીએ છીએ. રાષ્ટ્રના અને મનુષ્યના – કલાકારના મુક્તિવિકાસને અવિનાભાવિ સંબંધ છે તે આપણે સતત સ્મરણમાં રાખવું જોઈએ. □

સ્વાતંત્ર્યના ૫૦ વર્ષ: વાત હાસ્યવ્યંગની!

બકુલ ત્રિપાઠી

પચાસ વર્ષ!

પચાસ વર્ષ થઈ ગયાં? આઝાદીનાં? અને મારા હાસ્યલેખનનાય તે! એક આખી જિંદગી પૂરી થઈ ગઈ, હસતાં હસતાં : હસાવતાં હસાવતાં! ૧૯૪૬ના જૂનમાં કટાક્ષનિબંધ પ્રગટ કરેલો : 'ઢાંકણીના પાણીમાં... તરતા રહેવાની કળા!' વાત જાહેર જીવનમાં નફ્ફટાઈની. ઢાંકણીના પાણીમાં ડૂબી મરવા જેવું આપણાથી થાય ! જરાય ક્ષોભ વિના, શરમ વિના છબછબિયાં કર્યાં કરવાં, તર્યા કરવું!

અને આજે હમણાં જ લખ્યો, ૧૯૯૭ના જુલાઈમાં ઘાસચારા કૌભાંડ પછીય મુખ્ય પ્રધાનપદને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વળગી રહેતા નેતાશ્રીને વ્યંગમાં બિરદાવતો લેખ, 'કક્કો બારાખડી'માં!

બસ, આ મઝા છે હાસ્યની વ્યંગની; જે કંઈ સામે થતું દેખાય છે એને અંગે પ્રતિભાવ આપી શકો છો, 'રિ-એક્ટ' કરી શકો છો અને લોકો એ સાં...ભ...ળે છે! તીરે ઊભેલાઓ તો આ પ્રતિભાવ માણે જ; પાણીમાં તરનારા એકબીજાના પગ ખેંચીને ડુબાડવા મથનારા નેતાઓ સુધી પણ એ પહોંચે! 'અમે તમારું વાંચીએ છીએ' કહ્યું છે ઘણાં બધાં ટાર્ગેટોએ!

'સંભળાવ્યા'નો એવો તો તમોગુણી આનંદ મળે! હાસ્યવ્યંગનાં પૂરાં એકાવન વર્ષ, ૧૯૪૬ના મે મહિનાથી. પછી 'સોમવારની સવારે' ૧૯૫૩ના જુલાઈથી (૪૪ વર્ષ, 'લિમ્કા બુક ઓફ રેકૉર્ડ્ઝ ૧૯૯૭' નોંધે છે આને સર્વ ભારતીય ભાષાઓમાં હાસ્યલેખનનું સૌથી વધુ ચાલેલાં ચાલતાં કોલમ તરીકે... અને હા શ્રી આર. કે. લક્ષ્મણનું 'યુ સેડ ઇટ' પણ એ જ સ્થાને કટાક્ષચિત્રોમાં...) પછી લગભગ રોજરોજનું 'કક્કો બારાખડી' શરૂ થયું (ઠોઠ નિશાળિયાની કલમે) ૧૯૬૩માં, અને 'તરંગતુક્કા' ૧૯૬૭માં! આ બધું લખવામાં જિંદગી પસાર થઈ ગઈ, પરિણામે લગભગ ૧૧,૦૦૦ લેખ પ્રાપ્ત થયા.

ના, ના, ના; ખરી પ્રાપ્તિ એ સંખ્યાની નહીં, ખરો સંતોષ તે... સૌની સાથે સતત સંકળાયાનો!

૧૯૪૬ એ આઝાદી આવી તેનું આગલું વર્ષ. પછી તો ૧૫મી ઓગસ્ટ '૪૭... નેહરુયુગ... નવી નવી લોકશાહી ચૂંટણી. 'કાળા બજારિયાને લેમ્પપોસ્ટ પર ફાંસીએ ચઢાવશું'નું વચન... આર્થિક આયોજન... ચીનનું આક્રમણ... નેહરુ નથી. હવે એનો લેખ 'સ્વર્ગમાં શોધાશોધ! નેહરુ ક્યાં? નેહરુ ક્યાં?' ભાષાવાર પ્રાંતરચના... યાદ આવે છે મહાગુજરાત આંદોલન? ઇન્દુચાચા... ઇન્દિરાજી... કટોકટી ઇમર્જન્સિ આણીબાણી... ભીષણ ઓથાર... પંજાબ... નકસલવાદ... ચૂંટણીઓ ચૂંટણીઓ ચૂંટણીઓ... યુદ્ધો... દુકાળો... નદીનાં પૂર... હેલિકોપ્ટરે ચઢીને નિરીક્ષણાર્થે પધારેલા નેતાશ્રીના ફોટા... કોમી હુલ્લડો... નવનિર્માણ... બોફોર્સ ધડાકા... અરે... અમેરિકન પી.એલ. ૪૮૦ની વાત તો રહી જ ગઈ... અને માણસ ચંદ્ર પર પહોંચ્યો... અને માણસ મંગળને સ્પર્શ્યો... અને ભાજપને ઉથલાવીને શંકરસિંહ આવ્યા ને દેવગૌડા ગયા ને ગુજરાલ આવ્યા... દસ દસ વર્ષથી સળંગ સારો વરસાદ... અને ટી.વી. અને કન્ઝ્યૂમરિઝમ... અરે, આ આવી પહોંચી ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૭!

વ્યંગકારનું સદ્ભાગ્ય રહ્યું છે... મરાઠીમાં પુ. લ. દેશપાંડેનું, હિંદીમાં શરદ જોષીનું, તમિળમાં રામસ્વામી ચોનું, અંગ્રેજીમાં કદાચ ખુશવંતસિંહનું, વિવિધ ભાષાઓના અનેકાનેક સરસ વ્યંગલેખકોનું, અને મને સદ્ભાગ્ય મળ્યું છે, મારી ગુર્જરગિરામાં - સાંપ્રતના સતત સતત સક્રિય સાક્ષી બનવાનું.

સક્રિય? કવિ એલિયટે તો એવું કંઈ કહેલું ને કે કવિતાથી કંઈ બનતું નથી! પણ વ્યંગકારની તો સામે જ છે એની અસરકારકતાના પુરાવા... પ્રજામત! પબ્લિક ઓપિન્યન! 'તમે બરાબર અમારા મનની વાત લખી!' વ્યંગકાર વિચાર રજૂ કરે છે. મૂલ્યોને પ્રગટાવે છે, વિધ્વંસે છે, વ્યક્તિઓને ઊંચકે છે. પાડે પછાડે છે, અગિયાર અગિયાર ચૂંટણીમાં તમે એક બાજુ બની રહો છો 'પ્રજાનો અવાજ', 'વોક્સ પોપ્યુલી' (Vox Populi) અને બીજી બાજુ બની રહો છો પ્રજાના શિક્ષક, હસતાં હસતાં, હસાવતાં હસાવતાં, તેથી જ તમારી વાત સંભળાય છે, પહોંચે છે, ચર્ચાય છે... ઘૂઘવતા મહાનદમાં એક જલબિંદુનાય શતાંશ જેટલું પણ કંઈક થાય છે તમારાથી, તમારી કલમને લીધે, એમ માની શકો! ખરેખર? કે ભ્રમ? પણ એરિસ્ટોફેન્સ, વોલ્તેર, ડિકિન્સ, માર્કટ્વેન, લિકોક... યૂરપમાં સર્કસનો જોકર ગ્રોક... બ્રિટિશ વોડવિલ એક્ટર્સ... ચાર્લી ચૅપ્લિન, બૉબ હોપ... અને આર્ટ બકવલ્ડ (અમારા જ સમયનો સમાંતર સમકાલીન અમેરિકાનો રાજકીય કટારલેખક!)... એ સૌનું સદ્ભાગ્ય રહ્યું છે, મહાભાગ્ય રહ્યું છે... વેલ... વી આર હર્ડ! 'ધે' હેવ ટુ લુક અપ ઍન્ડ ટેક અ નોટ!

વિદૂષકના-વ્યંગકારના અધિકાર અનોખા છે. તીવ્ર ધર્મ-અસહિષ્ણુતા અને ઊંડી જ્ઞાતિસભાનતાના સમયમમાં ગામના ચોકમાં ભવાઈ કલાકારે બેફામ ઝૂડ્યા છે, આજથી ૪૦૦ વર્ષ પહેલાં – ગામના ઠાકોરોને, જમાદારોને, શાહુકારોને, બાવાજોગીઓને. કોણ એવો સત્તાધારી, શક્તિશાળી, 'વેસ્ટેડ ઇન્ટરેસ્ટ' છે કે જેને મશાલના ઝાંખા પ્રકાશમાં હસતાં હસતાં

સાટકા ન માર્યો હોય એ હાસ્યવ્યંગના કલાકારોએ?

રાજાઓના દરબારમાં હતો વિદૂષક. એનામાં પાંડિત્ય હતું, એ વર્તતો ઠોઠ તરીકે, મૂર્ખ તરીકે. સામંતશાહી યુગમાં દીવાન કે સેનાપતિ કે ધનપતિ જે ન કહી શકતો રાજાને તે કહી શકતો 'કોર્ટજેસ્ટર.' મરાઠીમાં એમને કહ્યા છે વેડગાંવચે શહાણે! ગાંડાના ગામના ડાહ્યાઓ!

અમે વ્યંગકારો, લેખકો, કટાક્ષ-ચિત્રકારો, કોમેડિના કલાકારો રાજાના દરબારમાં નિયુક્ત થયેલા એવા નહીં, પણ લોકશાહીમાં પ્રજાના દરબારમાં સ્વનિયુક્ત એવા વિદૂષકો. અમારું કર્તવ્ય હસતાં હસતાં સાચું કહેવાનું. એ અમારી ફરજ પણ ખરી અને અધિકાર પણ ખરો.

એક દાખલો આપું. મારા એક એકાંકીનું કથાવસ્તુ છે:

રંગમંચ પર કંઈક ધમાધમ ચાલી રહી છે. આ છે રાજાનો મહેલ. રાજાજીની સવારી નીકળવાની છે. બહાર પેલી બાજુ દૂરદૂર નગરજનોનાં ટોળાં પ્રતીક્ષા કરી રહ્યાં છે, રાજાજી અને દરબારીઓ અને સૈનિકો તૈયાર થઈને મોટા દરવાજામાંથી સવારી રૂપે બહાર આવે તેની!... અંદરથી રાજાજી બહાર આવે છે. ચાલો, સૌ તૈયાર છે? કૂચકદમ ચાલુ?... પણ ના, દીવાનજી સૌને અચાનક અટકાવે છે... શ્ શ્ શ્ નાકે આંગળી. ધીમેથી ગણગણાટ. રાજાજીના જરિયાન જામાનાં બટન ખુલ્લાં છે! ઉતાવળમાં ખુલ્લાં રહી ગયાં છે!

દીવાન, કારભારીઓ, સેનાપતિ, સૈનિકો સૌ ભારે મૂંઝવણમાં! કોણ રાજાજીને મોઢામોઢ કહી શકે કે પહેલાં તમારા પાયજામાનાં બટન બીડો રાજાજી, પછી બહાર નીકળાશે. કોની મગદૂર છે કે આવી ગુસ્તાખી કરી શકે? રાજાજી ઉતાવળ કરે છે : 'ચાલો, રાહ કોની જોવાય છે?' પુરોહિત ખોટી ખોટી વિધિઓ ઊભી કરીને વખત પસાર કરી રહ્યો છે, પણ ક્યાં સુધી ખેંચીશું?

શું કરવું?

વિદૂષક આ તમાશો જોઈને મલકાય છે. એને દયા આવે છે દીવાનજીની, સેનાપતિની, અધિકારીઓની. એ યુક્તિ અજમાવે છે. ધીરેથી પોતાના પાયજામાનાં બટન ખોલી નાખે છે.

રાજાજી ઉતાવળ કરે છે. 'સવારી શરૂ કરો.'

વિદૂષકો કહે છે, 'હા જી, હા, રાજાજી, પણ... આ સેનાપતિ... જુઓને! ...અરે!' સેનાપતિજી.'

'જી.'

'ઉતાવળ છે ખબર નથી? તમારા પાયજામાનાં બટન ખોલી નાખો જલદી! એટલે પછી આપણાથી બહાર નીકળાય. જુઓ મેં ખોલી નાંખ્યા છે. દીવાનજી, ઉતાવળ કરો... બટન... ખોલ દો! સૈનિકો... જલદી કરો... બટન ખોલ દો!'

સૌ સડક થઈ જાય છે. આ જાંગલો શું કહી રહ્યો છે! પણ આ ધમાલમાં સ્વાભાવિક રીતે જ રાજાજીની નજર પોતાના જામા ઉપર જાય છે. ઓહ એ રાહ જોઈને જરાક આડા ફરીને જલદી જલદી પોતાનાં બટન બંધ કરી દે છે!

કૂચકદમનું બેન્ડ વાગી ઊઠે છે!

જે ગુસ્તાખી કોઈ ન કરી શકે તે વિદૂષક કરી શકે, મૂર્ખાઈને બહાને!

જો કે કરુણ દાખલા પણ નોંધાયા છે, ઇસપે જાન ગુમાવેલો સત્યવક્તા થવામાં.

વિદૂષકનું કર્તવ્ય છે પોતે મૂર્ખ દેખાવાનું, સત્ય પર રંજકતા ભભરાવવાનું અને એ રીતે સત્યને સંપૂર્ણ સ્વીકાર્ય તો નહીં પણ ધ્યાનપાત્ર તો બનાવવાનું જ.

સ્વાતંત્ર્ય સમયના પ્રારંભના વર્ષોમાં કટાક્ષચિત્રકાર શંકરના ચિત્રો પહેલા 'હિન્દુસ્તાન ટાઈમ્સ'માં, પછી 'શંકર્સ વીકલિમાં ઘણું કુતૂહલ અને ઉત્તેજના ફેલાવતાં રહ્યાં. એ તો જવાહરલાલ નેહરુનાં ટોચ પ્રભાવનાં વર્ષો. કોણ કશું કહી શકે નેહરુને? એમનો મિજાજ પણ ભારે! અલબત્ત, નેહરુ લોકશાહીવાદી હતા અને હાસ્યવ્યંગને માણવાની બ્રિટિશ જાહેર જીવનની પરંપરાના એમનામાં સંસ્કાર હતા; પણ કૃપાલાનીજીના વ્યંગબાણ એમને ઘણી વાર વીંધતાં. એ શંકર્સ વીકલિ અચૂક જોતા. સપ્તાહના આરંભે પૂછતા, 'નવો અંક આવ્યો? જોઉં તો, આ વખતે મને કેવો ચીતર્યો છે શંકરે?' કૃષ્ણમેનન અંગેની ટીકાઓ શંકરની તે એમના સુધી પહોંચતી જ. જો કે હિંદુ સંસ્કૃતિવિચારને શંકરે કંઈક અન્યાયી રીતે ચીતર્યો. શ્યામાપ્રસાદ મુકરજીના વિચારોના પ્રતીક તરીકે મોટી ફાંદવાળો, જનોઈ ત્રિપુંડ અને ચોટલીવાળો. ક્યારેક મોટા દાંત દેખાડતો હસતો એવો બ્રહ્મબંધુ એ ચીતરતા તે ઘણાંને અન્યાયી પ્રતીક લાગતું. શંકર સરકારી બ્રાઉન સાહેબોની એક ગર્દભ-દંપતીની ચિત્રશ્રેણી દ્વારા ઠેકડી ઉડાવતા.

શંકર્સ વીકલિના પહેલા અંકમાં જ નેહરુના હૃદયસ્પર્શી આવકાર વચનો હતા. ઇંગ્લંડમાં 'પંચે' જાહેરજીવનમાં જે ભાગ ભજવ્યો હતો તેને જાણે શંકર્સ વીકલિ અનુસરતું. (અમેરિકામાં 'ન્યુયોર્કર' એ રીતે પ્રજાના રાજકીય પ્રતિભાવોનું મુખર મુખપત્ર ન બની શક્યું.

શંકર્સ વીકલિને બંધ કરવાની સ્થિતિ ઊભી કરી નેહરુજીના સુપુત્રી ઇન્દિરા ગાંધીએ. શંકર્સ વીકલિનો છેલ્લો અંક કટોકટી સમયનો, એ અમારા જેવા ભક્તજનોના ગ્રંથાગારોમાં અમૂલ્ય બનીને શોભે છે.

નાઝી જર્મનીમાં હાસ્યવ્યંગની છૂટ નહોતી, પણ કમ્યૂનિસ્ટ રશિયાએ જુદો તરીકો અજમાવેલો. ત્યાં 'ક્રોકોડિલ'માં અને બીજે વ્યંગકટાક્ષ ખરા પણ તે પાર્ટી લીડર્સ અંગેના નહીં પરન્તુ નાના કારકુનો, અધિકારીઓ અંગેના! 'વર્થ અ સ્માઈલ' એ

હાસ્યસંગ્રહમાં આ હાસ્યના દાખલા છે. જાપાનમાં સામંતશાહી સમયમાં અને પછી લોકશાહી સમયમાં પણ હાસ્યદૃષ્ટિ કરતાં જીવનમાં પેશન-લાગણીઆવેશ, વધારે સન્માનનીય ગણાયાં છે. અમેરિકન લોકશાહી તદ્દન બીજે છેડે છે. ત્યાં વ્યંગકારનું કામ લગભગ કપડાં ઉતારી લેવા જેટલું નફફટ છે. જોકે વાણીસ્વાતંત્ર્ય સાર્વત્રિક એટલે વિવિધ દૃષ્ટિબિંદુઓ વચ્ચે એકંદર સમતુલા જળવાઈ રહે.

ભારતમાં આ પચાસ વર્ષમાં વિવિધ ભાષાના વિવિધ હાસ્યકારોએ સ્થાનિક વાતાવરણ મુજબ વિવિધ ટારગેટ્સને લક્ષ્યબિંદુઓને ઝડપ્યાં છે. એમાં રાજકારણીઓ મુખ્ય. પણ બીજું યે ખરું. ઉદાહરણ તરીકે મરાઠી ભાષા લો. મરાઠીમાં તીવ્ર કટાક્ષ પણ તે માત્ર રાજકીય બાબતોમાં નહીં. પી. કે. અત્રેના નાટકો સૌને ઝડપે. વિચિત્ર વાત એ કે અહિંસક ગાદીવાદીઓ પ્રત્યે એ વિશેષ હિંસક. પુ. લ. દેશપાંડેનું નાટક 'તુઝ આહે, તુઝ પાશી'માં આવા દૃષ્ટિ. પણ વધુ હળવાશ, સૌમ્યતા. હિંદીમાં શરદ જોશીને સ્થાનિક રાજકારણીઓને હાથે ઘણું સહન કરવું પડ્યું એમ કહેવાય છે. પછી એમણે ઇંદોર છોડ્યું. રામસ્વામી ચો એ ઝુંઝાર કટાક્ષસર્જક બની રહ્યા, ખૂબ જ પ્રગટ રીતે રાજકારણીઓની સામે. હિંદીમાં હાસ્યકવિ સંમેલનનું સ્વરૂપ ખૂબ લોકપ્રિય બન્યું. ખૂબ હસાવતું અને નેતાઓને ખૂબ છોલતું. પણ પછી એનું ધોરણ ખૂબ નીચું ઊતરી ગયું. આ તો થોડાં ઉદાહરણો.

ખરી કસોટી આવી કટોકટી વખતે. સેન્સરશિપ ભારે. ગંભીર પત્રકારોને પ્રથમ સપ્તાહમાં જ દબાવી દેવાય. કોકે અગ્રલેખની જગ્યા કોરી રાખીને વિરોધ પ્રગટ કર્યો. સદ્ભાગ્યે વ્યંગકારો વધુ ને વધુ તિરક્સ, Tangential (ટેન્જેન્શિયલ) લખાણો દ્વારા સહેજ વધુ ટકી શક્યા. તે વખતે આવું પ્રગટ કરી શકાયું :

'હું આ ઉત્તરાયણે પતંગ નહીં ચગાવું, કારણ અનેક જાતના માણસો અનેક અગાશીઓથી પતંગ ચગાવે એ મારા જેવા ઉદાર સિદ્ધાંતવાદીથી ચલાવી જ કેમ લેવાય? જ્યારે બધાને જ અગાશીઓ પરથી ઉતારી મૂકવામાં આવશે અને આકાશ નિરભ્ર અને નિષ્પતંગ હશે ત્યારે જ પતંગ ચગાવવો એવો મારો સિદ્ધાંત છે. કારણ મારો પતંગ શ્રેષ્ઠ છે.'

અથવા તો...

'કઠપૂતળીનો ખેલ પપેટ થીએટર એ જ આજના યુગનું શ્રેષ્ઠ નાટ્યસ્વરૂપ છે. દસ પાત્રો ભજવવા દસ માણસો જોઈએ એ રંગમંચ સ્વરૂપ કેટલું વેસ્ટફુલ બગાડ કરનારું છે! કઠપૂતળીનો ખેલ કેવો સરસ કે દસે પાત્રો ઢીંગલા જ હોય અને એક જ વ્યક્તિ પોતાના આંગળાથી એમને નચાવે એ પૂરતું થઈ પડે... યુરોપમાં કઠપૂતળીનો ખેલ ખૂબ લોકપ્રિય હતો. આજે હવે ભારતમાં પણ પપેટ થીએટર વિકસી રહ્યું છે...'

અથવા તો...

'શરીરનું ડાયલીસીસ ઠીક વાત છે, પણ આજે વિજ્ઞાનીકોઓ ખરેખર શોધવી જોઈએ મગજના ડાયલીસીસની ટેક્નિક માનવજાતને જરૂર છે એની. જો આખા શરીરનું લોહી તદ્દન બદલી શકાય તો માણસના મગજના બધા જ વિચારો કેમ બદલી ન શકાય?'

આવા વ્યંગલેખો ઠીકઠીક સમય ચાલી ગયા. વાંચકો એને ખૂબ ખૂબ માણે કારણ, ત્રાસેલી પ્રજા પોતાની મનની કટુતા વ્યક્ત થતી જોઈને આનંદ અનુભવતી હતી. આગળ જતાં સેન્સરશીપ વધુ વહેમીલી અને ખંતીલી બની. વર્તમાનપત્રો તદ્દન સૂકાં બની ગયાં.

સંસદસભ્ય અમૃત નાહટાનું 'કિસ્સા કુર્સીકા' વાત કરે છે ચૂંટણીઓની, કાયદાને મચડનારાઓની, ટોળાંશાહી દેખાવોની, પણ વ્યંગના માધ્યમથી. પણ એ ફિલ્મ તો સેન્સર થઈ ગઈ. કટોકટી પછી 'કિસ્સા કુર્સીકા' પહેલા ગુજરાતીમાં ભવાઈ નાટ્યસ્વરૂપે અને પછી હિન્દી ફિલ્મરૂપે રજૂ થઈ.

કટોકટી ઊઠ્યા પછી વ્યંગલેખન પૂરબહારમાં ખીલી રહ્યું. જનતા પક્ષના રાજ્યમાં એક બાજુ કટોકટીના ભૂતકાળની કડવી મશ્કરી તો બીજી બાજુ જનતા પક્ષના કુસંપથી ખૂબ ઠેકડી ઉડાવાઈ. અંગત રીતે મને લાગે છે કે જનતાપક્ષના આંતરિક કલહ સામેનો પ્રજાકીય પ્રતિભાવ તીવ્ર બનાવવામાં પત્રકારો અને વ્યંકારોએ જરા વધારે પડતો ઉત્સાહ દાખવ્યો! ઘણાં સારાં કાર્યો છતાં જનતા પક્ષ પછીની ચૂંટણીમાં હાર્યો એ વાત કદાચ સામાન્ય પ્રજાજનોનું કાચાકાનપણું પ્રગટ કરી ગઈ.

વ્યંગલેખન હંમેશાં પ્રામાણિક હોય તો પણ તટસ્થ રહી શકે એમ બનતું નથી. હા, વિવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કરવા દ્વારા, ચર્ચા ઊભી કરવા દ્વારા લાંબે ગાળે એ પ્રજાની પરિપક્વતા કેળવે. પણ ટૂંકા ગાળે ક્યારેક અપરિપક્વતાને બહેકાવે એમ પણ બને છે. ભારતમાં વારંવાર બન્યું છે. આપણા સ્વાતંત્ર્ય-સમયનાં પચાસ વર્ષોમાં વ્યંગલેખનનો ફાળો કોઈ ચોક્કસ દૃષ્ટિબિંદુને જિતાડવામાં કે હરાવવામાં સફળ એ રીતનો ઓછો છે. પણ વધારે તો રસાવહતા દ્વારા પ્રજાને બૌદ્ધિક રીતે જાગૃત કરવાનો, સામાજિક અને રાજકીય નિર્ભયતા પ્રેરવાનો. આવેશ કરતાં વિચાર તરફ વધુ દોરવાનો અને અનેક વિવિધલક્ષ્યો ધરાવતા બહુપારિમાણી સમાજમાં જરૂરી એવી ઉદાર વિશાળ દૃષ્ટિનું પ્રજાને શિક્ષણ આપવાનો વધારે રહ્યો છે.

રાજકીય વ્યંગદર્શનનો ગ્રાફ જાણે આ પચાસ વર્ષમાં નીચેથી ઉપર જઈ રહ્યો છે સતત, એંશીનેવુંના દાયકામાં તો એ ખૂબ ઝડપથી ઉપર ગયો તો બીજી બાજુ રાજકારણ સિવાયના વિશાળ સમાજકારણમાં વ્યંગલેખને પૂરતો ઉત્સાહ દાખવ્યો નથી - સર્વ ભાષાઓમાં - એમ લાગે છે. અઢારમી, ઓગણીસમી સદી કરતાં

ઊંધી જ સ્થિતિ છે. તે સમયે બાળલગ્ન, વિધવાવિવાહ, અજ્ઞાન, વહેમ, લોભીપણું, વર્ણભેદની અતિશયતા એ બધા અંગે ગંભીર સમાજસુધારક લેખન સાથે જ કંઈક વ્યંગ વાક્બાણો છોડવાના પ્રયત્નો પણ સભાનપણે થયેલા. રાજકીય કટાક્ષનું પ્રમાણ નહીંવત્, ગુલામીની પરિસ્થિતિને કારણે. પણ ઓગણીસસો સુડતાળીસ પછી વલણ ઊંધું થવા માંડ્યું. એકંદરે હાસ્યવ્યંગનું બાહુલ્ય તો માધ્યમવિસ્તારને કારણે પ્રગટવા માંડ્યું પણ તેમાં સમાજસુધારાની ભાવનાશીલ કે હેતુલક્ષિતા ઓછી અને મનોરંજન હેતુ વધારે એવું થતું રહ્યું.

આ સમયમાં અને આગલા સમયમાં એક અગત્યનું લક્ષણ તે લોકજીવનમાં સામાન્ય માનવીઓ દ્વારા મોટેભાગે કર્ણોપકર્ણ એવા વ્યંગકટાક્ષનું સાતત્ય. સામાજિક વ્યંગ આપણી કહેવતોમાં કેટલો બધો ગૂંથાયો છે! કોણ એનો લેખક? કોઈ નહીં! ઓગણીસસો સુડતાલીસ પછી પણ વૈધિક વ્યંગલેખનની વાત છોડીને અવૈધિક કર્ણોપકર્ણ પ્રસરતા વ્યંગસર્જનની વાત કરીએ તો એમાં પ્રજાનો અવાજ અચૂક પ્રગટ થતો રહ્યો છે - રાજકીય અને સામાજિક કટાક્ષમાં. જેમ કે...

- બે બાળકોથી શું થાય? અડધો ડઝન જોઈએ. એક અનાજની લાઈનમાં ઊભો રાખવા, બીજો ખાંડની લાઈનમાં ઊભો રાખવા, ત્રીજો કેરોસીનની લાઈનમાં ઊભો રાખવા, ચોથો કોલસાની...!

- ભાઈ, કૉન્ગ્રેસ પર તો પરમેશ્વરના ચારે હાથ છે. પરમેશ્વરે આશિષ આપી છે આ લોકોને, 'જાવ તમારા રાજમાં કોઈ નાગો ભૂખ્યો નહીં રહે!' (અહીં નાગો અને ભૂખ્યો એ બે શબ્દો વચ્ચે અર્થપૂર્ણ રીતે અટકાવાનું!)

- સરકારી ઑફિસમાં તમારાં કાગળિયોમા ઊડી જવા દેવાં ન હોય તો પેપરવેટ તો મૂકવું જ પડેને, ભાઈ!

ક્યારેક વિદેશી રમૂજો ભારતીય વાઘા પહેરીને અહીં ઘૂમવા માંડતી.

અમેરિકન નિષ્ણાતોએ પાકિસ્તાની સૈનિકોને અમેરિકન પ્લેન કેમ ઊંચે ચડાવવું તે શીખવાડ્યું. 'આ તો બરાબર, પણ અમારે આ પ્લેન નીચે કેમ ઉતારવું એ શીખવાડોને!'... 'એની ચિંતા તમે ન કરો, તમારા પ્લેન્સ નીચે ઉતારવાનું કામ તો ભારતીય સૈનિકો કરશે!'

આપણા સમયમાં વારંવાર બૌદ્ધિકો દ્વારા ચર્ચાતો પ્રશ્ન આ રહ્યો છે - ભારતીય પ્રજામાં સેન્સ ઑફ હ્યુમર છે? કે નથી? એ આ સમયમાં વારંવાર ચર્ચાતું રહ્યું છે. કોઈ પ્રજાની, રાષ્ટ્રની, સાંસ્કૃતિક સમૂહની હાસ્યવૃત્તિનો એટલે કે એ પ્રજા કોની પર ક્યારે હસી શકશે તેનો આધાર તેની સામૂહિક લાગણી-પરંપરા કે મૂલ્ય-પરંપરા પર રહેશે.રણમેદાનની નિષ્ફળતાને બહાદુર બ્રિટિશર ગંભીર રીતે લે છે, પણ ફરી લડીશું એવા સંકલ્પ સાથે અને એટલે જ. ઠીકઠીક સ્વસ્થતાપૂર્વક. અંગ્રેજો લંડન પરના બૉમ્બમારા વખતે હસી શકતા. હાસ્ય એ નિષ્ફળતાની કડવાશને બૌદ્ધિક રીતે લઈને પચાવવાની શક્તિ આપે છે. જીવનશ્રદ્ધા અને પુરુષાર્થ પ્રેરે છે. લંડનમાં એક દુકાનના કાચ પર ચીતરેલું - ચોવીસ કલાક ખુલ્લી (Open Twenty Four Hours). યુદ્ધ સમયે હિટલરના બૉમ્બથી દુકાનના શો રૂમના કાચ તૂટી ગયા. દુકાન ખરેખર ખુલ્લી થઈ ગઈ. આડશ વિનાની! પેલાએ નવું પાટિયું ચિતરીને મૂક્યું - હવે પૂરેપૂરી ખુલ્લી ચોવીસ કલાક! We are more open than before!

એમ મનાયું છે કે જાપાનીઝ સૈનિક આમ હારને હસવામાં ન લઈ શકે. ક્ષણાર્ધ માટે પણ નહીં. એ શરમ, ઝનૂન વગેરે લાગણીઓને વધુ તીવ્રતાથી અનુભવશે - આપઘાત વિના હવે આરો નહીં! ભારત, ભારતીય જનતાના સંસ્કારવારસામાં ઠાવકી હાસ્યવૃત્તિ તો છે. જે કચડાયેલા છે, શોષિત છે તેમાં તો ખાસ. દા.ત. જૂના સૌરાષ્ટ્રના સમાજમાં. પણ આ સ્વસ્થતા કદાચ વિદેશી સત્તાનાં વર્ષોમાં ગુમાવાઈ ગઈ. આજે હવે સ્વસ્થતાને બદલે આવેશ-અભિવ્યક્તિ ઘણુંખરું કડવાશ સાથે આપણે માટે વધુ સાહજિક બની રહી લાગે છે. ભારતનો જે સૉફિસ્ટિકેટેડ વર્ગ છે તે માને છે કે આપણી પ્રજામાં હાસ્યવૃત્તિ નથી, એથી જ આપણે ભય કે નિષ્ફળતાને વધુ તીવ્રરૂપે અનુભવીએ છીએ અને એમાંથી હાસ્ય દ્વારા પુનઃ સ્વસ્થ થવું અશક્ય બની રહે છે. આપણે નિષ્ક્રિય, નિરાશાવાદી બની જઈએ છીએ અથવા તો ક્રોધ, હિંસા - કદાચ શાબ્દિક વધુ - એ રીતે અભિવ્યક્ત થઈએ છીએ.

પણ લોકશાહીમાં અપાર હિતવૈવિધ્ય, પ્રકૃતિવૈવિધ્ય, સંસ્કારવૈવિધ્ય રહેવાનું જ. ત્યાં અસહિષ્ણુતા કે તજ્જન્ય આવેશ એ સર્વનાશ તરફ જ લઈ જાય. સદ્ભાગ્યે ગાંધી-નેહરુના વારસાથી આ કપરા ગાળામાં પણ દેશ ક્રમેક્રમે હસતાં શીખી રહ્યો છે. હાસ્યસર્જન વધતું જાય છે. માધ્યમોમાં હાસ્યકૃતિઓની લોકપ્રિયતા વધતી જાય છે. લોકસમુદાયમાં હાસ્ય-પ્રતિભાવો નવી લોકોક્તિઓમાં, નવા ટુચકાઓમાં, નવી મજાકોમાં વ્યક્ત થતા રહે છે. રાજકીય જાગૃતિ આવતી જાય છે, ભય ઘટતો જાય છે, વિચારસ્વાતંત્ર્ય અને પ્રતિભાસ્વાતંત્ર્ય — પ્રગટ કે અપ્રગટ - ના નવા સદ્ભાગ્યને પ્રજા પારખતી થઈ છે. જો કે પરિહાસની પરિપક્વતા હજી આ તબક્કે ઓછી દેખાય છે. ઉપહાસનો તીખો આનંદ પ્રજા વધુ માણે છે. હજી બ્રિટિશ પ્રજા જેવું અમૂલ્ય અંતર્મુખ હાસ્ય પ્રજામનમાં પ્રગટવું બાકી છે અને અમેરિકનો જેવા પૂર્ણપ્રફુલ્લ આત્મવિશ્વાસપૂર્વકના બહિર્મુખ હાસ્ય સુધી પણ આપણે પહોંચી શક્યા નથી. બ્રિટિશ ચરિત્રના મૂળમાં છે ઇતિહાસ-ગૌરવજનિત આત્મશ્રદ્ધા. અમેરિકન ચરિત્રના મૂળમાં છે શક્તિસંપત્તિજનિત આત્મશ્રદ્ધા. ભારત દેશમાં બૌદ્ધિક તાટસ્થ્યને,

પ્રમાણભાનને, મૂળભૂત સામાજિક મૂલ્ય ગણવા જેટલી આત્મશ્રદ્ધા પ્રગટી નથી.

આપણે ત્યાં હાસ્ય વધતું જાય છે પણ વિશુદ્ધ હાસ્ય કરતાં વ્યંગ વધારે. જોકે વ્યંગમાંય હાસ્યત્વ તો હોય છે જ, નહીં તો 'ઇન્વેક્ટિવ' ભાંડણલીલા બની જાય. –

આજે વિચારું છું - પચાસ વર્ષ હાસ્યવ્યંગ લેખનનાં થઈ ગયાં. કેમ ટકી શકાયું? એક બાજુ રાષ્ટ્રના જીવન અંગે સંસ્કારગત શ્રદ્ધાલાગણી (કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી!) અને બીજી બાજુ સતત અધઃપતનને પારખવાનું નહીં જ ચૂકનારી બુદ્ધિ! શ્રદ્ધામાંથી પ્રગટતી સુખતંદ્રાનો સ્વીકાર તો નહીં જ નહીં, પણ સામે છેડે સર્વનાશની તાર્કિક શક્યતાથી પ્રભાવિત થઈને હતપ્રભ - સિનિકલ - બનવાનું પણ નહીં જ નહીં! આ બે વિરોધી છેડાને, કશુંય અંતિમ કે સત્ય નથી. માનવજીવન એ સમજપૂર્વક બેઉને સ્વીકારીને અને બેઉને નકારીને હસતાં રહેવું, અને હસતાં-હસતાં મથતા રહેવું, મથી ન શકાય તો ટકી તો રહેવું જ, એ જ કદાચ હજારો વર્ષ જૂની ભારતીય અધ્યાત્મદૃષ્ટિ. એની પુનઃપ્રાપ્તિની શોધ એ આજના ભારતીય હાસ્યવ્યંગ લેખકનું જીવનકર્તવ્ય છે. એ પડકારનો રોમાંચ એ વ્યક્તિ તરીકે પરમ સૌભાગ્યની પ્રાપ્તિ છે, રાષ્ટ્ર તરીકે, માનવજાત તરીકે અમરત્વની અનિવાર્યતા છે.

ગિજુભાઈની વાર્તાના આનંદી કાગડાને કાંટાની ઝાડીમાં નાખવામાં આવ્યો ત્યારે એ ગાતો હતો 'ફૂણા કાન વીંધાવીએ છીએ રે ભાઈ!' ખેડૂતના પ્રાણસમી ભેંશો સરકારી જપ્તીમાં પોષણઅભાવે ફિક્કી પડતી જોઈ સરદાર વલ્લભાઈ પટેલના અંદરથી રડતા ખેડૂત હૃદયે સૌને ટકાવવા રમૂજ કરેલી.' અલ્યા ભાઈ! આપણી ભેંશો તો ગોરી મડમ બની ગઈ!' કૌભાંડોને નાથવાની નૈતિક શક્તિ ગુમાવી બેઠેલા રાજપુરુષો માટે ભારતનો ગામડિયો કહે છે, અલ્યા ભાઈ! રામચંદ્રજીએ વનમાં જતા અયોધ્યાના નાગરિકોને કહ્યું, ભાઈઓ-બહેનો, તમે પાછા જાવ.' પણ જે ભાઈ પણ ન હતાં ને બહેન પણ ન હતા તે બિચારાંઓ ચૌદ વર્ષ અનુજ્ઞાને અભાવે અયોધ્યાની સીમે જ બેસી રહ્યા. રામચંદ્રજીએ આશિષ આપી : 'તમે રાજ કરશો ભારતમાં ૧૯૪૭ પછી, જાઓ મારી આશિષ છે.'

સ્વ. ઉમાશંકર જોશી – આપણા કવિએ એક અંગત પત્રમાં મને લખેલું, 'આપણા યુગની 'ટ્રેજડિ' તો અભિવ્યક્ત થઈ શકશે કદાચ 'ફાર્સ'ના સ્વરૂપથી જ...' □

અનુસંધા] **સાહિત્યસંપર્ક** [પૃ. ૪૬૭થી

પ્રાપ્ત પ્રકાશનો

પંચામૃત (પૂ.પાંડુરંગ શાસ્ત્રી; સંપાદન : સુરેશ દલાલ, મૂલ્ય રૂ. ૫૦/-) પાંડુરંગ શાસ્ત્રી આઠવલેદાદા તરીકે પુજાય છે. દાદાનાહ્ પ્રવચનોનાં બહુ અને બહુવિધ પુસ્તકો છે. તેમાંથી સંપાદક સુરેશ દલાલે પાંચ પ્રવચનો પસંદ કરી અહીં પુસ્તક રૂપે પ્રગટ કર્યાં છે. દાદાની વાણી બોલાયેલી વાણી છે. તેની વાત જ જુદી. તે પ્રેરે છે, ધર્મકર્મપ્રેરિત સ્વાધ્યાય તરફ વાળે છે. લેખિત રૂપે પણ તેમાં એવું જ સામર્થ્ય છે. અહીં શંકરાચાર્યના બે સ્તોત્ર, વલ્લભાચાર્યના એક શ્લોક, કૃષ્ણજીવન - દર્શન અને ગીતાનું અમૃત-એમ પંચામૃતનો પ્રસાદ વહેંચ્યો છે. દાદા સહજપણે આધ્યાત્મની ભારેખમ વાતો છેડે છે, મર્મ ઉઘાડી આપે છે. છીપમાં રહેલા મોતીને પારખવાની અને તેનું દર્શન કરાવવાની તેમની દૃષ્ટિ અને શક્તિ છે.

એક ચીથરું સુખ (લે. નિર્મલ વર્મા; અનુવાદ : વિનેશ અંતાણી, મૂલ્ય રૂ. ૭૦/-) નિર્મલ વર્મા હિન્દીના સુપ્રસિદ્ધ સર્જક છે. તેમનું દર્શન પશ્ચિમી લાગે, સર્જન ભારતીય છે. માણસનું જીવન આખરે શું છે : દુઃખ, દુઃખ, દુઃખ. અને એ દુઃખનું સુખ. પ્રસ્તુત નવલકથા બીમાર રહેતા એક છોકરાની ડાયરીરૂપે લખાઈ છે. એક વૈંતિયો એનાં વસ્ત્રોને ફાડી તેના ચીથરાં ઉડાડે છે. એ ચીથરાંને એ સુખ કહે છે. તાવ અને સ્મૃતિમાં રવડતા છોકરા પાસે એટલું પણ સુખ નથી. આપણા નિવડેલા નવલકથાકાર શ્રી વિનેશ અંતાણીએ પ્રાસાદિક અનુવાદ આપ્યો છે.

ગાયે ચલા જા (લે. શિરીષ કાણેકર; અનુવાદ : જયા મહેતા, મૂલ્ય રૂ. ૬૦/-) ફિલ્મી ગીતસંગીતનો છોછ રાખવામાં ડહાપણ નથી. તેમાં કવિતા પણ હોય છે; મેલડિ પણ છે અને હારમનિ પણ. આ ગીતસંગીતની શાસ્ત્રીય ચર્ચાને બદલે સામાન્ય માણસને અસર કરતી ખૂબી અને બારિકી પણ બહોત ખૂબ છે. તે ગીતસંગીત પાછળ માનવી સંબંધોનાં તાણા-વાણા ને રહસ્યો છે. આ બધાં મૂળ લેખકે ઉઘાડી આપ્યા છે. જયા મહેતા સરસ અનુવાદથી ગુજરાતી વાચકને તે સુલભ કરાવી આપે છે.

રેવરન્સ ફોર હેલ્થ (અંગ્રેજી. લે. ડૉ. મહેરવાન ભામગરા; મૂલ્ય રૂ. ૭૫/-) એક નિપુણ અને વ્યવહારુ વિદ્વાને આ પુસ્તકમાં સરળ અંગ્રેજીમાં સ્વાસ્થ્યના પ્રશ્નો ચર્ચ્યા છે. ડૉ. ભામગરા વિખ્યાત નેચરોપેથ છે. તેમણે તેમના નિસર્ગોપચાર દૃષ્ટિકોણથી ખાન-પાન, ફિટનેસ કસરત, મનોતાણ, દેહની જાળવણી અને ધર્મ-ધ્યાન સુધ્ધાંની ચર્ચા કરી છે. સ્વાસ્થ્યપ્રેમીઓ માટે 'મસ્ટ.' (બધાં જ પ્રકાશનો ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. **અમદાવાદ** : ડી-૩૩, સિલ્વર આર્ક, એલિસબ્રિજ (રેલવે ક્રોસિંગ પાસે) અમદાવાદ-૩૮૦ ૦૦૬ **મુંબઈ** : ૧૯૯૧/૧, ગોપાળભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, ગીતા ભવન હૉટેલ સામે, મુંબઈ-૩૦૦ ૦૦૨)

લોકશાહી ને નાગરિક-ઘડતર

દિનેશ શુક્લ

મૂળભૂત હકો અને સ્વાતંત્ર્યોનો બંધારણમાં સમાવેશ

પોતાના વ્યક્તિત્વનો વિકાસ અને તેની વિવિધ પ્રકારે અભિવ્યક્તિ એ મનુષ્યમાત્રની ઝંખના છે. એને ચરિતાર્થ કરવા સારુ જે કેટલીક સામાજિક પરિસ્થિતિઓનાં નિર્માણ, સંગોપન અને સાતત્યને અનિવાર્ય માનવામાં આવે છે, એને સામાન્ય રીતે માનવહકો તરીકે ઓળખવામાં આવે છે. કોઈ પણ સમાજ અને રાજ્યની ઓળખ એ એના સભ્યો અને નાગરિકોને કયા હકો ભોગવવા દે છે અને કેટલી માત્રામાં, એ પરથી થાય છે. વ્યક્તિત્વનાં વિકાસ અને અભિવ્યક્તિ માટે જેમ કેટલાક પાયાના હકો અને સ્વાતંત્ર્યો અનિવાર્ય છે, તેમ સમાજમાં વ્યવસ્થા, સલામતી વગેરેનાં રક્ષણ અને જતન માટે રાજ્યની સત્તા પણ અનિવાર્ય છે. બેમાંથી એકેયનો ભોગ આપ્યા સિવાય અથવા બેમાંથી એક પર અતિશય ઝોક મૂક્યા સિવાય વ્યવહારમાં સ્વતંત્રતા અને સત્તા વચ્ચે કેવી રીતે મેળ બેસાડવો એ રાજકીય ચિંતનની એક મુખ્ય સમસ્યા છે.

લોકશાહી રાજ્યોનાં બંધારણોમાં આ સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. રાજ્યની સત્તાનો દુરુપયોગ અથવા અતિરેકપૂર્ણ ઉપયોગ ન થાય એ સારુ સત્તાનો વિશ્લેષ અને સત્તાનું વિભાજન કરવામાં આવે છે, એ આપણે જોઈ ગયા છીએ. 'સત્તા પર બીજી સત્તાનું નિયંત્રણ હોવું જોઈએ - પાવર મસ્ટ બી ચેક્ડ બાઇ અનધર પાવર' - એ ન્યાયે સત્તા પર અંકુશ - પ્રતિઅંકુશ (ચેક્સ ઍન્ડ બેલેન્સીસ)નું અમુક પ્રકારનું માળખું સામાન્ય રીતે લોકશાહી બંધારણમાં હોય છે. આમાંથી હકોના રક્ષણની થોડી ખાતરી જરૂર મળે છે. પણ હકોનાં રક્ષણ અને સાતત્ય માટે આ નકારાત્મક જોગવાઈ પૂરતી ગણાતી નથી. કેટલાંક પાયાનાં સ્વાતંત્ર્યો અને હકોના રક્ષણની વધુ આધારપાત્ર અને વિશ્વસનીય ખાતરી માટે તેમનો સમાવેશ ખુદ બંધારણમાં જ કરવામાં આવે એનો સ્વીકાર કરવામાં આવે છે. આ હકોના સ્પષ્ટ સમાવેશ સાથે ખુદ બંધારણમાં જ એવી જોગવાઈ કરવામાં આવે કે રાજ્ય અથવા તેનું કોઈ અંગ સમાવિષ્ટ હકોનો ભંગ થાય એવું કશુંય નહીં કરે. રાજ્યની સત્તા પર આમ મર્યાદા મૂકતા હકોને મૂળભૂત હકોનો દરજ્જો આપવામાં આવે છે. બંધારણમાં સ્પષ્ટપણે ઉલ્લેખ આવા હકોને કારણે એ બંધારણ હેઠળ રચાતી સરકારને 'મર્યાદિત સરકાર' પણ કહેવામાં આવે છે. આપણા બંધારણમાં સમાવિષ્ટ બધા હકો અને સ્વાતંત્ર્યોને 'મૂળભૂત હકો'નો દરજ્જો આપવામાં આવ્યો નથી. જે હકો અને સ્વાતંત્ર્યોનો સમાવેશ બંધારણના ત્રીજા ભાગમાં કરવામાં આવ્યો છે, એઓ જ માત્ર મૂળભૂત હકો અને મૂળભૂત સ્વાતંત્ર્યોનો દરજ્જો ધરાવે છે, જ્યારે કેટલાક હકો અને સ્વાતંત્ર્યોનો સમાવેશ બંધારણના ચોથા ભાગ - રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો - માં કરવામાં આવ્યો છે, એમને મૂળભૂત હકોનો દરજ્જો પ્રાપ્ત થતો નથી. ત્રીજા ભાગમાં સમાવિષ્ટ મૂળભૂત હકોના રક્ષણ અને સંગોપનની અદાલતી ખાતરી આપવામાં આવી છે, જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવિષ્ટ હકોની એવી ખાતરી આપવામાં આવી નથી, એની વિગતે ચર્ચા આગળ ઉપર કરીશું.

બ્રિટિશ શાસન હેઠળ આપણે 'શાસિત' અથવા 'પ્રજા' હતા; મતલબ કે, બ્રિટિશ સરકાર, જેને મર્યાદિત ન કરી શકે અથવા ઝૂંટવી લઈ ન શકે એવા કેટલાક મૂળભૂત હકો અને સ્વાતંત્ર્યો આપણે ત્યારે ધરાવતા ન હતા. બીજું, આપણે ત્યારે શાસિત અથવા પ્રજા હતા એનો બીજો અર્થ એ કે શાસનમાં આપણી કોઈ હિસ્સેદારી કે સહભાગિતા ન હતી. (બહુ જ મર્યાદિત અર્થમાં અને તે પણ ૧૯૩૫ના કાયદામાં આપણા લોકોને મતાધિકાર હતો.) આઝાદી આવતાં આપણે 'પ્રજા'માંથી 'નાગરિકો' બન્યા છીએ. એનો પ્રથમ અર્થ એ કે આપણે હવે કેટલાક મૂળભૂત હકો અને સ્વાતંત્ર્યો ધરાવીએ છીએ, જેને સરકાર કે સંસદ પણ મર્યાદિત કરી શકતી નથી. એનો બીજો અર્થ, ૧૮ વર્ષથી વધુ ઉંમર ધરાવતી બધી જ વ્યક્તિઓને મતાધિકાર છે. (અગાઉ ૨૧ વર્ષ મતાધિકાર માટેની વય હતી, ૧૯૮૯માં પસાર કરવામાં આવેલ ૬૧મા બંધારણીય સુધારા દ્વારા એ વય ઘટાડીને ૧૮ વર્ષ કરવામાં આવી છે). ઉંમર સિવાય અન્ય કોઈ લાયકાત રાખવામાં આવી નથી. આમ, પુખ્તવય ધરાવતો દરેક નાગરિક મતાધિકાર દ્વારા દેશના શાસન માટેની નિર્ણય-પ્રક્રિયામાં સામેલ થવાનો હક ધરાવે છે.

રાષ્ટ્રિય આઝાદીની ચળવળનાં આરંભિક વર્ષોથી આપણા રાષ્ટ્રિય નેતાઓ કેટલાક મૂળભૂત હકો અને સ્વાતંત્ર્યોની માગણી કરતા આવ્યા છે. છેક ૧૮૯૫માં લોકમાન્ય તિળકે 'સ્વરાજ બિલ'ની રજૂઆત કરી હતી, જેમાં ભારતનાં લોકોને અભિવ્યક્તિની સ્વતંત્રતા, કાયદા સમક્ષની સમાનતા તેમજ અન્ય હકો આપવામાં આવે, એવી માગણી કરવામાં આવી હતી. ૧૯૨૯માં મોતીલાલ નેહરુના અધ્યક્ષપદે રચવામાં આવેલી સર્વપક્ષીય સમિતિએ પણ કેટલાક મૂળભૂત હકો ભારતના નાગરિકોને આપવામાં આવે, એ

માગણી દોહરાવી હતી. અનેક રજૂઆતો અને અપીલો છતાં બ્રિટિશ સરકારે એ માગણી સ્વીકારી ન હતી. ૧૯૩૫ના કાયદામાં આવા હકોની જોગવાઈ કરવામાં આવી ન હતી, તેની સામે રાષ્ટ્રિય નેતાઓએ સખ્ત નારાજી પ્રદર્શિત કરી હતી. બ્રિટિશ સરકારે અને ખાસ કરીને ત્યાંના રૂઢિચુસ્ત પક્ષની એવી માન્યતા હતી કે, 'જે બ્રિટનના લોકો માટે સારું છે, તે બધું ભારતના લોકો માટે પણ સારું છે,' એવું નથી. રૂઢિચુસ્ત પક્ષના કેટલાક નેતાઓ તો ત્યાં સુધી માનતા હતા કે ભારતનાં લોકો સ્વાતંત્ર્યને લાયક જ નથી. ધર્મ, જ્ઞાતિ-જાતિ, પ્રદેશ, ભાષા અને સંસ્કૃતિ એ બધામાં ભારતનાં લોકો એટલા બધા તો વિભાજિત છે કે તેઓ લોકશાહી રીતે શાસન કરી શકે તેમ નથી. બીજા વિશ્વયુદ્ધ પછી બ્રિટનમાં લેબર પાર્ટી સત્તા પર આવી અને ૧૯૪૬માં કેબિનેટ મિશન યોજનામાં કેટલાંક રક્ષણો સહિત મૂળભૂત હકોની ભલામણ કરવામાં આવી.

મૂળભૂત હકોને લગતા એક અલાયદા પ્રકરણનો બંધારણમાં સમાવેશ કરવાની જરૂરિયાતનો સ્વીકાર બંધારણસભામાં સર્વાનુમતે કરવામાં આવ્યો. સરદાર વલ્લભભાઈ પટેલના અધ્યક્ષપદે મૂળભૂત હકોનો વિગતે અભ્યાસ કરીને કયા હકોનો સમાવેશ મૂળભૂત હકોના પ્રકરણમાં કરવો અને કયા હકોનો સમાવેશ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવો, એનાં સૂચનો અને ભલામણો કરવા એક ખાસ સમિતિની રચના કરવામાં આવી, અને એ ભલામણોને આધારે આપણા બંધારણમાં મૂળભૂત હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કયા હકોનો સમાવેશ મૂળભૂત હકોના પ્રકરણમાં કરવો અને કયા હકોનો સમાવેશ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવો એનો નિર્ણય કરવાનું મુશ્કેલ હતું. કારણ જે હકોને મૂળભૂત હકોનો દરજ્જો આપવામાં આવે, એ હકો રાજ્ય સામેના નાગરિકોના દાવા બને, એટલું જ નહીં, એ હકોના રક્ષણ અને જતનની રાજ્યે ખાતરી આપવાની થાય. જો એ હકોનો ભંગ થાય અથવા એનો અમલ ન થાય તો નાગરિક રાજ્ય સામે અદાલતોમાં (વડી અદાલત અને છેલ્લે સર્વોચ્ચ અદાલત) જઈને દાદ માગી શકે. આથી મૂળભૂત હકોને 'ન્યાય્ય' (જસ્ટિશિયેબલ) કહેવામાં આવે છે. જ્યારે જે હકોનો સમાવેશ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો હોય તેના ભંગ અથવા બિન-અમલ માટે અદાલતોનો આશરો લઈ શકાતો નથી. આથી એ હકોને 'બિન-ન્યાય્ય' (નૉન-જસ્ટિશિયેબલ) કહેવામાં આવે છે. આ બંને પ્રકારના હકો વચ્ચે એક બીજો મહત્ત્વનો તફાવત એ છે કે મૂળભૂત હકો રાજ્ય પર મર્યાદા મૂકે છે, જ્યારે રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવિષ્ટ હકો, એ હકોને રાજ્ય ક્રમશઃ વ્યવહારમાં ચરિતાર્થ કરતું જાય એવી અપેક્ષા રાખવામાં આવે છે. મહદંશે જેને નાગરિક અને રાજકીય સ્વતંત્રતાઓ અને હકો ગણવામાં આવે છે, તેમનો ઉલ્લેખ મૂળભૂત હકો તરીકે અને જેમને સામાજિક અને આર્થિક હકો ગણવામાં આવે છે, તેમનો સમાવેશ માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે. આમ તો, નાગરિકોની દૃષ્ટિએ બધા હકો અને સ્વાતંત્ર્યો મહત્ત્વનાં છે, અને વ્યક્તિત્વના વિકાસ અને અભિવ્યક્તિ માટે બધાં અત્યંત જરૂરી છે, પણ સામાજિક પરિસ્થિતિ, અર્થતંત્રની સ્થિતિ અને વહીવટી તંત્રની ક્ષમતા એ બધું જોતાં કેટલાક સામાજિક-આર્થિક હકો વ્યવહારમાં તત્કાળ ચરિતાર્થ કરી શકાય એવા નહીં હોવાથી એમનો સમાવેશ માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવાનું બંધારણના ઘડવૈયાઓએ મુનાસીબ માન્યું છે.

બંધારણમાં મૂળભૂત હકો અને સ્વાતંત્ર્યોને સ્થાન આપવું કે કેમ એ વિષે લોકશાહી શાસનવ્યવસ્થામાં મુખ્યત્વે બે મૉડેલો અથવા અભિગમો પ્રવર્તે છે. એક છે, બ્રિટિશ અભિગમ અને બીજો અમેરિકી અભિગમ. બ્રિટનનું બંધારણ મહદંશે અલિખિત સ્વરૂપનું છે, સદીઓની ઉત્ક્રાંતિનું એ પરિણામ છે. ત્યાં પાર્લમેન્ટ સર્વોપરી અને સાર્વભૌમ છે, એટલે ત્યાં બંધારણમાં લેખિત સ્વરૂપમાં મૂળભૂત હકોના સમાવેશનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ત્યાં 'કૉમન લૉ'ની દીર્ઘ પરંપરા છે અને બ્રિટિશ નાગરિકોનાં મૂળભૂત હકો અને સ્વાતંત્ર્યોનું ત્યાં સુપેરે રક્ષણ અને જતન થાય છે. ઉપરાંત, ત્યાં અત્યંત અસરકારક અને સંગઠિત લોકમત આ હકો અને સ્વાતંત્ર્યોના રક્ષણની ખાતરી પૂરી પાડે છે. બ્રિટનમાં કોઈ પણ પક્ષની સરકાર હોય, નાગરિકોનાં હકો અને સ્વાતંત્ર્યો સાથે ચેડાં કરવાની હિંમત સુધ્ધાં કરતી નથી, કારણ ત્યાર પછીની સામાન્ય ચૂંટણીમાં એને સત્તા ગુમાવવાનો ડર લાગે છે. અમેરિકી મૉડેલમાં બંધારણ સર્વોપરી છે, અમેરિકી પાર્લમેન્ટ (કૉન્ગ્રેસ) નહીં. બીજું, અમેરિકી બંધારણ એ લેખિત બંધારણ છે. જોકે, શરૂઆતમાં ત્યાં પણ મૂળભૂત હકોનો સમાવેશ મૂળ બંધારણના દસ્તાવેજમાં કરવામાં નહોતો આવ્યો, પણ બંધારણીય સુધારા દ્વારા બિલ ઑફ રાઈટ્સનો સમાવેશ તેમાં કરવામાં આવ્યો. અને એ હકોના રક્ષણ-જતનની જવાબદારી ન્યાયતંત્રને શિરે મૂકવામાં આવી.

અમેરિકી બંધારણ બાદ અસ્તિત્વમાં આવેલ દરેક આધુનિક લોકશાહી બંધારણમાં મૂળભૂત હકોનો સમાવેશ બંધારણમાં જ કરવાનો શિરસ્તો પડ્યો છે અને આપણા બંધારણના ઘડવૈયાઓ એ બાબતમાં અમેરિકી મૉડેલને અનુસર્યા છે. એ ઉપરાંત, મૂળભૂત હકોનો બંધારણમાં સમાવેશ કરવાના કેટલાક ચોક્કસ લાભ પણ છે. એમ કરીને આપણે કેટલાક પાયાના હકો અને સ્વાતંત્ર્યોને રાજકીય વાદવિવાદ અને પક્ષાપક્ષીથી પર બનાવી

શકાએ છીએ. બદલાતી સરકારો અને સંસદીય બહુમતીઓની પહોંચથી ઉપર આપણે એમને સ્થાપિત કરી શકીએ છીએ. વળી, એમ કરીને સંસદના કાયદા અને સરકારનાં કાર્યોના મૂલ્યાંકનનો એક મહત્ત્વનો માપદંડ સ્થાપી શકીએ છીએ. સંસદ અને સરકારની વિશાળ સત્તાઓ સામે અદના, સામાન્ય નાગરિકના કેટલાક હકોના રક્ષણની બંધારણીય ખાતરી આપી શકીએ છીએ. આપણા જેવા દેશમાં જ્યાં અનેક પ્રકારની વિવિધતાઓને કારણે લઘુમતી સમૂહોનું અસ્તિત્વ હોય, ત્યાં એમના હકો પર બહુમતીનું જોખમ તોળાતું હોય ત્યારે હકોનો સમાવેશ બંધારણમાં કરવામાં આવ્યો હોય તો એમના રક્ષણની ખાતરી મળે છે. આ બધી બાબતોનો ગંભીરતાથી અને વિશદ રીતે વિચાર કરીને બંધારણના ઘડવૈયાઓએ સાત જેટલા મૂળભૂત હકોનો સમાવેશ બંધારણના ત્રીજા ભાગમાં કર્યો છે. આ સાત હકોમાં (૧) સમાનતાનો હક, (૨) સ્વતંત્રતાનો હક, (૩) શોષણવિરોધ હક, (૪) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક, (૫) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો, (૬) મિલકતનો હક અને (૭) બંધારણીય ઈલાજોનો હક. ૧૯૭૯માં ૪૪મા બંધારણીય સુધારા દ્વારા મિલકતના હકને મૂળભૂત હકોની યાદીમાંથી બાકાત કરીને સાદા, કાનૂની હક તરીકે ચાલુ રાખવામાં આવ્યો છે.

આપણા આ મૂળભૂત હકોની વિગતે વાત કરીએ એ પહેલાં આ હકો વિષેની કેટલીક ખાસિયતો જાણી લઈએ. **પ્રથમ તો** આપણા બંધારણમાં વિવિધ હકો અને સ્વાતંત્ર્યોની વિસ્તૃત છણાવટ અને ઘોષણા કરવામાં આવી છે. **બીજું**, આ બધાં હકો અને સ્વાતંત્ર્યો રાજ્ય પર મર્યાદા મૂકે છે. બંધારણમાં જ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્ય એવું કશુંય નહીં કરે જેનાથી કોઈ પણ મૂળભૂત હક છીનવાઈ જાય અથવા મર્યાદિત થાય. આ સંદર્ભમાં 'રાજ્ય'ની વિશાળ વ્યાખ્યા કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર (તેનાં ત્રણે અંગો), સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, કાયદા દ્વારા સ્થાપિત બધી જાહેર સંસ્થાઓ, જેમને નિયમો ઘડવાની, અમલમાં મૂકવાની સત્તા હોય (જેમ કે મ્યુનિ. કોર્પોરેશન, યુનિવર્સિટીઓ વગેરે) સૌનો સમાવેશ 'રાજ્ય'ની વ્યાખ્યામાં થઈ જાય છે. **ત્રીજું**, બધા મૂળભૂત હકો અમુક મર્યાદાઓમાં ભોગવવાના છે, એનો પણ સ્પષ્ટ ઉલ્લેખ હકોની સાથે જ કરવામાં આવ્યો છે. હકો પરની મર્યાદાઓ, નિયંત્રણો, અપવાદો વગેરેની સ્પષ્ટતા ખુદ બંધારણમાં જ કરવામાં આવી હોવાથી એ સિવાયની મર્યાદા કે નિયંત્રણો સંસદ લાદી શકે નહીં. એનાથી નાગરિકોને પણ ખ્યાલ આવે કે તેમને કઈ મર્યાદાઓ કે નિયંત્રણોને ધ્યાનમાં રાખીને આ હકો અને સ્વાતંત્ર્યો ભોગવવાનાં છે. એનાથી અદાલતોને પણ ન્યાય ચૂકવવામાં સરળતા રહે છે. આ મર્યાદાઓ અને નિયંત્રણો અથવા અપવાદો વાજબી છે કે કેમ, એ નક્કી કરવાનું કામ અદાલતોનું છે. **ચોથું**, આ હકો અને સ્વાતંત્ર્યો ભોગવવાની બાબતે નાગરિકો અને વિદેશીઓ વચ્ચે થોડો તફાવત પાડવામાં આવ્યો છે. દેશના નાગરિકો બધા જ હકો અને સ્વાતંત્ર્યો ઉલ્લેખિત મર્યાદાઓમાં રહીને ભોગવી શકે છે, જ્યારે વિદેશી નાગરિકોને અમુક જ હકો ઉપલબ્ધ છે, બધા નહીં. દાખલા તરીકે, કાયદા સમક્ષની સમાનતા, ધાર્મિક સ્વાતંત્ર્ય વિદેશી નાગરિકો ભોગવી શકે છે. **પાંચમું**, જે કોઈ હક કે સ્વતંત્રતાનો ઉલ્લેખ મૂળભૂત હકોની યાદીમાં કરવામાં આવ્યો ન હોય એવા કોઈ હક કે સ્વતંત્રતા માટે નાગરિક રાજ્ય સામે દાવો કરી શકતો નથી. **છઠ્ઠું**, આમ તો મૂળભૂત હકો સામાન્ય રીતે રાજ્ય (એના વિશાળ અર્થમાં) સામે આપવામાં આવ્યા છે, પણ આપણા બંધારણમાં કેટલાક હકો ખાનગી વ્યક્તિ કે સંસ્થા સામે પણ આપવામાં આવ્યા છે. દાખલા તરીકે અસ્પૃશ્યતાનું આચરણ ગેરબંધારણીય અને ગેરકાયદે જાહેર કરવામાં આવ્યું છે, માટે કોઈ વ્યક્તિ અસ્પૃશ્યતાનું આચરણ કરી શકે નહીં. એ જ રીતે શોષણ વિરોધી હક (ખાનગી વ્યક્તિઓ અને એમની સંસ્થાઓ સામે) આપવામાં આવ્યો છે. કોઈ વ્યક્તિ કે મંડળી કે સંસ્થા કોઈનું શોષણ કરી શકે નહીં, એને ગુલામ તરીકે રાખી શકે નહીં, એની પાસે ફરજિયાત વેઠ કરાવી શકે નહીં. **સાતમું**, કેવળ મૂળભૂત હકો અને સ્વાતંત્ર્યોની ઘોષણા જ બંધારણમાં કરવામાં આવી છે, એવું નથી. બલકે એના રક્ષણનો ય હક નાગરિકને એક મૂળભૂત હક તરીકે - બંધારણીય ઈલાજોનો હક - આપવામાં આવ્યો છે. એ હકની રૂએ કોઈ પણ નાગરિક પોતાના હકના ભંગ બદલ અદાલતોમાં જઈને દાદ માગી શકે છે. દાદ માગવાનો અને મૂળભૂત હક છે. **આઠમું**, કટોકટી જેવા અસાધારણ સંજોગોમાં મૂળભૂત હકોને મોકૂફ રાખવાની જોગવાઈ બંધારણમાં છે. રાષ્ટ્રપ્રમુખ મૂળભૂત હકોની અમલમોકૂફી માટેનું જાહેરનામું બહાર પાડી શકે, પણ એ માટે સંસદની મંજૂરી જરૂરી છે અને છેલ્લે, મૂળભૂત હકોમાં સુધારા કરવાની સત્તા કેવળ સંસદને છે, રાજ્યોની ધારાસભાઓની સંમતિ એ માટે જરૂરી નથી. પણ યાદ રહે એમાં સુધારા (પાવર ટુ એમેન્ડ) કરવાની સત્તા છે, એ હક છીનવાઈ જાય અને અત્યંત મર્યાદિત થઈ જાય એ રીતે એમાં ફેરફાર કરવાની સત્તા સંસદને પણ નથી.

આમ, મૂળભૂત હકો અને સ્વાતંત્ર્યોની અગત્ય અને લોકશાહી શાસનવ્યવસ્થામાં તેમનું મહત્ત્વ પ્રમાણીને બંધારણના ઘડવૈયાઓએ ખૂબ જ વિસ્તારથી, જરૂરી મર્યાદાઓ અને નિયંત્રણોની પાળો બાંધીને આ હકો અને સ્વાતંત્ર્યોની જોગવાઈ આપણા બંધારણના ત્રીજા ભાગમાં કરી છે. એ દરેક હકની વિગતે છણાવટ અને ચર્ચા હવે પછી જોઈશું. □

આઝાદીની અર્ધશતાબ્દીએ ઉદ્‌બોધન

•

ધીરુ પરીખ

'હે, મારા દેશબંધુ!'

આઝાદીની અર્ધશતાબ્દીએ
કોઈ મોટા મોંનું આ સંબોધન ગણીને
લાગે છે કેતું હસે છે ખંધું ખંધું.

પણ, ના ભાઈ, ના;
ના, મારા ભાઈ, ના.
આ તો મારા નાના અમથા મોંનું
કોઈ મોટા કાનને
(ના, લંબકર્ણને નહિ, હોં!)
છે તરોતાજા ઉદ્‌બોધન.

'ઉદ્‌બોધન?
અલ્યા, પૂછું છું, ઉદ્‌બોધન?'

હા, ઉદ્‌બોધન, ઉદ્‌બોધન, ઉદ્‌બોધન!
સાડી સત્તર વાર ઉદ્‌બોધન.
પચાસ પચાસ વર્ષ વીતી ગયાં
અને હજુ તું
ઉદ્‌બોધનનો અર્થ શોધે છે?!

આ કોઈ રાષ્ટ્રજોગું
આ કોઈ કોમજોગું
આ કોઈ પ્રજાજોગું.
આ કોઈ જાતિ-જ્ઞાતિ જોગું
દૂર અને નિકટદર્શન પરથી થતું ઉદ્‌બોધન નથી.

તને ઉદ્‌બોધનનો એ એક જ અર્થ ઘૂંટાવ્યો છે.
અનેકોએ અનેક વાર અનેક સ્થળે અનેક સમયે,
બસ, તને ઉદ્‌બોધનનો એ એક જ અર્થ ઘૂંટાવ્યો છે.
અને તેં તને તે ઉદ્‌બોધન પર સંપૂર્ણ લૂંટાવ્યો છે,
તને બસ એ, એ અને એ એક જ અર્થ ઘૂંટાવ્યો છે :

'સાંભળ. હું કહું તે સાંભળ, સાંભળ ને સાંભળ...
તારાં સર્વ પ્રકારનાં દુઃખોને હું સુખમાં પલટાવીશ
તારી સર્વ પ્રકારની અછતો ને હું છતમાં પલટાવીશ
તારા સર્વ પ્રકારના નકારોને હું હકારોમાં પલટાવીશ
તારી સર્વ ખોડખાંપણ
(જો વચ્ચેના કરતો દોઢડા'પણ)
તારી સર્વ જરૂરત-બરૂરત
તારી સર્વ આશાઅપેક્ષાને હું પરિપૂર્ણ કરીશ.

સેટી કપડાં મનકાન - બધું જ...'

આ છે તને ઘૂંટાવેલો ઉદ્‌બોધનનો અર્થ
રોટી કપડાં મકાન - બધું જ...
એ ઉદ્‌બોધન પર તને લૂંટાવેલો તેં
કારણ કે તને એ રહીરહીને
તને એ વારંવાર કહીકહીને
ઘૂંટાવ્યો-ગોખાવ્યો છે ઉદ્‌બોધનનો આ અર્થ!

અને એ જ અર્થના અફીણી ઘેનમાં
એનઘેન દીવાઘેન...
મામાનું ઘર કેટલે? -
રમતો કરી દીધો છે તને પચાસ પચાસ વર્ષોથી.

હું કહું છું :
'હે મારા, દેશબંધુ!
મામાનું ઘર કેટલે?
ઉદ્‌બોધન સંભળાય એટલે?
મામાનું ઘર તને મળ્યું છે ખરું?
કે ફળ્યું છે તને તેની શોધમાં
આમ સતત દોડતા રહેવાનું અરુપરુ?

હજુ તું દોડ્યા જ કરે છે
દોડ્યા જ કરે છે તું હજુ.
ક્યારે મળશે તને મામાનું ઘર?'

તારી પાસે મારી આ વાતનો
કોઈ ઉત્તર લાગતો નથી;
કારણ કે તું હજુ ખોળ્યા જ કરે છે.
હવામાં હાથ વીંઝી ફંફોળ્યા કરે છે...
મામાનું ઘર કેટલે?

પણ આંખો તો તારી હજુ બંધ જ છે!
છતી આંખે જાણે તું અંધ જ છે -
ધૃતરાષ્ટ્ર જેમ નહિ, ગાંધારીની જેમ.

માટે સ્તો
હે મારા, દેશબંધુ
તને હું ઉદ્‌બોધન કરું છું આ નાના મોંએ.

હું કોને ઉદ્‌બોધન કરું છું?
હેં! હું કોને ઉદ્‌બોધન કરું છું?

મારા દેશબંધુને સ્તો;
પણ ક્યાં છે મારો દેશબંધુ?
તું શું ઉદ્‌બોધી ગયો સંધું?
એ તો એ... ઊભો ઊભો હસે છે ખંધું.
ક્યાં? ક્યાં? ક્યાં? હસે છે એ અંધુ?

'આ રહ્યો, અહીં હું છું, મારા ઉદ્‌બોધક દેશબંધુ,'

ક્યાં છે તું? ક્યાં છે તું?

'આ રહ્યો હું તારામાં સ્તો.'

ઓહ! તો હું જેને ખોળું છું તે તું
મારામાં જ સંતાયો છે!
લાવ, જરી ઢંઢોળું :
હે મારામાં સુષુપ્ત દેશબંધુ,
તને ઉદ્‌બોધન કરું છું :
તું જાગ,
શોધ દેશ તારામાં, જે ખોવાઈ ગયો છે.
ક્યાં છે દેશ તારો?
ક્યાં છે દેશ મારો?

શોધ, તું શોધ, તારો-મારો દેશ.
આંખેથી પાટા ખોલીને શોધ
કે મામાનું ઘર કેટલે?
તું ઉદ્‌બોધિત થાય એટલે!

□



આવ હે મુક્તિ દિન !
આજ આક્રંદમાંયે અરે 'આવ!' કહીએ તને,
'લાવ હે લાવ આનંદની આછીયે ઝંકૃતિ,
ક્ષણિક તો ક્ષણિક પણ લાવ!' કહીએ તને!
(છંદોલય) - નિરંજન ભગત

બળદેવભાઈ ડોસાભાઈ પટેલની ચિરવિદાય



ગુજરાતના જાહેર જીવનના અગ્રણી અનેકવિધ બૅન્કિંગ સંસ્થાઓ અને વેપારી સંસ્થાઓના ચેરમૅન, સાણંદમાં શૈક્ષણિક, સામાજિક અને માનવતાલક્ષી સંસ્થાઓના સ્થાપક તથા ધાર્મિક સંસ્થાઓના અગ્રણી શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનું ૮૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયું. સાણંદમાં અનાજના નાના વેપારી તરીકે કામગીરીનો પ્રારંભ કરનારા શ્રી બળદેવભાઈ ડોસાઈભાઈ મહેનતું સ્વભાવ, ઊંડી સૂઝ, અને અપ્રતિમ કાર્યશક્તિના બળે કૉટન યાર્ન અને માનવસર્જિત ફેબ્રિક્સના અગ્રણી ઉદ્યોગપતિ બન્યા. નાના વેપારીઓને ક્રેડિટ ફેસિલિટી અને બૅન્કિંગ સર્વિસની મુશ્કેલીઓ જોઈને એમણે ૧૯૭૦માં કાળુપુર કૉમર્શિયલ કો. ઓ. બૅન્કની સ્થાપના કરી અને જીવનના છેલ્લા શ્વાસ સુધી એના અધ્યક્ષ તરીકે કાર્યક્ષમ વહીવટ સંભાળીને બૅન્કને પ્રગતિના શિખરે પહોંચાડી. ગુજરાત વેપારી મહામંડળ, ગુજરાત અનાજ વેપારી સંઘ, ન્યૂ ગ્રેન માર્કેટ ચૅરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ તેમ જ અખિલ હિન્દ વેપારી મહામંડળના ઉપાધ્યક્ષ તરીકે એમણે બજાવેલી સેવાઓ ચિરસ્મરણીય છે.

પોતાના માદરે વતન સાણંદના સાર્વજનિક ટ્રસ્ટના ચેરમૅન તરીકે ગામડાંઓની ગરીબ પ્રજાને સહાય પહોંચાડી, નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ, સાણંદ દ્વારા છાશકેન્દ્રો અને જરૂરિયાતવાળાઓને અનાજ વિતરણનું કાર્ય કર્યું. રન્નાબેન બી. બળદેવભાઈ ડોસાભાઈ જનરલ હૉસ્પિટલના ચેરમૅન તરીકે નેત્રયજ્ઞો અને આંખની હૉસ્પિટલ તથા સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમૅન તરીકે શૈક્ષણિક સંસ્થાઓની સાથોસાથ ગ્રામ વિસ્તારના લોકો માટે ટેક્નિકલ એજ્યુકેશનની સુવિધા ઊભી કરી. આગમ અનુયોગ ટ્રસ્ટના ચેરમૅન અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ધર્મગ્રંથો અને એન્સાઈક્લોપીડિયા જેવા વિરાટ કાર્યોમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. ગાંધીનગરની કાળુપુર કો. ઓ. બૅન્ક, ફાર્મસી કૉલેજના ચેરમૅન તરીકે સંસ્થાના વિકાસમાં ઊંડો રસ લીધો અને હવે મેનેજમેન્ટ કૉલેજ સ્થાપવા માટે પ્રવૃત્તિશીલ હતા.

સંકટનિવારણ સમિતિના મંત્રી, ગુજરાત કૅન્સર સોસાયટીના ટ્રેઝરર, કડી તાલુકા આરોગ્ય મંડળના ચેરમૅન અને બીજી અનેક સંસ્થાઓમાં મહત્ત્વનું યોગદાન કરનાર શ્રી બળદેવભાઈ ડોસાભાઈની વેપાર, બૅન્કિંગ, માનવતા, શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રે કરેલી સેવાઓ હંમેશાં યાદ કરાશે. અડગ કાર્યનિષ્ઠ, ધ્યેયપ્રાપ્તિ માટેનો પુરુષાર્થ, ઊંડી ધર્મશ્રદ્ધા, સૌજન્યશીલ વ્યવહાર, કુશળ વહીવટીસૂઝ વગેરેને કારણે તેઓએ ગુજરાતમાં આગવું સ્થાન મેળવ્યું હતું.

સ્ટાન્ડર્ડ કો. ઓ.. બૅન્કના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રમુખ તરીકે આશીર્વચન પૂરું કર્યા બાદ શ્રી બળદેવભાઈને સ્ટેજ પર જ બેચેની લાગતાં અને હૃદયરોગનો હુમલો થતાં હૉસ્પિટલાં ખસેડવામાં આવ્યા, જ્યાં તેમને દેહત્યાગ કર્યો હતો. ('સંદેશ'માંથી)

શિવાજી ગણેશનને ફાળકે ઍવૉર્ડ

વી. સી. ગણેશન નામથી કોઈ પરિચિત નહીં હોય, પણ શિવાજી ગણેશન નામથી બધાં પરિચિત હશે! તમિળ ફિલ્મોમાં ૪૧ વર્ષો સુધી વિવિધ ભૂમિકાઓને ન્યાય આપનાર શિવાજી ગણેશનને હાલમાં જ ભારતીય સિનેમાના વિકાસમાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવવા બદલ દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડથી સંમાનિત કરવામાં આવ્યા. આ પહેલાં ૧૯૬૬માં પદ્મશ્રી અને ૧૯૮૪માં પદ્મવિભૂષણથી તેઓ વિભૂષિત થઈ ચૂક્યા છે.

૧૯૩૪માં ૬ વર્ષની ઉંમરે નાટકમંડળીમાં જોડાનાર ગણેશને તમિળ ઉપરાંત હિન્દી, તેલુગુ અને કન્નડ ભાષામાં લગભગ ૩૦૦ જેટલી ફિલ્મોમાં કામ કર્યું છે.



'શિવાજી કાણ્ડ હિન્દુ સામ્રાજયમ્' નામના નાટકના તેમના સુંદર અભિનયને કારણે તેઓ વી. સી. ગણેશનમાંથી 'શિવાજી'

ગણેશન થયા. હાલમાં તેમની પાસે બે ફિલ્મો છે, જેમાંની એકમાં તેઓ મલયાલમ્ ફિલ્મોના અભિનેતા મોહનલાલ સાથે કામ કરવાના છે. ૬૯ વર્ષના 'શિવાજી'ને સરકારે એવોર્ડ આપ્યો તે વિષે જાણીતા શ્રેષ્ઠ અભિનેતા કમલ હાસન કહે છે કે, મારા મનમાં એક પ્રશ્ન ઊઠે છે કે, સરકારે એવોર્ડ આપ્યો તો ખરો, પણ શા માટે આટલો મોડો?!

આચાર્ય તુલસી, સ્વ.

અણુવ્રત આંદોલનના પ્રણેતા તથા તેરાપંથ ધર્મસંઘના



આચાર્ય શ્રી તુલસી ૮૩ વર્ષની વયે ગંગા નામ શહેર ખાતે હૃદયરોગના હુમલાથી અવસાન પામ્યા. આમ તો આ સામાન્ય માણસ માટે એઓ કોઈ મહત્ત્વ ધરાવતા નથી, છતાં પણ તે સામાન્ય માણસ પણ આ ઘટના સાથે જાણે-અજાણે સંકળાયેલો છે જ!

આચાર્ય તુલસી આમ તો જૈન મુનિ તરીકે પ્રખ્યાત હતા, પણ તેમની દૃષ્ટિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની દૃષ્ટિ જેવી જ 'તુલનાત્મક ધર્મ' પ્રત્યે વિશેષ હતી. જૈન ધર્મ ઉપરાંત ઇસ્લામ, ખ્રિસ્તી, શિખ વગેરે ધર્મોનો પણ ઊંડો અભ્યાસ કરેલો અને તેમાંથી એકતાની ભાવનાને પ્રમુખ બનાવીને તેમણે રાષ્ટ્રિય એકતા માટે કાશ્મીરથી કન્યાકુમારી સુધીની લગભગ એક લાખ કિલોમીટરની પદયાત્રા કરીને કરોડો વ્યક્તિઓને ઉપદેશ આપીને સારે માર્ગે વાળવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો હતો.

આચાર્ય તુલસીનો જન્મ ૨૦મી ઓક્ટોબર ૧૯૧૪ના રોજ નાગપુર જિલ્લાના લદનૂન શહેર ખાતે થયો હતો. અને ૧૧ વર્ષની ખૂબ જ નાની વયે તા. ૫-૧૨-૧૯૨૫ના દિવસે તેમણે દિક્ષા ધારણ કરી દીધી હતી તથા ૨૨ વર્ષની યુવાન વયે તા. ૨૭-૭-૧૯૩૬ના દિવસે તો તેમણે તેરાપંથનું આચાર્યપદ પણ સંભાળી લીધું હતું. ત્યારથી તે ૧૯૯૪ પર્યંત તેમણે આચાર્યપદને સન્માનપૂર્વક સંભાળી રાખ્યું.

તેમણે જીવનપર્યંત કરેલાં શ્રેષ્ઠ કાર્યોમાં ૧૯૪૮માં અણુવ્રત આંદોલન, ૧૯૫૫માં આગમ-સંપાદન, ૧૯૬૦માં નાયામતોડ આંદોલન, જૈન વિશ્વભારતી લાડનું પ્રેક્ષાધ્યાન ૧૯૭૦માં સમણશ્રેણી ૧૯૮૫માં, જૈન વિશ્વભારતી વિશ્વવિદ્યાલય ૧૯૯૧માં વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમણે ભારતની વિશિષ્ટ વ્યક્તિઓ સાથે પણ મુલાકાત લઈને તેમનાં આંદોલનોને સફળ બનાવ્યાં હતાં. તેમાં ખાસ તો ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્, ફખરુદ્દીન અલીઅહમદ, વી. વી. ગિરિ, વડાપ્રધાન જવાહરલાલ નેહરુ, મોરારજી દેસાઈ, હાલના વડાપ્રધાન આઈ. કે. ગુજરાલ, રવિશંકર મહારાજ, બૌદ્ધધર્મના હાલના શ્રેષ્ઠ ગુરુ દલાઈલામા વગેરેનો સમાવેશ કરી શકાય.

જીવનભર તેમણે કરેલી ભારતની અમૂલ્ય સેવા બદલ તેમને 'યુગપ્રધાન', 'ભારતજ્યોતિ', 'વાક્‌પતિ', 'હકીમ ખાઁ સૂર સન્માન' તથા 'ઇન્દિરા ગાંધી રાષ્ટ્રિય એકતા પુરસ્કાર' વગેરેથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તેમણે ૧૯૯૪માં પોતાના આચાર્યપદનો સ્વૈચ્છિક ત્યાગ કર્યો હતો. ધાર્મિક ક્ષેત્રે પોતાના ધર્મને વફાદાર મુનિઓ અને અનુયાયીઓ તો દરેક ધર્મને મળી રહે છે, પણ આચાર્ય તુલસી જેવા દરેક ધર્મની તુલના કરીને તેમાંથી જીવનનું પાથેય નક્કી કરવાવાળા સાચા સંતોની જ હંમેશાં જરૂર રહી છે.

બાસુ ભટ્ટાચાર્યનું નિધન

વાસ્તવ એ કલાકારની કળાનો પાયો છે અને તેથી જ કલાકાર અન્યથી અલગ તરી આવે છે અને પોતાની કળાને આખું જીવન સમર્પિત કરી દે છે. બાસુ ભટ્ટાચાર્ય પણ આવા કલાકારોમાંના એક. તેમણે પોતાની સમગ્ર કળા ફિલ્મ-નિર્દેશનમાં નીચેવી દીધી, અને તેનો રસ દર્શકોને હવાલે કરી દીધો. દર્શકો તે રસને પીએ તેની કોઈ આકાંક્ષા તેમણે રાખી નહીં.

હૃષીકેશ મુખર્જી અને ગુલઝારની જેમ જ ફિલ્મ-નિર્દેશનનું ભાથું તેમણે બિમલ રોય પાસેથી મેળવ્યું હતું. આ બધાં જ વાસ્તવને ચિત્રબદ્ધ કરનારા દિગ્દર્શકો છે. તેમ છતાં બાસુ ભટ્ટાચાર્યે પોતાના જીવનના વાસ્તવને રજૂ કરવાનું જ મુનાસિબ માન્યું છે અને તેથી જ તેમનું દિગ્દર્શન હૃષીકેશ મુખર્જી અને ગુલઝારથી તદ્દન ભિન્ન રહ્યું છે.

દિગ્દર્શનની નાના પાયા પર શરૂઆત તેમણે ૧૯૫૨માં મુંબઈમાં બિમલ રોયની 'મધુમતી' અને 'સુજાતા' ફિલ્મોથી કરી હતી, જેમાં તેમણે બિમલ



રોયના હાથ નીચે આસિસ્ટન્ટ તરીકે કામ કર્યું હતું. આ પહેલાં તેમણે કલકત્તામાં ગ્રેજ્યુએશન કરેલું. ત્યાર બાદ બિમલ રોયની જ પુત્રી રિન્કી સાથે લગ્ન કર્યાં, પણ આ લગ્નજીવન બહુ સ્વસ્થ ન ચાલ્યું અને તેમણે રિન્કી સાથે છૂટા

થવું ઉચિત માન્યું.

કદાચ જીવનના આ કઠોર વાસ્તવને કારણે જ તેમની ફિલ્મોમાં દાંપત્યજીવનની નિષ્ફળતા ઉપર વધુ ભાર મુકાયો. તેમની પોતાની દિગ્દર્શિત પ્રથમ ફિલ્મ 'તીસરી કસમ' (૧૯૬૬)માં આ વસ્તુ જોવા મળે છે. જોકે ભગ્ન લગ્ન-જીવન પાછળ કે લગ્નની નિષ્ફળતાની પાછળ પતિ-પત્નીમાંથી કોઈનો વાંક હોય એવું તેઓ માનતા ન હતા જણાય છે, કારણ કે તેમની પત્નીએ હજી સુધી પોતાના નામ પાછળ 'ભટ્ટાચાર્ય' અટક રાખી છે. આ બાબત બાસુદાની નિખાલસતા સૂચવે છે. ફિલ્મોમાં પણ તેમણે આ જ વાત બારીકાઈથી બતાવી છે. પતિ-પત્ની અને તેમના જીવનમાં પ્રવેશતી ત્રીજી વ્યક્તિ - એ ત્રણેય ચારિત્ર્યની દૃષ્ટિએ નિખાલસ રહ્યાં છે. કદીયે છીછરાપણું ચિતરાયું નથી અને છતાં પણ લગ્નજીવન ક્યાં ક્યાં, કેવી નાની નાની બાબતોમાં વિચ્છેદ પામે છે, તે માર્મિકતાથી સૂચવવામાં તેમની સૂઝ ઊંડી રહી છે.

'લગ્ન' જેવો ખૂબ નાજુક અને અ-ચર્ચિત વિષય તેમણે નિખાલસતાથી રજૂ કર્યો હોવાથી બહુ ઓછા ભાવકો તેમના ચાહક રહ્યાં છે; પણ બાસુદાને જે ભાવકો મળ્યાં છે તે સાચા મળ્યાં છે. તેમની માનસિકતા ઉચ્ચ કક્ષાની હતી, તેથી ભાવકો પણ ઉચ્ચ કોટિનાં જ મળે. બાસુદાએ ક્યારેય તેમનાં પાત્રોમાંથી એક પણ પાત્રને ઉતારી પાડ્યા વિના તેને 'માણસ' બનવાનો અવસર આપ્યો છે.

તેમની દિગ્દર્શનકલા ઉચ્ચ હોવાને કારણે જ ઊંચી કોટિના કલાકારો એકદમ ઓછા પૈસા લઈને પણ તેમની ફિલ્મો સ્વીકારતાં. તેમની પ્રથમ ફિલ્મ 'તીસરી કસમ'માં વિશ્વકક્ષાના દિગ્દર્શક, કલાકાર રાજ કપૂરે કામ કરેલું. તેમણે પોતાનાં પાત્રોને ભભકદાર ચિતરવા કરતાં પ્રતિષ્ઠિત ચીતરવાનું વધુ મુનાસિબ માન્યું. સંજીવકુમાર, રાજેશ ખન્ના, રેખા, વહીદા રહેમાન વગેરે તેમની ફિલ્મોમાં હંમેશાં જુદા તરી આવ્યાં છે. પોતાના અવાજને ગઝલની કક્ષા જેવો જ ગંભીર રાખવા માટે પંકાયેલી અત્યારની શ્રેષ્ઠ ગઝલ-ગાયક બેલડી જગજિતસિંઘ-ચિત્રાસિંઘની કળાને પ્રથમ વાર બાસુદાએ જ પોતાના 'આવિષ્કાર'માં સ્થાન આપ્યું હતું. કુંદનલાલ સહગલે ગાયેલ 'બાબુલ મોરા, નેહર છુટો જાય' ગીતને આખી ફિલ્મમાં જગજિત-ચિત્રાના (શિક્ષક-શિષ્યાના) અવાજમાં તેમણે મૂક્યું હતું અને ખરેખર જગજિત-ચિત્રા પોતાના અવાજથી જ વધુ વખણાયાં. એ દૃષ્ટિ બાસુદાની જ!

૧૯૬૬માં રજૂ થયેલી 'તીસરી કસમ' બોક્ષ ઓફિસ પર નિષ્ફળ જવા છતાં ૧૯૬૭માં તેને શ્રેષ્ઠ ફિલ્મ માટેનો રાષ્ટ્રપતિનો સુવર્ણચંદ્રક મળ્યો હતો. તેમની અન્ય ફિલ્મોમાં 'અનુભવ', 'ગૃહપ્રવેશ', આવિષ્કાર', 'આસ્થા', 'પંચવટી', 'તુમ્હારા કાલુ' વગેરેનો સમાવેશ થાય છે. છેલ્લી બે ફિલ્મો ઇન્ડોનેપાળ સહનિર્મિત છે.

અને કલકત્તાના શ્રેષ્ઠ કલાકોરના જેવી જ તેમની એક વિશેષતા એ હતી કે તેઓ ફિલ્મો સિવાય કલકત્તાનાં અન્ય સામયિકોમાં નિયમિત લખતા હતા. તેઓ પેતે પોતાની બંગાળી ફિલ્મોની સ્ક્રિપ્ટ પણ જાતે જ લખતા હતા. આ દૃષ્ટિએ તેઓ પોતાનું સત્ય પોતે જાતે જ રજૂ કરવામાં માનતા હતા.

પોતાનું સત્ય કળા દ્વારા રજૂ કરીને બીજી કોઈ વ્યક્તિ તેના વિષે ગમે તેવો અભિપ્રાય આપે તો પણ તેમને ખોટું લાગે તેટલા છીછરા તેઓ નહોતા. તેઓ તેમની બનાવેલી ફિલ્મ કોઈ નહીં તો એકલા પણ જોવાની જિદ્દ રાખતા. ફિલ્મ બોક્ષ ઓફિસ પર સારો પ્રભાવ પાડે તો જ તે સફળ થઈ કહેવાય તેવું કોઈના પર આધારિત જીવન જીવવાનું તેમને ફાવતું ન હતું. 'તીસરી કસમ' બોક્ષ ઓફિસ પર સારો પ્રભાવ પાડી શકી ન હતી, તેના કારણે તેના નિર્માતા શૈલેન્દ્ર (જાણીતા ગીતકાર) આર્થિક પછડાટ સહન ન થવાથી મૃત્યુ પામ્યા હતા. પણ બાસુદાને મન કોઈ જ ફરક નહોતો પડ્યો.

ફેડરેશન ઓફ ફિલ્મ સોસાયટીઝના ઉપપ્રમુખ, ઇન્ડિયન ફિલ્મ ડિરેક્ટર્સ એસોસિયેશનના પ્રમુખ, રાષ્ટ્રિય ફિલ્મ ઍવોર્ડની જ્યૂરીના સભ્ય તેમ જ એન.એફ.ડી.સી.ના ડિરેક્ટર તરીકેનાં પ્રતિષ્ઠિત પદો પણ તેઓ સ્વમાનપૂર્વક નિભાવી ચૂક્યા હતા.

આવા સ્વમાની માણસનું હાર્ટ ઍટેકથી મૃત્યુ થાય તે સ્વભાવિક છે. ચોસઠ વર્ષની વયે ૧૯-૬-'૯૭ (ગુરુવાર) એ વાંદરા (મુંબઈ)ની 'લીલાવતી' હૉસ્પિટલમાં રાત્રે ૧૨-૩૦ વાગે અવસાન પામ્યા. તેમનો વિધિવત્ અંતિમ સંસ્કાર તા. ૨૦મીએ સાંજે ચાર વાગે શિવાજી પાર્ક (મુંબઈ) ખાતેના સ્મશાનગૃહમાં કરવામાં આવ્યો હતો. તે વખતે તેમનાં પત્ની રિન્કી, પુત્રી અન્વેષા ઉપરાંત ફિલ્મજગતમાંથી ગુલઝાર (ગીતકાર), શ્યામ બેનેગલ (નિર્દેશક), ફારુખ શેખ (અભિનેતા), રોહિણી હટ્ટંગડી (અભિનેત્રી), ઓમપુરી (અભિનેતા) સારિકા (અભિનેત્રી) વગેરે હાજર રહ્યા હતા. તેમના પરિવારમાં એક પુત્ર અને બે પુત્રીઓ છે. પુત્ર આદિત્ય ફિલ્મના શૂટિંગમાં ઇટાલી ગયા હોવાથી બાસુદાની અંતિમ ક્ષણોમાં તેમ જ અંતિમ ક્રિયામાં હાજર રહી શક્યા ન હતા.

ફિલ્મ જગતમાં બાસુદા તેમની ઉત્કૃષ્ટ ફિલ્મો માટે તો યાદ રહેશે જ, પણ ઓમપુરીના શબ્દોમાં અત્યંત તીવ્ર લાગણીશીલ નિરૂપણકાર તરીકે પણ સ્મૃતિમાં અકબંધ રહેશે. □

ગિનેસ બુકમાં સામેલ ભારતીય નામ

વિશ્વવિક્રમોની નોંધ રાખતા ગ્રંથ 'ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ'માં પોતાનું નામ છપાય એવી વિશ્વના દરેક માનવીની મહેચ્છા હોય છે. કેમ કે ગિનેસ બુકમાં એક વખત નામ છપાય એટલે એ વ્યક્તિને વિશ્વવ્યાપી પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા મળી જતાં હોય છે.

ગિનેસ બુકમાં કેટલાંય ભારતીયોનાં નામ તેઓની ઉલ્લેખનીય સિદ્ધિને કારણે ઝળક્યાં છે. આવાં કેટલાક ભારતીયોનો આપણે પરિચય મેળવીએ.

વિંગ કમાન્ડ એમ. દત્તાનું નામ વિશ્વમાં સૌથી ઊંચે બચાવ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવા માટે ગિનેસ બુકમાં સામેલ કરાયું છે. તેઓએ ૧૯૮૬માં તા. ૧૪થી ૧૮ નવેમ્બર દરમિયાન સતત ૭૫ ઉડ્ડયન દ્વારા બરફમાં સપડાયેલા ૧૪૫ લોકોને મોતના મુખમાંથી બચાવ્યા હતા.

કેપ્ટન નિવેદિતા ભસીન, નાગરિક ઉડ્ડયનના ક્ષેત્રમાં વિશ્વની સૌથી નાની વયની પાઈલટ છે. તો દિલ્હીનો ગુલ મોહમ્મદ વિશ્વનો સૌથી ઠીંગણો (ઊંચાઈ ૫૮.૧૫ સે.મી.) માનવી છે. સૌથી નાની ઉંમરે ડૉક્ટર બનવાનું માન બાલા મુરલી અંબાટી ધરાવે છે. તેણે માત્ર ૧૭ વર્ષની ઉંમરે ડોક્ટરની પદવી હાંસલ કરી છે.

એસ.એસ.સી.ની પરીક્ષા સૌથી નાની ઉંમરે પાસ કરવાનો વિક્રમ ભારતીય બાળા સોનાલી ધરાવે છે. સોનાલીએ આઠ વર્ષની ઉંમરે એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી છે. પંજાબનો ૧૫ વર્ષીય કિશોર અભિષેક જૈન વિશ્વના સૌથી ઝડપી ટાઈપિસ્ટ હોવાનું ગૌરવ ધરાવે છે. તે પ્રતિ મિનિટમાં ૧૭૦ શબ્દો ટાઈપ કરી શકે છે. બાબા મહેન્દ્ર પાલ અપંગ હોવા છતાં સાહસિક સ્વભાવના છે. ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૪ના રોજ તેમણે ૭,૩૬૦ મીટર ઊંચા માઉન્ટ આબી ગામિન શિખર પર ચડી વિશ્વવિક્રમ નોંધાવ્યો છે.

સુપ્રસિદ્ધ ભાર-તીય ક્રિકેટર સુનિલ ગાવસ્કરના નામે સૌથી વધારે ટેસ્ટ સદી ફટકારવાનો વિક્રમ બોલે છે. સચિન તેંડુલકર અને વિનોદ કાંબલીએ શાળાકીય ક્રિકેટક્ષેત્રે સૌથી લાંબી ભાગીદારી (૬૬૩ રન) નોંધાવી વિશ્વ-વિક્રમ સ્થાપ્યો છે.



સ્વરસામ્રાજ્ઞી લતા મંગેશકરનું નામ સૌથી વધુ (આશરે ૩૦ હજાર) ગીતોની ગાયિકા તરીકે ગિનેસ બુકમાં નોંધાયેલું છે.

ડૉ. એમ. સી. મોદીએ એક જ દિવસમાં ૮૩૩ મોતિયા બિંદુનું ઓપરેશન કરી વિશ્વવિક્રમ સ્થાપ્યો છે. જ્યારે હૈદરાબાદના જી. હનુમંત રેડ્ડીને ભારત સરકાર વિરુદ્ધ સૌથી વધારે દાવા નોંધાવવા બદલ ગિનેસ બુકમાં સ્થાન મળ્યું છે.

ભારતીય જીવન વિમા નિગમ (એલ.આઈ.સી.)ના વિકાસ અધિકારી જવાહર ધોળકિયાએ ૧૯૬૯-૭૦થી માંડી સતત ૨૫ વર્ષ સુધી પ્રત્યેક વર્ષે રૂપિયા એક કરોડથી વધુનું નવું કામ આપ્યું છે, જે જીવન વિમા ક્ષેત્રનો વિક્રમ છે.







ભારતના ડૉ. લક્ષ્મીચંદ ગુપ્તાએ તબીબી ક્ષેત્ર પર સૌથી વધારે ૬૩ પુસ્તકો લખ્યાં છે. બહેરામ નામનો ભારતીય વિશ્વમાં સૌથી વધારે હત્યા કરનારા હત્યારા તરીકે કુખ્યાત છે. તેણે ૯૩૧ વ્યક્તિઓની હત્યા કરી છે.

ભારતને વિશ્વ-ભરમાં ગૌરવ અપાવનાર શકું-તલાદેવીને 'માનવ કમ્પ્યૂટર'ની ઉપમા આપી છે. શકુંતલાદેવીએ તા. ૧૮મી જૂન, ૧૯૮૦ના રોજ લંડનમાં ઇમ્પિરિયલ કોલેજના ડિપાર્ટમેન્ટમાં ૧૩ આંકડાવાળી બે સંખ્યાઓનો ગુણાકાર માત્ર ૨૮ સેકન્ડમાં મોઢે કરી આપ્યો હતો. એ જ રીતે શ્રીનિવાસન મહાદેવે ૩ કલાક ૪૯ મિનિટમાં યાદશક્તિના આધારે પાઈનો ૩૧૮૧૧ સ્થાન સુધીનો ઘડિયો મોઢે બોલી બતાવ્યો હતો.

વિશ્વમાં સૌથી મોટી ઉંમરે દેશના

વડાપ્રધાન બનવાનું ગૌરવ આપણા ભૂત-પૂર્વ વડાપ્રધાન સ્વ. મોરારજીભાઈ દેસાઈ ધરાવતા હતા. મોરારજીભાઈ ૧૯૭૭માં જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે તેમની ઉંમર ૮૧ વર્ષની હતી.

તિમુલજી ભીકાજી નરિમાન અને તેમનાં પત્ની શ્રીમતી નરીમને સૌથી લાંબું લગ્નજીવન જીવી વિશ્વવિક્રમ સ્થાપ્યો છે. આ દંપતીએ ૧૮૫૩ થી ૧૯૪૦ એટલે કે પૂરા ૮૬ વર્ષ સુધી દાંપત્યજીવન માણ્યું હતું.

ભારતની કેટલીક સરકારી અને ખાનગી સંસ્થાઓનું નામ પણ કેટલીક સિદ્ધિઓને કારણે ગિનેસ બુકમાં નોંધાયેલું છે. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા તેની શાખાઓની દૃષ્ટિએ વિશ્વની સૌથી મોટી બેન્ક છે. વિશ્વમાં આજે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની કુલ ૧૨,૫૦૦થી વધારે શાખાઓ છે.

ભારતીય રેલવે, કર્મચારીઓની સંખ્યાની દૃષ્ટિએ વિશ્વની સૌથી મોટી સંસ્થા છે. તેના કર્મચારીઓની કુલ સંખ્યા ૧૬.૫૦ લાખ કરતાં પણ વધારે છે.

ખાનગી ક્ષેત્રની કંપની હીરો સાઈકલ વિશ્વની સૌથી મોટી સાઈકલ ઉત્પાદક કંપની છે. પંજાબના લુધિયાના જિલ્લામાં આવેલી આ કંપની પ્રતિવર્ષે આશરે ૨૦ લાખ સાઈકલ બનાવે છે.

સરકારી વિમાન સેવા એર ઇન્ડિયાને સૌથી મોટા ઉડ્ડયન દ્વારા સૌથી વધારે લોકોને સ્વદેશ પહોંચાડવા માટે ૧૯૯૩માં



ગિનેસ બુકમાં સ્થાન મળ્યું હતું. ૧૯૯૧માં એર ઇન્ડિયાએ ૪૧૯ ઉડ્ડયનો દ્વારા કુવૈતમાં ફસાયેલા ૧,૦૭,૮૨૨ પ્રવાસી ભારતીયોને ઓમાન અને દુબઈના માર્ગે ભારત પરત પહોંચાડ્યા હતા.

ભારતીયો દ્વારા રચાયેલી કેટલીક ચિત્ર-વિચિત્ર સિદ્ધિઓ પણ ગિનેસ બુકમાં નોંધાઈ છે. સુરેન્દ્ર આચાર્યએ ચોખાના એક દાણા ઉપર ૨૪૧ અક્ષરો લખીને ગિનેસ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું છે. વેંકટ રવીન્દ્રકુમારે ૪૫ કલાક ૨૦ મિનિટ સુધી સતત સીટી વગાડી આ સિદ્ધિ મેળવી છે. મિલિંદ દેશમુખે પોતાના માથા પર દૂધની બાલદી રાખીને ૬૫ કિ.મી. સુધી પગે ચાલી અનોખો વિશ્વવિક્રમ નોંધાવ્યો છે.

અરવિંદ પંડ્યા નામના એક યુવાને અમેરિકાના લોસ એન્જલસથી ન્યૂ યોર્ક સુધીનું અંતર ઊંધા પગલે દોડીને પૂર્ણ કરેલું. શ્રીધર ચીલાલના હાથની આંગળીઓના નખ દુનિયામાં સૌથી લાંબા છે. જ્યારે સ્વામી પંડારાના માથાના વાળની લંબાઈ વિશ્વમાં સૌથી વધારે છે. બાપુ ચિત્રા નામની વ્યક્તિએ કેડી ઉપર એક જ સ્થળે ૨૨ વર્ષ સુધી રહેવાનો વિક્રમ સ્થાપ્યો છે. જગદીશચંદ્ર નામના એક યુવાને ૧૫ મહિના સુધી પેટ ઘસડીને ચાલીને ૧૪૦૦ કિ.મી.નું અંતર કાપી એક વિક્રમ નોંધાવેલો.



નાગોરના મહેશ પ્રસાદે એક ખૂબ જ સાધારણ સાઈકલ ઉપર ૨૧ વિદ્યાર્થીઓને બેસાડી ૩૮૧ કિ.મી.ની યાત્રા કરવાનો એક અનોખો પ્રયોગ દેખાડી ગિનેસ બુકમાં સ્થાન મેળવ્યું છે. તો ૨૩ વર્ષના યોગેશ શર્માએ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ ગ્વાલિયરમાં યોજાયેલા વ્યાપાર મેળામાં ૩૧,૧૧૮ લોકો સાથે હસ્તધૂનન કરી વિશ્વવિક્રમ સ્થાપ્યો છે.

- રાજેન્દ્ર દવે ('ફૂલછાબ'માંથી)

સૌંદર્યપ્રસાધનો અને ચર્મરોગો

સુંદર દેખાવાનો અભરખો ઘણાંને હોય છે. ચહેરા અને વાળની સુંદરતા વધારવા માટે અનેક પ્રકારના ફેશલ ક્રીમ, લોશન અને હેઅર ડાઈ બજારમાં ઉપલબ્ધ છે. વાળ સાફ કરવા માટેના શૅમ્પૂઓ બેસુમાર છે. પણ આમાંનાં ઘણાં નબળી ગુણવત્તા ધરાવતાં હોય છે અને તેનો ઉપયોગ કરનારની ચામડી તેમ જ વાળને હાનિ કરતાં હોય છે. ગેરકાયદેસર રીતે ચાલતાં અનેક બ્યૂટી પાર્લરની અંદર આવાં હલકી ગુણવત્તાનાં ફેશલ ક્રીમ અને હેઅર ડાઈ વાપરવામાં આવતાં હોય છે. ઉત્તર ભારતમાં એક બહેન કોઈ બ્યૂટી પાર્લરમાં પોતાના વાળની માવજત માટે ગયાં ત્યારે ત્યાં જે મહેંદી લગાડવામાં આવી, એનાથી એમના તમામ વાળ ઊતરી ગયા એવો કિસ્સો તાજેતરમાં પ્રકાશમાં આવ્યો છે.

('લોકોસ્ટ ફીચર્સ'માંથી)

આપણને તરસ કેમ લાગે છે ?

પાણી પ્રત્યેક સજીવનું જીવન છે. પાણી વિના માનવી ૮૦ કલાકથી વધુ જીવી શકતો નથી, એમ મનાય છે. લાંબા સમય સુધી પાણી ન મળે ત્યારે તરસ લાગે છે. પરંતુ તરસ આપણને કેમ અને કેવી રીતે લાગે છે, એ પણ જાણવા જેવું છે.

મીઠું કે મીઠાવાળી વસ્તુ ખાવાથી આપણને તરસ લાગે છે. તરસ લાગે ત્યારે માત્ર પાણી પીવાથી જ તરસ છીપે છે એવું નથી; પાણી જેમાં હોય તેવાં ખોરાક કે પીણાં લેવાથી પણ તરસ મટાડી શકાય છે. પક્ષીઓ પેશાબ કરતાં નથી એ જાણીને તમને કદાચ

નવાઈ લાગશે. પરંતુ આ પક્ષીઓ શરીરનું પાણી ઝાડા વાટે જ ક્ષારો દ્વારા બહાર કાઢી નાખે છે. ઊંટ એક અઠવાડિયા સુધી પાણી વિના ચલાવી લે છે. વળી ઊંટ તો ખારું પાણી પણ પી શકે છે. ઊંટ એકીસાથે ૧૮૦ લિટર પાણી પી જાય છે, એ પણ આશ્ચર્યની જ વાત છે ને! આપણા શરીરનાં બધાં જ અંગોમાં પાણી પૂરતું હોય તોપણ તરસ તો લાગે જ છે. દરિયાનું ખારું પાણી આપણે પીતા નથી કારણ કે એનાથી તો વધારે તરસ લાગે છે. સુક્કા ખોરાકને ચાવવા માટે લાળની વધારે જરૂર પડે છે તેમ જ પાચનતંત્રમાં ખોરાકને એકરસ કરવા માટે પણ પાણીની જરૂર પડે છે.

આપણા શરીરમાં શિરોપિષ્ઠગ્રંથિ (પિચ્યુટરી ગ્લેન્ડ) પાસે હાઈપોથીલામસ છે, જે પાણી અને ક્ષાર વચ્ચેનું પ્રમાણ જાળવી રાખવાનું કામ કરે છે. તેમાં કોઈ ફેરફાર થાય તો તેના સંદેશાઓ ગળાને પહોંચે છે. જ્યારે ગળું સુકાય ત્યારે ગળાના જ્ઞાનતંતુઓ સભાન મનને સંદેશો પહોંચાડે ત્યારે આપણને તરસનો અનુભવ થાય છે. તરસ લાગવાનું બીજું એક કારણ એ પણ છે કે શરીર વધારાનું પાણી ગુમાવે ત્યારે તરસ લાગે છે. આપણું શરીર ૨૪ કલાકમાં પોણો લિટર અર્થાત્ ૭૫૦ ગ્રામ પાણી પરસેવા અને ઉચ્છ્વાસ દ્વારા ગુમાવે છે. સવા લિટર પાણી ઝાડા અને પેશાબ વાટે બહાર નીકળી જાય છે. આપણા શરીરમાં ૬૦ થી ૬૫ ટકા પાણી હોય છે, પરંતુ એમાંથી જો ૫ ટકા પાણીનું પ્રમાણ ઘટી જાય તોપણ આપણે જીવી શકી નહીં. આપણને દરરોજ કોઈ પણ સ્વરૂપે બે લિટર પાણીની જરૂરિયાત રહે છે.

પાણીની અવેજીમાં કાકડી અને સંતરાનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ. ઊંટ તેની ખૂંધની ચરબીના ઉપયોગથી હાઈડ્રોજનનું સંયોજન કરી એક રતલ ચરબી દીઠ ૧૦૧ રતલ પાણી મેળવી લે છે. દરિયાઈ પ્રાણીઓનાં પેટમાં દરિયાનું ખારું પાણી દાખલ થવા છતાં તેમને તરસ લાગતી નથી એનું કારણ એ છે કે આવાં પ્રાણીઓનાં શરીરમાં પેશાબ કર્યા વિના જ પાણીમાંથી મીઠું કાઢી નાખવાની સગવડ છે. ('વિજ્ઞાનદર્શન'માંથી) - દીપક જગતાપ

વિશ્વને હરિયાળી ક્રાંતિથી પલ્લવીએ

'વૃક્ષમાં વાસુદેવ'... પાંદડાંમાં પરમાત્મા. 'છોડમાં રણછોડ.' આ અને આ પ્રકારે વૃક્ષો અને વનરાજી માટે ઘણું બધું કહેવાયું છે, પરંતુ હકીકત તો એ છે કે વૃક્ષના મહત્ત્વને આપણે હજુ સારી રીતે સમજી શક્યા નથી.

ચાલુ સદીની શરૂઆતમાં વિશ્વની અંદાજે ૪૦ ટકા જમીન વૃક્ષો અને વનથી છવાયેલી હતી. ૧૯૬૦ની સાલમાં પ્રમાણ ઘટીને ૧૬ ટકા જેટલું હતું, આજે માત્ર ૪ ટકા જમીનમાં વૃક્ષો રહ્યાં છે.

સમગ્ર સૌરાષ્ટ્રમાં વરસાદની માત્રા ઘટતી જાય છે, 'નર્મદાનાં નીર' અત્યારે 'ઝાંઝવાનાં જળ' સમાન દિસે છે. ૨૦૨૫ની સાલમાં સૌરાષ્ટ્રની ધરતી, જો આમ ને આમ ચાલ્યું તો, વરસાદ અને પાણીના અભાવે 'ખાલી' થઈ જશે અને લોકો પાણી શોધવા અન્યત્ર વસશે! આ 'દહેશત' ડરાવવા માટેની નથી, આગામી દિવસોની વસમી યાદ અપાવવા માટે ટકોર છે.

હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ, અવાજનું પ્રદૂષણ દિવસે દિવસે વધતું જાય છે ત્યારે આ ત્રણેય પ્રદૂષણોનો પ્રતિકાર 'વૃક્ષો' સારી રીતે કરી શકે છે તે વાત આપણે સમજી લેવી પડશે. ઉદ્યોગોનું દૂષિત પાણી, અવાજનું પ્રદૂષણ વૃક્ષો ચૂસી લે છે. વૃક્ષોનું વાવેતર અને ઉછેર ઔદ્યોગિક વિસ્તારોમાં બહોળા પ્રમાણમાં થાય અને ઉદ્યોગપતિઓ તેની જાળવણી કરે એ સમયની માંગ છે.

આપણી પ્રજા ધર્મપ્રેમી છે ત્યારે વૃક્ષો પરત્વે ભક્તિભાવ દર્શાવી ઈશ્વરને રીઝવી શકે. હિન્દુધર્મશાસ્ત્રોએ વૃક્ષોની આરાધના એ ઈષ્ટ દેવની આરાધના સમાન છે એ વાત સારી રીતે સમજાવી છે. ઈસ્લામ મઝહબમાં તો 'વૃક્ષ'ને 'બંદગી' જેટલું જ મહત્ત્વ અપાયું છે. લીલા ઝાડને કાપવાના કૃત્યને 'દોજખના દ્વારે' ટકોરા મારી દ્વાર ખોલાવી પ્રવેશ માટે તડપતા 'રૂહ' સાથે સરખાવેલ છે. ખજૂરના વૃક્ષને અરબસ્તાન વગેરે દેશોની ભૌગોલિક સ્થિતિ અનુસાર ખૂબ પ્રાધાન્ય અપાયું છે. આજે પણ ખજૂર આપણે ત્યાં આરબના દેશોમાંથી જ મહદ્અંશે મળે છે. 'હુતાશણી'ના તહેવારોમાં ખજૂર-ધાણી-હારડાને મહત્ત્વ અપાય છે, આ એક 'સુભગ સંગમ' બંને મઝહબની સંસ્કૃતિનો ગણાવી શકાય.

અંગ્રેજો વૃક્ષપ્રેમી તો છે જ પરંતુ સાથોસાથ ઔષધીય ગુણો ધરાવતાં વૃક્ષો પ્રત્યે પણ તેઓનો લગાવ અનન્ય રહ્યો છે. રાજકોટ શહેરની મધ્યમાં આવેલ 'જ્યુબીલી બાગ'માં અંગ્રેજોએ શોખથી વાવેલાં કેટલાંયે ઔષધીય વૃક્ષો હતાં, રસ્તા પહોળા કરવાની ઝુંબેશમાં અનેક આવાં વૃક્ષોનું નિકંદન નીકળી ગયું - હજુ થોડાં બચ્યાં છે. વૃક્ષ કાપવું પડે તેવી અનિવાર્ય જરૂરિયાત જણાય ત્યારે તે જ 'વંશ'નું વૃક્ષ વાવી શકાય તે માટે વૃક્ષ કાપતાં પહેલાં રોપાઓ, કલમો વગેરે તૈયાર કરાવવાં જોઈએ. આપણાં રહ્યાંસહ્યાં જંગલોમાં વૃક્ષોની કટાઈ 'કાયદેસર' કરતાં 'ગેરકાયદેસર' વધુ થઈ રહી છે એ હકીકત છે. શહેરમાં એ 'લાકડું' વિના-રોકટોક પ્રવેશે છે. આ દિશામાં જાગ્રતિ દાખવવામાં આવે તો અસંખ્ય વૃક્ષો આપણે બચાવી શકીએ.

આપણે ત્યાં વિદ્યુત સ્મશાનગૃહોની સંખ્યા નહિવત્ છે, આ હકીકતને કારણે લાકડાની સહાય વડે અગ્નિદાહ અપાય છે. અસંખ્ય જીવજંતુ આ પ્રક્રિયામાં મરે છે અને લાકડું પણ વિપુલ પ્રમાણમાં વપરાય છે. અદ્યતન વિદ્યુત સ્મશાનગૃહમાં અગ્નિદાહ દેવામાં પણ બધી જ ધાર્મિક વિધિ પરિપૂર્ણ કરવામાં આવે છે તે હકીકત વધુ વ્યાપક રીતે સમજાવાય તો પરંપરાગત ચિતા-દહનને બદલે આ અદ્યતન માર્ગે લોકોને વાળી શકાય. આ પ્રમાણે થાય તો પણ આપણે લાકડાની અને આડકતરી રીતે તો 'વૃક્ષો'ની જાળવણી અને તે દ્વારા પર્યાવરણની જાળવણીની દિશામાં યત્કિંચિત ફાળો આપી શકીએ.

પર્યાવરણને ખોળે પ્રકૃતિ મનભરીને માણી શકે છે. ચારે તરફ વૃક્ષોની હરિયાળી હોય ત્યારે પ્રકૃતિનું સ્મિત અનેરી આભા

ઊભી કરે છે. આપણે 'વૃક્ષો' સાથેની 'મૈત્રી' છોડી 'અબોલા' લઈ બેઠાં છીએ.

આપણે ત્યાં મોટા ગજાનાં માનવીનાં સ્મરકો બને છે. બગીચા બનાવવાનું સૂઝતું હોય તો? સાચી અંજલિ અર્પી શકાય. બેલ્જિયમના એક રાજવી મૃત્યુ પામ્યા. રાજવીના ચાહકોએ તેમને ઉચિત એક સ્મારક બનાવવાનું નક્કી કર્યું. ચાહકોએ કોઈ ભવ્ય ઇમારત બનાવવાનું કે કોઈ સંસ્થાનિર્માણ કરવાનું પસંદ ન કર્યું. દિવંગત રાજવીને વૃક્ષો ઉપર અતિ પ્રેમ હતો તે કારણે તેના ચાહકોએ એક પહાડી પ્રદેશમાં લોકોએ 'પ્રિમરોઝ' (બસંતી ગુલાબ) વાવી દીધાં. ગુલાબની વાત જ નીકળી છે તો વધુ એક ગુલાબના દિવાનાની વાત કરી દઉં. એનું નામ હેરી વ્હિટક્રેફ્ટ હતું. દુનિયાની અનેક ગુલાબની જાતોને ૧૦૦ એકર જમીનમાં લગાવી દીધાં. ચાર લાખ ગુલાબનાં છોડ ઉપર રંગરંગનું પ્રાકૃતિક વિશ્વ!

ઈરાન જેવા કેટલાક દેશો તા. ૨૧મી માર્ચને 'નવરોઝ' એટલો નવ-દિવસ તરીકે ઊજવે છે. ભારત અને વિશ્વમાં વસતી ઇસમાઈલ કોમ પણ આ દિવસની ઊજવણી શાનદાર રીતે કરે છે અને આ દિવસને વિશ્વદિન તરીકે એટલા માટે જ ઊજવવામાં આવે છે કે આ દિવસે વસંતઋતુનું યથાર્થરીતે આગમન થાય છે. વૃક્ષોનાં પાંદડાં લીલાંછમ બની રહે છે.

ઈરાનના મશહૂર શાયર શેખ શાદીએ કહ્યું છે : 'વૃક્ષોનાં આ લીલાં લીલાં પાન પ્રભુ પરિચયના એક એક પુસ્તક જેવાં છે. આપણે સારી રીતે જીવવા માગીએ છીએ ત્યારે વિશ્વદિને આપણાં પ્યારા-પ્રાણવાયુદાતા-જીવનદાતા વૃક્ષો વાવીએ, જીવની જેમ જતન કરીએ. આપણે વૃક્ષો માટે ઘણું કહ્યું, હવે વૃક્ષોને પણ કંઈક કહેવું છે તે સાંભળીએ! સ્પેનના મેડ્રિડ શહેરમાં એક વૃક્ષ પર એક સંદેશો મૂકવામાં આવ્યો છે :

શિયાળાની કડકડતી રાતોમાં હું તમારા ચૂલાની હૂંફ છું. વૈશાખી બપોરના આકરા તડકામાં હું તમારો છાંયો છું. મુસાફરીમાં મારા ફળ અને ફળનો રસ તમારી તરસ છીપાવે છે. તમારા ઘરને ટટાર રાખનાર થાંભલો પણ હું જ છું. તમારા પાવડાનો હાથો, તમારા પારણાનું લાકડું અને તમારી શબપેટીનું ખોખું પણ હું જ છું. ('સ્વસ્થ-માનવ'માંથી) **એ. કે. લાલાણી**

ઊંચા રક્તચાપમાં મીઠા વગરનો આહાર

લોહીનું દબાણ વધારે જણાય એવા દર્દીઓને આહારમાં મીઠાનું પ્રમાણ ઘટાડવાની સલાહ આપવામાં આવતી હોય છે. પરંતુ આ સારવાર હંમેશાં ઉપયોગી નીવડે જ એવું નથી. કૅનેડામાં થયેલા એક સંશોધનનો અહેવાલ જણાવે છે કે, યુવાન વય ધરાવતા રક્તચાંપના દર્દીઓ માટે આ ઉપચાર ઉપયોગી નથી. વળી, ભવિષ્યમાં ઊંચા રક્તચાંપની વ્યાધિ નિવારવા માટે પણ મીઠાનું સેવન ઘટાડવાની સલાહ આપવામાં આવે છે. પણ ૪૫ વર્ષથી મોટી વય ધરાવતી વ્યક્તિઓ માટે જ આ ઉપાય કારગત નીવડી શકે છે એવું આ સંશોધન જણાવે છે. આથી દરેક વ્યક્તિને આહારમાં મીઠાનું સેવન ઘટાડવાની સલાહ આપવી જોઈએ નહીં. કેમ કે એનાથી સામાન્ય રક્તચાંપ ધરાવતી વ્યક્તિઓમાં લોહીનું દબાણ વધી પણ શકે છે! (લોકોસ્ટ ફીચર્સ'માંથી)

> તારા નામમાં ઓ સ્વતંત્રતા મીઠી આ શી વત્સલતા ભરી,
> મુડદાં મસાણેથી જાગતાં એવી શબ્દમાં શી સુધા ભરી!
>
> — ઝવેરચંદ મેઘાણી

૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટ. પહેલું સ્વાતંત્ર્યપર્વ. સરદાર વલ્લભભાઈએ 'વન્દે માતરમ્' કોની પાસે ગવડાવીશું, એ પ્રશ્ન છેડ્યો. સૂચન આવ્યું પંડિત ઓમકારનાથ ઠાકુરના નામનું. પંડિતજીને નિમંત્રણ પાઠવવામાં આવ્યું. તેમણે પ્રત્યુત્તર વાળ્યો કે, હું 'વન્દે માતરમ્'ની એક કડી નહિ ગાઉં, આખુંય ગીત ગાઈશ. અને એમને એ આખું ગીત ગાવાની સહર્ષ છૂટ અપાઈ. શો સ્વદેશપ્રેમ અને શી સર્જકસમજ!

*

સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદમાં સૌપ્રથમ વાર બજેટની રજૂઆત સી. ડી. દેશમુખે કરી હતી.

*

ભારતમાં મનિ ઓર્ડર સેવાની શરૂઆત ઈ.સ. ૧૮૮૦માં થઈ હતી.

*

ઓક્સફર્ડ યુનિવર્સિટીના છાપખાનામાં ૫૩૮ જેટલી વિવિધ ભાષાનાં પુસ્તકો છપાય છે!

*

છોકરો : (રસ્તાની પડખેના ખેતરમાં કામ કરતા ખેડૂતને ટીખળમાં) 'કાકા, અહીંથી વાંદરાનું ટોળું જતું જોયું તમે?'

ખેડૂતે પૂછ્યું : 'કેમ? તું એમાંથી છૂટો પડી ગયો છે?'

*

સર્વ પ્રાણીઓમાં ઉંદરની સૂંઘવાની શક્તિ તીક્ષ્ણ હોય છે. પક્ષીઓમાં કાગડાની, કીટકોમાં કીડી ને મધમાખીની અને જલચર પ્રાણીઓમાં મગરની સૂંઘવાની શક્તિ તીવ્ર હોય છે.

*

પાણી-મિશ્રિત દૂધમાં વાવડિંગનું અડધી ચમચી ચૂર્ણ નાખી ઉકાળી ઠંડું પાડી બાળકને થોડા દિવસ પાવાથી કૃમિ નીકળી જશે.

*

સૌથી વધારે આયુષ્ય કાચબાનું - ૩૦૦ વર્ષનું છે.

*

માનવ-શરીરની સૌથી મોટી ગ્રંથિ યકૃત (કાળજું) હોય છે.

*

ઈ.સ. ૧૯૬૩માં ઇંગ્લંડમાં રમાયેલી 'જીલેટ કપ' વિશ્વની સર્વપ્રથમ વર્ગની વન-ડે ક્રિકેટ સ્પર્ધા હતી.

*

હૈદરાબાદના નિઝામ ઉસ્માન અલીખાને ભારતમાં છેલ્લી વખત સુવર્ણના સિક્કા ઈ.સ. ૧૯૪૮માં બહાર પાડેલા.

*

'બારે મેઘ ખાંગા થયા' એ પ્રયોગમાં મેઘનાં બાર નામ : સુબુદ્ધિ, નંદશાલિ, કન્યદ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, વિકર્તન, સર્વદ, હેમશાલી, જલેન્દ્ર, વજ્રદંષ્ટ્ર, વિષપ્રદ એમ 'મેઘમાળા'માં આપેલાં છે જ્યારે 'શ્રાવણીકર્મ'માં કણદ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, જલેન્દ્ર, વજ્રદંષ્ટ્ર, કંબલ, સુતરામ્બુ, હેમશાલી, સ્વરોધકર, વિષપ્રદ, જિમુત એમ આપેલાં છે.

*

વિશ્વમાં રોજ ૩૫ હજાર લોકો ભૂખમરાથી મૃત્યુ પામે છે, તેમાંના ૨૨ હજાર લોકો એશિયાખંડના હોય છે.

*

હાથી કરતાંય વ્હેલ માછલીનું વજન વધારે હોય છે. હાથી ૮૦ થી ૯૦ માણસો જેટલું વજન ધરાવે છે જ્યારે મોટી બ્લ્યુ વ્હેલ ૧૮૦૦ થી ૧૯૦૦ માણસના જેટલું વજન ધરાવે છે.

*

મશરૂમ એટલે કે બિલાડીના ટોપની અનેક જાત થાય છે જેમાંની કેટલીક ખાદ્ય છે અને ઘણા સ્થળે ખાવામાં તેનો ઉપયોગ પણ થાય જ છે. પણ આપણે ત્યાં તેના પ્રત્યે એક પ્રકારની સૂગ પ્રચલિત છે. પણ પ્રોટીન મેળવવા માટે એ ઉત્તમ ખાદ્ય છે. વળી, તેમાં સ્ટાર્ચ નહિવત્ હોવાથી મધુમેહના રોગીઓ માટે તો એ એક વરદાન સમાન છે. મનાય છે કે મશરૂમમાં કેન્સર અવરોધક પોલીસેકરાઈડ્સ પણ સમાયેલું હોઇ તેનો વપરાશ એ પ્રાણઘાતક રોગને વધતો અટકાવે છે. વિટામિનો અને શરીરને લાભકર ક્ષારો પણ તેમાં છે એથી આ સ્વાસ્થ્યવર્ધક અને રક્ષક ખાદ્ય સામેની સૂગ હટાવી તેના ઉપયોગ અને ઉછેર તરફ લક્ષ્ય વાળવું જોઈએ. □



કલાકણિકા • બર્લિનમાં ભારતીય કલામ્યૂઝિઅમમાંની વનદેવીની અર્ધપ્રતિમા. ૧લી સદીના આરંભે કંડારાયેલી આ પાષાણપ્રતિમાના સુડોળ ઓષ્ઠ, ચહેરા પરનો સ્ત્રીસહજ ચપળ ભાવ, અંગોની ઋજુતા, વિશાળ નયનો, શિર પરનો અલંકાર વગેરે દર્શનીય છે. સાંચીમાંથી આ પ્રતિમા મળી આવી હતી.

ગુજરાતી રંગભૂમિનો ઉજ્જવળ ઈતિહાસ

એકસો પચ્ચીસ ઉપરની મંજિલ
વટાવી ચૂકેલ આપણી ગુજરાતની
રંગભૂમિનો અતિત કેવો

ઊજળો હતો. એ તો જૂની પેઢીના માનવીને પૂછીએ ત્યારે જ ખ્યાલ આવે. લાંબી વાત કરવા જઈએ તો એક પુસ્તક ભરાય પણ અહીં આપણે સંક્ષિપ્તમાં જ એની લીલી-સૂકીની વાત કરીશું.

ઓગણીસમી સદીનો આરંભ નવચેતના નવજીવનથી શરૂ થયો. આની અસર સાહિત્યમાં પણ વરતાઈ. રંગભૂમિ પર પણ એની અસર પડી. ટૂંકમાં કહીએ તો બધી કલાઓનો એ સૂર્યોદય હતો. આપણાં સાહિત્ય-સ્વરૂપો પછી તે વાર્તા હોય કે નાટક, પાશ્ચાત્ય શિક્ષણ અને સંસ્કારના આધારે વિકાસ પામ્યાં. સાચી વાત કરીએ તો આપણી રંગભૂમિની રચના પણ મહદ્અંશે વિદેશી રંગભૂમિને આભારી છે.

આમ તો પ્લાસીના યુદ્ધ પહેલાં (૧૮૫૭) નાટ્યગૃહનો વિકાસ થયેલો. કલકત્તાના નાટ્યગૃહમાં ધંધાદારી નાટકો ભજવાતાં. અંગ્રેજ અધિકારીઓ ભાગ લેવા લાગ્યા એટલે પ્રજાના ભદ્ર વર્ગમાં નાટક પ્રત્યેની રુચિ જાગી. કલકત્તાની અસર મુંબઈ પર થઈ અને મુંબઈમાં એક નાટ્યગૃહ બંધાયું પછી તો ર.રા. રણછોડભાઈ ઉદયરામની નાટકોનો સમય આવ્યો ભેટનું ભોપાળું અને સ્વ. કવિ દલપતરામનું મિથ્યાભિમાન લોકોને માટે હૃદયંગમ બની ગયેલું. આ નાટકમાં રંગલાનો સરસ ઉપયોગ કરવામાં આવેલો આ નાટકો ખૂબ લોકભોગ્ય બન્યાં. પ્રાણસુખ નાયક જેવા નટનો ફાળો પણ આ નાટકોમાં મહત્ત્વનો હતો.

ગુજરાતી રંગભૂમિના વિકાસ પાયાના પથ્થરો તો પારસીઓને ગણવા જોઈએ. અમૃત કેશવ નાયક અને માસ્ટર મોહન પારસી રંગભૂમિની ભેટ ગણાય. આ ઉપરાંત ગુજરાતી રંગભૂમિને ઉજાળનારાઓમાં દાદાભાઈ થૂથી, દાદાભાઈ પટેલ, નાઝિર મોદી, કાવસજી અટાઉ, કે ખુશરૂ, કાબરાજી, બાલીવાલા, કારતક અને સોરાબજી ઓધારાનાં નામો હંમેશા યાદ રહેશે.

આનો રંગ કાઠિયાવાડનાં રજવાડાંઓને પણ લાગ્યો. દેશી રાજાઓના આશ્રય નીચે મૂળજી આશારામ, વાઘજી આશારામ, અને નાનો તથા મોટો ત્ર્યંબક વગેરેએ મળી મોરબી તથા વાંકાનેરથી નાટક મંડળીઓ કાઢી. બાપુલાલ નાયક અને જયશંકર ભોજક જેવાં સંસ્કારી નટોને ઘડતી મૂળશંકર મૂલાણી તેમજ નૃસિંહ વિભાકર સરખા લેખકોને નાટકો લખવા પ્રેરનારી રંગભૂમિને વધુમાં વધુ સોપાને સર કરવામાં પ્રદાન કરનારી મુંબઈ ગુજરાતી મંડળી સંસ્કૃત, ગુજરાતી તેમજ અંગ્રેજી નાટ્ય-સાહિત્યના વિદ્વાન ડાહ્યાભાઈ ધોળશાજીએ સ્થાપી.

ગુજરાતી રંગભૂમિએ બુદ્ધ, સિકંદર, ચન્દ્રગુપ્ત હર્ષ અને અન્ય ઈતિહાસ ખ્યાત વિદ્વોથી લઈને શિવાજી, રાણા પ્રતાપ, પૃથ્વીરાજ, નરસિંહ મહેતા અને મીરાં જેવા પાત્રોને પણ રંગભૂમિ પર અવાતાર્ય, વળી. આ રંગભૂમિ એ સુકન્યા-સાવિત્રીની કથાથી માંડી ભર્તૃહરિ, વિક્રમ અને ગોપીચંદનાં ઐતિહાસિક કે અનુશ્રુતિ મૂલક ગણી શકાય તેવાં કથાવસ્તુવાળાં નાટકો પણ સફળતાથી રજૂ કરી બતાવ્યાં. કોલેજ-કન્યાની વાત લઈને વાસ્તવિક સમાજના પ્રશ્નો વણતા અને વ્યક્ત કરતાં તત્કાલીન નાટકોએ વ્યવસાયી રંગભૂમિ પર વીર કરુણ અને હાસ્યનાં વલોણાં કર્યાં તો પણ ભવિષ્યની પ્રજા માટે સતત પ્રેરણાદાયી બની રહે તેમાં નાટકો તો આ રંગભૂમિ પ્રમાણમાં ઓછા જ આપી શકી.

આ વ્યવસાયી રંગભૂમિ પાસેથી જ મૂળશંકર મૂલાણી જેવા સાહિત્યિક ગુણવત્તાવાળા નાટ્યલેખકો પ્રાપ્ત થયા એ પણ નોંધવું જોઈએ. નૃસિંહ વિભાકર જેવા નાટ્ય લેખકને તો એક આંદોલન પેદા કરનાર જેહાજ જગાડનાર લેખક તરીકે સ્વીકારવા જોઈએ. કવિ ચિત્રકાર ફૂલચંદ માસ્તરે નાંનાલાલની ભવ્ય કલ્પનાને તખ્તા પર ઉતારવાનો સાહસિક પ્રયાસ કર્યો.

સંગીત ઊર્મિવાહક હોઈને જૂની ધંધાદારી રંગભૂમિમાં તેનો આજની તુલનાએ બહોળો ઉપયોગ થતો હતો. સાહિત્યના શબ્દ અર્થને સૂરની સહાય મળતાં કવિતા અને સંગીતનો સુભગ સમન્વય નાટ્યકળામાં સિદ્ધ થતો હોય છે તે કાળે કવિતા અને સંગતના સમન્વયે રસપૂર્ણ બનેલી કૃતિઓ પ્રેક્ષકના મન જીતી લેતી હતી. આ નાટકોમાં રાસ ગીતોની તો ખૂબ જ બોલબાલા રહેતી હતી.

ઈ.સ. ૧૯૪૦ થી ૫૫ના ગાળામાં ગુજરાતી રંગભૂમિ નવાં કલેવર સાથે સ્થિર થવા પ્રયત્ન કરે છે.

ગુજરાતનું ભવાઈ-સ્વરૂપ અને માળખું અન્ય પ્રદેશોનાં લોકનાટ્યો કરતાં આગવું અનેરું, અદકેરું છે. અહીં ધર્મની અસર કરતાં સામાજિક અભિગમ સવિશેષ જોવા મળે છે. ભવાઈના આદ્યપ્રણેતા અસાઈત ઠાકરે લખેલાં કહેવાતા ૩૨૦ વેશો પૈકી જે સચવાયા છે તેની કથાવસ્તુ જોતાં તેમાં તે કાળની રૂઢિ અને રીતરિવાજ સામે આંદોલનકરી ચેતનાનાં દર્શન થાય છે. આ કવિને તો સમાજસુધારકોને આદિપુરુષ ગણવો જોઈએ. બિનસાંપ્રદાયિકતાના આદ્યપ્રણેતા અસાઈતે અભિવ્યક્તિના માધ્યમ તરીકે લોકનાટ્યનો પ્રકાર સ્વીકારી લોકોને ભવાઈના સ્વરૂપે સંસ્કાર ઘડતર તથા મનોરંજનનું મહામૂલું સાધન સાધનસુલભ કરી આપ્યું છે.

ભવાઈમાં સંગીત-નૃત્યનો સુભગ સમન્વય સંધાયો છે. ભવાઈમાં કથ્થક નૃત્ય પ્રકારની ગતિક્રિયા અને ચેષ્ટાઓ હોય છે. ભવાઈના ઠેકા, તેની વર્તુલાકાર ગતિક્રિયા, પગની આંટીવાળી ચાલ, માત્રામેળ છંદોની ચાલવાળાં ગીત-કવિતા વગેરે વસ્તુપાત્રની રજૂઆતને આકર્ષક બનાવે છે. ભવાઈ એક વખત આમ પ્રજાનું મનોરંજનનું મુખ્ય માધ્યમ હતું અને આજે પણ એ રીતે એ કાર્યક્ષમ બની શકે તેમ છે. એવું દર્પણના કલાકારો મારફતે જસમા ઓડણ ગુરુ ગણિકાનો વેશ અને અન્ય પરંપરાગત વેશોની પ્રસ્તુતિ દ્વારા પુરવાર થયું છે.

હવે "શેરી નાટક"ની વાત કરીએ તો એ આમ પ્રજાનું સાચું નાટક છે. કારણ કે અહીં પ્રેક્ષકો સાથે વિના ઉપચારે સીધું પ્રત્યાપન થાય છે, ઘરોબો બંધાય છે છેક ગ્રીક કાળથી પ્રજા સાથેનાં સીધાં સંપર્કવાળાં નાટકો રચાતાં આવ્યાં છે. શેરી નાટકોમાં પ્રેક્ષક-પ્રેક્ષક સંબંધ પ્રગાઢ રીતે સંકળાયેલો જોવા મળે છે. આમ તો પરંપરાગત તોર્તિંગ રંગભૂમિના સન્નિવેશ અને ઝળહળતા નાના-મોટા દીવાઓની વચ્ચે સત્ત્વશીલ નટો જકડાયેલા રહ્યા અને એ જ હાલતમાં વર્ષો સુધી તેમણે લોકોનું મનોરંજન પણ કર્યું. એ પરંપરાગત રજૂઆત શૈલીની ધારામાંથી મુક્ત થવાનો પ્રયત્ન થતાં નટના કાર્યનું ફલક વિસ્તર્યું. લોકો વધુ નજદીકથી નાટક આસ્વાદી શકે તેવી પરિસ્થિતિ સર્જાઈ. આમ છતાં અહીં હજુ બંને વચ્ચેનું અમુક અંતર તો રહ્યું. નટોને ખૂલ્લા વાતાવરણમાં શ્વાસ લેતા કરવાની ભાવનાવાળા નાટ્યક્ષેત્રના ઉત્સાહી, ઉદ્દામવાદી દિગ્દર્શકોએ તબેલા જેવા બંધાયેલા મહાકાય નાટ્યગૃહો સામે બળવો પોકાર્યો અને નવા સમાજની નાડ પારખનાર લેખકોએ શેરી નાટકે લખવાની ચેષ્ટા કરી વળી શેરી નાટક પૂર્વ રચિત ન હોય એ પણ ઈષ્ટ છે. સુગઠિત નાટકોનાં કથા વિકાસ, પાત્રલેખન, ઘટનાક્રમ અને સંવાદશૈલીથી શેરી નાટકનું રચનાવિધાન ભિન્ન હોય છે. સીધા જનસંપર્કથી પ્રેરિત નાટકો જ લોકો સમક્ષ સફળ રજૂઆત પામી શકે. તખ્તાના નાટકને મારી-મચડીને શેરી નાટકનું સ્વરૂપ આપવા જતાં ઊલટું નુકસાન થાય છે. શેરી નાટક તો સીધ નાટકની રીતે તેયાર થવું લોકો સમક્ષ રજૂ થવું જોઈએ.

શેરી નાટક અને ભવાઈ એ એક જ સિક્કાની બે બાજુ છે. એક-એક સાથે તે અતૂટ ગાંઠે બંધાયેલાં છે. કારણ બંનેનું ધ્યેય એક સરખું છે. શેરી નાટક સમયની માંગ છે તે અસરકારક પ્રચાર માધ્યમ છે. આજની પરિસ્થિતિમાં તેનો વધુ રચનાત્મક રીતે દૃષ્ટિપૂર્વક ઉપયોગ થઈ શકે એમ છે. વળી ટી.વી. આવતાં એના માટેનાં નાટકોની પણ એક મહત્ત્વની ભૂમિકા ઊભી થઈ છે.

આપણે એમ જરૂર કહી શકીએ કે રંગભૂમિનાં નાટકોનું ભવિષ્ય ઊજળું રહેશે જ. પ્રેક્ષકો સાથે રંગભૂમિનો જે જીવન્ત સંબંધ બંધાય છે. તેનું મહત્ત્વ છે. ભાવિની પ્રજા રેડિયો નાટકો, ટી.વી. નાટકો માણવા સાથે રંગભૂમિ પરને શેરીમાં ભજવાતાં નાટકો માણસ પણ તત્પર રહેશે જ. રંગભૂનો અતિત ગમે તે હોય, ભાવિ તો ઊજળું છે જ. □

વૃક્ષ માટીનું ... માતા સમાન ધરતીનું રક્ષણ કરે છે



ફળદ્રુપ જમીનમાં ઉપરનું માત્ર દસ કે પંદર સેન્ટીમીટરનું જે પડ છે તેમાં માતાના ગર્ભ જવી શક્તિ છે. પૃથ્વી પર અબજો વર્ષોની ઊથલપાથલ અને ઉત્ક્રાંતિ પછી બનેલું ફળદ્રુપ માટીનું આ સ્તર છે. તેમાં બી રોપતાં જ આ માટી સમૃધ્ધ ફસલ આપે છે

વૃક્ષો માટીનું આ બંધારણ જકડી રાખે છે, જાળવી રાખે છે. જો વૃક્ષો ન હોય તો વરસાદથી આ માટી ધોવાઈ જાય અને નદીઓમાં કાંપ ઠલવાતો જાય અને નદીઓ પૂરાતી જાય. આવી નદીઓ રકાબી જેવી છીછરી બની જાય છે અને પરિણામે થોડોક વરસાદ પડતાં જ આ નદીઓમાં પૂર આવે છે કારણ પાણી કિનારાઓ તોડી ચોમેર ફેલાવા માંડે છે.

ફળદ્રુપ માટી કોઈ કારખાનામાં બની શકે નહિ. તે આયાત થઈ શકે નહિ. દસ કે પંદર સેન્ટીમીટરનું અતિ સમૃધ્ધ, ફળદ્રુપ અને માતાના ગર્ભ જેવું આ પડ એક વાર ધોવાઈ જાય એટલે વાસ્તવમાં તો રાષ્ટ્રની સંપત્તિનો નાશ થાય છે. માટીનો વિનાશ એટલે રાષ્ટ્રનો વિનાશ.

આંખે નહિ દેખાતી આ પાયમાલી રોકવાનો કુદરતે આપેલો એક જ ઈલાજ છે —
વૃક્ષ......

વૃક્ષોનુ જતન એટલે માટીનું જતન એટલે આપણા રાષ્ટ્રની સંપત્તિનું જતન.

- શંકરસિંહ વાઘેલા
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય.